જે દસ્તાવેજ બોડીયા એટલે ખોટા કાના માત્રવાળા અથવા વગર કાના માત્રે લખેલા હોય તેની અસલ દસ્તાવેજ મુજબ શાક્ષર નકલ સહી સુધાંતની દાખલ કરવી તેની સાથે તે દસ્તાવેજ રજુ કરનાર ધણી તે જે રીતે વાંચતો હોય તે પ્રમાણેની સુધ લીટીથી નકલ કરી તે નીચે તે ધણીની સહી લૈ અધીકારીએ સહી કરી સાક્ષર નકલની જોડે ટાંકવી, મીતી સંવત ૧૯૩૧ ના ચૈત્ર સુદ ૯ તા૦ ૧૪ એપ્રીલ સને ૧૮૭૫.

કુમાર શ્રી ભીમસીંગજી સં. ન. હ.

સરક્યુલર સંસ્થાન શ્રી નવાનગર હજુર કોરટ.

એવું માલમ પડે છે કે તજવીજ કરનારી કોરટે તોહોમતદારોએ પોલીસ આગળ અથવા કમીટ કરનાર ફોજદારી ઇનસાફના અધિકારી આગળ કરેલી કબુલાત સાબીત કરવા સારૂ પોલીસમાં માણસોની અને કમીટ કરનાર અધિકારીની સાક્ષીઓ લઇ તે કબુલતો સાક્ષી પુરાવામાં લેવામાં આવે છે પણ એમ કરવું કાયદા વિરૂદ્ધ છે માટે એ બાબતે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવેછે તે મુજબ અમલ કરવો

તોહોમતદારે પોલીસના પાસે અમે તેથી કબુલત કરી હોય તોપણ જો તે કબુલત ઉપર કાંઈ મુદા માલ હસ્તગત થયો હોય તો તે હાથ લાગ્યાની બાબત સિવાય કબુલતના બીજા કોઇ પણ ભાગ બાબતે પોલીસની સાહેદી લેવી નહી.

કરેલી કબુલત કમીટ કરનાર ફોજદારી અધિકારી આગળની હોય તો તેના ખરાપણાને સારૂ તે અધિકારીની કેદીની જુબાની નીચે સહી હોય તેજ પ્રથમ દરશનીક પુરા-

વો શાચુવો જોઇચે શીવાય તે જુબાનીમાં જેના હાથથી તોહોમતદારે સહી કરાવી હોય તે શક્ષની તેમજ તે જુબાની લખનાર કોઇ કારકુન અગર સીરસ્તેદાર હોય તો તેની સાહેદી લેવાને હરકત નથી પણુ એવા કામ સારૂ ફોજદારી ખાતાના અધીકારીઓને પોતાને શાહેદી સારૂ બોલાવવામાં આવે છે એટલુંજ નહી પણ તેને ઘણા દિવસ સુધી રોકી રાખવામાં આવે છે આ થકી ઈનસાફના કામને અડચણ થાતાં લોકોને ઘણીજ ઈજા વેઠવી પડે છે માટે ખાસ જરૂરી કારણુ વીના એવા અધિકારીઓને સાક્ષી સારૂ બોલાવવા નહીં. તા૦ ૨૨ એપ્રીલ સને ૧૮૭૫.

કુમારશ્રી ભીમસીંગજી સં૦ ન૦ ૬૦

સરક્યુલર. સંસ્થાન નવાનગર સરન્યાયાધીશ કોરટથી.

તાબાના તમામ ન્યાયાધિશ તથા મુનસફને તથા શીરમુનસફને સુચના દેવામાં આવે છે કે હરેક કામના વાદીની અરજ ઉપરથી પ્રતીવાદીની મિલકત અવલ જપ્તીમાં લીધા પહેલા ધારાની પધ્યતી પ્રમાણે સઘળી કીયા કરવામા જેની કસુર માલમ પડશે તેના જ્ઞાન તથા લાયકી વિશે શ્રી હજુર કોરટમાં આંહીથી રીપોર્ટ કરી યોગ્ય ઈલાજ લેવાની અરજ કરવામાં આવશે તેમજ હુકમનામાની દરખાસ્ત બજાવવામા કોઈ અધિકારી ધારાની પધ્યતી વિરૂદ્ધ ચાલશે તો તેના વિશે પણુ સદરહુ ઉપાય અમોને લેવો પડશે.

ફોજદારી કામમાં દંડ વસુલ કરવા સારૂ જપ્તી કરવી પડે તેમાં પણુ ધારાની પધ્યતી મુજબ અમલ કરવાને આ સરક્યુલરથી તાબાના ન્યાયાધીશ તથા ફોજદારને તથા શીરફોજદારને સુચના દેવામાં આવે છે સંવત ૧૯૩૧ ના વૈશાક સુદ ૪ રવી તા૦ ૯ મે સને ૧૮૭૫.

માધવજી વી૦. ભગવાનજી. ફરામજી સોરાબજી ભરૂચા. સં૦ ન૦ સ૦ ન્યા૦

જાહેર ખબર. સંસ્થાનશ્રી નવાનગર હજુર કોરટ.

ઓરત મરદ થકી અથવા મરદ ઓરત થકી છેડા છુટકો મેળવવા બાબત અથવા લગ્ન સંબધી હક બાબત હાલ સુધી ફોજદારીમાં ફરીયાદ કરવાનો રીવાજ ચાલે છે તે રીવાજ આ જાહેર ખબરની તારીખથી મોકુફ કરવામાં આવે છે અને ફરમાવવામાં આવે છે કે આયદેથી એવી ફરીઆદ દીવાની કોરટમાં કરવી.

આવા દાવાનું લવાજમ કોરટનું મુળ દાવામાં તેમજ અપીલોમાં કોરી ૨૫ માત્ર રાખવામાં આવ્યું છે. તા૦ ૫ જુન સને ૧૮૭૫.

કુમારશ્રી ભીમસીંગજી સં૦ ન૦ ૬૦

પુસ્તક ૯ મું સંવત ૧૯૩૨.

સરકયુલર. સંસ્થાન નવાનગર પોલીસ કમીશનર કોરટથી.

મોજે સનાળા ગામના ભરવાડ દેવશી ખોડાનાં બકરાં ચોરીએ ગયાનો સગડ લઈ કંડોરણાના પોલીસ કારકુન રણુછોડદાસ ગોંડલ ગામ વેગડી જઈ શકદાર લોદોભા ઘરનો ઝાડો લીધો એ બાબત ગોંડલ આજમ મેહેરબાન સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબ અને પ્રાંત ખાતાના

મેહેરબાન શાગન સાહેબ બહાદુર વચ્ચે થયેલું લખાણ આજ ગારા પાસે આવ્યા ઉપરથી સર્વ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ તથા પોલીસ ફોજદાર તથા કારકુન અને પોલીસ પટેલને જાહેર કરવામાં આવે છે કે કોઈ ચોરી લુટનાં પગલાં બીજા તાલુકાને ગામ જાય અને તે ગામના કોઈ શક્ષના ઘરનો ઝાડો લેવા જરૂર પડે તો તે ગામના ફોજદાર અથવા પોલીસ પટેલ કીંવા મુખીને જાહેર કરી તેની મારફત ઝાડો લેવરાવવો શગટે ગયેલા માણસોએ પોતાથી પરભા ગામમાં ઝાડો લેવો નહીં અગર એમાં કોઈ કસુર કરશે તો તેનું જોખમ તે ઉપર રેહેશે, મીતી જેઠ વદ ૮ શનીવાર તા૦ ૨૬ જુન સને ૧૮૭૫.

પોપટ વી૦ વેલજી.

સરક્યુલર સંસ્થાનં શ્રી નવાનગર હજુર કોરટ.

સર્વે ન્યાયાધિશો તરફ.

ઘણી વખતે હમારા જોવામાં આવ્યું છે કે ફરીયાદી તરફથી દાવા અરજી દાખલ કરવાની સાથે કાચી જપ્તીની દરખાસ્ત દાખલ કરે છે અને તેનો ન્યાયાધીશો તરફથી ધારા પ્રમાણે તપાસ નહીં થાતાં એકદમ અમલ કરી પ્રતીવાદીના મિલકત જપ્ત કરવામાં આવે છે અને જે વાદીની આડી રીતે ધારેલી મતલબ પાર પાડવાને મદતગાર થઇ પડે છે તથા પ્રતીવાદીને ઘણી હેરાન ગતી અને બીજે વખ્ત નુકશાન ખમવું પડે છે એટલુંજ નહીં પણ ખેડુ ખેડથી તુટી જાતાં આબાદીને પણ ધકો પહોચે છે આ ચાલ ઘણો નાદુરસ્ત હોવાથી આ હુકમથી સર્વેને તાકીદ ફરમાવવામાં આવે છે કે કાચી જપ્તી બાબતમાં સ્થાનીક દીવાની ધારામાં જે નીયમો ઠરાવવામાં આવેલા છે તે નીયમો ધ્યાનમાં રાખ્યાવિના તથા તે મુજબ પ્રસંગોપાત અમલ કર્યા વિના એકદમ વગર કારણે જપ્તી જે અમલદાર તરફથી કરવામાં આવશે. એમ તજવીજને અંતે ખાતરી થાશે તો તે થકી થએલી હાનીને માટે તે અમલદારને જવાબદાર ગણવામાં આવશે.

ઘણી વખતે એવું પણ જોવામાં આવે છે કે ખેડુ લોકોનો માલ ખળામાં આવે છે એટલે દરબારી હકનો વિચાર નહીં રાખતાં તથા જે ખેડુને તગાવીની રીતે વોરાવટનો બંદોબસ્ત કરી આપવામાં આવેલો હોય છે તેનો પણ વિચાર નહીં રાખતાં વગર તજવીજે એકદમ સઘળો માલ જપ્ત કરવામાં આવે છે અને તેથી વહીવટ અને આબાદીના કામમાં અડચણ આવે છે માટે આયંદેથી એવી રીતના કામોમાં દરબારી તથા દરબાર દરમ્યાન ગીરીનું લેણું પ્રથમ વસુલ આપતાં બાકી રહે તેમાંથી ખેડુનો વભો જોઇ તેને ખાવ તથા બીજ સારૂં દાણા રાખતાં બાકી ઉપર જપ્તી કરવી.

કોઈ શક્ષ અને તેમાં મુખ્યત્વે કરીને ખેડુની હાલત સારી નહીં હોય તે છતાં તેને હુકમનામાનો અવેજ એક રકમે આપવાનો હુકમ કરવામાં આવે છે અને તેથી પણ આબાદી લાગણીને હાની પહોચે છે અને ખેડુ પાયમાલ થઇ જાય છે માટે એવાં પ્રસંગ હોય ત્યારે એકી રકમે અવેજ આપવા હુકમનામું નહીં કરતાં તેની હાલત અને ગુંજાએશ ઉપર સુરત રાખી ઘટતી રકમના હફતાબંધી હુકમનામાં કરવાં. તા૦ ૧૩ જુલાઈ સને ૧૮૭૫.

કુમાર શ્રી ભીમસીંગજી સં૦ નં૦ ૯૦.

સરક્યુલર સંસ્થાન શ્રી નવાનગર હજુર કોરટ

સર્વે ન્યાયાધિશો તરફ.

જે લોક ખેતી કરે છે તેના ઉપર લેણીયાતો પોતાનું લેણું ખળાટાણે પકડી લેવા

સારૂ ખેતીની શીરૂ મોશમ હોય છે તે વખતે ઘણું કરીને પોતાના દાવા દાખલ કરેછે જેથી તે કામ ચલાવવા સારૂં ખેડુતોને ખરી ખેડના વખતમાં"ખેડનું કામ મુકી પોતાના ઉપ૰રની ફરીયાદના કામમાં રોકાયછે અને તેથી ખેતીના કામને નુકશાન પહોંચી આવતી શાલ માટે પોતાના કુટંબના ગુજરાત જેટલું પણ તેને રેહેતું નથી માટે આયદેથી એવી મોસમમાં ખેડુ ઉપર ફરીયાદ માંડવામાં આવે અથવા કામ ચાલતું હોય ત્યારે જે ખેડુ ખેતીના કામ સારૂ તેના મોસમને માટે દાવો મુલતવી રાખવાને અરજ કરેતો તે અરજી ખશુલ કરીને મંજુર કરવી. તા૦ ૧૬ જુલાઇ સને ૧૮૭૫

કુમાર શ્રી ભીમસીંગજી સં૦ ન૦ ૬૦

જાહેરખબર. સંસ્થાન શ્રી નવાનગર હજુર કોર્ટ.

હાલમાં એક કીસ્સા ઉપરથી હમારા જાણવામાં આવ્યું છે કે કેટલી એક ન્યાતના પટેલો પોતાના નાતીલાઓમાં છીનાળાં વગેરેના ફોજદારી ગુન્હા બનેછે તે બાબત લાગતા વળગતા તરફથી ફરીયાદ થતાં તે ફરીયાદ કોરટમાં નહીં આવવા દેતાં પોતેજ તેના ઇન૰સાફ કરી ડંડ વીગેરે લેછે આમ કરવું ગેરકાયદે છે માટે આ ઉપરથી ફરમાવવામાં આવેછે કે જે કોઇ એવું ક્રત્ય કરશે તેને ધારા પ્રમાણે શખ્ત શીક્ષા કરવામાં આવશે. તારીખ ૧ આગષ્ટ સને ૧૮૭૫

કુમાર શ્રી ભીમસીંગજી સં૦ ન૦ ૬૭ કો૦

સરકયુલર. સંસ્થાન શ્રી નવાનગર હજુર કોર્ટ.

ન્યાયાધીશો તથા બીજા અધિકારીઓ તરફથી સદર જેલમાં કેદીઓ મોકલવામાં આવતાં બીજે વખત તે કેદી સાથે વારંટ મોકલવામાં આવતું નથી અને પાછળથી મોકલવામાં આવે છે તેમજ વખતે એવું પણ બને છે કે તે કેદીનો છુટકો થઇ જતાં વારંટ મોકલવામાંજ આવતું નથી આ ગેર રીતનો છે માટે આ ઉપરથી સર્વે ખાતાના લાગતાઓને ફરમાવવામાં આવેછે કે વારંટ વગર કોઇ પણ કેદી તુરંગમાં મોકલવો નહીં અને જેલરને ફમાવવામાં આવે છે કે કોઇ પણ કેદી કામનો હોય તો પણ વગર વારંટે તેને તુરંગમાં દાખલ કરવો નહીં. તા૦ ૧ અગષ્ટ સને ૧૮૭૫

કુમાર શ્રી ભીમસીંગજી

સરકયુલર. સંસ્થાન શ્રી નવાનગર હજુર કોર્ટ.

ફોજદાર અથવા ન્યાયાધીશ રજા ઉપર અથવા પોતાનું પ્રગણું છોડી બહારની કોઈ ખાસ કામગીરી ઉપર જાય ત્યારે તેના દફતરનો ચાર્જ જેને સોંપવાનો હુકમ થયો હોય તેણે તેના હુદાનો સઘળો અધિકાર ચલાવવો.

ન્યાયાધીશ પોતાના પ્રગણામાં કામગીરી ઉપર જાય ત્યારે તેના અખત્યારને લગતા જે કામો હોય ને તેનો જે ગામ મુકામ હોય તે ગામે મોકલવા.

ફોજદાર પ્રગણામાં કામગીરી ઉપર ગયા હોય અને તેની ગેરહાજરીમાં પ્રગણાના મુખ્ય ગામમાં કોઈ ગુન્હો બને તો થાણાના પોલીસના અમલદારે અથવા ફોજદારના હાથ નીચેના કારકુને અને તે નહીં હોય તો ન્યાયાધીશે પોતાના તાબાના કારકુનને હુકમ કરી તેની પાસે પોલીસ તપાસ કરાવવો. પ્રગણાના કોઈ બીજા ગામમાં ગુન્હો બન્યો હોય અને ફોજદાર તુરત ત્યાં જઈ શકે એમ નહીં હોય ત્યારે પણ ઉપર પ્રમાણે અમલ કરવો. ગુન્હો વિશેષ મહત્વનો હોય તો ન્યાયાધીશે જાતે પણ જવું. તા૦ ૨૨ જુલાઈ સને ૧૮૭૫

કુમાર શ્રી ભીમસીંગજી સં૦ ન૦ ૬૦ કો૦

સરક્યુલર. સંસ્થાન શ્રી નવાનગર હજુર કોર્ટ.

સર્વે દરબારી નોકરો તરફ.

આ રાજ્યની સઘળી રૈયતનો બીજાના ધર્મ સંબંધીના વિચારોને નહીં દુખવાતાં તથા તેનો બુધીપુર્વક તેના ઇરાદાથી તિરસ્કાર નહીં કરતાં પોતપોતાની મર્યાદામાં રહી પોતાનો ધર્મ સ્વતંત્રપણે આચરવાનો એક સરખી રીતનો હક છે અને ધર્મને બહાને બીજાના મન દુખવાનો કીંવા તીરસ્કાર કરવાનો કીંવા ધર્મને બહાને બીજાની મીલકતને નુકશાન કરવાનો કે છીનાવી લેવાનો હક નથી છતાં મહાલ કંડોરણાના કારકુન વલભજીએ દરબારી નોકર સબબ ધારાનો વાકેફગાર છતાં ધર્મને બહાને મહાજનોને ઉસ્કેરી પોતે આગેવાન થઇ ગોંડળના આજમ ફીલીપસાહેબના ઘેટા મેવાસાની હદમાં પડાવી લીધા જેથી એમાં સામીલ હોનારા લોકોના દંડની તથા વલભજી મજકુરને ત્રણું માસની સખ્ત કેદની શીક્ષા કરવામાં આવતાં તેને નોકરીથી બરતરફ કરવામાં આવ્યો છે માટે એવાં કામોથી તદન દુર રહેવા સર્વેયે તાકીદ સમજવી. તા૦ ૧ આગષ્ટ સને ૧૮૭૫.

કુમારશ્રી ભીમસીંગજી સં૦ ન૦ હ૦ કો૦

સરક્યુલર. સંસ્થાન નવાનગર સર ન્યાયાધીશ કોર્ટથી.

ઘણી વખતે અમારા જોવામાં આવ્યું છે કે ફોજદારી સેશન કમીટ કામમાં તથા મેજીસ્ટ્રેટ પોતાથી ચુકી શકે એવા કામમાં સાક્ષીની જુબાની ઉપર આ કોના તરફનો સાક્ષી છે એ વિશે લખવામાં આવતું નથી ને તેથી ઘણી વખતે હરકત આવે છે માટે આ સરક્યુલરથી સર્વ ન્યાયાધીશને ફરમાવવામાં આવે છે કે હરેક સાક્ષીની જુબાની ઉપર જે પક્ષકારનો સાક્ષી હોય તે પક્ષકારનું નામ લખવું તથા મુકરદમાના દરેક કાગળ ઉપર કામનો નંબર દાખલ કરવો એટલે વખતે કોઇ કાગળ જુદો પડી જાય તો તે મેળવવામાં તથા ઓળખવામાં હરકત ન આવે. તા૦ ૨૯ આગષ્ટ સને ૧૮૭૫.

ફરામજી શોરાબજી ભરૂચા સં૦ ન૦ સ૦ ન્યા૦

સરક્યુલર. સંસ્થાનશ્રી નવાનગર હજુરકોર્ટ.

સર્વે ન્યાયાધીશો તથા ફોજદારો તરફ

અકસ્માત મૃત્યુ બાબતનો તપાસ પુરો થએ પરિણામનો રીપોર્ટ કરવા તા૦ ૨ જુન સને ૧૮૭૫ નો સરક્યુલર ચાલતી સાલના આંક ૧૩ ના ગેજટને પાને ૭૯ મે પ્રસીધ્ધ કરવામાં આવેલો છે તે બાબત ફરમાવવામાં આવેછે કે એ રીપોર્ટ સરન્યાયાધીશ કોર્ટની મારફતે આંહી મોકલવો.

શરન્યાયાંધીશ કોર્ટ તરફ એ રીપોર્ટ આવે ત્યારે તેણે તે કામ તપાશી તે ઉપરથી કાંઇ તપાસ તજવીજ કરવાની જરૂર જણાય તે કરી અથવા કરાવીને છેવટ આંહી તે કામ જોવા મોકલવાની સાથે પરિણામનો રીપોર્ટ કરવો. તા૦ ૧૩ આગષ્ટ સને ૧૮૭૫

કુમારશ્રી ભીમસીંહજી સ૦ ન૦ હ૦ કો.

સરક્યુલર. સંસ્થાન શ્રી નવાનગર હજુરકોર્ટ.

સર્વે ન્યાયાધીશો તરફ.

હમારા જાણુવામાં આવ્યું છે કે દીવાની કામોમાં જે માલ જપ્ત કરવામાં આવે છે અથવા બીજી રીતે અનામત તરીકે હવાલામાં આવે છે તેનો બરોબર હીસાબ નહીં રાખવામાં આવતાં ઘણી ગેરવ્યવસ્થા ચાલે છે માટે ફરમાવવામાં આવે છે કે આ હુકમ પહોં-

ક્યાની તારીખે કોર્ટના હવાલાગાં જે કાંઇ માલ હોય તે આ હુકમ પહોંચેથી અહીંથી બીજા ફારમો સાથે માલ અનાગતના ચોપડાનું ફારમ મોકલવામાં આવેલુ છે તે મુજબ રાખેલા ચોપડાગાં તુરત જમે કરવો અને તે જમે કર્યાનો સરન્યાયાધીશ કોર્ટને રીપોર્ટ કરવો. એ રીપોર્ટમાં એ માલની એકંદર કીંમતનો આંકડો પણ જણાવવો. તમામ અધિકારીઓના રીપોર્ટ આવી રહે એટલે સરન્યાયાધીશ કોર્ટે આ કોર્ટને રીપોર્ટ કરવો તથા આ-યંદેથી કોઇ પણ પ્રકારથી કોરટના હવાલાગાં જે તારીખે માલ આવે તેજ તારીખે એ ચોપડાગાં જમે કરવાનો વહીવટ રાખવો. તારીખ ૧૧ આગષ્ટ સને ૧૮૭૫.

કુમારશ્રી ભીમસીંહજી સં૦ ન૦ ૬૦ દો.

જાહેરખબર. સંસ્થાન નવાનગર દીવાન દફતરેથી.

દરબારી ખાનગી ટપાલમાં કેટલાક લોકો ખાનગી શારવીશ એવી નીસાની કરી ટીકઠ ચોડયા વીના શારવીસમાં કાગળો ટપાલ દ્વારાએ મોકલે છે પણ એવા કાગળો દરબારી નહીં હોતાં ખાનગી ઘરના કાગળો મોકલે છે એવું ખરી રીતે જાહેર થયું છે તેથી સર્વ લોકોને જાહેર કરવામાં આવે છે કે દરબારી કામ વીના પોતાના ઘરના કાગળો ઉપર ખાનગી સારવીશ એવી નીશાની કોઇએ કરી કાગળ દરબારી ટપાલમાં નાંખશે તેનો દર કાગળે કોરી ૫૦ દંડ કરવામાં આવશે.

દરબારી કાગળ ખાનગી રીતે મોકલવામાં આવે તેના કવર ઉપર જે અમલદારે લખ્યો છે તેણે સહી કરવી. સહી વીનાનો કાગળ શારવીશ ટપાલ માસ્તર ટપાલમાં મોકલશે નહીં તથા તેમાં કાગળો ટપાલ હારીસમાં પડતર રહેતાં કમેટી કરી યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે. સંવત ૧૯૩૨ ના ભાદરવા શુદ ૯ ગુરૂવાર તા૦ ૯ સપટેંબર સને ૧૮૭૫.

પોપટ વી. વેલજી દીવાન.

સરકયુલર. સંસ્થાન શ્રી નવાનગર હજુર કોર્ટશ્રી.

સર્વે ફોજદારો તથા પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ તરફ—

હમારા નંબર ૭ તા૦ ૨ જુન સને ૧૮૭૫ ના સરકયુલરથી હમારી મંજુરી વિના કોઇ પણ તોહોમનદારને માફી આપવાની મને કરેલી છતાં હાલમાં કેટલાએક કીસા ઉપરથી હમારા જોવામાં આવ્યું છે કે પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ તરફથી માફીનું અગર કમતી શીક્ષા કરવાનુ વચન અને લાલચ આપીને કબુલતો લીધી છે. આ શક્ષોને અમે ઘણો ઠપકો દઇએછીએ અને ફરમાવીએ છઈએ કે જેઓ તરફથી એવી રીતે કરવામાં આવશે તેઓને હમે પોલીશના કામને ના લાયક ગણતાં જો તેની તેમાં કાંઠે બદધાનવ જોવામાં આવશે તો તેના ઉપર ધાસસર કામ ચલાવવાનો હુકમ આપીશું.

કેટલીએક વખત એક માણસે એક ગુન્હો કર્યો હોય છે તે બીજો ગુન્હો છતાં કીવા સાબીત કરવાની શરતે તેણે કરેલા ગુન્હાની માફીની ભલામણ કરવામાં આવે છે પણ એવી રીતે માફી આપવી એ ધારા વીરૂધ છે અને તેથી હરામખોર લોકો જેઓ એક બીજાનાં છીદ્રો જાણતા હોય છે તેઓ બીજાનું છીદ્ર ઉઘાડું કરી આપવાને નીમીત્તે પોતે નીરપરાધપણે ગુન્હાઓ કરવાને પ્રવૃત્ત થઇ ગુનેહગાર છતાં શીક્ષાથી છુટી જાય છે માટે એની ભલામણ કોઇએ કરવીજ નહીં. તા૦ ૧૯ ડીસેમ્બર સને ૧૮૭૫.

કુમાર શ્રી ભીમસીંહજી સં૦ ન૦ ૬૦ કો૦

સરકયુલર. સંસ્થાન શ્રી નવાનગર હજુર કોરટથી.

સર્વે ન્યાયાધીશો તરફ—

હમારા જોવામાં આવ્યું છે કે ચોરી, બીગાડ, વગેરેના કામમાં ઘણી વખતે ન્યાયાધીશો તરફથી નુક્ષાનના અવેજ બાબત ચોકસ તપાસ કરી નકી કરવામાં આવતું નથી માટે આયંદે એ પ્રમાણે નહીં કરતાં એ તપાસ પુરતેપણે કરી તે રકમ તોહોમતનામામાં હમેશ જણુવવાનો રીવાજ રાખવો.

કેટલાક ન્યાયાધીશો દંડની શીક્ષા કરી તે શિવાય વળતર આપવાનું પાછળથી ઠરાવે છે આ રીત ધારા વીરૂધ છે ન્યાયાધીશને દંડની રકમમાંથી શીવાય બીજી રીતે વળતર કે બદલો અપાવવાનો અધીકાર નથી માટે આયંદેથી એ પ્રમાણે નહીં કરવું. ઘણી વખતે ન્યાયાધીશો તરફથી તોહોમતનામાં જોઈએ તેવાં ધારા પ્રમાણે કરવામાં આવતાં નથી અને કામની સઘળી હકીકત તોહોમતનામામાં લખે છે અને તેથી ન્યાયાધીશે શું તોહોમત રાખ્યું છે અથવા ઠરાવ્યું છે તે તોહોમતદારને તેમજ ઉપરી અધીકારીઓને સમજવાને ઘણું કઠણુ થઈ પડે છે. માટે ધારાની જે કલમમાં શીક્ષા ફરમાવી હોએ તે કલમ જણાવવી તેવીજ રીતે ઠરાવમાં જે ગુન્હો સાબીત ઠરાવવામાં આવ્યો હોય તે ગુન્હો ઉપર પ્રમાણે સ્પષ્ટતાથી જણાવી જે કલમ પ્રમાણે શીક્ષા ઠરાવવામાં આવી હોય તે કલમ અવશ્ય જણાવવી.

એકજ શક્ષ ઉપર એકી વખત એક કરતાં વધારે ગુન્હા રાખવામાં આવ્યા હોય તો તે દરેકની બાબતમાં ઉપરની કલમ પ્રમાણે સમજવું.

એકજ શક્ષના ઉપર એકી વખત એક કરતાં વધારે ગુન્હાની સાબીતી થઇ હોય ત્યારે તે દરેક ગુન્હા બદલ જુદી જુદી શીક્ષા ઠરાવવી અને એક શીક્ષા ભોગવી રહ્યાની તારીખથી બીજી શીક્ષાનો અમલ શીરૂ થાય એવું ઠરાવમાં તથા વારંટમાં સાફ રીતે લખવું પરંતુ આ થકી ન્યાયાધીશોને ધારાની રૂએ જેટલો અધિકાર છે તે કરતાં વધતી શીક્ષા આપવાનો અધિકાર મળે છે એમ સમજવું નહીં. તા૦ ૨૧ ડીસેમ્બર સને ૧૮૭૫

કુમારશ્રી ભીમસીંઘજી સં૦ ન૦ હ૦ કો૦

સરકયુલર. સંસ્થાન શ્રી નવાનગર હજુર કોર્ટથી.

સર્વે ન્યાયાધીશો તથા જેલરો તરફઃ—

હમારા જોવામાં આવ્યું છે કે ફોજદારી કામના કેદીને દંડની શિક્ષા કરવામાં આવી હોયછે ત્યારે તે દંડ બદલ કેદની શિક્ષા ઠરાવી હોય છે તોપણ કેદીને દંડની કોરી વસુલ થવા જમાન અથવા મુચરકા ઉપર છોડવામાં આવે છે. અને પાછળથી તે દંડની કોરી વસુલ નહીં થતાં ઘણી ભાંજગડ ચાલે છે માટે આયંદેથી એ ધારો બંધ કરી ફરમાવવામાં આવે છે કે કોઈપણ કેદીને દંડની શીક્ષા ઠરાવવામાં આવી હોય તો જ્યાં સુધી કેદી તરફથી દંડ વસુલ ભરવામાં આવે નહીં ત્યાં સુધી તેને નહીં છોડતાં દંડ બદલ ઠરાવેલી કેદની શિક્ષાનો અમલ કરવો.

દંડ બદલની કેદની શીક્ષા ભોગવતાના દરમીઆન દંડ વસુલ કરવામાં આવે તો જેટલી મુદત દંડ બદલ કેદ ભોગવી હોય તેટલી મુદતના વરાડે ધારા પ્રમાણે દંડ ઓછો વસુલ લેવો.

દંડની હુકમ કેદીની મીલકતથી વસુલ લેવાનો શિક્ષાના ઠરાવમાં સાફ હુકમ કરવામાં નહીં આવ્યો હોય તો તે દંડ તેની મીલકતની જપ્તી હરાજી કરી વસુલ કરવો નહીં.

દંડની રકમ રજુ કરવામાં આવે તે જેલરે અથવા તુરંગના અધિકારીએ પોતા પાસે રાખવી નહીં પણ રજુ કરવામાં આવે એટલે તે કેદીને તથા રજુ કરેલ રકમ રજુ કરનાર શક્ષ સહીત શીક્ષાના વારંટ નીચે રીપોર્ટ કરી ન્યાયાધીશ અથવા માજીસ્ટ્રેટ આગળ મોકલી દેવો અને માજીસ્ટ્રેટે વારંટ તથા હીસાબ પ્રમાણે બરોબર છે કે નહીં તેનો તપાસ કરી એકદમ કેદીનો ખુલાસો કરવો અને દંડની રકમ જે કોર્ટ તરફથી તે કરવામાં આવ્યો હોય તે કોર્ટ તરફ મોકલાવી દેવી.

કેટલાએક ન્યાયાધીશો તરફથી બાજે વખત દંડ બદલ કેદનો ઠરાવ કરવામાં આવતો નથી અગર આવે છે તો તે આસાન કીંવા સખ્ત તે લખવામાં આવતુ નથી માટે આયંદે જેના તરફથી એવી કસુર કરવામાં આવશે તે દંડની શિક્ષાને પાત્ર થશે.

કેદીની ટીપની શિક્ષા પુરી થયા પછી તેને જમાન માટે પણ રોકવામાં આવે છે પણ જે કેદીના જમાન લેવાને ખાશ ઠરાવ કરી વારંટમાં લખવામાં આવ્યું નહીં હોય તેનેજ માન માટે જેલરે કદી રોકવો નહીં. તા૦ ૧૯ મી ડીસેંબર સને ૧૮૭૫

કુમાર શ્રી ભીમસીંહજી સં૦ ન૦ ૬૦ કો૦

ન્યાયખાતું.

સર્વે ન્યાયાધિશો તરફ—

સરક્યુલર નંબર ૪૧ સંસ્થાન નવાનગર કોરટ તરફથી—

કોઈ પણ દરબારી સરકારી નોકરોને ઈનસાફના કામમાં સાક્ષીના કામસારૂ બોલાવવાની જરૂર પડે ત્યારે તેને પરબારા નહીં બોલાવતાં જે અમલદારના તાબામાં તે નોકરી કરતો હોય તે અમલદારની મારફત બોલાવવો.

એવો સખસ હાજર થાય એટલે તુરત તેની સાહેદી લઈ નોકરી ઉપર જવાની રજા આપવી.

હાજર થયા પછી કોઈ કારણુસર તેની સાહેદી લેવાનું મુલતવી રાખવાની જરૂર પડે ત્યારે તે પ્રમાણે મુલતવી રાખવાની અગત્ય વિશેનું કારણુ તે કામ સંબંધીના ચાલતા રોજ કામમાં લખી તેની નોકરીની જગોના અંતર ઉપર વિચાર રાખી લાંબી મુદત હોયતો તેને નીમેલી તારીખે હાજર થવાની સમજુતી આપી દરમીયાનમાં તેની નોકરી ઉપર જવાની રજા આપવી અને નીમેલી તારીખે હાજર થવામાં અડચણ નહીં આવે એવો બંદોબસ્ત કરવા તેના ઉપરી અમલદાર તરફ લખવું પણ એ મુલતવીની મુદત એટલી ટુંકી હોય કે તે સખસ પોતાની નોકરીની જગોએ પોહોંચી શકે નહીં અથવા પોહોચ્યા પછી તરતજ પાછું રવાના થાવુ પડે તો તે બાબતનું કારણુ લખી પેહેલે પ્રસંગે તેની સાક્ષી લઇ તેને રજા આપવી.

સાક્ષી લેવા ઇચ્છનાર અધિકારી તથા સાહેદ જેના તાબામાં નોકરી કરતો હોય તે અમલદાર એકજ મકામે હોય અને સાહેદ પણ તે મુકામે હાજર હોય તે દરબારી રીતનું લખાણુ કરી લખાણુ કરવાની જરૂર નહીં ધરાવતાં અમલદારને રૂબરૂમાં કહીને અથવા તેના ઉપર ચીઠી લખીને સાહેદને બોલાવવો. તા૦ ૬ જાનેવારી સને ૧૮૭૬

કુમાર શ્રી ભીમસીંહજી સં૦ ન૦ ૬૦ કો૦

સરક્યુલર નંબર ૩૯.

સર્વે ન્યાધીશો તરફ.

હમારા જોવામાં આવ્યું છે કે ઘણી વખત કાગળો ઉપર પોહોચ્યા તારીખ લખવા-

માં આવતી નથી તથા બાજે વખત દરખાશો તથા અરજીઓ શેરા કર્યા વિના કામમાં બાંધી દેવામાં આવેછે અને તેથી કાગળ કયારે પહોચ્યો અથવા એવી દરખાશ કે અરજી ઉપરથી શો અમલ કરવામાં આવ્યો તે કોઇ પ્રસંગે જાણવાની જરૂર હોવ છે ત્યારે જાણતું નથી માટે આગંદેથી કાગળના મથાળે હમેશ પોહોચ્યા તારીખ લખાવાનો તથા શેરા કર્યા વિના કોઇ પણ કાગળ નહીં રેહવા દેવાનો રીવાજ રાખવો. સંવત ૧૯૩૨ ના પોશ વદ ૧૦ તા. ૬–૧–૭૬

કુમાર શ્રી ભીમસીંગજી સં૦ ન૦ હ૦ કો૦

ન્યાયખાતુ.

સરકયુલર નંબર ૪૭ સંસ્થાન શ્રી નવાનગર હજુર કોર્ટથી—

સર્વે ન્યાયાધીશો તથા ફોજદારો તરફ.

અકસ્માત મૃત્યુના કામમાં લાસનું મેજરનામું લેવામાં આવેછે તેમાં મરનારનું નામ, જાત, ઉમર, ઠેકાણું લખવામાં આવતું નથી માટે આયંદે એ બાબતો અવસ્ય મેજરનામામાં લખવા રીવાજ રાખવો. અને મરનાર તેજ હતો એમ પણ ખાતરી કરી લેવી. તારીખ ૪ ફેબ્રુઆરી સને ૧૮૭૬

કુમાર શ્રી ભીમસીંગજી સં૦ ન૦ હ૦ કો૦

સરકયુલર નંબર. ૪૮

સર્વે ન્યાયાધીશો તથા જેલરો તરફ.

ફોજદારી વગેરે કેદીઓની શિક્ષાનાં વારંટોમાં ગુજરાતી મીતી લખવામાં આવે છે અને કેદની મુદત પણ ગુજરાતી મીતી પ્રમાણે ગણવામાં આવે છે પણ ગુજરાતી મીતીઓમાં વધઘટ થતી હોવાથી સરખી મુદતના જુદી જુદી તારીખે શીક્ષા થયેલ કેદીઓને ટીપ ભોગવ્યાની મુદતનો મુકાબલો કરી દીવશની સરાસરી ગણતાં કોઈ કેદી જોઇએ તે કરતાં કેટલાએક દીવસ વધારે અને કોઇ જોઇએ તે કરતાં કેટલાએક દીવસ ઓછા એ પ્રમાણે ટીપ ભોગવેલી જણાયાથી તથા ગુજરાતી કાળમાનની ગણતરીમાં અધીક માસ આવનારથી લાંબી મુદતના કેદીઓની ટીપની ગણતરીમાં અડચણ આવતી જણાયાથી ફરમાવવામાં આવે છે કે શિક્ષાનો ઠરાવ તથા વારંટમાં ગુજરાતી મીતીની સાથે ઈંગ્રેજી તારીખ જરૂર લખવી અને શિક્ષાની મુદત ગુજરાતી મીતી પ્રમાણે નહીં ગણતાં ઇંગ્રેજી તારીખ પ્રમાણે ગણીને ભોગવાવવી. તારીખ ૧૫ ફેબ્રુઆરી સને ૧૮૭૬

કુમાર શ્રી ભીમસીંગજી સં૦ ન૦ હ૦ કો૦

ન્યાયખાતુ.

સરકયુલર નંબર ૫૧ સંસ્થાન શ્રી નવાનગર હજુર કોર્ટથી—

સર્વે ન્યાયાધીશો તથા ફોજદારો તરફ.

ફોજદારી કામમાં સાક્ષીઓને રોકડ ભથાને બદલે દરબાર ખાતે મોદીને ત્યાંથી અનાજ વગેરે ખાવાનું અપાવવામાં આવે છે અને તેથી હીસાબ વગેરેમાં ઘણી અડચણ પડે છે માટે એ રીવાજ મોકુફ કરી ફરમાવવામાં આવે છે કે દરેક સાક્ષીને દરરોજ રોકડા દોકડા ૧૨ બાર પ્રમાણે ભથું આપવું.

દરેક અધિકારીઓને જુદો નમુનો મોકલવામાં આવ્યો છે તે પ્રમાણે એક ભથા બા-

બાતની પોહોચ બુક રાખવી અને તેમાં દરરોજ ભથું આપવામાં આવે તેની સહી લેવી માસ આખર એકંદર ભથા ખર્ચનું બીલ બનાવી સરન્યાયાધીશ કોર્ટ તરફ મોકલવું તે-મજ કામ પુરૂ થઈ રહે એટલે બીજો નમુનો મોકલ્યો છે તે પ્રમાણે એકંદર પત્રક બનાવી અધીકારીએ પોતાની સહી સહિતનું કાગળમાં સામીલ રાખવું.

સાહેદ જે તારીખે હાજર થાય તેજ તારીખે બનતાં સુધી તેની સાહેદી લઈને રજા આપવી અને ખાસ કારણ વિના તેને બે દીવસથી વધારે રાખવો નહીં ખાસ કારણ વિના સાહેદને રોકીને ભથુ આપવામાં આવ્યું હશે તેને માટે ભથું આપનાર અધિકારીને જવા-બદાર ગણવામાં આવશે.

જે મુકરદમાઓ દરબાર તરફથી દરબારી કોઇ ખાતાના અમલદારના ખાસ હુકમથી ફરીયાદ માંડી ચલાવવામાં આવ્યો હોય અથવા જેમાં તોહોમતદારના જામીન નહીં લઇ શકાય એવા હોય તે કામના સાહેદોને તેમજ કોઇ પણ કામમાં ઈનસાફની મતલબ વધારે સારી રીતે પાર પાડવાના કારણસર સાક્ષી આપવાસારૂ હાજર થવાની ફરજ પાડવામાં આવી હોય તેવા સાક્ષીઓને માત્ર દરબાર તરફથી ભથું આપવું.

બાકીના મુકરદમાઓમાં જેનો સાહેદ તે પક્ષકાર પાસેથી ઉપરના દર પ્રમાણે ભથું અપાવવું એવા મુકર્દમાઓમાં પક્ષકાર પોતાની મેળે સાહેદો સાથે પરભારો બંદોબસ્ત કરે અને સાહેદ તરફનો કાંઇ વાંધો નહીં મળ્યો હોય તો તેમાં કોર્ટે હરકત કરવી નહીં.

જે સાહેદને પક્ષકાર તરફથી ભથું નહીં મળ્યું હોય તેને સાહેદી આપવાની ફરજ પાડવી નહીં.

ફોજદારી માસિક ફેસલા પત્રકમાં તોહોમતદાર ગુન્હો કબુલ કરે છે કે ઈનકારનું આ-સન છે તેના પેહેલાં નીચે લખેલાં બે આસનો વધારવાં અને તે ભરવાં.

૧ " દરબાર તરફથી સાહેદ ભથું આપવામાં આવ્યું હોય તે કોરી. " "૨. પક્ષકાર તરફથી સાહેદ ભથું આપવામાં આવ્યું હોય તે કોરી." તા૦ ૧૫ મી માહે માર્ચ સને ૧૮૭૬

કુમારશ્રી ભીમસીંહજી સં૦ નં૦ ૯૦ કો૦

સરક્યુલર નબર પર.

સર્વે ન્યાયાધીશો તરફ:—

એક બીજા તાલુકાઓની હદમાં ગુન્હો કરી ભાગી જનાર સખસોને સોંપવાની બાબ-તમાં ગુન્હેગારને કેવી રીતે પોચાડવો, લાવવો તે બાબતની ગોઠવણનો મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબે કરેલો ઠરાવ પ્રાંતના મેહેરબાન આસીસ્ટંટ પોલીટીકલ એજંટ સાહેબ તર-ફથી વકીલ દફતર મારફત દીવાન દફતરે થઇ આ તરફ ખબર આવતાં સર્વેની વાકેફગા-રી થવા તથા આયંદેથી એ પ્રમાણે ગોઠવણનો બંદોબસ્ત રાખવા સારૂ તેનો ઈન્તે-ખાબ પ્રસિદ્ધ કરવામાં આવે છે તે નીચે પ્રમાણે—

" જે સંસ્થાન અગર તાલુકા તરફથી જે સંસ્થાન અગર તાલુકા તરફ તોહોમતદારને "
" સોંપવાનો હોય તો કેદીને સોંપનાર તાલુકો ઠરાવે તે પ્રમાણે પોતાના રાજધાનીના શે- "
" હેરમાં અગર પોતાના મુલકની હદ ઉપર જે સંસ્થાન અગર તાલુકા તરફ કેદી સોં- "
" પવાનો છે ત્યાંની પોલીસ તે જગાએ લેવા આવેથી સોંપી દેશે ને જે તાલુકા તરફથી "
" તોહોમતદારની માગણી કરવામાં આવી હોય તે તાલુકા તરફથી ઠરાવેલી જગાએ તે "

"તોહોમતદારને લાવવા માટે પોલીસની ટુકડી મોકલવી જોઈએ."

"આજમ મેહેરબાન આસીસ્ટંટ રેસીડેંટ સાહેબ તથા અમરેલીના અધિકારીઓ"
"આ બાબતમાં આથી ઉલટો હુકમ પેસ્તર થએલ છે તે જારી રાખવા ધારેછે પરંતુ"
"ઉપર મુજબનો આજમ મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબે હકુમતથી જે ધાગે ક-"
"રેલ છે તે પ્રમાણે તેઓ સાહેબ પણ ચલાવે એમ સાહેબ મેહેરબાન લખાણ કરશે."
તા૦ ૨૪ માહે માર્ચ સને ૧૮૭૬

કુમાર શ્રી ભીમસીંહજી સં૦ ન૦ ૯૦ કો૦

સરકયુલર. નંબર ૫૫.

સર્વે ન્યાયાધિશો તરફ તથા ફોજદારો તરફ.

દીવાની કોર્ટના હુકમનામાઓની બજાવણીમાં સ્થાવર મિલકત હરાજ કરવામાં આવેછે. વેચાણ ખરીદદાર તરફ વેચાણમાં લીધેલી મિલ્કતનું છાપું વખતે તુરત કરાવવામાં અને વખતે મરજીમાં આવે તેટલી મુદતે કરાવવામાં આવેછે માટે એ બાબત એક સરખો નિયમ રહેવા સારૂ ફરમાવવામાં આવેછે કે હરાજીમાંથી મિલકત ખરીદ કરનારે વેચાણ પાકુ થાય એટલે તુરત છાપું કરાવવું. જ્યાં સુધી તે શખ્સ છાપું કરાવે નહીં ત્યાં સુધી તે મિલ્કત તેને હવાલે કરવી નહીં, પણ ખરીદી કિંમતનો તથા છાપાની ફી વગેરેનો અવેજ કોર્ટમાં રજુ કરે તો છાપું લખાઇ નોંધાઇને તૈયાર થયું નહીં હોય તે કારણથી તે મિલકતનો કબજો સોંપવાને હરકત છે એમ સમજવું નહીં તા૦ ૧૬ મી એપ્રિલ સને ૧૮૭૬

કુમાર શ્રી ભીમસીંહજી. સં૦ ન૦ ૯૦ કો૦

પુસ્તક ૧૦ મું.

સંવત ૧૯૩૩, **સરકયુલર નબંર ૬૫.**

સર્વે ન્યાયાધીશો તથા ફોજદારો તરફ

દીવાની કામોમાં પ્રતીવાદી તરફથી દાખલ થતા જવાબો અથવા તરફેનો તરફથી દાખલ થતી લખેલી હકીકત ઉપર દાવા અરજીની મીસાલે પ્રતીજ્ઞા લેખ ઘણી વખને કરાવી લેવામાં આવતો નથી માટે આયંદેથી તે જરૂર કરાવી લેવાનો રીવાજ રાખવો.
તા૦ ૧૫ જુન સને ૧૮૭૬

કુમાર શ્રી ભીમસીંગજી સં૦ ન૦ ૯૦ કો૦

મુલકી ખાતું.

રાસ્થાન નવાનગરના મુખ્ય દીવાન દફતથી.

સરકયુલર નંબર ૧૪. સર્વ મહાલોના ફોજદાર તરફ.

ફરમાવવામાં આવે છે કે પ્રાએમાફેશી કેસો ફોજદારો બનાવી પરબારા રાજકોટ વકીલ તરફ મોકલતા ને ત્યાંથી વકીલની નજરમાં મુકરદમો બરોબર ન ભાંસે તો આશામીઓને મોઢેથી પુછપાછ કરી કામ પાછું મોકલતાં આ વાત ખામી ભરેલી નજર આવતાં હવેથી પ્રાએમાફેશી મુકરદમા મુદા માલ સહીત ફોજદારોએ સરન્યાયાધીશ તરફ મોકલવાનો રીવાજ રાખવો,

સરન્યાયાધીશ કોર્ટના અધિકારીએ પોતાની ખાત્રી મુજબ મુકરદમો રીતસર બનાવી

રાજકોટ વકીલ તરફ મોકલવો તેમાં વકીલને વિશેશ કારણ જાંસે તો તેનો ખુલાસો સર-ન્યાયાધીશ કોર્ટથી કરી લેવો ત્યાંથી જે હુકમ મળશે તેમ કરવું. સંવત ૧૯૩૬ના માગશર વદ ૧ શની તારીખ ૨—૧૨—૧૬.

નારાયણરાવ વાસુદેવ મુખ્યદીવાન.

જુડીસ્યલ ખાતું.

સંસ્થાન નવાનગર હજુર દીવાન તરફથી.

સરક્યુલર નંબર ૧૫૨.

અત્યાર સુધી કેટલાએક ફોજદારોને છુટક મુનસફનો હુદો આપી દીવાની દાવા ચુકવવાનો નીયમીત અખત્યાર આપવામાં આવ્યો હતો તે સઘળું મોકુફ કરી મુનસફ ખાતાનું કામ વધારે સારી અને સંતોષકારક રીતે ચલાવવા સારૂ હવેથી દીવાની અધિકાર સબંધી નીચે મુજબ વીભાગ કરી અખત્યારનો નિયમ બાંધવામાં આવ્યો છે.

નવાનગર મુનસફ કોરટ કોરી ૧૦૦૦૦) દશ હજાર સુધીના મુળ દાવા સાંભળશે આ કોરટની સ્થાનીક હકુમત તલપદ શહેર નવાનગર તથા પેટામહાલ નગર પંચકોશી તાબાના તમામ ગામોમાં ચાલશે.

ખંભાળીઆ મુનસફ કોર્ટ કોરી ૧૦૦૦૦) દશ હજાર સુધીના મુળ દાવા સાંભળશે. આ કોરટની સ્થાનીક હકુમત મુખ્ય મહાલ ખંભાળીઆ તથા પેટામહાલો સલાયા, ભાટીયા, કલ્યાણપુર, અને રાવળના તમામ ગામોમાં ચાલશે.

જોડીયા મુનસફ કોરટ કોરી ૧૦૦૦૦) દશ હજાર સુધીના મુળ દાવા સાંભળશે આ કોરટની સ્થાનીક હકુમત મુખ્ય મહાલ જોડીયા તથા પેટામહાલો બાળબા, હડીઆણા, પડધરી અને વણથલીના તમામ ગામોમાં ચાલશે.

આટકોટ મુનસફ કોરટ કોરી ૧૦૦૦૦) દશ હજાર સુધીના મુળ દાવા સાંભળશે. આ કોરટની સ્થાનીક હકુમત મુખ્ય મહાલ આટકોટ તથા પેટામહાલો ભાડલા, સાંણથલી, અને બરવાળાના તમામ ગામોમાં ચાલશે.

લાલપુર મુનસફ કોરટ કોરી ૫૦૦૦) પાંચ હજાર સુધીના મુળ દાવા સાંભળશે આ કોરટની સ્થાનીક હકુમત મુખ્ય મહાલ લાલપર તથા પેટામહાલો વડાળા તથા પડાણાના તમામ ગામોમાં ચાલશે.

ભાણવડ મુનસફ કોરટ કોરી ૫૦૦૦) પાંચ હજાર સુધીના મુળ દાવા સાંભળશે આ કોરટની સ્થાનીક હકુમત મુખ્ય મહાલ ભાણવડ તથા પેટામહાલો રાણપોર, મોડપર, અને જોધપર નીચેના તમામ ગામોમાં ચાલશે.

કંડોરણા મુનસફ કોરટ કોરી ૫૦૦૦) પાંચ હજાર સુધીના મુળ દાવા સાંભળશે. આ કોરટની સ્થાનીક હકુમત મુખ્ય મહાલ કંડોરણા તથા પેટામહાલ કાળાવડ નીચેના તમામ ગામોમાં ચાલશે.

સદરહુ કોરટના ઠરાવ ઉપરની અપીલો તથા તેમના સદરહુ મુજબના અખત્યાર ઉપરાંતના તમામ મુળ દાવા સરન્યાયાધીશ કોર્ટ સાંભળશે.

સરન્યાયાધીશ એક કોરટમાંથી બીજી કોરટમાં મુકદમા કારણ પ્રત્યે મોકલી શકશે અથવા પોતે સાંભળશે.

સરન્યાયાધીશ કોર્ટે કરેલા અપીલના ચુકાદા ઉપરની સ્પેશીઅલ અપીલ તથા મુળ કાવાના ચુકાદા ઉપરની રેગ્યુલર અપીલ વરીષ્ટ કોરટ સાંભળશે.

વરીષ્ટ કોરટે કરેલા રેગ્યુલર તથા સ્પેશીઅલ અપીલના ચુકાદા ઉપરની અપીલ મહારાજા જામસાહેબની હજુરમાં મુખ્ય દીવાન સાંભળશે.

જે કોરટોના તાબામાં પેટામહાલો રાખવામાં આવ્યા છે તે કોરટોના મુનસફો સગવડ પડે તે રીતે બાર મહીનામાં ઓછામાં ઓછી એક માસની મુદત સુધી તે મહાલોના મુખ્ય ગામોમાં જઈ પોતાની કોરટનું કામ ચલાવશે. તારીખ ૨૧ માહે મે સને ૧૮૭૭

નારાયણ વાસુદેવ મુખ્ય દીવાન.

પુસ્તક ૧૧ મું સંવત ૧૯૩૪.

સરકયુલર નંબર ૧૨.

સર્વે અરજદારો તથા વકીલો તથા અરજી લખનાર બીજા સક્ષોને ખબર આપવામાં આવે છે કે અમારા હજુર જે અરજીયો આવે છે તેમાં રીતસર મથાળે ફરીયાદી, પ્રતિવાદીનું નામ, ગામ તથા રહેવાનું ઠેકાણું લખવામાં આવતું નથી તેમ તે નીચે અરજી લખનાર કોણ તે પણ બતાવવામાં આવતું નથી જેથી વખતો વખત અરજદારને બુલાવવા વગેરની કેટલીક હરકત આવેછે વાસ્તે હવે પછે સઘળી અરજીઓમાં મથાળે ફરીયાદી પ્રતીવાદીનું નામ, બાપનું નામ તેમજ ગામ અને ગામમાં કયે ઠેકાણે રહે છે તે બરાબર ચોખી રીતે બતાવવું તેમજ અરજી નીચે તારીખ નાખ્યા પછે ડાબી બાજુ અરજીના અરજી નીચે તારીખ નાખ્યા પછે ડાબી બાજુ અરજી ઘડનારે તે નીચે અરજી લખનારે સહી કરવી તેમાં પોતાનું રેહેવાનું ઠેકાણું બતાવવું અને જમણી બાજુ અરજીના અરજદારે સહી કરવી.

ઉપર પ્રમાણે અરજી લખી રેજુ થયા વગર જે અરજીયો દાખલ થશે તે ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં શિવાય લખનારનો યોગ્ય દંડ કરવામાં આવશે. તા. ૯-૧૦-૭૩.

નારાયણરાવ વાસુદેવ મુખ્ય દીવાન.

સરકયુલર નંબર ૨૨.

આ સંસ્થાનમાં રેહેનાર સોનેરી કરનાર ચપડીયા તથા પાસા તાણનાર વગેરે કામ કરવાના મજુર લોકો પાસે કોઇના લેણા પૈસા હોય તો તે બાબત દીવાની કોરટે ફરિયાદ સાંભળવી નહીં અને એવા લોકો ઉપરના દાવા મારજનમાં બતલાવેલ કમેટીએ સાંભળવા એક ધારો મગજી દીવાન રાવબહાદુર પોપટ વી. વેલજીએ તા. ૧૪ જાનેવારી સન ૧૮૭૬ નો બનાવી અમલ થવા ન્યાયની કોરટો તરફ મોકલેલોછે.	૧ મુખ્ય દીવાન ૨ પારેખ જગજીવન જીવા. ૩ જેઠાજીવરાજ ૪ ઓઝાગવરીશંકર જેઠા.
આ લોકો ઉપર સર્વે સાધારણ કાયદો અમલમાં ન લાવવો એ વાત બીલકુલ દુરસ્ત નથી.	૫ પટેલ કાનજી વલમજી.
દીવાની રાહે આ લોકોપર કામ ચલાવ્યાથી તેમના ધંધાને હરકત થતાં સોનેરીના કસબને હાણી પોચશે એવું માજી દીવાન સાહેબે દરશાવેલું છે. પણ દીવાની કોરટ તે વાત ધ્યાનમાં નહીં રાખશે એવું નથી	૬ પરશોતમ પુંજા

સબબ મહારાજા જામસાહેબના ફરમાનથી તા. ૧૪ જાનેવારી સન ૧૮૭૬નો ધારો રદ કરવામાં આવે છે. તારીખ ૧૦ જાનેવારી સને ૧૮૭૮.

શ્રી હજુર હુકમથી નારાયણરાવ વાસુદેવ મુખ્ય દીવાન.

રેવીન્યુ ખાતું.

સરક્યુલર નબર ૨૬. સંસ્થાનશ્રી નવાનગર દીવાન દફતરેથી.

મહારાજા જામસાહેબની હજુરમાં એવી હકીકત જાહેર થઈ છે કે આ શહેરના અંદર તેમજ તાબાના ગામોમાં દરબારશ્રીના માલકીના હકની મીલકત તથા હક સંબંધનો વગ પરબારો થાય છે તે નુકશાન અટકાવવાની પુરી જરૂર જણાતાં શ્રી હજુર ફરમાનથી નીચે મુજબ સરક્યુલર કરવામાં આવ્યો છે.

દરબાર તરફથી અથવા દરબારને સાથ સંબંધ રાખતાં લાગતા વળગતા તરફથી દરબારની જમીન જાગ્યેગા વગેરે હરએક કીસમની મીલકત તથા હક સંબંધ ઉપભોગ લેવાને વાસ્તે આપેલ હોય અથવા કબજા ભોગવટામાં હોય તેનો વગ કોઈબી પ્રકારે માલકીના હકથી કરવાનો દરબાર શિવાય કોઈને અધિકાર નથી માટે આ સરક્યુલરથી સર્વે લોકોએ યાને આપનાર તથા લેનારને ઉપર દરશાવેલ મીલકત તથા હક સંબંધ ગીરવીમાં અઘાટ અથવા અન્ય રીતે દેવાં લેવાં નહીં ને તેમ હોયતો તે બાબત થએલ કરાર દરબાર રદ ગણશે. સંવત ૧૯૩૪ ના પોષ સુદ ૧૩ તા૦ ૧૬—૧—૭૮.

નારાયણરાવ વાસુદેવ મુખ્ય દીવાન.

જામનગર પોલીસ. પોલીસ પટેલની કામગીરીનો ધારો.

૧ પોતાના તાબાના માણસો એટલે પસાયતા વગેરે તથા ગામના રક્ષણ માટે જેના ઘરમાં હથીઆર હોય તે તપાસવાં અને હમેશ ઉપયોગમાં આવે તેવાં રખાવવાં.

૨ ગામની ચોકીનો બંદોબસ્ત રાખવો.

૩ જે લોકો શકદાર હોય તેમના ઉપર દેખરેખ રાખવી અને જ્યારે શકદાર માણસો બતાવવાનું તેને કોઇ અમલદારના તરફથી કહેવામાં આવે ત્યારે તેણે શકદાર માણસો બતાવવાં અને થાણા પોલીસને બનતી મદદ આપવી.

૪ જે કોઈ ગુન્હો બને તેની ખબર ઉપરી અમલદારને તુરત આપવાને એ ગુન્હેગારોને પકડવા બનતી કોશીશ કરવી.

૫ ગામમાં ગુન્હો કરી કોઈ હરામખોર ભાગી ગયા હોય તેની પછવાડે પોતાના ઉપરી અમલદાર તરફ રીપોર્ટ કરી તુરત જવું.

૬ હરામખોરની પછવાડે કોઇ ગામના પોલીસ પટેલ આવ્યા હોય તેને મદદ આપવી.

૭ કોઈ નજદીકનું ગામ મરાયાની ખબર આવે કે તુરત એ ગામે મદદ કરવા સારૂં પોતાના તાબાના માણસોને સાથે લેઇને જવું.

૮ તમામ હુકમો તથા વારંટો બજાવવાં.

૯ ગામમાં ચોરી લુંટ ન થાય એવો બંદોબસ્ત કરવા સારૂ પોતાના હાથ નીચેના માણસોની યોગ્ય જણાયા મુજબ વ્યવસ્થા કરવી.

૧૦ ગામમાં ચોરી થાય કે ખાતર પડે તો તેના ખબર ઉપરી અમલદાર તરફ રસ્તે દેતાં તેનું પગેરૂં ચલાવવા તથા પગ રક્ષણ કરવા સંપુર્ણ કોશીશ કરવી.

૧૧ હાથ નીચેના માણસો કાંઇ ગફલત કરે કાં ચાલ ચાલે તેનો રીપોર્ટ ઉપરી અમલદાર તરફ કરવો.

૧૨ કોઇ સક્ષ બારવટીઓ છે અથવા એવો કોઇ ભારે ગુન્હો કરનાર છે અથવા એવો કોઇ ગુન્હો કરી પોતાના ગામમાં આવ્યો છે એવું માનવાનું પોલીસ પટેલને પાકું કારણ હોય તો તેને પકડવો. અને તેની સાથે જે કાંઇ શક પડતો માલમ હોય અથવા કાં માલ પુરાવામાં ઉપયોગી થઈ પડશે એમ જણાય તે સહીત તેને પુરાવાના લોકો સાથે ઉપરી અમલદાર પાસે તુરતા તુરત મોકલી દેવો.

૧૩ એવા કોઈ બારવટીઆને અથવા કોઇ મશહુર હરામખોરોને પોતાના ગામમાં-થી કોઇ સક્ષે આશરો અથવા રક્ષણ આપ્યું છે અથવા ખોરાક કે પૈસા આપ્યા છે એવી વાત તેના જાણવામાં આવે કે તુરતા તુરત એ બાબતનો ઉપરી અમલદારને રીપોર્ટ કરવો.

૧૪ કોઈ ડાકાએત લોક પોતાના ગામની શીમમાં થઇને જાય છે એમ તેનાપર શક રહેતો હોય તો તે બાબત તુરત ઉપરી અમલદાર અગર નજીકના કોઈ અમલદારને રીપોર્ટ કરતાં એ સરદાર લોકો નજરથી દુર થઇ શકે એમ તેના પાછળ છુપી રીતે જઈ ચોકસી રાખવી અથવા માણસનો પુરતો જથો હોય તો પકડી ઉપરી અમલદાર તરફ રીપોટ સાથે મોકલવા.

૧૫ ગામમાં ધાડું પડે તો તાબાના પોતાના તમામ માણસો અને ગામના રક્ષણ સારૂ જે જે માણસો પાસે હથિઆર રહેતાં હોય તેને સાથે લઈ તથા પોતે હથિઆર લઈ તેના સામા થવું અને તે બાબતના ખબર તુરત પોતાના ઉપરી અમલદારને આપવા અને ડાકાએટ લોકો નાશી ન જાય તેવી કોશીશ કરવી તેમ છતાં નાશી જતા હોય તો બની શકે તો સઘળાને અથવા નહીં તો અવસ્ય ઓછામાં ઓછા એક આદમીને પકડી લેવાને બનતો પ્રયત્ન કરવો અને તે ડાકાયટો જે તરફ જતા હોય તે બાબતનો ઉપરી અમલદાર તરફ રીપોટ કરતાં તે લોકો નજરથી દુર ન થાય તેમ તેની પાછળ જવું અને હાથ થઈ શકે એવું ઠેકાણું આવે એટલે ત્યાંના અમલદાર અથવા સત્તાધારીને જાહેર કરી હાથ કરવા અગર તેઓ પરતાલુકાની હદમાં જતા રહેતો તેમનો પીછો નહીં છોડતાં તે હદમાં પેસતાંજ તે હદના ગામના અથવા બીજા પોલીસના અધિકારીને અથવા બીજો જે અમલદાર નજીકમાં હોય તેને ખબર મોકલી તેમને હાથ કરવાની મદદ માગી હાથ કરવા હરામખોરો એવી રીતે હાથ આવે અને તે હદનો અમલદાર તેમને લઈ આવવા નહીં દેતો તેના સ્વાધીન કરી તેની પોહોચ માગી લેવી અને તે વીશેનો તુરત પોતાના ઉપરી અમલદારને રીપોટ કરવો.

૧૬ પોતાના તાબાના ગામના લોકોના જાન માલના રક્ષણ સારૂં ગામમાં જે ચોકીયાત હોય તેને રાતે રોન ફેરવવા તથા દીવસે ગામની શીમમાં આજુબાજુ મોકલી તજવીજ રખાવ્યા કરવી કે ગુન્હો કરવા હરામખોર ભેળા થઇ શકે નહીં અથવા ભેળા થાય તો તેમને પકડવા અને તે ઉપરના પુરાવા સહીત ઉપરી અમલદાર પાસે મોકલવા.

૧૭ ગામની શીમ માંહે એવી જગ્યો હોય કે જ્યાં હરામખોરો રહી સકે જેમકે ગીચ ઝાડી અથવા વોકળીમાં અથવા એવી કોઈ મશહુર જગ્યા હોય ત્યાં દીવસ અને રાતની વખતે હમેશાં પોતાના તાબાના માણસોને સાથે લઈ જાતથી પોલીસ પટેલે તજવીજ સારૂં જતાં રહેવું.

૧૮ પોતાના ગામની હદમાં કોઈ માણસ કમોતે અથવા અકસ્માત મરણ પામે અથવા મુડદું જડે તો બે અથવા વધારે આબરૂદાર આદમીઓ ભેળાં કરી મુડદું બતાવી મરણનું કારણ લાસ તપાસાવી તજવીજ કરી શોધી કાઢવું અને તેનું પંચાએતનામું નમુના (અ) પ્રમાણે લેવું ને તેના મૃત્યુમાં કાંઇ શક વહેમ ન જણાએ તો તે લાસને મૃત્યુ ક્રિયા કરવાની રજા દેવી ને તજવીજના કાગળો ઉપરી અમલદારને મોકલવા.

૧૯ સ્વાભાવીક વીરૂદ્ધ રીતે મરણ થયું છે એમ પંચાએત નામાની હકીકતથી અથવા બીજી રીતથી જણાય અને તે મરણ બાબત શક રહેતો ઉપરી અથવા નજદીકના કોઈ અમલદારને ખબર દેવા અને તે અથવા તેના તરફથી કોઇ માણસ કે હુકમ આવતાં સુધી લાસને બાળવાની અથવા દાટવાની રજા આપવી નહીં.

૨૦ ઝેહેર વગેરે ખાધાથી મરણ થવાનો શક હોય તો ઝેહેરી વગુ માંહેલી જેટલી હાથ લાગે તેટલી સંભાળી રાખવી તેમજ મરનારે ઉલટી વગેરે કર્યા હોય તો તે એક ઠીકરાં (માટીનાં) વાસણમાં એકઠું કરાવી સંભાળી રાખવું તેમજ મરનારને મરતાં પહેલાં શું શું ચીન થયાં હતાં તે તેના ઘરના અથવા આસપાસના અથવા પાસે રહેનાર માણસોથી તપાસ કરી વાકેફ થઇ તે હકીકત લખી લેવી અને તે સઘળું ઉપરી અમલદાર આવે તેના આગળ રજુ કરવું.

૨૧ આગ લાગે તો ઓલવવાની તુરત તજવીજ કરવી અને સળગતા ઘરમાંથી કાઢેલો માલ કોઈ નહીં લઈ જાય એવી ચોકશી રાખવી ને કોઇએ જાણી બુઝી આગ લગાડી હોય તો તેનો પતો મેળવવા પૈરવી કરવી અને માલુમ પડેથી પકડવો.

૨૨ કોઈ સક્ષ હથિઆબંધ વગર પરવાને જણાય તો તેનું નામ ઠામ પુછી લખી લઇ હથિઆર પડાવી લઇ ઉપરી અમલદાર તરફ મોકલવાં ને નામ ઠામ બતાવવામાં ને હથીયાર આપી દેવામાં હુજ્જત કરે તો તેને પકડી સમેત ઉપરી અમલદાર તરફ મોકલવો.

૨૩ ગામના રક્ષણ વાસ્તે પાસવાળા હથિયાર ગામમાં જે માણસ પાસે રહે તેનુ એક રજીસ્ટર રાખવુ અને વખતે વખતે તે માણસના ઘર પાસે જઇ બોલાવી તજવીજ કરવી કે રજીસ્ટરમાં નોધ્યા મુજબ હથિઆરો તથા તે બાબતના પરવાના તેના ઘરમાં છે કે કેમ. રજીષ્ટરમાં નોધ્યા મુજબ હથિયારો હમેશાં હાતાં જોઈએ તેથી વધારે કે ઓછાં હેવા ન જોઈએ એવાં હથિયારો ગામના રક્ષણ વાસ્તે રાખવા દેવામાં આવે છે એટલે જ્યારે ગામ ઉપર કોઇ હરામખોરો આવે ત્યારે તેના સામા થવાના કામમાં આવે. બીજા કોઈ પ્રસંગે એ હથિઆરો ઘરની બહાર કાઢવા દેવાં નહીં અથવા જે માણસને હથિયાર બાંધવાની પરવાગી મળી નથી એવા કોઈ માણસને હથિઆર બાંધવા વાપરવા કે પરગામ લઇ જવા સારૂં આપવા દેવાં નહીં.

૨૪ કોઇ માણસનો પરવાનો ખોવાઇ જાય અથવા ચોરીએ જાય અથવા બીજી રીતે નાશ કે ગુમ થાય તો તે બાબત તરત રીપોર્ટ કરવો અને જો તે સક્ષની વગર કસુરે એમ થયું હોય તો નવો પરવાનો આપવાની ભલામણ કરવી.

૨૫ હથીઆરનો પરવાનો જે માણસના નામનો હોય તેજ માણસ પાસે રેહેવો જોઇએ. તે કોઇ બીજા માણસને અમથો પણ આપવા દેવો નહીં અગર કોઈ માણસ પોતાનો પરવાનો બીજાને આપે તો તે માણસનો પરવાનો રદ કરવાને અને તેનું હથિઆર લઇ

લેવાને મંજુરી માટે ઉપરી અમલદારને તરત રીપોર્ટ કરવો.

૨૬ પોલીસ પટેલને સનદો આપવામાં આવશે અને તેણે પોતાનીજ પાસે રાખવી.

૨૭ પોલીસ પટેલ એકદમ માંદો થઈ જાય અથવા જરૂરી કામ પ્રસંગે તેને ગામમાંથી કોઈ બીજી જગાએ જવું પડે અથવા એવા કોઈ વ્યાજબી કારણસર પોતાનું કામ કરવાને અશકત હોય તો પોતાની ગેરહાજરીમાં કામ ચલાવવા સારૂ પોતાના કોઇ સગાને અથવા ગામના કોઇ લાયક માણસથી તુરત વેળા કામનો બંદોબસ્ત કરવો અને તે ખબર તુરત ઉપરી અમલદારને લખવા અને પાછા હાજર થયેથી પોતાનું કામ સંભાળી લઈને ખબર પણ તુરત ઉપરી અમલદારને આપવા.

૨૮ ખેતર વાડી વગેરેમાં બગાડ કરનાર તથા રેઢીયાળ જાનાવર હોય તે ડબામાં પુરવાં અને ડબા બાબત જે કાયદા નવાનગર દરબારી ગેજીટ સંવત ૧૯૩૩ ના કારતક સુદ ૨ આંક ૯ માં પ્રસીધ્ધ થએલ છે તે પ્રમાણે વર્તવું.

૨૯ જે કાંઈ બીન વારસી મીલકત માલુમ પડે તેનું લીસ્ટ બે અથવા વધારે આબરૂદાર માણસના મેજર સાથે કરી તે સમેત મળેલી મીલકત તુરત પોતાના ઉપરી અમલદાર તરફ મોકલવી.

૩૦ ખાટકી ચમારને ગામની અંદર કે સરીઆમ રસ્તા ઉપર કોઇ જાનવર મારવા કે ઉખેડવા દેવા નહીં તથા ગામની અંદર કે સરીયામ રસ્તા ઉપર કોઇ ઘોડા બળદ વગેરે કોઇ જાનવર જોરથી એટલે પોતાને વસ ન રહે તેવું દોડાવવા દેવું નહીં.

૩૧ ગાય, ભેંસ, બળદ, સાંઢ, અને ઘોડાં વગેરે જાનવરો ઉપર નીર્દયપણું વાપરવા દેવું નહીં અને જે જાનવર ઉપર ભાર ભરવામાં આવે છે તે ઉપર તેના ગજા ઉપરાંત ભાર ભરવા દેવો નહીં.

૩૨ જે જાનવરથી માણસના જીવને ઘાત થવાનો સંભવ હોય તે જાનવરને છુટાં રાખવાં અથવા રેહેવા દેવાં નહીં.

૩૩ કોઈ આદમી લાજ રહીત એટલે કપડાં વગરનો ખુલ્લો જેને જોવાથી દેખનાર માણસને શરમ લાગે તેવાં માણસને ગામમાં ફરવા દેવાં નહીં.

૩૪ કલમ ૩૦ થી તે કલમ ૩૩ સુધીમાંનો ગુન્હો કરવા મના કરતાં કોઇ ન માને તો તેને પકડી ઉપરી અમલદાર તરફ પુરાવા સહીત મોકલી દેવો.

૩૫ કોઇ રખડતો માણસ જે પોતાનું ગુજરાન કે હાલત બતાવવાને છુપાય કે આનાકાની કરે તેને એકદમ પકડી પોતાના ઉપરી અમલદાર તરફ મોકલી દેવો.

૩૬ કોઈ સાધુ, બાવા, ફકીર, વગેરે લોકો ગામમાં અડંગા લગાવી ગામના લોકોને અડચણ કરે તો તેને તેમ ન કરવા સમજુત દેવી તેમ કરતાં ન સમજે તો તેને પકડી ઉપરી અમલદાર તરફ મોકલી દેવો.

૩૭ ગામ સાફ રખાવવું તથા ગંદકીની વસ્તુ કે જેમાં લોકોની તન્દુરસ્તીને હરકત કરે તેમ રાખવા દેવું નહીં અને ખાતર વગેરે કચરો જે જગામાં સખ્વાથી ચોમાસાની રૂતુમાં દુરગંધ નીકળી લોકોની તન્દુરસ્તીમાં હરકત થાય તેટલા સારૂ ગામમાં નહીં રાખવા દેતાં ગામની બહાર અગનીકોણમાં બસો કદમ છેટે કોઇ જગ્યા મુકરર કરી ત્યાં નંખાવવો.

૩૮ ઢેઢ લોકોને મુવેલાં જાનવરો ગામની નજદીક ઉખેળવા નહીં દેતાં ગામથી બ-

હાર શીમમાં ચોકળા અથવા જયાં લોકોની નજર ન પડે ત્યાં અગ્નિકોણ તરફ કોઈ જગ્યા મુકરર કરી ઉખેળવા દેવા.

૩૯ કલમ ૩૭ થી ૩૮ વીરૂધ કોઈ ચાલે તો હરદફે કોરી ૫ પાંચ સુધી દંડ કરી પોતાના ઉપરી અમલદારની મંજુરી મેળવવી.

૪૦ પોલીશ પટેલે પોતાના ગામમાં રોજ રોન ફરવી અને પોલીસ તથા સુધારા બાબત કાંઈ ખામી માલમ પડે તો તે બાબત પોતાના ઉપરી અમલદાર તરફ રીપોટ કરતાં એવા ખામી સુધારવા માટે સંપુર્ણ રીતે કોશીશ કરવી.

૪૧ ગામમાં ખડ, કડબ વગેરેના વાડા કરવા દેવા નહીં તથા ગામની ચોતરફ સુકા કાંટાની વાડ જેને અગ્નિ લાગવાથી ઘણીજ દેસત રહે તે વાડ સુધારતાં આસ્તે આસ્તે હાથલા કંટાળાની વાડ કરાવવાની સંપુર્ણ કોશીશ કરવી અને ખડ કડબના વાડાની જગો ગામ બહાર મુકરર કરી દેવી.

૪૨ કોઈ પર ઇલાકાનું માણસ ગામમાં આવી રહે તો તેની ચાલ ચલણની હકીકતનો રીપોટ ઉપરી અમલદાર તરફ કરવો.

૪૩ દરરોજ ગામની ખેરીયતનો રીપોટ પોતાના ઉપરી અમલદાર તરફ કરતાં રહેવો.

કીસોરી મોહન બોસ સં૦ ન૦ ૪૦ પો૦ સુ૦

સરક્યુલર. નંબર ૨૯.

નંબર ૧૩ તારીખ ૮ માહે ફેબ્રુવારી સને ૧૮૭૮ ના ઠરાવથી ફરમાવવામાં આવે છે કે હવે પછી દીવાની કામના શાક્ષીઓને પક્ષકાર પાસેથી દરરોજનું નીચે પ્રમાણે ભથ્થું અપાવવું.

કોરટની કચેરીના મુકામની જગ્યાને માટે.

૧ ખેડ કરનાર તથા મજુરી કરનાર મજુરોને કોરી ૦॥।

૨ કસબી કારીગર લોકો તથા છુટ વેપાર કરનારને કોરી ૧॥

૩ બીજા ઊંચા વરગવાળા માણસોને કોરી ૨.

બહાર ગામનાને માટે.

૧ ખેડ કરનાર તથા મજુરી કરનાર મજુરોને કોરી ૧

૨ કસબી કારીગર લોકો તથા છુટ વેપાર કરનારને કોરી ૨

૩ બીજા ઊંચા વર્ગવાળા માણસોને કોરી ૩

ઉપર પ્રમાણે દર મુકરર કરવામાં આવે છે.

માટે તે મુજબ દીવાની કામ ચલાવનાર અધિકારીએ અમલ કરવો.

આ સરક્યુલર દીવાની શિવાય બીજી કોઇ કોરટને લાગુ નથી તા૦ ૮ માહે ફેબ્રવારી સને ૧૮૭૮

નારાયણરાવ વાસુદેવ મુખ્ય દીવાન.

પુસ્તક ૧૨ મું. સંવત ૧૯૩૫.

સરક્યુલર નંબર ૩ સંસ્થાન નવાનગર હજુર કોરટ.

આ કોરટમાં જે અપીલો પક્ષકાર તરફથી દાખલ કરવામાં આવે છે તે ઘણી ખરી

નીચલી કોરટમાં દાખલ કરેલ હકીકતની અને પુરાવાની તકરાર પર તથા અમલદારોના ઈનસાફ ઉપર ટીકા લખેલી હોય છે અને ઘણું કરી સઘળી અપીલ કોરટોમાં એકનો એકજ વાંધો બતાવી અપીલો ગુજારવામાં આવે છે પરંતુ હવે પછી જે અપીલો આંહી દાખલ થશે તેમાં નીચેનાં ખરાં કારણો અવશ્ય હોવાં જોઇએ.

૧. કાયદા સંબંધી ચુક યાને વાંધો.

૨. દસ્તાવેજના અર્થ સંબંધી ઘેર સમજુતી.

૩. અમલદારનું પક્ષપાતપણું અથવા એવી ઇનસાફની મતલબ પાર પાડવાને બાધ કરતી વર્તણુક.

ઉપર બતાવેલા કારણો નહીં હોય તો તેવી અપીલો રાખવામાં આવશે નહીં.
તારીખ ૩૧ જુલાઈ સને ૧૮૭૮.

નારાયણરાવ વાસુદેવ દીવાન.

સરકયુલર નંબર ૧ સંસ્થાન શ્રી નવાનગર સરન્યાયાધીશ કોરટથી

તમામ માજીસ્ત્રેટોને ફરમાવવામાં આવે છે કે પર ઈલાકામાંથી કોઇ તોહોમતદારને અથવા તોહોમતદારોને કાઠીઆવાડ એજનસીમાં પ્રાઇમાફેશીઆ કે સક રીતે લાવવાની જરૂર હશે તે વખતે પરઈલાકામાંથી જે તોહોમતદાર અથવા તોહોમતદારોને માગવા હશે તે ઉપર શું પુરાવો છે તે સારી રીતે શોધી કાઢી જુબાનીઓ લેવી અને તેનું એક પ્રોસીડીંગ કરવું અને પુરાવામાં જે સાહેદની જુબાનીઓ લેવામાં આવશે તે તથા જે પુરાવામાં કાગળ વગેરે દાખલ કરવામાં આવશે તેના ઉપર આંક નાખીને પ્રોસીડીંગમાં દાખલ કરવા અને દાખલ થએલ પુરાવાના કયા ભાગ ઉપરથી માગવાના માણસ ઉપર શી રીતે સાબીતી છે તેના કારણો વીગતવાર પ્રોસીડીંગની નીચે લખવાં અને તે પ્રોસીડીંગ તથા પુરાવાના કાગળો જુબાનીઓ સહીત રીપોર્ટ સાથે આ કોરટ તરફ મોકલવા પ્રાંત વકીલ તરફ બારોબાર લખવું નહીં એટલે જરૂર જણાય તે પ્રમાણે આગળ તજવીજ કરવામાં આવશે.

આવાં કામમાં જે સાહેદોની સાક્ષી લેવામાં આવી હશે તે લોકો આંહીથી જે તારીખ લખવામાં આવશે તે તારીખે નીચેલે ઠેકાણે એજનસીના અમલદાર સાહેબ પાસે હાજર થશે એવી પ્રથમથીજ ગોઠવણ કરી રાખવી અને જે શાહેદીદારો જે ઠેકાણે મોકલવા આંહીથી લખવામાં આવશે તે સાહેદીદારોને પોતાના ગામથી નીમેલા ઠેકાણે જઇને સાહેદી આપી પાછા તેને ઘેર આવતાં લગણ જે દહાડા લાગશે તેનું ભથું જે માજીસ્ત્રેટના તાબાનું કામ હશે તેણે આપવું તેમાં અથવા આ સરક્યુલર પ્રમાણે કામ કરવામાં જે માજીસ્ત્રેટ કસુર કરશે તેના વિશે સખ્ત વિચાર કરવામાં આવશે.

સંવત ૧૯૩૫ના આશ્વીન સુદી ૧૪ ગુરૂવાર તા૦ ૧૦ માહે અકટોબર સને ૧૮૭૮.

નારાયણરાવ બાલકૃષ્ણ સં૦ ન૦ સર ન્યાયાધીશ.

સંસ્થાન નવાનગર હજુર કોરટ **સરકયુલર નંબર ૮.**

જુડીશીઅલ ખાતામાં વહીવટદારો તથા અવલ કારકુનોને હાલ ફોજદારી અધિકાર છે તેમાં મહારાજા જામ સાહેબના ફરમાનથી ફેરફાર કરવામાં આવે છે.

ફોજદારી અને ન્યાય ખાતાના નોકરોનું કામ અલગ અલગ ખાતાવાર દીવાની ફોજદારી વહીવટી અને પોલીસખાતું સંવત ૧૯૩૩ની સાલમાં જુદું પાડી વહીવટી અમલદારોને

ફોજદારી કામમાં બીજા અને ત્રીજા વરગના માજીસ્ત્રેટનો અધિકાર આપવામાં આવેલ પણ અનુભવથી એવું માલુમ પડ્યું કે વહીવટદારો તથા મહાલકારીઓ ફોજદારી કામમાં ટુંક ઇસ્ટાબલીશમેન્ટથી પોહોંચી શકતા નથી. વળી કાચા વહીવટ અને હાલમાં થએલ સુધારાને આધારે કામ કરવાની સફાઇ રહી શકતી નથી તેથી કરી વહીવટી ખાતાની જોઇએ તેવી સંભાળ રહી શકતી નથી માટે મુખ્ય વહીવટદારોને ફોજદારી કામનો બોજો કમ કરવો તથા મહાલકારીઓને ફોજદારી કામમાં મદતસારૂ મેતા વધારી દઈ ફોજદારી કામનો બંદોબસ્ત કરવો વધારે સગવડ ભરેલું જાણી નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવેછે.

૧ મુનસફો મુખ્ય મહાલોમાં મુકરર કરવામાં આવ્યા છે તે મુનસફોને પેહેલા વર્ગના માજીસ્ત્રેટનો અખત્યાર આપવામાં આવે છે.

૨ વહીવટદારોને બીજા વરગના માજીસ્ત્રેટનો અખત્યાર રહેશે પણ તે ફક્ત વહીવટ સંબંધી ગુન્હાનો (જેમકે ખળામાં તથા મોલની ચોરી દાણ ચોરી મોલનો બિગાડ કચેરીમાં બેઅદબી વહીવટ કામમાં સાક્ષી તથા વારંટ કરી ગુન્હેગારને પકડવો. તપાસ તથા ફેસલો દેવાનો અધિકાર આપવામાં આવ્યો છે તેવા કામોના ફેસલાની અપીલો સરન્યાયાધીસ કોરટમાં લેવામાં આવશે.

૩ પેહેલા વર્ગના માજીસ્ત્રેટ પોતાના અખત્યારના કામો ફેસલ કરશે તથા કમીટ કરશે તેમાં જે લાયક જણાશે તેને ડીસ્ટ્રીક માજીસ્ત્રેટનો અખત્યાર સર્વોપરી આપવામાં આવશે.

૪ મહાલકારી તથા ટપા કારકુનોને ત્રીજા વર્ગના માજીસ્ત્રેટનો અધિકાર સર્વોપરી આપવામાં આવ્યો છે તેના ફેસલાપર અપીલો તેમ હાલના પેહેલા વર્ગના માજીસ્ત્રેટ સાંભળી શકશે તે ઉપર અપીલ (છેલી અપીલ) સરન્યાયાધીશ કોર્ટમાં થશે.

૫ આ સરકયુલર તારીખ ૧ લી માહે નવેંબર સને ૧૮૭૮ થી અમલમાં આવશે.
સં૦ ૧૯૩૫ ના આશ્વીન વદ ૭ ગરૂવાર તા૦ ૧૭ માહે અકટોબર સને ૧૮૭૮.

નારાયણરાવ વાસુદેવ દીવાન.

સંસ્થાન શ્રી નવાનગર સરન્યાયાધીશ કોર્ટથી.

મજકુરના બધા માજીસ્ત્રેટો તથા મુનસફો તરફ.

સરકયુલર નંબર ૨.

આ સરકયુલરથી ખબર આપવામાં આવે છે કે આ રાજ્યમાં જેટલી નિશાળો છે તેના મેહેતાજીઓની ફોજદારી અથવા દીવાની કામમાં સાયદી લેવાની જરૂર હશે તો કાયદા પ્રમાણે સમન કરી તેઓને તેઓના ઉપરી તરફ લખાયા વગર બુલાવવા અને તેમ કર્યા છતાં હાજર ન થાય તો કાયદા પ્રમાણે તજવીજ કરવી. આ બાબતમાં વાલાસાન મેહેરબાન દીવાન સાહેબ તથા ડેપ્યુટી એજ્યુકેશનલ ઈન્સ્પેકટર કાઠીયાવાડ એઓના વચમાં તુમાર ચાલી ઉપર પ્રમાણે દીવાન સાહેબે ઠરાવ કર્યો છે વાસ્તે તે પ્રમાણે અમલ કરવો. સં. ૧૯૩૫ ના કારતક સુદ ૧ શનીવાર તા૦ ૨૬ માહે અકટોબર સને ૧૮૭૮.

નારાયણરાવ બાલકૃષ્ણ સં. ન. સરન્યાયાધીશ.

સંસ્થાન શ્રી નવાનગર સરન્યાયાધીશ કોર્ટથી.

સરકયુલર નંબર ૫.

આ સંસ્થાનના સર્વે માજીસ્ત્રેટ તથા પોલીસ અમલદારને ખબર આપવામાં આવે છે

કે ઇંગ્રેજી મુલકના સને ૧૮૭૧ ના ધારા પ્રમાણે તોહોમતદારો સોંપવા લેવાનો વહેવાર ચાલે છે અને તેમાં કેટલીક વખત પુરાવાને મુદ્દાનો માલ જે કાંઇ હોય છે તે મોકલવો રહી જાય છે માટે તેમ ન થવા દેવા ફર્સ્ટ આસીસ્ટંટ પોલીટીકલ એજંટ મેહેરબાન વુડહાઉસ સાહેબ નંબર ૫૫૫૮ તારીખ ૨૨ ની માર્ચ સને ૧૮૭૯ ના શેરાથી નામદાર દીવાન સાહેબ તરફ લખાણ કરે છે જેથી નામદાર દીવાન સાહેબ નંબર ૪૨૭ તારીખ ૨૮ માર્ચ સને ૧૮૭૯ ના શેરાથી બંદોબસ્ત કરવા ફરમાવે છે માટે તમોને સુચના આપવામાં આવે છે કે ઇંગ્રેજી મુલકના સને ૧૮૭૧ના ધારા પ્રમાણે કેદી સોંપવા લેવામાં મુદ્દાનો જે માલ હોય તે આપવા લેવામાં કસુર કરવી નહીં અને તે પ્રમાણે જે કોઇ કરવામાં કસુર કરશે તેના વિશે યોગ્ય વિચાર કરવામાં આવશે એમ પકી રીતે ધ્યાનમાં રાખવું. સંવત ૧૯૩૫ ના વૈશાક વદ ૮ ભોમવાર તા૦ ૧૩ મી મે સને ૧૮૭૯

નારાયણરાવ બાલકૃષ્ણ સ્વ૦ ન૦ સ૦ ન્યા૦

સરક્યુલર નંબર ૬. સંસ્થાન નવાનગર સરન્યાયાધીશ કોર્ટથી.

આ સંસ્થાનના તમામ માજીસ્ટ્રેટો તથા પોલીસ અમલદારોને ખબર આપવામાં આવે છે કે આ સંસ્થાનની હદમાં ૫૨ તાલુકાની રૈયત જે જે ગુન્હા કરેછે અને તે બાબત આપણા તરફથી તોહોમતદારને માગવામાં એજન્સીમાં ફરીયાદ કરવામાં આવે છે તે ફરીયાદ ઘણા દીવશે મોડી થવાથી ફર્સ્ટ આસીસ્ટંટ મેહેરબાન વુડહાઉસ સાહેબે આહીંના વકીલને રૂબરૂમાં કહેતાં તે વકીલ નંબર ૫૦૩ તારીખ ૧ લી મેએ સને ૧૮૭૯ ના લખાણથી બંદોબસ્ત થવા નામદાર દીવાન સાહેબ તરફ લખતાં નામદાર દીવાન સાહેબ નંબર ૪૯૭૬ તારીખ ૩જી સને ૧૮૭૯ ના શેરાથી ફરમાવે છે માટે તમોને સુચના આપવામાં આવે છે કે એવી ફરીયાદો જે આ સંસ્થાન તરફથી કરવામાં આવે તે તાકીદથી કરવી તેમાં જે કોઇ કસુર કરશે તેના વિશે યોગ્ય વિચાર કરવામાં આવે એમ ધ્યાનમાં રાખવું સ૦ ૧૯૩૫ ના વૈશાખ વદ ૮ ભોમવાર તા૦ ૧૩—૫—૭૯

નારાયણરાવ બાલકૃષ્ણ સ્વ. ન૦ સ૦ ન્યા૦

પુસ્તક ૧૩ મું. સંવત ૧૯૩૬.

સરક્યુલર નબંર ૬૭. સંસ્થાન શ્રી નવાનગર હજુર કોર્ટથી

નવાનગરના આજમ સરન્યાયાધીશ સાહેબના તારીખ ૧૦ માહે મે સને ૧૮૭૯ નંબર ૮૨૬ રીપોર્ટથી એવું માલુમ પડેછે કે.

ધણી વિનાની કિંવા બીજી ઓરતને જ્યારે હરામનું હમલ રહેછે તેવી ઓરતો પાસેથી ગર્ભ ન પાડવા આ સંસ્થાનની ફોજદારી કોર્ટના માજીસ્ટ્રેટો જામીન લેછે અને જો જામીન ન આપે અથવા આપી ન શકે તો તેને કેદ કરવામાં આવે છે.

હવે આવા કિસ્સામાં હરામના હમલવાળી ઓરતને પરેજ કરવાથી કિંવા તેના પાસેથી જામીન માગવાનો રીવાજ જારી રાખવાથી અમે ધારીએ કે હરામના હમલનો બચાવ નથી પણ ગુન્હા વધવાનું બીજ છે કેમકે ઘણી વખતે એવું બનવાને સંભવે છે કે હરામના હમલવાળી ઓરતને કોર્ટમાં હાજર થઇ જામીન વગેરે આપવાની ફરજ પાડયાથી તેની ફજેતી થાય છે તે તેમ થવાથી વીપરીત પરિણામ વખતે નીપજવા સંભવ છે એ-

રહ્યું જ નહીં પણ કોઈ ઓરત જામીન નહીં આપી શકવાથી તથા તેણે હમલ પાડવા તરફ કાંઈ પ્રેરણા કરેલ નહીં છતાં તેને ખાલી (વગર વાંકે) કેદ ભોગવવી પડેછે.

આ ઠેકાણે ધ્યાનમાં રાખવું જોઇએ કે હરામના હમલવાળી ઓરતે જ્યાં સુધી ગર્ભપાત કર્યો નથી અથવા તે કરવા તરફ કાંઇ કોશીશ કરી નથી ત્યાં સુધી તેના પર કોઇ પણ જાતની તાકીદ કરવી અથવા જામીન માગવા એ અન્યાય ભરેલું છે. ફોજદારી ધારા પ્રમાણે જ્યારે ઓરત ગર્ભપાત કરે અથવા તે કરવા કાંઇ ગુન્હા ભરેલી હીલચાલ કરે તો તે બદલે તેના પર (હરામના હમલવાળી ઓરત ઉપર) કામ ચાલી શીક્ષા થઇ શકે છે પણ તેવી તક આવતાં પેહેલાં તેહને હરામના રહેલ હમલથી પકડી જામીન લેવા અને તે ન આપે કીંવા આપી ન શકે તો પરેજ કરવી એ ગેરમુનાસબ છે માટે આયંદે એ પ્રમાણે નહીં કરવા સઘળા માજીસ્ત્રેટોએ દયાનમાં રાખવું અને તેનાં સાથે યાદ રાખવું જોઈએ કે આ સરક્યુલર વીરૂધ અગર આવી બાબતમાં જે હુકમ કીંવા સરક્યુલર થયેલ હશે તે આ ઉપરથી રદ છે. પરંતુ એવા હરામના હમલ વાળી ઓરત ગર્ભપાત કરે અથવા (કરવાની) કોશીશ કરી ન શકે તેમજ પ્રસવ થયા પછે બચ્ચાંનો જાન ન જાય તેવી પોલીસ અમલદારોએ તથા પોલીસ પટેલોએ સારી રીતે તજવીજ રાખવી તેમ છતાં ગુન્હા ભરેલું કૃત્ય કરે તો ધારાસર ઇલાજ કામે લગાડવો. ફક્ત ઇન્ફેન્ટીસાઇડ ખાતાને આ સરક્યુલર લાગુ નથી. સંવત ૧૯૩૫ના વૈશાક વદ ૧૨ વાર શની તારીખ ૧૭ માહે મેં સને ૧૮૭૯.

નારાયણરાવ વાસુદેવ દીવાન.

સંસ્થાન નવાનગરના દીવાન દફતર.

સરક્યુલર નંબર ૧૯.

પરાયા તાલુકામાં રહેનાર માણસો ઉપરના સમન અથવા નોટીસ બજાવવાની જરૂર થાય ત્યારે તેવા સમન અથવા સમનો તેમજ નોટીસ અથવા નોટીસો તે તાલુકાનાં યોગ્ય અધિકારીની મારફતે અથવા તે માણસોપર પરબારા ટપાલમાં રજીસ્ટર મોકલી બજાવવા કાયદાનો નિયમ છે છતાં તે નિયમને બાજુ ઉપર રાખી સીવીલ ખાતાના અમલદારો (સ્વાર અથવા પાળાને મોકલી તેની મારફતે બજાવણી કરી લેછે એવું અમારા ધ્યાનમાં આવ્યું છે પણ એ પ્રમાણે બજાવણી કરવી એ કાયદાના નીયમથી વીરૂધ છે વાસ્તે આ સરક્યુલરથી સઘળા અધિકારીયોને ફરમાવવામાં આવે છે કે આયંદે પરાઈ હદમાં સમન અથવા નોટીસ અથવા સમનો કીંવા નોટીસો બજાવવાની જરૂર થાય ત્યારે ઉપર જણાવેલા કાયદાના નિયમ મુજબ અમલ કરવા તેમાં ચુક થવી ન જોઇએ. સંવત ૧૯૩૫ ના જેઠવદ ૧૪ બુધવાર તા૦ ૧૮ માહે જુન સને ૧૮૭૯.

નારાયણરાવ વાસુદેવ સ્વ૦ ન૦ દીવાન.

સરક્યુલર નંબર ૩. સંસ્થાન નવાનગર હજુર કોર્ટ.

આ સંસ્થાનને માટે દિવાની કામચલાવવાની રીતના ધારામાં પ્રતીવાદીની અને સાક્ષીને સમન પોચાડવા બાબત જે નીયમ કરવામાં આવેલ છે તેમાં હેઠલ જણાવેલો ફેરફાર કરવામાં આવેછે.

પ્રતીવાદી અથવા સાક્ષી સરકારી નોકર હોય અને ઇનસાફી કામમાં જાતે હાજર થવાની તેહને જરૂર હોય એવો સમન્સ તે નોકર જે ખાતામાં નોકર હોય તે ખાતામા

ઉપરી અધિકારીની મારફતે દરેક કોર્ટ બજાવવો કેમકે તેહની પોતાની જગા છોડતી વખતે જગાનું કામકાજ કરવાને ઘટતી ગોઠવણ કરવા તેમના ઉપરી અધિકારીને સુચના તથા તકગળે.

કોઇ પણ કામમાં સરકારી નોકર પછે ગમે તો પ્રતિવાદી હોય કે સાક્ષી હોય તેહને સવાલ પુછવાની જરૂર જણાય ત્યારે તે સવાલનામું સમન બજાવવા સારૂ ઉપર કહેલી રીત મુજબ ઉપરી અધિકારી તરફ મોકલવું એટલે તેઓ સવાલના જવાબ લઈ જે કોરટમાંથી સવાલનામું નીકળેલું હશે તેમના તરફ મોકલી આપશે. સંવત ૧૯૩૬ ના શ્રાવણ વદ ૫ ગુરૂવાર તા૦ ૬ માહે અગષ્ટ સને ૧૮૭૯ ઈસ્વી.

નારાયણરાવ વાસુદેવ સં૦ ન૦ દીવાન.

ભાદરવા વદ ૨ ના ગેજટની પુરવણી સંસ્થાન નવાનગર હજુર કોર્ટ.

સરકયુલર નંબર ૬.

દીવાની કામોમાં કોરટની દસ્તુરી લેવા સંબંધી જે નિયમ સંવત ૧૯૩૨ ના અશાડ સુદ ૨ ના રોજ પશાર થએલા ધારામાં ફરમાવેલ છે તે માહારાજા જામ સાહેબના હુકમથી રદ કરી હવે પછે કોરટની દસ્તુરીની બાબત આ સાથે સામીલ કરેલા કોષ્ટક મુજબ લેવામાં આવશે અને તેહનો અમલ તા૦ ૧ અકટોબર સને ૧૮૭૯ સં૦ ૧૯૩૬ ના અધીક આશ્વીન વદ ૧ બુધવારથી થશે.

ઈનસાફી કામમાં લવાજમ વગેરે હરકોઇ બાબતનો જે આજદીન સુધી રોકડ અવેજ લેવામાં આવે છે તે હવેથી રોકડ નહીં લેતાં તેટલી કીમતના આ સાથેના ધારા પ્રમાણેના સ્ટાંપના કાગળ ઉપરજ લખાણ કરવું.

નકલોને માટે સહીની દસ્તુરીની રોકડ આપવા લેવાને બદલે તેટલી કીમતનો સ્ટાંપનો કાગલજ અરજી સાથ રજુ કરવો અને તે રજુ કરેલા છાપના કાગળ ઉપર નકલ લખવી. નકલોની માગણી સીવાય બીજા જે સ્ટાંપના કાગળો કોર્ટોમાં રજુ થશે તે રદ કરવાને વાસ્તે દરેક કોર્ટ તથા કચેરીમાં છીદ્ર પાડવાની એક કાપણી રાખવામાં આવેલ છે તેથી તે કાગળો સ્ટાંપમાં કોરીનો આંકડો હોય તે કાયમ રાખી સીક્કા માંહેલી કોર ઉપરના ભાગમાં કાપી નાખવામાં આવશે એટલે ફરીવાર તેનો ઉપયોગ કોઇ જગોએ થઇ શકે નહી.

અરજી દાખલ કર્યા પછી સ્ટાંપના કાગળો ઉપર છિદ્ર પાડવાનું કામ અધિકારીએ રૂબરૂ કરવું જોઈએ અને એમાં અધિકારીઓની ગફલતથી દગલબાજી થઇ તો તેનો જુમો અધિકારી ઉપર છે સંવંત ૧૯૩૬ના ભાદરવા વદ ૧ સોમવાર તા૦ ૧—૯—૭૯ દસ્વી.

નારાયણરાવ વાસુદેવ સં૦ ન૦ દીવાન.

સંસ્થાન નવાનગર દીવાન દફતરથી સ્ટાંપનો ધારો.

આ સંસ્થાનમા સ્ટાંપ સંબંધી ધારો જે કે સંવત ૧૯૩૦ ના અશાડ સુદ ૨ થી અમલમાં આવેછે તેમાં કાંઇ ફેરફાર કરવાનું મહારાજા જામ સાહેબની નજરમાં આવતાં એ ધારો રદ કરી આ ધારો પસાર કરવામાં આવેછે. તે સં૦ ૧૯૩૬ ના પ્રથમ આશો વદ ૧ ના ૧ માહે અકટોબર સને ૧૮૭૯ થી અમલમાં આવશે.

૧ આ ધારો અમલમાં આવ્યા પછીના સઘળા દસ્તાવેજો આ ધારામાં ફરમાવ્યા મુજબના સ્ટાંપના કાગળ ઉપર લખવા જોઈએ.

૧ દસ્તાવેજોની તપસીલ.

૨ સ્થાવર મિલકતનું વેચાણ ગીરો મૂકવી અથવા ઈજારે આપવી કીંવા ભાડે યા સાથે આપવી ઇનામ દે દાન દેવી અથવા એ સંબંધના હકો એક બીજાને આપવા એવા દસ્તાવેજો.

૧ વેચાણ ગીરોની કીમત પ્રમાણે સ્ટાંપ લાગુ છે.

૨ ઇજારાની કીંવા ભાડાની સરત ગમે તેટલા વર્ષની હોય તોપણ એક વર્ષની પેદાશની રકમ ઉપર સ્ટાંપ લાગુ છે.

૩ ઇનામ કીંવા દાન વગેરે જે જે દસ્તાવેજોમાં વાર્ષીક ઉપજની કીંવા એકંદર કીંમત જણાવી હોય તેવા દસ્તાવેજોને માટે અગર તે મિલકત વાર્ષીક પેદાશ આપનારી નહીં હોય તો તેની દશ વર્ષની પેદાશ ઉપર અથવા તે આપનારી નહીં હોય તો તેની એકંદર કીમત ઉપર સ્ટાંપ લાગુ થશે.

૩ લેણદેણ સંબંધી થવાનાં ખતો રોકડનાં તેમજ બીજી જંગમ મિલકતના વેચાણ તથા હક આપવાનાં ખતો.

૪ સૈયારા રોજગારનો કરાર ભાયા ભાગની વેચાણ ઠરાવ અથવા ફારકતી સમેલાની-ફારકતી, વસીયતનામું.

૫ હુંડી હવાલા આ સંસ્થાન તાબાના તથા બીજા દેશાવરોમાં પરસ્પર લખાય છે તેવા.

૬ કોર્ટમાં રજુ થવાના દસ્તાવેજો.

૧ દાવા અરજી સિવાયની સર્વ પ્રકારની પરચુરણ અરજીઓ તથા દરખાસ્તો.

૨ વકીલાતનામું.

૩ મુખ્તીઆરનામું.

૪ કુલ મુખ્તીઆરનામું.

બજાવણી દરખાસ્ત.

૭ ગાંડવી ભામ અને તેવા બીજા ઇજારાના લેખો.

૮ આબાદી પ્રસંગે આપવાના લેખો.

૧ નવાણ અથવા જમીન ખોરડાંના લેખો.

૨ નવાનગર ખંભાળીઆં સિવાયના ખોરડાંનાં છાપાં.

૩ પટેલાઇ અથવા ચોવટાઈના લેખ તથા ગામના નવીન ઠરાવના લેખો.

૪ નવી ખેડુ વસ્તી અથવા ઉભડ આવે તેને આપવાનાં વાસ, ગણોત આપવાનાં પરવાનગી લેખ તથા તેવા પ્રકારના બીજા લેખો.

૯ હરકોઇ પ્રકારના કરાર દાદો.

૧ સ્થાવર મિલકત વેચવાના અગર ગીરો રાખવાના તથા એ સંબંધીના કાચા કરાર.

૨ જંગમ મિલકત વેચવાના અથવા ગીરો મૂકવા અથવા એ સંબંધના કાચા કરાર.

૧૦ ઉપર જણાવેલ દસ્તાવેજ સિવાય રોકડ નાણાની પહોંચ કબુલત સામા દસકત.

૨ ફીનો દર.

૧૧ કલમ ૨–૩ માં જણાવેલ દસ્તાવેજો જેમાં નાણાની રકમ અવશ્ય આવી શકે છે તેથી દસ્તાવેજો નીચે ફરમાવેલ દરના કામળમાં ઉપર લખવા.

નીચેની રકમ ઉપર.	નીચેની રકમ સુધી.	દર કોરી.
૧	૫૦	૦।
૫૦	૧૦૦	૦॥
૧૦૦	૨૫૦	૧
૨૫૦	૫૦૦	૨
૫૦૦	૧૦૦૦	૩
૧૦૦૦	૨૫૦૦	૫
૨૫૦૦	૫૦૦૦	૭
૫૦૦૦	૧૦૦૦૦	૧૦
૧૦૦૦૦	૨૦૦૦૦	૧૫
૨૦૦૦૦	૫૦૦૦૦	૫
૫૦૦૦૦	૧૦૦૦૦૦	૫૦
૧૦૦૦૦૦	ગમે તેટલી હોય તો પ્રત્યેક લાખે ૫૦ મુજબ.	હીસાબે થાય તે.

૧૨ કલમ ચારમાં જણાવેલ દસ્તાવેજ કોરી ૧૦ના કાગળ ઉપર.

૧૩ કલમ પાંચમી તથા દશમીમાં લખેલા દસ્તાવેજ કોરી ૦। ના કાગળ ઉપર.

૧૪ કલમ છમાં જણાવેલ દસ્તાવેજો.

૧ અરજી જેનુ લવાજમ કોર્ટમાં ભરવું પડેછે તે સિવાયની સઘળી બાબતની તથા પરચુરણ દસ્તાવેજો કોરી ૦। ના કાગળ ઉપર.

૨ વકીલાતનામું તથા મુખ્તારનામું કોરી ૨ ના કાગળ ઉપર.

૩ કુલ મુખ્તીઆરનામું કોરી ૧૦ ના કાગળ ઉપર.

૪ હુકમનામા ને બજાવણીની દરખાસ્તો.

૧ કોરી ૫૦૦ સુધીની કોરી ૧ ના કાગળ ઉપર.

૨ કોરી ૫૦૦ ઉપર અને ૧૦૦૦ સુધી કોરી ૨ ના કાગળ.

૩ કોરી ૧૦૦૦ ઉપરની રકમની કોરી ૫ ના કાગળ.

૧૫ કલમ ૭ સાતમાં જણાવેલ લેખોની લખામણી લેવામાં આવેછે તે બદલે એવા લેખો નીચે પ્રમાણે દરના સ્ટાંપના કાગળ ઉપર લખવા.

૧ કોરી ૧૦૦ સુધીની કોરી ૧ ના કાગળ ઉપર.

૨ કોરી ૧૦૦ ઉપરાંતથી ૫૦૦ કોરી સુધી કોરી ૩ ત્રણના કાગળ ઉપર.

૩ કોરી ૫૦૦ ઉપરાંતથી ૧૦૦૦ કોરી સુધી કોરી ૫ પાંચના કાગળ ઉપર.

૪ કોરી ૧૦૦૦ ઉપરાંતથી ગમે તેટલી રકમની કોરી ૧૦ દશના કાગળ ઉપર.

૧૬ કલમ આઠમાં જણાવેલ લેખોની લશામણી લેવામાં આવેછે તેને બદલે નીચે પ્રમાણે સ્ટાંપના કાગળમાં લખવા.

૧ કલમ એક તથા ચારમાં જણાવેલા દરેક કોરી ૨ એના કાગળ ઉપર.

૨ કલમ બે ત્રણમાં જણાવેલા દરેક કોરી ૫ પાંચના કાગળ ઉપર.

૧૭ કોઇ અરજદાર ખેડુત અગર ઉજડ દુર્બળ હોય અને અરજી આપતા અથવા

લેખ મેળવતાં સ્ટાંપ ખરીદ કરી શકવા અશક્ત હોય તો યોગ્ય અધિકારી માફ કરી શકેછે.

૧૮ હુંડી હવાલા આ સંસ્થાન તળપદ તથા તાબાના લોકો આ સંસ્થાનમાં તેમજ બીજા દેશાવરમાં લખે તેમજ ત્યાંથી આવે તો હુંડી હવાલો કોરી ૫૦ અથવા રૂપીઆ ૧૫ પનર ઉપરનાને કોરી પા ના દરવાળો સ્ટાંપ ચોડવો.

૧૯ હુકમનામાની નકલ અથવા કોઇ પરચુરણ કાગળની નકલ લેવાની કોર્ટની દસ્તુરીની કાયદા પ્રમાણે જે રોકડ રકમ આપવી પડે છે તેને બદલે તેટલી કીંમતનો સ્ટાંપ ખરીદ કરી અરજી સાથે રજુ કરવો એટલે તે ઉપર નકલ કરી આપવામાં આવશે.

૨૦ સમન બથાની જે બાબત ચાલતા નીયમ પ્રમાણે આપવી પડે તેની રકમ થાય તેટલા સ્ટાંપપર દરખાસ્ત લખવી.

૨૧ સમન બથા તથા ટપાલ ખર્ચ એક આનાથી કાંઇપણ ઓછું લેવું નહીં.

૨૨ ઇનસાફી કામને વાસ્તે જે કાગળ વાપરવાનો તે ફુલસ્કેપ ઉપર છાપવાળો વાપરવો એવા કાગળ ઈનસાફી કામ સિવાય બીજા કામમાં વાપરશે તો દસ્તાવેજ રદ થશે. તેમજ બીજા કામ વાસ્તે અમદાવાદી કાગળ ઉપર છાપ કરવામાં આવશે તે કાગળ કોઈ પણ ઇનસાફી કામમાં કબુલ કરી દાખલ રાખવો નહીં.

૨૩ ધારા પ્રમાણે જે લવાજમ વગેરેનો અવેજ કોર્ટ તરફથી પાછો આપવાનો હોય તે બાબત કોર્ટે ધારા પ્રમાણે સર્ટિફિકેટ આપવું અને તે સર્ટિફિકેટ તે પ્રગણાની તીજોરીમાં અથવા નવાનગર પંચકોશીને માટે દરબાર હજુર ત્રીજોરીમાં અરજીસાથે રજુ કર્યાથી સર્ટિફિકેટમાં લખેલો અવેજ રોકડો મળશે.

૨૪ સ્ટાંપના કાગળ ખરીદ કર્યા બાદ લખતાં લખતાં બગડી ગયો એટલે કામમાં નહીં આવે તે ખરીદ કર્યાની તારીખથી એક વરસ સુધીમાં તેને બદલે બીજો મળવા રેવન્યુકમીશનર કોર્ટમાં અરજી સાથે રજુ કર્યાથી અવેજીમાં તેટલા દરનો કાગળ અરધી કીમતે આપવામાં આવશે.

૨૫ આ ધારામાં ફરમાવેલા દર મુજબ સ્ટાંપના કાગળમાં લખવા જોઈએ ને તે સ્ટાંપનો કાગળ દસ્તાવેજ લખી આપનારે પોતાના નામથી ખરીદ કરવો જોઇએ પણ તેમ બદયાનત સિવાય થયું તો જેટલો ઓછો હશે તેથી તથા જે સ્ટાંપ લાગુ હશે તેથી દશ ગણી ફી લેવામાં આવશે ને જો બદધાનતથી થયું હશે તો તેવા દસ્તાવેજ કોર્ટમાં રજુ થયે ફોજદારી સિવાય બીજા પુરાવામાં ગણવામાં નહીં આવે.

૨૬ હુંડી હવાલા લખનારે હુંડી હવાલા લખી સ્ટાંપ તે ઉપર ચોડવો અને બીજા તરફથી લખાઈ આવે તે ઉપર સ્ટાંપ ન હોય તો સીકારતી વખત ચોડી લઇ સીકાર નાખવો તેમાં જે લોકો બદયાનત કરશે તે ધારાસર શીક્ષાને પાત્ર થશે.

૨૭ ખરીદ કરેલો સ્ટાંપ એક બીજાને આપવાની છુટ છે પણ આપનારે તે ઉપર પોતાની સહી તથા દહાડો વાર લખી વેચાણનો શેરો લખી આપવો જોઇએ.

૨૮ સરકારથી લેણદેણના દસ્તાવેજ વેપારીને કરી આપવામાં આપશે અથવા કોઇ આ ધારામાં આવેલા દસ્તાવેજો સિવાય લેખપટા કરી આપવામાં આવશે તેને આ ધારો લાગુ નથી.

૨૯ આ ધારામાં ફેરફાર કરવા શ્રી દરબાર મુખ્તીઆર છે.

સંવત ૧૯૩૬ના ભાદરવાવદ ૨ ભોમવાર તા. ૨ માહે સપ્ટેંબર સન ૧૮૭૯ ઇસ્વી.

ફીદર.

કીંમત પ્રમાણે લેવાની ફી.

નંબર.		ફી કોરી	ફી આના
૧ કોર્ઈદીવાની કોર્ટને દાવાની અરજી અથવા અપીલની યાદ રજુ કરવી હોય(બીજીરીતે ઠરાવ નહોય ત્યાં તરત ગણુતરી માટે ફીનું કોષ્ટક ટાંકયુ છે.)	તકરારી બાબતની કીંમત અથવા આંકડો પંદર કોરી હોય તો	૧	૦
	જ્યારે સદરહુ આંકડો અથવા કિંગત કોરી પંદર હોય ત્યારે	૧	૨
	જ્યારે સદરહુ આંકડો અથવા કિંગત પંદર કોરી ઉપરાંત હોય ત્યારે સો કોરી સુધી દરેક પાંચ પાંચ કોરી અથવા તેના ઔંસ ઉપર.	૦	૬
	જ્યારે સદરહુ આંકડો અથવા કિંગત સો કોરી ઉપરાંત હોય ત્યારે એક સો કોરી ઉપર અને એક હજાર કોરી સુધી દશદશ કોરી અથવા તેના ઔંસ બાબત.	૦	૧૨
	જ્યારે સદરહુ આંકડો અથવા કીંગત એક હજાર કોરી ઉપરાંત હોય ત્યારે એક હજાર ઉપરાંત અને પાંચ હજાર કોરી સુધી દર સો કોરી અથવા તેના ઔંસ બાબત.	૫	૦
	જ્યારે સદરહુ આંકડો અથવા કીંગત પાંચ હજાર કોરી ઉપરાંત હોય ત્યારે પાંચ હજાર કોરી ઉપરાંત અને દશ હજાર સુધી દર અઢીસો કોરી અથવા તેના ઔંસ બાબત.	૧૦	૦
	જ્યારે સદરહુ આંકડો અથવા કીંગત દશ હજાર કોરી ઉપરાંત હોય ત્યારે દશ હજાર કોરી ઉપરાંત અને વીશ હજાર કોરી સુધી દર પાંચસે કોરી અથવા તેના ઔંસ બાબત.	૧૫	૦
	જ્યારે સદરહુ આંકડો અથવા કીંગત વીશ હજાર કોરી ઉપરાંત હોય ત્યારે વીશ હજાર કોરી ઉપરાંત અને ત્રીશ હજાર કોરી સુધી દરેક હજાર કોરી અથવા તેના ઔંસ બાબત.	૨૦	૦
	જ્યારે સદરહુ આંકડો અથવા કીંગત ત્રીશ હજાર કોરી ઉપર હોય ત્યારે ત્રીશ હજાર કોરી ઉપરાંત અને પચાશ હજાર કોરી સુધી દર બે હજાર કોરી અથવા તેના ઔંસ બાબત.	૨૦	૦
	જ્યારે સદરહુ આંકડો અથવા કીંગત પચાશ હજાર ઉપરાંત કોરી હોય ત્યારે પચાશ કોરી ઉપરાંત દર પાંચ હજાર કોરી અથવા તેના ઔંસ બાબત.	૨૫	૦
	પણ દાવાની અરજી અથવા અપિલની યાદ ત્રણહજાર કોરીથી વધુ ફી લેવામાં આવશે નહીં.		
૨ કાયદાસર રીત સિવાય બીજી રીતે સ્થાવર મિલ્કત તેનો કબજો જે માણસ પાસેથી લઇ લીધો હોય તે માણુસ કબજો	... ...	ઉપર ઠરાવેલ દરથી અડધી ફી.	

પડાવવાની તારીખથી છ માસમાં કબજો પાછો લેવાદાવો કરે અને હક સાથે કોઇ સંબંધ ન હોય તો તે દાવાની અરજી અથવા અપીલની યાદ							
૩ ફેંસલો ફરી તપાસવાની અરજી હુકમનામાંની તારીખથી નેવું મે દિવસ અથવા તેપછી રજુ કરવામાં આવે તો.	...	...	...	...	...	...	દાવાની અરજી અથવા અપીલની યાદ જેટલી ફી,
૪ ફેંસલો ફરી તપાસવાની અરજી હુકમનામાની તારીખથી નેવું દિવસમાં રજુ કરવામાં આવે તો.	...	...	...	:	...	...	દાવાઅરજીની અથવા અપીલની યાદ ઉપરનું અર્ધું.
૫ હુકમનામાની નકલ નેવાસ્તે ધારામાં લખેલું છે જ તે સિવાયના મુકરદમાનાં બીજા કાગળની નકલ અથવા તરજુમો.	...	...	...	...	...	...	એક ફારી સિવાય લખનારનુ મેહેનતાણું જે અંગ્રેજીસો શબ્દના ૪ આના અને ગુજરાતી સો શબ્દના બે આના લેખે છે.

નિયમિત ઠરાવેલી ફી.

૧ નાદારીમાં દાવો અથવા અપિલ કરવાની રજી અરજી.	... ...	(૧) કોરી.
૨ અપીલની યાદ જ્યારે તે દાવો રદકરવાના હુકમઉપર અથવ હુકમનામાં ઉપર અથવા હુકમનામાં સમાન બળવાન હુકમ ન હોય.	(અ) દિવાન દફતરે અથવા હજુર કોર્ટમાં જુડીસ્યલ શાખા સહીતમાં રજુ કરે ત્યારે..................	(૩) કોરી.
	(બ) કોઇ બીજી કોર્ટમાં રજુ કરે ત્યારે..................	(૨) કોરી.
૩ પરણેલઅનો કબજો મેળવવા બાબત અથવા ધણી ધણીઆણીનાં લગ્ન હકબાબતનાંમુકરદમામાં અરજીઅથવા અપિલની યાદ.	... ...	(૨૫) કોરી.
૪ તકરારીબાબતનો પૈસામાં અડસટો બને તેમ ન હોય અને જે બાબત આ ધારામાં બીજી રીતે ઠરાવ્યુ ન હોય તેવો દરેક મુકરદમો.	... ...	(૧૦) કોરી

નારાયણરાવ વાસુદેવ. સં. ન. દીવાન,

ફરીઆદી કરતી વખતે કીમત પ્રમાણે ફી બેશસે તેના દરનું કોષ્ટક.

દાવાના વિષયની રકમ અથવા આંકેલી કીંમત નીચે લખેલી કોરી ઉપર હોય.	પણ નીચે લખેલી કોરી ઉપર નહીં હોય ત્યારે.	ફી.		દાવાના વિષયની રકમ અથવા આંકેલી કીંમત નીચે લખેલી કોરી ઉપર હોય.	પણ નીચે લખેલી કોરી ઉપર નહીં હોય ત્યારે.	ફી.	
		કોરી.	આના.			કોરી.	આના.
૦	૫	૦	૬	૨૮૦	૨૯૦	૨૧	૧૨
૫	૧૦	૦	૧૨	૨૯૦	૩૦૦	૨૨	૮
૧૦	૧૫	૧	૨	૩૦૦	૩૧૦	૨૩	૪
૧૫	૨૦	૧	૮	૩૧૦	૩૨૦	૨૪	૦
૨૦	૨૫	૧	૧૪	૩૨૦	૩૩૦	૨૪	૧૨
૨૫	૩૦	૨	૪	૩૩૦	૩૪૦	૨૫	૮
૩૦	૩૫	૨	૧૦	૩૪૦	૩૫૦	૨૬	૪
૩૫	૪૦	૩	૦	૩૫૦	૩૬૦	૨૭	૦
૪૦	૪૫	૩	૬	૩૬૦	૩૭૦	૨૭	૧૨
૪૫	૫૦	૩	૧૨	૩૭૦	૩૮૦	૨૮	૮
૫૦	૫૫	૪	૨૦	૩૮૦	૩૯૦	૨૯	૪
૫૫	૬૦	૪	૮	૩૯૦	૪૦૦	૩૦	૦
૬૦	૬૫	૪	૧૪	૪૦૦	૪૧૦	૩૦	૧૨
૬૫	૭૦	૫	૪	૪૧૦	૪૨૦	૩૧	૮
૭૦	૭૫	૫	૧૦	૪૨૦	૪૩૦	૩૨	૪
૭૫	૮૦	૬	૦	૪૩૦	૪૪૦	૩૩	૦
૮૦	૮૫	૬	૬	૪૪૦	૪૫૦	૩૩	૧૨
૮૫	૯૦	૬	૧૨	૪૫૦	૪૬૦	૩૪	૮
૯૦	૯૫	૭	૨	૪૬૦	૪૭૦	૩૫	૪
૯૫	૧૦૦	૭	૮	૪૭૦	૪૮૦	૩૬	૦
૧૦૦	૧૧૦	૮	૪	૪૮૦	૪૯૦	૩૬	૧૨
૧૧૦	૧૨૦	૯	૦	૪૯૦	૫૦૦	૩૭	૮
૧૨૦	૧૩૦	૯	૧૨	૫૦૦	૫૧૦	૩૮	૪
૧૩૦	૧૪૦	૧૦	૮	૫૧૦	૫૨૦	૩૯	૦
૧૪૦	૧૫૦	૧૧	૪	૫૨૦	૫૩૦	૩૯	૧૨
૧૫૦	૧૬૦	૧૨	૦	૫૩૦	૫૪૦	૪૦	૮
૧૬૦	૧૭૦	૧૨	૧૨	૫૪૦	૫૫૦	૪૧	૪
૧૭૦	૧૮૦	૧૩	૮	૫૫૦	૫૬૦	૪૨	૦
૧૮૦	૧૯૦	૧૪	૪	૫૬૦	૫૭૦	૪૨	૧૨
૧૯૦	૨૦૦	૧૫	૦	૫૭૦	૫૮૦	૪૩	૮
૨૦૦	૨૧૦	૧૫	૧૨	૫૮૦	૫૯૦	૪૪	૪
૨૧૦	૨૨૦	૧૬	૮	૫૯૦	૬૦૦	૪૫	૦
૨૨૦	૨૩૦	૧૭	૪	૬૦૦	૬૧૦	૪૫	૧૨
૨૩૦	૨૪૦	૧૮	૦	૬૧૦	૬૨૦	૪૬	૮
૨૪૦	૨૫૦	૧૮	૧૨	૬૨૦	૬૩૦	૪૭	૪
૨૫૦	૨૬૦	૧૯	૮	૬૩૦	૬૪૦	૪૮	૦
૨૬૦	૨૭૦	૨૦	૪	૬૪૦	૬૫૦	૪૮	૧૨
૨૭૦	૨૮૦	૨૧	૦	૬૫૦	૬૬૦	૪૯	૮

૬૬૦	૬૭૦	૫૦	૪	૨૨૦૦	૨૩૦૦	૧૪૦	૦
૬૭૦	૬૮૦	૫૧	૦	૨૩૦૦	૨૪૦૦	૧૪૫	૦
૬૮૦	૬૯૦	૫૧	૧૨	૨૪૦૦	૨૫૦૦	૧૫૦	૦
૬૯૦	૭૦૦	૫૨	૮	૨૫૦૦	૨૬૦૦	૧૫૫	૦
૭૦૦	૭૧૦	૫૩	૪	૨૬૦૦	૨૭૦૦	૧૬૦	૦
૭૧૦	૭૨૦	૫૪	૦	૨૭૦૦	૨૮૦૦	૧૬૫	૦
૭૨૦	૭૩૦	૫૪	૧૨	૨૮૦૦	૨૯૦૦	૧૭૦	૦
૭૩૦	૭૪૦	૫૫	૮	૨૯૦૦	૩૦૦૦	૧૭૫	૦
૭૪૦	૭૫૦	૫૬	૪	૩૦૦૦	૩૧૦૦	૧૮૦	૦
૭૫૦	૭૬૦	૫૭	૦	૩૧૦૦	૩૨૦૦	૧૮૫	૦
૭૬૦	૭૭૦	૫૭	૧૨	૩૨૦૦	૩૩૦૦	૧૯૦	૦
૭૭૦	૭૮૦	૫૮	૮	૩૩૦૦	૩૪૦૦	૧૯૫	૦
૭૮૦	૭૯૦	૫૯	૪	૩૪૦૦	૩૫૦૦	૨૦૦	૦
૭૯૦	૮૦૦	૬૦	૦	૩૫૦૦	૩૬૦૦	૨૦૫	૦
૮૦૦	૮૧૦	૬૦	૧૨	૩૬૦૦	૩૭૦૦	૨૧૦	૦
૮૧૦	૮૨૦	૬૧	૮	૩૭૦૦	૩૮૦૦	૨૧૫	૦
૮૨૦	૮૩૦	૬૨	૪	૩૮૦૦	૩૯૦૦	૨૨૦	૦
૮૩૦	૮૪૦	૬૩	૦	૩૯૦૦	૪૦૦૦	૨૨૫	૦
૮૪૦	૮૫૦	૬૩	૧૨	૪૦૦૦	૪૧૦૦	૨૩૦	૦
૮૫૦	૮૬૦	૬૪	૮	૪૧૦૦	૪૨૦૦	૨૩૫	૦
૮૬૦	૮૭૦	૬૫	૪	૪૨૦૦	૪૩૦૦	૨૪૦	૦
૮૭૦	૮૮૦	૬૬	૦	૪૩૦૦	૪૪૦૦	૨૪૫	૦
૮૮૦	૮૯૦	૬૬	૧૨	૪૪૦૦	૪૫૦૦	૨૫૦	૦
૮૯૦	૯૦૦	૬૭	૮	૪૫૦૦	૪૬૦૦	૨૫૫	૦
૯૦૦	૯૧૦	૬૮	૪	૪૬૦૦	૪૭૦૦	૨૬૦	૦
૯૧૦	૯૨૦	૬૯	૦	૪૭૦૦	૪૮૦૦	૨૬૫	૦
૯૨૦	૯૩૦	૬૯	૧૨	૪૮૦૦	૪૯૦૦	૨૭૦	૦
૯૩૦	૯૪૦	૭૦	૮	૪૯૦૦	૫૦૦૦	૨૭૫	૦
૯૪૦	૯૫૦	૭૧	૪	૫૦૦૦	૫૨૫૦	૨૮૫	૦
૯૫૦	૯૬૦	૭૨	૦	૫૨૫૦	૫૫૦૦	૨૯૫	૦
૯૬૦	૯૭૦	૭૨	૧૨	૫૫૦૦	૫૭૫૦	૩૦૫	૦
૯૭૦	૯૮૦	૭૩	૮	૫૭૫૦	૬૦૦૦	૩૧૫	૦
૯૮૦	૯૯૦	૭૪	૪	૬૦૦૦	૬૨૫૦	૩૨૫	૦
૯૯૦	૧૦૦૦	૭૫	૦	૬૨૫૦	૬૫૦૦	૩૩૫	૦
૧૦૦૦	૧૧૦૦	૮૦	૦	૬૫૦૦	૬૭૫૦	૩૪૫	૦
૧૧૦૦	૧૨૦૦	૮૫	૦	૬૭૫૦	૭૦૦૦	૩૫૫	૦
૧૨૦૦	૧૩૦૦	૯૦	૦	૭૦૦૦	૭૨૫૦	૩૬૫	૦
૧૩૦૦	૧૪૦૦	૯૫	૦	૭૨૫૦	૭૫૦૦	૩૭૫	૦
૧૪૦૦	૧૫૦૦	૧૦૦	૦	૭૫૦૦	૭૭૫૦	૩૮૫	૦
૧૫૦૦	૧૬૦૦	૧૦૫	૦	૭૭૫૦	૮૦૦૦	૩૯૫	૦
૧૬૦૦	૧૭૦૦	૧૧૦	૦	૮૦૦૦	૮૨૫૦	૪૦૫	૦
૧૭૦૦	૧૮૦૦	૧૧૫	૦	૮૨૫૦	૮૫૦૦	૪૧૫	૦
૧૮૦૦	૧૯૦૦	૧૨૦	૦	૮૫૦૦	૮૭૫૦	૪૨૫	૦
૧૯૦૦	૨૦૦૦	૧૨૫	૦	૮૭૫૦	૯૦૦૦	૪૩૫	૦
૨૦૦૦	૨૧૦૦	૧૩૦	૦	૯૦૦૦	૯૨૫૦	૪૪૫	૦
૨૧૦૦	૨૨૦૦	૧૩૫	૦	૯૨૫૦	૯૫૦૦	૪૫૫	૦

૯૫૦૦	૯૭૫૦	૪૬૫	૦	૬૦૦૦૦	૬૫૦૦૦	૧૨૫૦	૦
૯૭૫૦	૧૦૦૦૦	૪૭૧	૦	૬૫૦૦૦	૭૦૦૦૦	૧૨૭૫	૦
૧૦૦૦૦	૧૦૫૦૦	૪૮૦	૦	૭૦૦૦૦	૭૫૦૦૦	૧૩૦૦	૦
૧૦૫૦૦	૧૧૦૦૦	૫૦૫	૦	૭૫૦૦૦	૮૦૦૦૦	૧૩૨૫	૦
૧૧૦૦૦	૧૧૫૦૦	૫૨૦	૦	૮૦૦૦૦	૮૫૦૦૦	૧૩૫૦	૦
૧૧૫૦૦	૧૨૦૦૦	૫૩૫	૦	૮૫૦૦૦	૯૦૦૦૦	૧૩૭૫	૦
૧૨૦૦૦	૧૨૫૦૦	૫૫૦	૦	૯૦૦૦૦	૯૫૦૦૦	૧૪૦૦	૦
૧૨૫૦૦	૧૩૦૦૦	૫૬૫	૦	૯૫૦૦૦	૧૦૦૦૦૦	૧૪૨૫	૦
૧૩૦૦૦	૧૩૫૦૦	૫૮૦	૦	૧૦૦૦૦૦	૧૦૫૦૦૦	૧૪૫૦	૦
૧૩૫૦૦	૧૪૦૦૦	૫૯૫	૦	૧૦૫૦૦૦	૧૧૦૦૦૦	૧૪૭૫	૦
૧૪૦૦૦	૧૪૫૦૦	૬૧૦	૦	૧૧૦૦૦૦	૧૧૫૦૦૦	૧૫૦૦	૦
૧૪૫૦૦	૧૫૦૦૦	૬૨૫	૦	૧૧૫૦૦૦	૧૨૦૦૦૦	૧૫૨૫	૦
૧૫૦૦૦	૧૫૫૦૦	૬૪૦	૦	૧૨૦૦૦૦	૧૨૫૦૦૦	૧૫૫૦	૦
૧૫૫૦૦	૧૬૦૦૦	૬૫૫	૦	૧૨૫૦૦૦	૧૩૦૦૦૦	૧૫૭૫	૦
૧૬૦૦૦	૧૬૫૦૦	૬૭૦	૦	૧૩૦૦૦૦	૧૩૫૦૦૦	૧૬૦૦	૦
૧૬૫૦૦	૧૭૦૦૦	૬૮૫	૦	૧૩૫૦૦૦	૧૪૦૦૦૦	૧૬૨૫	૦
૧૭૦૦૦	૧૭૫૦૦	૭૦૦	૦	૧૪૦૦૦૦	૧૪૫૦૦૦	૧૬૫૦	૦
૧૭૫૦૦	૧૮૦૦૦	૭૧૫	૦	૧૪૫૦૦૦	૧૫૦૦૦૦	૧૬૭૫	૦
૧૮૦૦૦	૧૮૫૦૦	૭૩૦	૦	૧૫૦૦૦૦	૧૫૫૦૦૦	૧૭૦૦	૦
૧૮૫૦૦	૧૯૦૦૦	૭૪૫	૦	૧૫૫૦૦૦	૧૬૦૦૦૦	૧૭૨૫	૦
૧૯૦૦૦	૧૯૫૦૦	૭૬૦	૦	૧૬૦૦૦૦	૧૬૫૦૦૦	૧૭૫૦	૦
૧૯૫૦૦	૨૦૦૦૦	૭૭૫	૦	૧૬૫૦૦૦	૧૭૦૦૦૦	૧૭૭૫	૦
૨૦૦૦૦	૨૧૦૦૦	૭૯૫	૦	૧૭૦૦૦૦	૧૭૫૦૦૦	૧૮૦૦	૦
૨૧૦૦૦	૨૨૦૦૦	૮૧૫	૦	૧૭૫૦૦૦	૧૮૦૦૦૦	૧૮૨૫	૦
૨૨૦૦૦	૨૩૦૦૦	૮૩૫	૦	૧૮૦૦૦૦	૧૮૫૦૦૦	૧૮૫૦	૦
૨૩૦૦૦	૨૪૦૦૦	૮૫૫	૦	૧૮૫૦૦૦	૧૯૦૦૦૦	૧૮૭૫	૦
૨૪૦૦૦	૨૫૦૦૦	૮૭૫	૦	૧૯૦૦૦૦	૧૯૫૦૦૦	૧૯૦૦	૦
૨૫૦૦૦	૨૬૦૦૦	૮૯૫	૦	૧૯૫૦૦૦	૨૦૦૦૦૦	૧૯૨૫	૦
૨૬૦૦૦	૨૭૦૦૦	૯૧૫	૦	૨૦૦૦૦૦	૨૦૫૦૦૦	૧૯૫૦	૦
૨૭૦૦૦	૨૮૦૦૦	૯૩૫	૦	૨૦૫૦૦૦	૨૧૦૦૦૦	૧૯૭૫	૦
૨૮૦૦૦	૨૯૦૦૦	૯૫૫	૦	૨૧૦૦૦૦	૨૧૫૦૦૦	૨૦૦૦	૦
૨૯૦૦૦	૩૦૦૦૦	૯૭૫	૦	૨૧૫૦૦૦	૨૨૦૦૦૦	૨૦૨૫	૦
૩૦૦૦૦	૩૨૦૦૦	૯૯૫	૦	૨૨૦૦૦૦	૨૨૫૦૦૦	૨૦૫૦	૦
૩૨૦૦૦	૩૪૦૦૦	૧૦૧૫	૦	૨૨૫૦૦૦	૨૩૦૦૦૦	૨૦૭૫	૦
૩૪૦૦૦	૩૬૦૦૦	૧૦૩૫	૦	૨૩૦૦૦૦	૨૩૫૦૦૦	૨૧૦૦	૦
૩૬૦૦૦	૩૮૦૦૦	૧૦૫૫	૦	૨૩૫૦૦૦	૨૪૦૦૦૦	૨૧૨૫	૦
૩૮૦૦૦	૪૦૦૦૦	૧૦૭૫	૦	૨૪૦૦૦૦	૨૪૫૦૦૦	૨૧૫૦	૦
૪૦૦૦૦	૪૨૦૦૦	૧૦૯૫	૦	૨૪૫૦૦૦	૨૫૦૦૦૦	૨૧૭૫	૦
૪૨૦૦૦	૪૪૦૦૦	૧૧૧૫	૦	૨૫૦૦૦૦	૨૫૫૦૦૦	૨૨૦૦	૦
૪૪૦૦૦	૪૬૦૦૦	૧૧૩૫	૦	૨૫૫૦૦૦	૨૬૦૦૦૦	૨૨૨૫	૦
૪૬૦૦૦	૪૮૦૦૦	૧૧૫૫	૦	૨૬૦૦૦૦	૨૬૫૦૦૦	૨૨૫૦	૦
૪૮૦૦૦	૫૦૦૦૦	૧૧૭૫	૦	૨૬૫૦૦૦	૨૭૦૦૦૦	૨૨૭૫	૦
૫૦૦૦૦	૫૫૦૦૦	૧૨૦૦	૦	૨૭૦૦૦૦	૨૭૫૦૦૦	૨૩૦૦	૦
૫૫૦૦૦	૬૦૦૦૦	૧૨૨૫	૦	૨૭૫૦૦૦	૨૮૦૦૦૦	૨૩૨૫	૦

૨૮૦૦૦૦	૨૮૫૦૧૦	૨૩૫૦	૦	૩૫૦૦૦૦	૩૫૫૦૦૦	૨૭૦૦	૦
૨૮૫૦૦૦	૨૯૦૦૦૦	૨૩૭૫	૦	૩૫૫૦૦૦	૩૬૦૦૦૦	૨૭૨૫	૦
૨૯૦૦૦૦	૨૯૫૦૦૦	૨૪૦૦	૦	૩૬૦૦૦૦	૩૬૫૦૦૦	૨૭૫૦	૦
૨૯૫૦૦૦	૩૦૦૦૦૦	૨૪૨૫	૦	૩૬૫૦૦૦	૩૭૦૦૦૦	૨૭૭૫	૦
૩૦૦૦૦૦	૩૦૫૦૦૦	૨૪૫૦	૦	૩૭૦૦૦૦	૩૭૫૦૦૦	૨૮૦૦	૦
૩૦૫૦૦૦	૩૧૦૦૦૦	૨૪૭૫	૦	૩૭૫૦૦૦	૩૮૦૦૦૦	૨૮૨૫	૦
૩૧૦૦૦૦	૩૧૫૦૦૦	૨૫૦૦	૦	૩૮૦૦૦૦	૩૮૫૦૦૦	૨૮૫૦	૦
૩૧૫૦૦૦	૩૨૦૦૦૦	૨૫૨૫	૦	૩૮૫૦૦૦	૩૯૦૦૦૦	૨૮૭૫	૦
૩૨૦૦૦૦	૩૨૫૦૦૦	૨૫૫	૦	૩૯૦૦૦૦	૩૯૫૦૦૦	૨૯૦૦	૦
૩૨૫૦૦૦	૩૩૦૦૦૦	૨૫૭૫	૦	૩૯૫૦૦૦	૪૦૦૦૦૦	૨૯૨૫	૦
૩૩૦૦૦૦	૩૩૫૦૦૦	૨૬૦૦	૦	૪૦૦૦૦૦	૪૦૫૦૦૦	૨૯૫૦	૦
૩૩૫૦૦૦	૩૪૦૦૦૦	૨૬૨૫	૦	૪૦૫૦૦૦	૪૧૦૦૦૦	૨૯૭૫	૦
૩૪૦૦૦૦	૩૪૫૦૦૦	૨૬૫૦	૦	૪૧૦૦૦૦		૩૦૦૦	૦
૩૪૫૦૦૦	૩૫૦૦૦૦	૨૬૭૫	૦				

નારાયણરાવ વાસુદેવ. સં. ન. દીવાન.

સરકયુલર નંબર ૪. સંસ્થાન નવાનગર સરન્યાયાધીશ કોર્ટથી.

સર્વે માજીસ્ટ્રેટોને ફરમાવવામાં આવે છે કે તમારા તરફથી જે કેશો આ કોરટે કમીટ થઈને આવે છે તે કામના તોહોમતદારો ઉપર જે તોહોમત મૂકવામાં આવે છે તેનું તોહમતનામું તૈયાર કરીને નીચે ઉપરનું ચાર્જ તોહોમતદારને વાંચી સંભળાવતાં તે ગુન્હો કર્યા વિષે કબુલ ના કબુલ કરે છે એમ કેટલાક માજીસ્ટ્રેટો લખે છે એ રીવાજ ફોજદારી કામ ચલાવવાની કાયદાની કલમ ૧૯૮ પ્રમાણે બરાબર નથી. અને તે તોહોમત વાંચી સંભળાવીને તોહોમતદારને પૂછવાને આ કોર્ટનેજ ઉપર જણાવેલ કાયદાની કલમ ૨૩૧ પ્રમાણે અખત્યાર છે માટે હવેથી કોઈ માજીસ્ત્રેટે તે પ્રમાણે તોહમતનામા ઉપર લખવું નહીં. ફક્ત તોહોમતનામું તોહોમતદારને વાંચી સંભળાવીને સેશન કોર્ટમાં શું પૂરાવો આપવો છે એ વિષે તોહમતદારને પ્રોસેસમાં સવાલ કરવા અને પૂરાવો લખી આવે તો તે આ કોર્ટમાં હાજર રહેવાની તજવીજ કરવી.

સંવત ૧૯૩૬ ના પ્રથમ આશોવદ૭ ભોમવાર તા. ૭–૧૦–૧૯

નારાયણરાવ બાલકૃષ્ણ. સં. ન. સ. ન્યા.

સરકયુલર નંબર ૭ મો. સંસ્થાન નવાનગર હજુર કોર્ટથી.

આજમ સરન્યાયાધીશ સાહેબ તરફથી માહાલ ભાણવડના મેમણ વરીંદ મામદ ને લગ્ન વિરૂદ્ધ ગુન્હામાં મદદગારી કર્યા બદલ કોરી ૫૦૦ દંડ આપવાને તે દંડ ન આપે તો માસ ૭ સખ્ત કેદ ભોગવવાની શિક્ષા થતાં તે વખત દંડ નહીં ભરી શકવાથી તે બદલ ઠરેલ કેદ લાગુ કરવામાં આવી કે જે કેદ ભોગવતાના દરમીઆન ભોગવવી બાકી રહેલ કેદના ભાગની સદરહુ દંડની રકમના હીસાબ રસીદ દંડની કોરી રજુ કર્યાથી છોડી દેવામાં આવ્યા છે પણ જે કેદ ભોગવી છે તે કેદની મુદતની બાકી રહેલ દંડની કોરી તે કેદીની જંગમ મિલકતથી પીનલકોડ કલમ ૭૦ મુજબ વસુલ લેવી કે નહીં તેનો ખુલાસો મળવા નંબર ૮૧ તા. ૫-૭-૭૯ ના લખાણ સાથે કેટલાક કામના કાગળો રજુ થયા છે કે જે કામનો સારી રીતે વિચાર કરી આ સંસ્થાનની સઘળી રૈયતને માટે તેમની સ્થિતિ

રીતી ઉપર ધ્યાન આપી નંબર ૨૯ તા. ૨૪ સપ્ટેંબર સને ૧૮૭૯ વાળો ઠરાવ કરવામાં આવેલછે જેમાં આયંદાને માટે પણ આવે પ્રસંગે કેવી રીતે અમલ કરવો તેને વાસ્તે હુકમ કરવામાં આવ્યો છે. ત આ સંસ્થાનના ફોજદારી ખાતના સઘળા અમલદારોને જાણવા સારૂ નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કેદીએ દંડના બદલામાં કેદની શક્ષા ભોગવી હોય તો પછે ઈંડિઅન પેનલ કોડ કલમ ૭૦ ના નીયમ પ્રમાણે દંડ વસુલ કરવાની તજવીજ કરવી નહીં.

દંડના બદલાની ટીપ ભોગવવાની દરમીઆન બાકી રહેલી ટીપના દંડની દંડ અને તે બદલ થએલી ટીપના હીસે રસીદ કોરી વસુલ લેવામાં આવે તો ખુલાસો કરવો.

ન્યાયાધીશની નજરમાં એમ આવે છે કે કેદીની દંડ આપવા શક્તિ છતાં કેદમાં જાય છે તો જંગમ મિલકતથી પીનલકોડ કલમ ૭૦ પ્રમાણે દંડ વસુલ કરવા પોતાના જજમેન્ટમાં લખવું અથવા જજમેન્ટ થયા પછી પણ જો કેદી દંડ આપવાને સત્તાવાન છે એવુ જણાય તો દંડ વસુલ કરવાને હરકત નથી

પણ જ્યાં સુધી કેદીની દંડ આપવા ખરેખરી ઓલી મિલકત છતાં દંડ આપવામાં બદયાનત કરે છે એવું જ્યાહાં સુધી માલમ પડે નહીં ત્યાંસુધી પીનલ કોડ કલમ ૭ નો આમલ કરવો નહીં.

સંવત ૧૯૩૬ ના પ્ર. આસોસુદ ૧૧ વાર શુક્ર તા. ૨૫ સપ્ટેમ્બર સને ૧૮૭૯ ઇસવી.

નારાયણરાવ વાસુદેવ. સં. ન. દીવાન.

સરક્યુલર નંબર ૧૨ સંસ્થાન નવાનગર હજુર કોરટથી.

સંવત ૧૯૩૬ના ભાદરવા વદ ૨ ભોમવાર તારીખ ૨૭ સપ્ટેંબર સને ૧૮૭૯ના સરકારી ગેજીટ આંક ૬ માં સ્ટાંપ બાબતનો ધારો છાપી પ્રસિદ્ધ કરવામાં આવેલછે જેને આધવે ફોજદારી કામોની અરજીઓ પણ સ્ટાંપ ઉપર લેવામાં આવે છે પરંતુ ફોજદારી કામમાં વકિલાતનામાં કે મુખત્યારનામાં સિવાયની બીજી અરજીઓ સ્ટાંપમાં લેવી વ્યાજબી નથી માટે આ સરક્યુલરથી ખબર આપવામાં આવે છે કે હવે પછી ફોજદારી કામમાં વકીલાતનામાં તથા મુખત્યારનામાં સિવાય બીજી અરજીઓ, અપિલો અને દરખાસ્તો સ્ટાંપના કાગળ ઉપર લખવાની જરૂર નથી.

સંવત ૧૯૩૬ના બીજા આસોવદ ૬ બુધવાર તા. ૫ માહે નવેંબર સને ૧૮૭૯

નારાયણરાવ વાસુદેવ. સં. ન. દીવાન.

શ્રી હજુરથી મુકરર કરેલા પંચો મારફત નીકાલ કરવાબાબતનો **ધારો નંબર ૧૫**

માહારાજાધિરાજ માહારાજા જામશ્રી વિભાજી સહેબના ખાસ ફરમાનથી નિચેનો **ધારો-પ્રસિદ્ધ** કરવામાં આવ્યો છે તે. સંવત ૧૯૩૬ના માહાશુદ ૨ ને વાર ગુરૂના રોજથી આમલમાં આવશે.

૧ તાબદર નવાનગરમાં રૈયતમાં માંહો માંહે બારી, જાળી, બારણા, પડથાળ, વંડી, છીતરી, પાણીનો નીકાસ, ખાળ, તથા એક બીજાની પછીત અથવા કરાકમાં એકબીજાનો લાકડા નાંખવાનો તથા ભીંત ઉપર ભીંત ઉઠાવી દેવાનો હક તેમજ નેવાનું પાણી ચલાવવા બાબત તકરાર પડે તો તેનો પ્રથમ નીકાલ શ્રી હજુરથી મુકરર કરેલા માહજીનમાં દરસાવેલ પંચો મારફત બંને પક્ષકારોના પાંચગાની રૂએ લખી મંજુરી લઇ છાપોયાનું કામ કરનાર

૧ છાપીઆ દેવા પ્રાગજી.
૨ ખવાશ શામજી નારણ.
૩ ખવાશ રાઘવ જેઠાણી.
૪ શેઠ. મદન કલ્યાણજી
૫ છાપીઆ જીજીભાઇમયાશંકર
૬ સરીઆ જુમાન તમામી.
૭ ફરાસ અલી અભરામ.
૮ જમાદાર જીવા લગસુ.

અમલદારને ભેળા રાખી સ્થાનિક ચોકસી તથા બંને તરફના ખત છાપો વગેરે દાખલા પુરાવા જોઇ તપાસી કામ બતાવી પંચોએ ઠરાવ કરવો તે ઠરાવ બનતા સુધી તેજ દીવસે પુરો કરી તેના ઉપર પંચોએ તથા છાપાના ઉપરીએ સહીઓ કરી એક નકલ છાપાં પોતાના દફતરે રાખી અસલ ઠરાવ દીવાની કોર્ટમાં રજીસ્ટર કરવા મોકલવો ઠરાવની એક એક નકલ બંને પક્ષકારોને પંચોની સહીવાળી આપવી તે કઇ મીતીએ આપી તે તળે શેરાગાં લખવુ અને નકલની ફી દીવાની ધારા પ્રમાણે લેવી.

૨ બંને પક્ષકારોનું સહીવાળું પંચનામુ અરજીઓ સાથે છાપીઆ પાસે દાખલ કરવુ તેની નોંધ છાપાખાતાના દફતરમાં મુકદમાને મીસાલે રજીસ્ટર નમુના પ્રમાણે ચઢાવવાનો રીવાજ રાખવો.

૩ એકવાર અથવા તેથી વધારે વખત સ્થાનિક ચોકસી વાંધા સંબંધી કરવાની જરૂર પડશે તો રોજકામ (પ્રોસીડીંગ) લખવું.

૪ સાક્ષીસારૂ કોઇ શખ્સને તેડવાની જરૂર પડે તો બોલાવી લેવો અથવા અમુક દીવસે ફલાંણા વખત અમુક જગ્યાએ હાજર રહેવાને સમન દીવાની કામમાં કાઢવાને મુનસફના અધિકાર છે તેવો વાપરવાનો પંચોને અખત્યાર આપવામાં આવ્યો છે વાસ્તે ભથા સંબંધી જે જે નિયમ ચાલતા હશે તે લાગુ થશે.

૫ તે ઠરાવ કામ સર પંચોએ દિવાની કોર્ટમાં મોકલવું ને મુનસફે ધ્લાયદી રજીસ્ટર રાખી ફેસલબુકમાં કામ દાખલ કરવા તથા પંચોનો ઠરાવ હુકમનામાની મીશાલે અમલમાં લાવવો અને કોર્ટના બીજા કામોની મિસાલે માસિકપત્રક ઇલાયદા ફારમમાં કરી મોકલવાં.

૬ જે બાબત દાવામાં લીધી હોય તેની કિંમતના પ્રમાણ પ્રમાણે દિવાની દાવાની ફીકરતાં અરધ લવાજમના સ્ટાંપના કાગળ ઉપર છાપખાતાના ઉપરી પાસે હકીકતની અરજી દાખલ કરવી.

૭ પંચોના ઠરાવનો અમલ દીવાની ધારાસર થશે પણ ખાસ શ્રી હજુરમાં અપીલ દાખલ થતાં બંધ રખાવવા શ્રી હજુર મુખત્યાર છે. અપીલની મુદત ત્રણ માસની કરી છે.

૮ શ્રી હજુરનો જે ઠરાવ થશે તે આખરનો સમજવો અવલ ફરિઆદીની લવાજમ કરતાં અર્ધ લવાજમના સ્ટાંપ ઉપર અપાલેન્ટ પાસેથી અપીલ લેવાનાં આવશે.

૯ અપીલના ઠરાવની નકલ મળવા અરજી સ્ટાંપ ઉપર લેવામાં આવશે અને દસ્તુર મુજબ શ્રી હજુરના ઠરાવની નકલ લેવી જોઇશે.

૧૦ લવાજમ ઓછું ભરવાના હેતુથી કીમત દાવામાં ઓછી બતાવશે તો તે બાબત સ્થાનિક ચોકસી કરતી વખત પંચ કીમત ઠરાવશે તે પ્રમાણે લવાજમ લેવામાં આવશે.

૧૧ લવાજમ માફ કરવાનો અખત્યાર શ્રી હજુરનો છે આ બાબત જે પેદાશ થશે તે દીવાની પેદાશ ગણવી.

૧૨ પેહેલી કલમમાં બતાવેલ બાબત સંબંધી ઈનસાફી કોર્ટમાં કામ ચાલતું હોય અથવા હુકમનામું થયું હોય તે વિશેષ કારણ સિવાય શ્રી હજુરના ફરમાન વિના પંચો તરફ કામ ચાલશે નહીં પણ ચાલતે કામે બંને પક્ષકારો શ્રી હજુરમાં મુકરર થએલ

પંચો મારફત ફેસલો લેવા ખુશી બતાવશે તો તેમ કરવાની છુટ સમજવી એવા કામમાં દીવાની કોર્ટમાં ભરેલ લવાજમ પાછું મળશે નહીં તેમ બીજી વાર પંચોએ લેવું નહીં એવી દરખાસ્ત ઇનસાફી કોર્ટમાં પંચના માસ ૨ પંચોએ મોકલી ચાલતું કામ પંચ પોતા પાસે મંગાવી શકશે ને ફેસલો આપશે.

૧૩ પંચોની નિમણુંક ખાસ શ્રી હજુર તેની લાયકી જોઇ વખ્તે વખ્ત કરશે ને તેની ખબર દીવાન દફતરેથી કોર્ટોને મળશે.

૧૪ ગીરવી, અઘાટ, કબજા, ભોગવટા વગેરે દાવા જેનો સમાવેશ ઉપરની પેહેલી કલમમાંછે તેવા દાવા દીવાની ધારાસર દીવાનીમાં ચાલશે.

૧૫ આ ધારામાં વખતે વખત ફેરફાર કરવાની જરૂર જણાશે ત્યારે કરવામાં આવશે.

સંવત ૧૯૩૬ ના પોષશુદ ૧૩ રવીવાર તા. ૨૫ જાનેવારી સને ૧૮૮૦

શ્રી હજુર હુકમથી નારણરાવ વાસુદેવ. સં. ન. દીવાન.

સંસ્થાન નવાનગર હજુર કોર્ટથી. સરકયુલર. નંબર૧૭.

ફોજદારી માસિક પત્રકો તાબાની કોર્ટમાં આવે છે જે ઉપરથી એવું માલમ પડેછે કે જે માણસને થએલું નુકશાન એટલે કે (બજનસ માલ મળેલો હોય તેનું નહીં) પણ અમુક ગુન્હેગારના દંડની રકમમાંથી આપવા ઠરાવ થાય છે અને જ્યારે તે ઠરાવ પ્રમાણે દંડની રકમમાંથી આપવા ઠરાવ થાય છે અને જ્યારે તે ઠરાવ પ્રમાણે રકમ આપવામાં આવે છે ત્યારે તેના અંદરથી સેંકડે દશ ટકા મુજબ ટકા કાપી લેવામાં આવે છે પરંતુ એવો રિવાજ ચાલવા દેવો વ્યાજબી છે એમ જણાતું નથી સબબ સર્વ ફોજદારી ખાતાના અમલદારોને મહારાજા જામ સાહેબના ફરમાનથી સૂચના આપવામાં આવે છે કે સદરહુ મુજબ વળતરના ટકા કાપી લેવાનો જે રીવાજ ચાલે છે તે તા. ૧ માહે મે સને ૧૮૮૦ ના રોજથી બંધ કરવામાં આવે છે માટે તે તારીખથી ટકા લેવા નહી તેમજ માસિકપત્રક (ઉપજ પત્રક) ના આસનમાં વળતરના ટકાનું આસન છે તે પણ સદરહુ તારીખથી આવવાના પત્રકમાંથી કાઢી નાખવું.

સંવત ૧૯૩૬ ના ચૈતર વદ ૨ સોમવાર તારીખ ૨૬ માહે એપ્રિલ સને ૧૮૮૦ ઇસ્વી.

શ્રી હજુર હુકમથી નારાયણરાવ વાસુદેવ. સં. ન. દીવાન.

પુસ્તક ૧૪ મું.

સંવત ૧૯૩૭ સંસ્થાન શ્રી નવાનગર હજુર કોર્ટ. સરકયુલર નંબર ૨૦.

આ સંસ્થાનની સઘળી દિવાની કોર્ટોમાં જે કામો દાખલ થાય છે તે કામો પૈકી જે કામમાં વાદી સામાવાળા સાથે (પ્રતીવાદી) થી પોતામાં સમાધાન કરી રાજીનામું ગુજારે છે તે કામમાં તે વાદીને સ્થાનીક દીવાની ધારાની કલમ ૭૮ માં ઠરાવેલા નીયમ પ્રમાણે લવાજમની રકમ કોર્ટ પાછી આપે છે પણ હમારા જોવામાં આવ્યું છે કે.

જે કામમાં વાદી દાવો દાખલ કર્યા પછી અવલ જમી કરાવેલી હોય છે તે કામમાં પણ એ પ્રમાણે લવાજમ પાછું આપવામાં આવે છે લેકીન સદરહુ પ્રમાણે અવલ જમી થયાથી પ્રતિવાદીને વાદીના દાવાનું સમાધાન કરી આપવાની જેવી કે જરૂર પડે છે અને તેથી વાદીને આગળ કામ ચલાવવાની દરકારી રહેતી નથી એટલુંજ નહી પણ બીજે વખત એ સમાધાનમાં વાદીને તેને અવેજ પણ મળી જાએ છે અને તેથી બજાવણી પણ

જપ્તી થઈ જાય છે અર્થાત આમ થવાની અસર એવી થાએ છે કે કોરટને એક હથીઆર રૂપે વાપરી તેની સત્તાના બળવડે પ્રતિવાદીને સાકડમાં લાવી સામાવાળા પાસેથી વગર ખર્ચે પોતાનું કામ કાઢી લે છે તથા કાયદાનો ખરો હેતુ ઉડાવે છે એમ વરીષ્ટ કોર્ટના આજમ ચીફ જડજ સાહેબ નંબર ૮૬૧ ના લખાણમાં અભિપ્રાય જણાવે છે કે જે અભિપ્રાય મંજુર રાખી મહારાજાજામ સાહેબના ફરમાનથી દિવાની કોર્ટોના સઘળા અમલદારોને આ સરક્યુલરથી ફરમાવવામાં આવે છે કે.

આ સરક્યુલર પ્રસિદ્ધ થાય ત્યારથી જે કામમાં અવલ જપ્તી થઇ હોય તે કામમાં વાદી પ્રતિવાદીથી સમાધાન કરી રાજીનામું ગુજારે તો વાદીને સ્થાનીક ધારાની કલમ ૭૮ માં જણાવેલા નીયમ પ્રમાણે લવાજમની રકમ પાછી આપવી નહીં.

સં૦ ૧૯૩૬ ના જેઠવદ ૮ બુધવાર તા૦ ૩૦ જુન સને ૧૮૮૦

શ્રી હજુર હુકમથી ભાવસિંહજી.

સંસ્થાન નવાનગર શર ન્યાયાધીશ કોરટ. **સરકયુલર. નંબર ૧**

સર્વે માજીસ્ત્રેટો પોલીસ અમલદારો અને જેલના જેલરોને ફરમાવવામાં આવે છે કે કાચા કામના અને પાકા કામના કેદીયોને કેદમાંથી જ્યારે બેડી તોડી છોડવામાં આવે છે ત્યારે તેઓની પાસેથી બેડી ભંગામણના પૈસા લુવાર લોકોને આપવામાં આવે છે આ રીત બરોબર નહીં હોવાથી અમે મેહેરબાન દીવાન સાહેબ તરફ બેડી તોડામણના પૈસા કેદી પાસેથી નહીં લેવા અને તુરંગમાં બીજા કેદીઓ હોય તેની પાસે બેડી તોડાવવા નંબર ૮૫૦૨ તારીખ ૧-૭-૮૦ નો રીપોર્ટ કરતાં સાહેબ મોસુફે નંબર ૮ તા૦ ૧૦-૭-૮૦ ના હુકમથી અમારો અભિપ્રાય મંજુર કર્યો છે માટે હવેથી કેદીઓ પાસેથી લુવારને પૈસા નહીં અપાવતાં તુરંગમાંના બીજા કેદીયો પાસે બેડી તોડાવવી જરૂરજ પડે તો નવાનગરમાં દરબારી કારખાને લુવાર છે તેને બોલાવી તેને બેડી તોડાવવા નવાનગર જેલરે ધ્યાનમાં રાખવું પણ ઘણું કરીને કેદીયો પાસે તોડાવવી.

ઉપર પ્રમાણે વરતવા આ સરકયુલર પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સંવત ૧૯૩૭ ના અસાડ શુદ ૧૩ ભોમવાર તા. ૨૦ જુલાઇ સને ૧૮૮૦

નારાયણ બાળકૃષ્ણ સં. ન. સ. ન્યા.

નંબર ૩ જો. સ્વસ્થાન નવાનગર ભાયાત કોર્ટ. **નોટીસ નંબર ૧૯૫**

તકરારી નુકશા તથા હકના પત્રક સંબંધીનું કામ તમામ ભાગદારો તરફથી એક મુખી ભાગદાર અગર વધારે જણના નામથી આ કોર્ટમાં ગીરાસીયા ચલાવે છે ને તેમની સહીયોથી અરજીયો તથા જવાબ સવાલ રજુ થાય છે અને તેવા સક્ષોએ ચલાવેલું કામ આખર નીકાલ સુધી પહોચે છે તો પણ હમણા એવું જોવામાં આવ્યું છે કે તે મુખીએ ચલાવેલું કામ પેટા ભાગદારો ના કબુલ કરી વાંધો ઉઠાવે છે એ બનાવ ઈનસાફની રીતમાં ખલેલ લાવનારો થઇ પડવાથી આ નોટીસ દ્વારાએ સર્વે ગીરાસીયાઓને ખબર આપવામાં આવે છે કે આયંદા જે મુખી તરીકે કોર્ટ મારફત અથવા પંચથી ફેસલો લેવા માગતા હોય તેમણે અવલથી તમામ ભાગદારોનું આ કોર્ટમાં યોગ્ય સ્ટાંપના કાગળ ઉપર મુખત્યારનામું અથવા વકીલાત નામું રજુ કરવું તે વિના આગળ કામ ચલાવવામાં આવશે નહીં.

સં. ૧૯૩૭ ના શ્રાવણ વદ ૧૨ મંગળવાર તા. ૩૧ અગષ્ટ સને ૧૮૮૦.

મુકામ નવાનગર   ગોપાલરાવ બલવંત જજ સ્વ૦ નં૦ ભા૦ કોર્ટ૦

સંસ્થાન નવાનગર સર ન્યાયાધીશ કોર્ટથી. **જાહેર ખબર નંબર ૧૨.**

સર્વ મહાલોના માજીસ્ત્રેટો તથા ન્યાયાધિસ અને ફોજદારોને ખબર આપવામાં આવે છે કે જ્યારે કોઇ સ્ત્રીનું કુવામાં અથવા વાવમાં પડીને અથવા બીજી રીતે શક પડતું મૃત્યુ થાય છે ત્યારે તેની લાસનો તપાસ મરદથીજ થાયછે એ વાત જોઇએ તેવી યોગ્ય ભાસતી નથી મતલબ તેવા કામમાં એક અથવા બે ઓરતોને સાથે રાખી તેના ગુહ્ય ભાગ વગેરે જગોપર તપાસ કરાવી મેજર થવું અવસ્ય છે વાસ્તે આ જાહેર ખબર પ્રસીધ થમા પછી એ વીરૂદ્ધ જે કોઇ અમલ કરશે તેનો મુનાસબ દંડ કરવામાં આવશે.

સંવત ૧૯૩૭ ના ફાગણ શુદ ૧૦ ગુરૂવાર તારીખ ૧૦ માહે માર્ચ સને ૧૮૮૧ ઇસ્વી.

નારાયણ બાળકૃષ્ન ન. સ. ન્યા.

સરકયુલર નંબર ૫ સંવત ૧૯૩૮. સંસ્થાન નવાનગર દીવાન દફતરેથી.

મહાલ કંડોરણાના મુનસફને તારીખ ૨૩ માહે મે સને ૧૮૭૭ નંબર ૧૫૨ ના સરક્યુલરથી દીવાની દાવા કોરી ૫૦૦૦ પાંચ હજાર સુધીનો સાંભળવાનો અખત્યાર આપવામાં આવેલ છે પરંતુ હાલમાં સદરહુ અખત્યારમાં વધારો કરવા રૈયતની અરજ ઉપરથી મહાલ મજકુરના મુનસફે આજમ સરન્યાયાધીશ સાહેબ તરફ રીપોર્ટ કરેલો છે કે જે રીપોર્ટ આજમ સરન્યાયાધીશ સાહેબે નંબર ૧૧૬૬ ના લખાણથી આહીં મોકલી મુનસફની માગણી મુજબ અખત્યારમાં વધારો કરવા અભિપ્રાય આપેલો છે તે અભિપ્રાય સદરહુ મુનસફને અખત્યાર કમતી હોવાથી તે મહાલની રઇયતને થતી અડચણ દુર થવા માટે મંજુર કરવો યોગ્ય જણાતાં મંજુર કરી આ સરકયુલરની તારીખથી મહાલ મજકુરના મુનસફને કોરી ૧૦૦૦૦ દશ હજાર સુધીના દાવા સાંભળવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

સંવત ૧૯૩૮ ના કારતક વદ ૮ ભોમવાર તારીખ ૧૪ માહે નવેબર સને ૧૮૮૧.

ગગનલાલ બાપુભાઈ સં૦ ન૦ દીવાન.

સરકયુલર નંબ ૩ સંવત ૧૯૩૮. સંસ્થાન નવાનગર સરન્યાયાધીશ કોર્ટથી.

સર્વ મુનસફો તથા ન્યાયાધીશો તરફ.

તમે દીવાની કામના જે ઈનસાફ આપો છો તે ઉપરનારાજ થનાર પક્ષકારો અમારે ત્યાં અપીલ કરે છે અને તે ઉપરથી અમે તે બાબતનો મુળ કેસ મગાવીએ છીએ.

સદરહુ કેસ આંહીં આવે છે તે તપાસતાં તેમાં કેટલાએક કેસોમાં સ્ટાંપના કાગળો પંચ કરેલા હોતા નથી અને તેથી ફરમાવવામાં આવે છે કે જ્યારે સ્ટાંપના કાગળો તમારી પાસે દાખલ થાય તેજ વખત ચાલતા રીવાજ મુજબ તે કાગળો કાપણીથી કાપવા સુરત રીતે ધ્યાન રાખવું અને આ સરકયુલર પ્રસિદ્ધ થયા બાદ કોઇપણ ઓફીસર તરફથી આવેલા કામમાં કાગળોપર પંચ થએલ જોવામાં નહીં આવે તો તે ઑફીસરનો સખ્ત દંડ કરવામાં આવશે.

સંવત ૧૯૩૮ ના કારતક વદ ૩ મંગળવાર તારીખ ૮ નવેંબર સને ૧૮૮૧ ઇસ્વી

નારાયણ બાલકૃષ્ણ સં૦ ન૦ સ૦ ન્યા૦

સરકયુલર નંબર ૪ સંવત ૧૯૩૮.

સર્વ મુનસફો તથા ન્યાયાધીશોને ખબર આપવામાં આવે છે કે મહેરબાન દીવાન સાહેબના

દી૦ હુ૦ બુ૦ નંબર ૧૦૬૦ તારીખ૧૫ નવેંબર સને ૧૮૮૧ ના રોજ ફરમાન થયું છે કે જે દસ્તાવેજ અને ખત તથા ખાતાને આધારે દાવો દાખલ કરવામાં આવે છે તે પેટે વસુલ આવેલ છેલી રકમની તારીખથી મુદત લાગુ કરવી વાસ્તે તે પ્રમાણે રીવાજ રાખવો.

સંવત ૧૯૩૮ ના કારતક વદ ૧૩ શનીવાર તારીખ ૧૯ નવેંબર સને ૧૮૮૧ઇસ્વી.

નારાયણ બાલકૃષ્ણ સં૦ ન૦ સ૦ ન્યા૦

જાહેર ખબર નંબર ૭.

હુકમનામાં કેટલી મુદત લગણ બજાવવા એ વિશે આ રાજ્યમાં કંઈ નિયમ નથી તેથી તે વિશે મહેરબાન દીવાનજી સાહેબ હજુર અભિપ્રાય સહીત રીપોર્ટ કરતાં તેઓ સાહેબે નંબર ૧૦૪૩ તારીખ ૧૪ માહે નવેંબર સને ૧૮૮૧ ના રોજ અમારો અભિપ્રાય મંજુર કરી ફરમાન કર્યુંછે તે ઉપરથી ઠરાવવામાં આવે છે કે.

હુકમનામાંની તારીખથી અથવા તે હુકમનામાંની છેલી બજાવણીની તારીખથી બાર વરસ લગણ હુકમનામું બજાવવાને હરકત નથી.

સંવત ૧૯૩૮ ના કારતક વદ ૧૩ શનીવાર તારીખ ૧૯ નવેંબર સને ૧૮૮૧ ઈસ્વી.

નારાયણ બાલકૃષ્ણ સં૦ ન૦ સ૦ ન્યા૦

સરકયુલર નંબર ૫ સંવત ૧૯૩૮. સંસ્થાન શ્રી નવાનગર સરન્યાયાધીશ કોરટ.

સર્વ મુનસફો ન્યાયાધીશો અને ફોજદારોને ખબર આપવામાં આવે છેકે કેટલાએક કામ પ્રસંગે સાક્ષીઓના મુચરકા અને તહોમતદારના જમાની ખત તેમ મુચરકા લખી લેવામાં આવે છે તે વખતે એ મુચરકા અને જમાનીખતની લખાઈ ઉમેદવારોને અપાવવામાં આવે છે આ રીવાજ દેખઈતોજ ગેરમુનાસબ છે. કારણ જમાનીખત અને મુચરકા લખવાનું કામ કોરટના કારકુનોનું છે ઇમાટે હવેથી તેવા જમાનીખત અને મુચરકા કારકુનો પાસે લખાવવા અને કારકુન નહીં હશે તો અધિકારીએ જાતે લખી લેવા પણ ઉમેદવાર કે બીજા કોઇ પાસે લખાવી લખાઇ અપાવવામા આવશે તો લખાઇ લેનાર અને અપાવનારને ગુન્હેગાર ગણી ધારાસર કરવામાં આવશે.

સંવત ૧૯૩૮ ના માગશર સુદ ૧૧ ગુરૂવાર તારીખ ૧ ડીસેંબર સને ૧૮૮૧ઇસ્વી.

નારાયણ બાલકૃષ્ણ સં૦ ન૦ સ૦ ન્યા૦

સરકયુલર નંબર ૭ સં૦ ૧૯૩૮. સંસ્થાન શ્રી નવાનગર સરન્યાયાધીસ કોરટ.

સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે સંવત ૧૯૩૬ ના ભાદરવા વદ ૨ સોમવાર તારીખ ૨ જી નવેંબર સને ૧૮૧૯ ના દરબારી ગેજીટને પાને ૩૪ થી શીરૂ થએલ આ રાજ્યના સ્ટાંપના ધારાની કલમ ૨૫ અને ૨૭ ના હેતુ પ્રમાણે ખત દસ્તાવેજ વગેરે લખી આપનારના નામનો સ્ટાંપ ખરીદ થવાને બદલે તે લખાવી લેનાર પોતાના નામથી ખરીદ કરેછે એ ગેરમુનાસબ છે માટે હવે પછી ઉપર જણાવેલ કલમના હેતુ પ્રમાણે ખત વગેરે લખી આપનારે સ્ટાંપ પોતાના નામથી ખરીદ કરવો કદાચ લખાવી લેનાર પાસે અગર બીજા કોઇ પાસે તેવો સ્ટાંપ હશે અને તે લખી આપનારે લેવા જરૂર હશે તો તેના પર વેચાણ લખાવી લેવો મતલબ દરેક દસ્તાવેજ વગેરે લખી આપનારેજ હવેથી ખરીદ કરેલો હોવો જોઇએ અને તેમ નહી હશે તો તેવા બધા સાદા કાગળ ઉપર દસ્તાવેજ વગેરે થયેલા સમજી સ્ટાંપ દંડ લેવામાં આવશે.

સંવત ૧૯૩૮ ના પોશ વદ ૯ ગુરુવાર તારીખ ૧૩ જાનેવારી સને ૧૮૮૨ ઈસ્વી.
નારાયણ બાલકૃષ્ણ. સ૦ ન૦ સ૦ ન્યા૦

સરક્યુલર નંબર ૮. સંસ્થાન નવાનગર દીવાન દફતરેથી.

આ રાજ્યમાં જે જણસપર દાણ લેવાનો ઠરાવછે અથવા થશે તે જણસ દરબારને દાણ ન દેવાના ઈરાદાથી છુપકીથી અથવા બીજી રીતે કોઇ માણસ લાવે અથવા સંતાડે તો તે માણસને તેમ તેને મદદ કરનાર જે હશે તે માણસને ૨ બે વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની સજા કરવામાં આવશે અને તે કામ ફેસલ કરવાને ૧ લા વર્ગના માજીસ્ટ્રેટને અને તે માજીસ્ટ્રેટ તે કામ સરન્યાયાધીસ કોર્ટમાં કમીટ કરે તો તે કોર્ટને અખત્યાર છે.

સંવત ૧૯૩૮ ના મહા વદ ૭ શુકરવાર તારીખ ૧૦ ફેબ્રુવારી સને ૧૮૮૨ ઇસ્વી.
મગનલાલ બાપુભાઇ સ૦ ન૦ દીવાન.

જાહેર ખબર નંબર ૯. સંસ્થાન નવાનગર મુખ્ય દીવાન દફતરેથી.

આ રાજ્યમાં દીવાની કામ ચલાવવાનો જે ધારોછે તેની કલમ ૧૪૫ માં વધારો કરવાની જરૂર છે. તેથી ખુદાવંદ માહારાજા જામ સાહેબની મંજુરીથી આ કલમમાં નીચે લખ્યા પ્રમાણે વધારે મજકુર દાખલ કરવામાં આવે છે.

૧૪૫. અ એવી બાબત હુકમનામું થઈ ગયા પછી હુકમનામાના દેણદારની અરજી ઉપરથી અને હુકમનામા વાળાની સમત્તીથી વ્યાજ આપવા વિશે પ્રતિવાદીની મીલકત જપ્ત કરવા વિશે અથવા તેની પાસેથી જામીન લેવા વીશે અથવા બીજી કોઇ બાબત કોર્ટને યોગ લાગે તે સરતો કરીને હુકમનામું હપ્તાથી આપવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે અને તે હુકમનો અમલ હુકમનામા પ્રમાણે થશે.

સંવત ૧૯૩૮ ના માહા વદ ૮ શનીવાર તારીખ ૧૧ ફેબ્રુવારી સને ૧૮૮૨ ઇસ્વી.
મગનલાલ બાપુભાઇ સ૦ ન૦ મુ૦ દીવાન.

સરક્યુલર નબર. ૧૦ સ૦ ૧૯૩૮. સંસ્થાન નવાનગર હજુર કોર્ટ.

સં૦ ૧૯૩૫ ની સાલના કારતક શુદ ૨ ના દરબારી ગેજીટ આંક ૯ માં નંબર ૮ મે જુડીશીયલ ખાતાના અધિકાર સંબંધે જે સરક્યુલર પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે તેમાં મુખ્ય મહાલોના વહીવટદારો રેવન્યુ ગુન્હાને પ્રસંગે બીજા વર્ગના માજીસ્ટ્રેટનો અધિકાર આપવામાં આવેલ છે અને તે માજીસ્ટ્રેટો જે ફેસલા કરે તે ઉપર અપીલ સાંભળવાનો અખત્યાર સરન્યાયાધીસ કોર્ટને આપવામાં આવેલો છે કે જે સરક્યુલરનો આ ભાગ સંવત ૧૯૩૭ ની સાલમાં નં૦ ૧૮૫ મે થયેલા રોજકામથી પણ કાયમ રાખવામાં આવેલ છે અને તેથી વૈવટદારો જે ફેસલા કરે છે તે ઉપર અપીલ સરન્યાયાધીસ કોર્ટ સાંભળે છે પરંતુ વિચાર કરતાં વૈવટદારોને બીજા વર્ગના માજીસ્ટ્રેટનો જે અધિકાર છે તે ફકત રેવન્યુ ગુન્હાને સંબંધે છે ને જ્યારે એમ છે ત્યારે તેવા પ્રકારના ગુન્હાના માજીસ્ટ્રેટી ફેસલા ઉપર રેવન્યુ કોર્ટે અપીલ સાંભળવી જોઈએ માટે ઉપર જણાવેલ નં૦ ૮ વાળા સરક્યુલરમાંનો સદરહુ ભાગ જે કે નં૦ ૧૮૫ સંવત ૧૯૩૭ ના રોજ કામથી બહાલ રહેલ છે તે રદ કરી એવો ઠરાવ કરવામાં આવે છે કે વૈવટદારો રેવન્યુ ગુન્હાની નીસબત બીજા વર્ગના માજીસ્ટ્રેટ જે ફેસલા કરે તે ઉપર અપીલ રેવન્યુ કોર્ટે અપીલ સાંભળવી ને ફેસલા દેવા અને સરન્યાયાધીશ કોર્ટે તેવા ફેસલા ઉપર અપીલ સાંભળવી નહીં.

સંવત ૧૯૩૮ ના ચૈત્ર વદ ૧૦ ગુરૂવાર તારીખ ૧૩ એપ્રીલ સને ૧૮૮૨ ઈસ્વી.
મગનલાલ બાપુભાઈ સં૦ ન૦ દીવાન.

પુસ્તક ૧૬ મું.

સંવત ૧૯૩૯. સરક્યુલર નંબર ૧૩ સં૦ ૧૯૩૮. સંસ્થાન નવાનગર દીવાન દફતર.

સંવત ૧૯૩૬ ના ભાદરવા વદ ૨ સોમવાર તારીખ ૨ સપટેમ્બર સને ૧૮૭૯ ના દરબારી ગેજીટ આંક ૬ માં આ સંસ્થાનને માટે સ્ટાંપનો ધારો પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે પરંતુ સદરહુ ધારાની કલમ ૯ માં લખેલા દસ્તાવેજો કેટલી કોરીના સ્ટાંપ ઉપર લખવા એ વિશે કાંઇ અમુક નિયમ બંધાયો હોય એમ જોવામાં આવતું નથી તેમજ મોઘમ દસ્તાવેજ કેટલી કોરીની કીંમતના સ્ટાંપના કાગળ ઉપર લખવા તેનો પણ કાંઈ નિરણય બંધાયો હોય એમ જોવામાં આવતું નથી. અને તેથી પ્રસંગોપાત ઘણી ભાંજગડ આવી પડે છે સબબ એ અપુર્ણતા દુર થવા માટે નીચે લખ્યા મુજબ સદરહુ ધારામાં વધારો કરવામાં આવે છે.

૧૬ (અ) કલમ નીચે કલમ ૯ માં જણાવેલા દસ્તાવેજો નીચે લખેલી રકમના સ્ટાંપના કાગળ ઉપર લખવાનો ઠરાવ કરવામાં આવે છે.

૧ સ્થાવર મીલકત સંબંધીના કોરી ૪ ના કાગળ ઉપર.

૨ જંગમ મીલકત સબંધીના કોરી ૧ ના કાગળ ઉપર.

કલમ ૨૯ નીચે મોઘમ દસ્તાવેજો બાબત હેઠળ લખ્યા મુજબ વધારો કરી તેના વાસ્તે કલમ ૩૦ મી મુકરર કરવામાં આવી છે.

(૩૦) સ્થાવર અથવા જંગમ મીલકત સંબંધી અથવા લેણદેણ સંબંધી વગેરે જે દસ્તાવેજોનો સમાવેશ ઉપર લખેલા સ્ટાંપના છપાએલા ધારામાં થતો ન હોય અને દસ્તાવેજનો અવેજ અનીશ્ચીત હોય અથવા તેની કીમત થતી ન હોય તેવા મોઘમ દસ્તાવેજો કોરી ૧૦ ના સ્ટાંપના કાગળ ઉપર લખવા જોઈએ અને તે દસ્તાવેજો ઉપરથી કોર્ટમાં જ્યારે કોઇ ફરિયાદ થાય ત્યારે તે ફરિયાદીમાં જેટલી રકમના દાવાનો આંક બાંધ્યો હોય અને તેમાં વ્યાજની રકમ હોય તો તે બાદ કરીને દસ કોરી કરતાં વધારે સ્ટાંપ તેટલી રકમના દસ્તાવેજને તે તે વખતના ચાલુ ધારા પ્રમાણે લાગતો હોય તો તેટલી રકમ દાવા કરનાર પાસેથી વસુલ લઇને તે દસ્તાવેજ પુરાવામાં લેવું.

સંવત ૧૯૩૮ ના જેષ્ટ શુદ ૮ ગુરૂ તારીખ ૨૫ મી માહે મે સને ૧૮૮૨ ઇસ્વી.

ગગનલાલ બાપુભાઈ સં૦ ન૦ દીવાન.

સરક્યુલર નંબર ૧ સંવત ૧૯૩૯. સંસ્થાન નવાનગર સરન્યાયાધીસ કોર્ટથી.

સર્વે મુનસફોને મેહેરબાન દીવાન સાહેબના નંબર ૨૬૩૨ તારીખ ૧૩–૬–૮૨ ના હુકમ અનવય ફરમાવવામાં આવે છે.—

આજ લગણ દીવાની કામોની બજાવણી દરખાસ્તો ગામડામાં બજાવવા માટે નાઝીર અથવા તેના કારકુને જવું થતું હતું ત્યારે તેને ગાડાં ભાડાની અને ખોરાક સંબંધી પુરી હરકત આવતી અમારા જાણવામાં આવેલ છે અને તેથી આવંદે તેવી દરખાસ્તની બજાવણી માટે નાઝીર અથવા કારકુને ગામડામાં જતાં પેહેલાં ગાડાભાડાનો અને ખોરાકનો કેટલો ખર્ચ લેવો એ મુનસફ રૂબરૂ નકી કરી તેટલું ખર્ચ અગાઉથી દરખાસ્તદાર પાસેથી વસુલ કરવું અને તેવું ખર્ચ બજાવણીનું સમળું ખર્ચ જે પક્ષકાર પાસેથી લેવાનો ઠરાવ હુકમનામામાં થયો હોય તે પક્ષકાર પાસેથી કોર્ટે અપાવવું.

સંવત ૧૯૩૯ ના અશાડ સુદ ૭ ગુરૂવાર તારીખ ૨૨ મી જુન સને ૧૮૮૨ ઈસ્વી.
નારાયણ બાલકૃષ્ણ સં૦ ન૦ સ૦ ન્યા૦

સરક્યુલર નંબર ૨ સંવત ૧૯૩૯.

સર્વે મુનસફો અને માજીસ્ટ્રેટોને મેહેરબાન દીવાન સાહેબના નંબર ૩૩ સંવત ૧૯૩૯ ના અશાડ શુદ ૬ તારીખ ૧ જુન સને ૧૮૮૨ નાહુકમ અનવય ફરમાવવામાં આવેછે કે

આજલગણ કેઈ પણ ગરાશીઆ સિવાયના બીજા વર્ગના લોકો જે કે જીવાઈદાર અને ઇનામદાર તેમજ ધરમાદા યાને ખેરાતી હક ખાનારાઓ દીવાની ફોજદારી અંદરની તકરારોને સંબધે જયુડીશીઅલ ખાતાના અધિકારીઓ પાસે જે અરજીઓ કરે છે ત્યારે તેમાં અમે ગરાશીઆ અને ગીરાશની જમીન ખાઈયેછૈયે તે વગેરે દરબાર શ્રીના ખાસ હકને કોઇ વખતે કાંઈ પણ નુકશાન થાય તેવા દાખલા રૂપે ગણાય તેવી હકીકત લખે છે એમ ઘણા પ્રસંગે જાણાયુ છે પણ હવેથી એવા લોકો એવા શબ્દો વાપરી કોઇ પ્રસંગે કાંઇ અરજી રજુ કરે તો તેવી અરજીઓ જે કોર્ટમાં દાખલ થવાની હોય ત્યાંના અધિકારી પાસે દાખલ થાય એટલે રાખવી નહીં અને શેરો કરી તે ઠાણેજ પાછી કાઢી નાંખવી તેમાં કોઈના તરફથી કસુર થશે તો એવી અરજીથી થએલ નુકશાનના જવાબદાર એ અરજી જે અધિકારીના વખતમાં દાખલ થઇ હશે તે અધિકારીને ગણવામાં આવશે કદાચ તેવી અરજી ભુલથી અથવા ગફ્લતથી કોઇનાથી દાખલ થઇ જાય તો તે બાબત ખગ કારણ શિવાય તે ભુલ અથવા ગફલત કરનારને ઉપર જણાવેલા જોખમમાંથી છુટો કરવામાં આવશે નહીં પણ એવી રીતે દાખલ થયેલ અરજીની લખાવટ દરબારશ્રીના ખાસ હકોને નુકશાન થવા સરખા દાખલા રૂપે ગણી બાધકારક ગણવામાં આવશે નહીં.

સંવત ૧૯૩૯ ના અશાડ શુદ ૧૧ ભોમવાર તારીખ ૨૭ જુન સને ૧૮૮૨ ઈસ્વી.
નારાયણ બાલકૃષ્ણ સં૦ ન૦ સ૦ ન્યા૦

પુરવણી.

સંસ્થાન શ્રી નવાનગરનો દસ્તાવેજની નોધણી બાબતનો ધારો

ઉદેશ. માહો ગાહે દસ્તાવેજો થાયછે તે તેજ વખતે પ્રસીદ્ધ કરવાથી કેટલેક દરજે સર્વ સાધારણ રીતે સર્વે લોકોને ઘણો ફાયદોછે, વાસ્તે આ રાજ્યમાં દસ્તાવેજ નોધણીના જુદા જુદા નીયમો અને સરકયુલરો છે, તે બધા એક ઠેકાણે કરીને એક ધારો હોવાની જરૂરછે, તેથી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યુંછે:—

ભાગ ૧ લો.

૧ આ ધારાને નવાનગરનો દસ્તાવેજ નોધણીનો ધારો કહેવો.
૨ આ ધારો નવાનગરના આખા મુલકને લાગુછે.
૩ આ ધારો તારીખ પેહેલી અકટોબર સને ૧૮૮૨ થી અમલમાં આવશે.
૪ નોધણી સંબંધી આજલગણ થયેલા સરકયુલરો તથા હુકમો રદ કરવામાં આવ્યાછે.

ભાગ ૨ જો.

નોધણીના અમલદારો વીશે.

૫ આ રાજયમાં દસ્તાવેજ નોધણીના ખાતાનું તમામ ઉપરીપણું સરન્યાયાધીસ કોર્ટ તરફ રહેશે.

૬ ખંભાળીયા, ભાણવડ, કંડોરણા, આટકોટ, જોડીયા, લાલપુર ગહાલમાં જે મુનસફોછે, તેમ વખતો વખત જે નીમવામાં આવશે તેઓને ગાહાલ નોધણીદાર ઠરાવ્યાછે અને નવાનગર શહેર અને પંચકોસી ગાહાલ સારૂ એક જુદો ગાહાલ નોધણીદાર ઠરાવ્યોછે.

૭ સરાયા, ભટીયા, કલ્યાણપુર, રાવલ, રાણપર, મોડપર, જોધપર, કાલાવડ, વડાલા, પડાણા, વણથળી, પડધરી, હડીયાણા, બલાંભાં, આંબરણ, ભાડલા, ખરવાલા, એ પ્રમાણે હાલ પેટા ગાહાલો છે. તેમ વખતે વખતે જે પેટા ગાહાલો ઠરાવવામાં આવશે તે પેટા ગાહાલોમાં જે ન્યાયાધીસો છે. તેમ વખતો વખત જેઓને નીમવામાં આવશે. તેઓને તે પેટા ગાહાલના પેટા ગાહાલ નોધણીદાર ઠરાવ્યા છે.

૮ ગાહાલ નોધણીદાર તેમ પેટા ગાહાલ નોધણીદારને ત્યાંહાં આ નોધણીનું કામ કરવા સારૂ તેઓના હેઠળ જેટલા નોકરો રાખવાની જરૂર હશે તેટલા રાખવાનો તેમજ તેમાં જરૂર પ્રમાણે વધારો ઘટારો કરવાનો દિવાન દફતરની મંજુરીથી સરન્યાયાધીસ કોર્ટને અખત્યાર છે.

૯ ગાહાલ નોધણીદાર અને પેટા ગહાલ નોધણીદારને તેઓના ગાહાલ વાસ્તે જે શીક્કા આપવામાં આવશે તે તેઓએ વાપરવો.

૧૦ નોધણીના કામ સારૂ જે ચોપડીઓ લાગશે તે સરન્યાયાધીશ કોર્ટે પુરી પાડવી.

૧૧ જે નમુના સરન્યાયાધીશ કોર્ટ દીવાન દફતરની મંજુરીથી વખતે વખતે ઠરાવશે તે નમુના ઉપર જણાવેલી ચોપડીઓમાં હોવા જોઇએ.

ભાગ ૩ જો.

નોધવા લાયક દસ્તાવેજો.

૧૨ આ ધારો અમલમાં આવશે તે તારીખથી લખેલા હેઠળ જણાવેલા દસ્તાવેજો જે મીલકત અથવા વ્યવહારના હોય તે મીલકત આ રાજ્યની સ્થળ સીમમાં હોય અથવા તે વ્યવહાર આ રાજ્યની હદમાં થયેલો હોય અથવા તે વ્યવહારનો અમલ આ રાજ્યની હદમાં થવાનો હોય તે તે દસ્તાવેજોમાંથી જે દસ્તાવેજો નોધવાજ જોઇએ અને જે દસ્તાવેજો નોધવાની મરજી હસે તો નોધવા એમ આ ધારામાં ઠરાવવામાં આવ્યું છે તેની તપસીલ.

નીચે જણાવેલ દસ્તાવેજો નોધવાજ જોઇએ.

૧ સ્થાવર મીલકતના બક્ષીસ પત્રો.

૨ સો કોરી કરતાં વધારે કીંમતના સ્થાવર મીલકત સંબંધી હકના હરેક પ્રકારના દસ્તાવેજો તથા તે સંબંધી પોહોંચો.

૩ એક વરસની મુદત ઉપરાંતના સ્થાવર મીલકત સંબંધી ભાડા ચીઠીઓ. કબુલાયતો અને પટા તેમ તેના સામા લેખો.

૪ આ રાજ્યમાં દરબાર તરફથી ખોરડાં વીગેરેના છાપાં કરી દેવામાં આવેછે. તે ખાતું અલાયદુંછે. અને તે છાપાંની નોધણી પણ ત્યાંહાં થાયછે. વાસ્તે તે છાપાં આ ધારા પ્રમાણે નોધવાની જરૂર નથી. પણ આ ધારો અમલમાં આવ્યા પછી જે ખોરડાં વીશે અથવા સ્થાવર મીલકત વીશે ફારકતી અથવા વેચાણખત રાવલી જગા શીવાયનું થાય. જે ઉપરથી ઉપર જણાવેલ છાપાં થાયછે. તે ફારકતી અથવા વેચાણખત આ ધારા પ્રમાણે નોધવુંજ જોઇએ. નોધ્યા વગર

એવી કારકતી અથવા વેચાણ ખત તે છાપાં ખાતામાં દરબાર તરફથી છાપાં કરી લેવા વાસ્તે કોઈ રજુ કરે તો તે દસ્તાવેજ આ ધારા પ્રમાણે જ્યાં નોધવા લાયક હશે તે નોધણીદાર પાસે છાપાં ખાતાના અમલદારે નોધવા વાસ્તે લખી દેનાર, લેનાર સહીત મોકલવા અને તેની તે નોધણીદારે આ ધારા પ્રમાણે નોધણી કરવી અને પછી તે દસ્તાવેજ છાપાં ખાતામાં છાપાં થાવા વાસ્તે ધણીએ રજુ કરવો આ ધારા પ્રમાણે એવાં દસ્તાવેજો નોધ્યા વગર છાપાં ખાતામાં તે મીલકતના છાપાં કરી દેવાં નહીં.

નીચે જણાવેલ દસ્તાવેજો.

લખી આપનાર, લેનારે મરજીમાં આવેતો નોધાવવાં.

૧ સો કોરી કરતાં ઓછી કીંમતના સ્થાવર મીલકત સંબંધી હકના હરેક પ્રકારના દસ્તાવેજો.

૨ સ્થાવર મીલકત સંબંધી એક વરસની મુદત લગણુની ભાડાચીઠીયો કબુલાયતો પટ્ટા, તેમ તેના સામા લેખો.

૩ જંગમ મીલકત સંબંધી અને લેણુ દેણુ સંબંધી વીગેરે હરેક પ્રકારના દસ્તાવેજો.

૪ પંત્યાલાના વ્યવહાર સંબંધી દસ્તાવેજો.

૫ હરેક પ્રકારના વશીયતનામા.

૬ લગ્ન સંબંધી છેડા છુટકાના તમામ દસ્તાવેજો.

૧૩ જે દસ્તાવેજ નોધવા સારૂ યોગ્ય રીતે રજુ કર્યો હોય તે દસ્તાવેજ નોધનારા અમલદારથી જે ભાષા સમજાતી નહીં હોય અને મહાલની જે સામાન્ય ભાષા નહીં હોય તે ભાષામાં હોય અને મહાલની ભાષામાં તે દસ્તાવેજનો ખરો તર્જુમો તથા તેની ખરી નકલ તે દસ્તાવેજની સાથે નહીં હોય તો નોધનારા અમલદારે તે દસ્તાવેજ નોધવાની ના કહેવી.

૧૪ જે દસ્તાવેજમાં અંતર ઓળ છે. અથવા કોરી જગા છે અથવા ચેર્યુ છે. અથવા ફેરફાર કર્યોછે એવું દેખાય તે દસ્તાવેજ કરીઆપનારા માણુસો, અંતર ઓળ ઉપર અથવા કોરી જગા મુકી હોય તે ઉપર અથવા ચેરેલી જગાએ અથવા ફેરફાર ઉપર સહી નહીં કરે અથવા સહીના પહેલા અક્ષરો નહીં લખે અને તે દસ્તાવેજ નોધવાસારૂ લેવાની ના કહેવાનું નોધનાર અમલદારની નજરમાં આવે તો ના કહેવાને તે મુખત્યાર છે. અને સદરહુ દસ્તાવેજ નોધે તો નોધતી વખતે તેણે તે અંતર ઓળ બાબત અથવા કોરી જગ્યા બાબત અથવા ચેરેલા મજકુર બાબત અથવા ફેરફાર બાબત નોધવાની ચોપડીમાં ટીપી મુકવું.

૧૫ વશીયતનામામાં. શીવાય સ્થાવર મીલકત બાબતના જે દસ્તાવેજમાં મીલકત ઓળખાય તેવું વર્ણન નહીં હોય તો તે દસ્તાવેજ નોધવા લેવો નહીં.

૧૬ શેહેરમાંના અથવા કસ્બામાંના ઘરનું વર્ણન લખવું હોય ત્યારે ચતુઃસીમા બનંબર લખવી અને હમણાં કોણ રહેછે અને આગળ કોણ રહેતું હતું તે લખવું. જમીનનું વર્ણન લખવું હોય ત્યારે જમીનનું નામ હોય તો તે નામ અને મુલકના જે ભાગમાં તે જમીન હોય તે ભાગનું નામ તથા તેનું ક્ષેત્રફળ અને ચતુઃશીમા તથા તે હમણાં કોના કબજા ભોગવટામાં છે, તે લખવું આ પ્રમાણે તપસીલ દસ્તાવેજમાં નહીં હોય તો તે

દસ્તાવેજ નોધવા ના પાડવી. પણ દુરસ્ત કરીને લાવે તો નોધવો.

૧૭ મુળગરાશીયા, મુળગરાશીયા જેવા, જીવાઇદાર, ભાયાત, દેવસ્થાન, ખેરાતી, ઈનામદારના જમીન સંબંધે વેચાણ. ગીરો, ઇજારા, બક્ષીસ વીગેરેના હરેક પ્રકારના દસ્તાવેજો, તે પ્રમાણે દસ્તાવેજો લખી આપવાની દરબારે લેખી મંજુરી આપેલી હોય અને તે દસ્તાવેજ સાથે રજુ થાય તોજ એવાં દસ્તાવેજો નોધવાં નહીં તો ના પાડવી

૧૮ કોઈબી નોધણીદાર પાસે કોઇ દસ્તાવેજ નોધવા સારૂં રજુ થાય ત્યારે તે ચાલુ ધારા પ્રમાણે યોગ્ય સ્ટાંપ કાગળપર નહીં હોય તો નોધવા ના પાડવી. પણ તે દસ્તાવેજ ફરી યોગ્ય સ્ટાંપ કાગળપર લખી લાવે તો નોધવાને હરકત નથી.

ભાગ ૪ થો.

નોધવા લાવવાની મુદત બાબત.

૧૯ વશીયતનામાં શીવાય બીજો કોઈ દસ્તાવેજ જે તારીખે થયો હોય તે તારીખથી ચાર મહીનાની અંદર નોધાવવાને યોગ્ય અમલદાર પાસે નહીં લાવે તો તે નોધવા લેવો નહીં પણ ૨૦ મી કલમના ઠરાવનું ધોરણ ધ્યાનમાં રાખીને લેવો. પણ એવું ઠરાવ્યુંછે કે દસ્તાવેજ કરી આપનાર માણસો ઘણા જણા હોય અને તેઓ જુદી જુદી વખતે સહી કરે તો તે દસ્તાવેજ ઉપર દરેક માણસે સહી કરી હોય તે તારીખથી ચાર મહીનાની અંદર નોધવાને અને ફરી નોધવાને હરકત નથી.

૨૦. આ રાજ્યની હદમાં કોઇ દસ્તાવેજ કરી આપ્યો હોય તે દસ્તાવેજ નોધવાની મુદત આ ધારામાં ઉપર કહી છે તે પુરી થાય ત્યાંહાં સુધી ઘણાજ જરૂરીના કારણને લીધે અથવા નીર ઉપાય આફતને લીધે તે દસ્તાવેજ નોધવાને રજુ કર્યો નહીં હોય અને રજુ કરતાં ઘણામાં ઘણો દસગણો દંડ લઈને તે દસ્તાવેજ નોધવા લેવાનો હુકમ કરવાને માહાલ નોધણીદાર મુખત્યાર છે. સદરહુ હુકમ થવા બાબતની અરજી મરજીમાં આવે તો પેટા માહાલ નોધણીદારને આપવી પછી તે પોતે જે માહાલ નોધણીદારના તાબામાં હોય તે માહાલ નોધણીદારની ઉપર તેણે તે અરજી તાબડતોબ મોકલવી.

૨૧ દસ્તાવેજ સબંધી પક્ષકારોએ અથવા તેઓમાંના કેટલાએકે આ રાજ્યની હદ બાહાર કરી આપ્યોછે. એવું હોય તે નોધાવવાને રજુ કરવાની મુદત આ ધારામાં ઉપર કહીછે તે પુરી થાય ત્યાંહાં સુધી નોધવાને તે રજુ કર્યો નહીં હોય ત્યારે નોધનારા અમલદારની ખાત્રી થાય કે તે લેખ સદરહુ પ્રમાણે કરી આપ્યોછે. અને તે લેખ આ રાજ્યની હદમાં આવી પોહોચ્યા પછી ચાર મહીનાની અંદર નોધવાને રજુ કર્યોછે. એવી ખાત્રી થાય અને નોધવાની યોગ્ય ફી આપે તો તે લઈને તે દસ્તાવેજ નોધવા લેવાનો અધીકાર નોધનારા અમલદારને છે.

૨૨ હરકોઈ દસ્તાવેજ નોધવાને રજુ કરવાની જે મુદત આ ધારામાં કહીછે. તેને છેલે દહાડે નોધવાની કચેરી બંધ હોય ત્યારે જે દહાડે તે કચેરી પાછી ઊઘડે તે દહાડે આ ધારાના કારણ સારૂ મુદતનો છેલ્લો દિવસ સમજવો.

ભાગ ૫ મો.

નોધવાની જગા બાબત.

૨૩ આ ધારામાં બીજો ઠરાવ કર્યોછે. તે શીવાય ૧૨ મી કલમની ૧-૨-૩-૪

મી પેટા કલમોમાં, કહેલા પ્રકારનો દરેક દસ્તાવેજ જે મીલકત બાબતનો હોય તે બધી મીલકત અથવા તેનો કાંઈ ભાગ જે માહાલમાં અથવા પેટા માહાલ નોધણીદારની હકુમતમાં હોય તે નોધણીદારની કચેરીમાં તે દસ્તાવેજ નોધવા સારૂ રજુ કરવો.

૨૪ ૧૨ મી કલમમાં ૧–૨–૩–૪ પેટા કલમોમાં કહેલા પ્રકારના દસ્તાવેજ શીવાય બીજો દરેક દસ્તાવેજ જે નોધણીની હદમાં થયો હોય અથવા તે વ્યવહાર જે નોધણીદારની હદમાં થયો હોય અથવા જે નોધણીદારની હદમાં તે વ્યવહારનો અમલ થવાનો હોય તે નોધણીદારની કચેરીમાં તે દસ્તાવેજ નોધાવવા સારૂ રજુ કરવો અથવા હરકોઇ બીજા નોધણીદારની કચેરીમાં તે દસ્તાવેજ નોધાવવાની તે દસ્તાવેજ કરી આપનારા તથા તે દસ્તાવેજ ઉપરથી દાવો કરનારા સઘળા માણસોની ઇચ્છા હોય તે નોધણીદારની કચેરીમાં રજુ કરવો.

૨૪ પોતાના તાબા માહેના હરકોઈ પેટા મહાલ નોધણીદારને જે દસ્તાવેજ નોધવાનો અધીકાર છે. તે દસ્તાવેજ નજરમાં આવે તો લઈને નોધવાનો અધીકાર માહાલ નોધણીદારને છે.

૨૫ બારમી કલમમાં કહેલા પ્રકારનો હરકોઇ દસ્તાવેજ જે મીલકત બાબતનો હોય ને મીલકત આ રાજ્યના ગમે તે ભાગમાં અથવા વ્યવહાર અથવા વ્યવહારનો અમલ થવાનો હોય તો પણ તે વાત ઉપર નજર ન રાખતાં સરન્યાયાધીસની નજરમાં આવે તો ગમે તે નોધણીદારને ત્યાંહાં નોધાવવા પરવાનગી આપવાને સરન્યાયાધીસને અધીકારછે.

૨૬ દસ્તાવેજ નોધાવવા સારૂં આપવાની જે માણસની ઇચ્છા હોય તેની રહેવાની જગોએ વિશેસ કારણ દેખાડે તો જઈને તે દસ્તાવેજ નોધાવવા સારૂ લેવાને સદરહુ અમલદાર મુખત્યારછે પણ તે બાબત કલમ ૪૯ માં જણાવ્યા પ્રમાણે વધારે લવાજમ આપવું પડશે.

ભાગ ૬ ઠો.

નોધવા સારૂ દસ્તાવેજ રજુ કરવા બાબત.

૨૭ ૨૬ મી કલમમાં કહેલા પ્રસંગ શિવાય જે દસ્તાવેજ આ ધારા પ્રમાણે નોધાવવો હોય તે દસ્તાવેજ નોધાવવોજ જોઈએ તેવો હોય કે મરજીમાં આવે તો નોધાવવો તેવો હોય તે દસ્તાવેજ નોધવાની યોગ્ય કચેરીમાં હેઠળ લખેલા માણસોએ રજુ કરવો. તે માણસોની વીગત.

૧ તે દસ્તાવેજ કરી આપનારા માણસે અથવા તે દસ્તાવેજ ઉપરથી જે માણસ દાવો કરતો હોય તે માણસે અથવા તે માણસના વારસ વકીલે અથવા.

૨ તે માણસના અથવા વારસ વકીલના મુખત્યારે રજુ કરવો આ મુખત્યારનામુ કોઇ યોગ્ય અમલદાર આગલ સહી થયેલું હોવું જોઈએ.

૨૮ હરકોઇ દસ્તાવેજ કરી આપનારા માણસે અથવા તેના વારસ વકીલે અથવા ઉપર કહ્યા પ્રમાણે જે મુખત્યારને અખત્યાર આપ્યો હોય તે મુખત્યારે દસ્તાવેજ નોધવા સારૂ આણી આપવાની મુદત ઉપર કહીછે તે મુદતની અંદર નોધનારા અમલદારની આગળ હાજર થયા વગર તે દસ્તાવેજ આ ધારા પ્રમાણે નોધવો નહી.

૨૯ ઉપર કહ્યા પ્રમાણે હાજર થવું જોઈએ તે સઘળા જણાએ જોઈએ તો એ-

કજ વખતે હાજર થવું અથવા જુદી જુદી વખતે હાજર થવું પછી નોધનારા અમલદારે જે માણુસોએ તે દસ્તાવેજ કરી આપ્યાનું તે દસ્તાવેજ ઉપરથી થતું હોય તે માણુસોએ તે દસ્તાવેજ કરી આપ્યોછે કે નહીં તે વાતની ચોકસી કરવી અને, પોતાની આગળ હાજર થઈને જે માણુસો એમ કહેતા હોય કે એ દસ્તાવેજ અમે કરી આપ્યોછે. તો તેઓ તેજ છે કે નહીં તે બાબત પોતાની ખાત્રી કરી લેવી અને વારસ વકીલ અથવા મુખત્યાર દાખલ કોઇ માણુસ હાજર થયો હોય તો તે પ્રમાણે હાજર થવાના તે માણુસના હક બાબત તે અમલદારે પોતાની ખાત્રી કરી લેવી.

૩૦ દસ્તાવેજ કરી આપનારા સઘળા માણુસો નોધનારા અમલદારની પાસે જાતે હાજર થાય તેઓને તે પોતે ઓલખતો હોય. અથવા દસ્તાવેજ કરી આપનારા માણુસો એમ કહેતા હોય કે અમે ફલાણા ફલાણા છીએ, તો તેઓ તેજછે એવી બીજી રીતે પોતાની ખાત્રી થશે અને દસ્તાવેજ કરી આપ્યાનું તે સઘળા જણા કબુલ કરશે અથવા કોઇ માણુસનો વારસ વકીલ અથવા મુખત્યાર હાજર થયો હોય ત્યારે તે વારસ વકીલ અથવા મુખત્યાર દસ્તાવે કરી આપ્યાનું કબુલ કરશે અથવા દસ્તાવેજ કરી આપનાર માણુસ મરી ગયું હોય અને તેના વારસ વકીલ નોધનારા અમલદારોની આગળ હાજર થશે અને દસ્તાવેજ કરી આપ્યાનું કબુલ કરશે તો નોધાનારા અમલદારે દસ્તાવેજ નોધવો.

૩૧ હાજર થયેલા માણુસો નોધનારા અમલદારની આગળ એમ કહેતા હોય કે અમે ફલાણા, ફલાણા છીએ તો તેઓ તેજ છે કે નહીં તે બાબત પોતાની ખાત્રી કરવા સારૂ અથવા આ ધારાને લગતાં વળગતાં બીજા હરકોઇ કારણ સારૂ પોતાની કચેરીમાં જે માણુસ હાજર હોય તેની જુબાની લેવાને તે નોધણીદાર મુખત્યાર છે.

૩૨ જે માણુસોએ દસ્તાવેજ કરી આપ્યાનું સમજાતું હોય તે માણુસો પૈકી કોઇ પણ, દસ્તાવેજ કરી આપ્યાની ના કહેશે અથવા સદરહુ પ્રકારનો કોઈ શક્ષ સગીર અથવા દીવાનો અથવા ગાંડો છે એવું નજરમાં આવે અથવા જે માણુસે દસ્તાવેજ કરી આપ્યાનું સમજાતું હોય તે માણુસ મરી ગયું હોય અને તેનો વારસ વકીલ તે દસ્તાવેજ કરી આપ્યાનું કબુલ નહીં કરશે તો, નોધનાર અમલદારે તે દસ્તાવેજ નોધવાની ના કહેવી.

ભાગ ૭ મો.

દસ્તાવેજ કરી આપનારા માણુસો તથા સાહેદો. હાજર થાય તેમ કરવા બાબત.

૩૩ દસ્તાવેજ નોધવા સારૂ જે માણુસને હાજર રાખવાની જરૂર હોય અથવા જે માણુસના સાહેદીની જરૂર હોય તે માણુસને હાજર કરવાને નોધવા સારૂ દસ્તાવેજ રજુ કરનાર કહેતો દીવાની ધારા પ્રમાણે તેવા સક્ષને હાજર થવા તથા જુબાની આપવા માટે સમન કાઢવાને માટે નોધણી કરનાર અમલદાર મુખત્યાર છે.

૩૪ દીવાની કોર્ટમાંના મુકદમાગાં સમન બાબત તથા કમીસન બાબત તથા સાહેદોને હાજર થવાની જરૂર પડે તેમ કરવા બાબત તથા તેઓને મેહેનતનો બદલો આપવા બાબત જે વખતે જે કાયદો ચાલુ હોય તે પ્રમાણે નોધણીના કામમાં નોધણી કરનારને અધીકાર છે.

ભાગ ૮ મો.

નોંધાવવાના તથા નહીં નોંધાવવાના ફળ બાબત.

૩૫ દસ્તાવેજ નોંધ્યોછે, તે, દસ્તાવેજની તારીખથી અથવા તેમાં કહેલા વખતથી તે ચાલુ થશે અને દસ્તાવેજ નોંધવાની તારીખથી ચાલુ થશે એવું સમજવું નહીં.

૩૬ જે દસ્તાવેજને આ ધારા પ્રમાણે યોગ્ય રીતે નોંધ્યો હોય અને જે દસ્તાવેજ સ્થાવર અથવા જંગમ મીલકત બાબત હોય તે સઘળા દસ્તાવેજોને મુકાબલે આગળ તેજ મીલકત બાબતની બીજી મોંઢાની કબુલાત અથવા ઠરાવ રદ પડશે એવું સમજવું પણ તે કબુલાત અથવા ઠરાવ કરતી વખત અથવા ત્યાર પછી માલ મીલકતનો કબજો આપ્યો હશે તો તે કબુલાત અથવા ઠરાવ રદછે એવું સમજવું નહી.

૩૭ જે દસ્તાવેજ અવશ્ય નોંધાવવો જોઇએ તે દસ્તાવેજ આ ધારા પ્રમાણે નોંધાયો નહીં હોય તો તે દસ્તાવેજમાં લખેલી મીલકતને તે દસ્તાવેજ લાગુ થશે નહીં અથવા સદરહુ મીલકત બાબત કોઈ કામમાં પુરાવામાં લેવો નહીં.

૩૮ આ ધારા પ્રમાણે કોઇ દસ્તાવેજ યોગ્ય રીતે નોંધાયો હોય તો તેની આગળ તેજ મીલકત બાબત નોંધાવ્યા વગરનો બીજો કાંઈ દસ્તાવેજ હશે તે રદ પડશે પછી નોંધ્યા વગરનો દસ્તાવેજ નોંધાવેલા દસ્તાવેજ જેવો હોય કે નહીં હોય તોપણ તે વાતની ચીંતા નથી.

ભાગ ૯ મો.

નોંધનારા અમલદારના કર્તવ્ય કરમો બાબત તથા અધીકાર બાબત.

૩૯ દરેક નોંધણીદાર પાસે હેઠળ લખેલી બુક રાખવી.

૧ સ્થાવર મીલકત બાબતના દસ્તાવેજ નોંધવાની ચોપડી.

૨ નોંધવાની ના કહ્યાના સબબો લખી રાખવાની ચોપડી.

૩ પરચુરણ નોંધની ચોપડી જેમાં સ્થાવર મીલકત્ત બેરીજના બધાય દસ્તાવેજો નોંધવાના છે.

૪૦ દસ્તાવેજ રજુ કરવાની તારીખ તથા વખત યથા જગ્યા દસ્તાવેજ રજુ કરી આપતી વખત તેની પીઠ ઉપર લખવી અને દસ્તાવેજ નોંધાવવા સારૂ રજુ કરનાર માણસની સહી દસ્તાવેજની પાછળ લેવી; અને તે દસ્તાવેજ બાબત નોંધનાર અમલદારે દસ્તાવેજ આપનારને પહોચ આપવી; અને નોંધવા લીધેલા દરેક દસ્તાવેજની નકલ જે બુકમાં કરી હોય તે બુકમાં તેની નકલ વગર કારણે વાર લગાડયા વિના કરવી.

૪૧ નોંધણી કરેલા દસ્તાવેજ ઉપર નીચે લખેલી બાબતનો સેરો કરવામાં આવશે.

૧ દસ્તાવેજ લખી આપ્યાનું જે જે માણસ કબુલ કરે તે તે માણસની સહી તથા રહેવાનું ઠેકાણું.

૨ સદરહુ દસ્તાવેજ બાબત જે જે માણસની સાહેદી આ ધારાના ઠરાવ પ્રમાણે લીધી હોય તે તે માણસની સહી તથા ઠેકાણું.

૩ દસ્તાવેજ કરી આપ્યા બાબત જે નાણું અથવા માલ નોંધનારા અમલદારની રૂબરૂ આપ્યો હોય તે વાત અને દસ્તાવેજ કરી આપ્યા બાબતનો સઘળો અવેજ અથવા તે અવેજનો કાંઈ ભાગ પહોચ્યાનું તેની આગળ કાંઇ કર્યું હોય તે વાત.

૪૨ દરેક દસ્તાવેજ બાબત ઉપરની છેલ્લી કલમમાં કહેલા જે સેરા તે દસ્તાવેજની પીઠ ઉપર પોતાની રૂબરૂ જે દહાડે લખ્યા હોય તે સઘળા સેરા ઉપર નોધનારા અમલદારે તે દહાડાની તારીખ ભરીને સહી કરવી.

૪૩ આ ધારાના સંકેત મુજબ નોધનારા અમલદારે "નોધ્યો" એવો દાખલો દસ્તાવેજની પીઠ ઉપર લખવો અને જે ચોપડીમાં જે પૃષ્ટ ઉપર તે દસ્તાવેજની નકલ કરી હોય તે ચોપડીનું પૃષ્ટ ટાંકવું, ને તે દાખલા ઉપર નોધનારા અમલદારે સહી તથા પોતાનો મોહોર શીક્કો કરીને તારીખ ભરવી એટલે આ ધારામાં ઠરાવેલી રીતે તે દસ્તાવેજ યોગ્ય રીતે નોધ્યો છે તે બાબત તે દાખલો પુરાવો છે એવું સમજવું.

૪૪ ઉપર પ્રમાણે દસ્તાવેજ નોધવાનુ કામ પુરૂં થશે ત્યારે તે દસ્તાવેજ નોધવા સારૂ જે માણસે રજુ કર્યો હોય તે માણસને દસ્તાવેજ પાછો આપવો અને પોચ પાછી લેવી.

૪૫ નોધનારા અમલદાર દસ્તાવેજ રજીષ્ટર કરવાની ના કહેશે ત્યારે તે અમલદારે ના કહેવાનો હુકમ કરવો અને તેવા હુકમ કરવાના જે સબબો હોય તે પોતાની બીજા નંબરની ચોપડીમાં લખી મુકવા અને "નોધવાની ના કહી" આ શબ્દો તે દસ્તાવેજની પીઠ ઉપર તેણે લખવા અને તે દસ્તાવેજ કરી આપનારૂં માણસ અથવા તે દસ્તાવેજ ઉપરથી દાવો કરનારૂં માણસ અરજી કરે ત્યારે ઉપર કહ્યા પ્રમાણે જે સબબો લખી મુક્યા હોય તેની નકલ તેને આપવી.

૪૬ દસ્તાવેજ નોધવાને હું લેતો નથી એવો હુકમ પેટામાહાલ નોધણીદારે કર્યો હોય ત્યારે દસ્તાવેજથી સંબંધ ધરાવતા પક્ષકારે ના મંજુરીયાતના હુકમની તારીખથી ૧૫ દીવસમાં માહાલ નોધણીદારને ત્યાંહાં અપીલ કરવી.

૪૭ સદરહુ પ્રમાણે માહાલ નોધણીદારે હુકમ કર્યો હશે તો તે હુકમની તારીખથી ૩૦ ત્રીસ દિવસમાં સરન્યાયાધીસ કોરટમાં અપીલ કરવી અને આ બાબતમાં છેલ્લી અપીલ સરન્યાયાધીસ કોરટે જે હુકમ કર્યો હશે તે હુકમનામાની તારીખથી ૩૦ ત્રીસ દહાડામાં હજુર કોરટમાં અપીલ ચાલશે.

૪૮ દસ્તાવેજ થએલું હતું અને તે દસ્તાવેજની ઉપર પ્રમાણે કાયદેસર વર્તણુંક થઇ હતી એવું અપીલ કોર્ટોની નજરમાં આવે તો તે દસ્તાવેજ નોધવાને તે કોર્ટે હુકમ કરવો સદરહુ હુકમ થયા પછી ૩૦ ત્રીસ દિવસમાં તે દસ્તાવેજ નોધવા સારૂ યોગ્ય રીતે રજુ થાય તો નોધનારા અમલદારે તે હુકમ માનવો.

૪૯ નીચે લખેલું લવાજમ દસ્તાવેજો રજીષ્ટર કરવા સારૂ તેમજ આ ધારાને લગતી બીજી બાબતો સંબંધી લાગુ છે એમ સમજવું અને લવાજમ દસ્તાવેજ રજુ થતી વખતેજ લેવું.

		કો.આ.
૧	સ્થાવર મીલકત બાબત જે દસ્તાવેજો નોધાવવાની ફરજ છે તેવા દસ્તાવેજો દર સો શબ્દે	૨—૦
	ઓછામાં ઓછી ફી	૫—૦
૨	આ ધારાની કલમ ૧૨ ની પેટા કલમ ૪ માં જણાવેલ દસ્તાવેજ નોધાવવાની દર સો શબ્દે	૧—૦

ઓછામાં ઓછી ફી .... ૫—૦

૩ મરજીમાં આવે તો નોધાવવાના સ્થાવર મીલકતના દસ્તાવેજો નોધવા દર સો શબ્દે .... ૧—૦

ઓછામાં ઓછી ફી .... ૩—૦

૪ ફકત જંગમ મીલકતના દસ્તાવેજો નોધાવવાના દર સો શબ્દે........૧—૦

ઓછામાં ઓછી ફી .... ૩—૦

૫ કોઇપણ નોધ થયેલા દસ્તાવેજની નોધ નોધણી કરનાર અધીકારી ગોતી કાઢે તે બાબત દરેક સાલની નોધની ચોપડી અથવા ફેરીસ્ત જોવામાં આવે તે ઉપર .... ૧—૦

૬ કોઈ પણ દસ્તાવેજની નકલ આપવાની ફી (નકલ કરામણી લવાજમ ઉપરાંત) ....૨—૦

૭ માહાલ નોધણીદારને દસ્તાવેજ નોધવા સારૂ કોઈ ઘેર લઈ જાય તો તે બાબત ફી. .... ૫—૦

૮ પેટામાહાલ નોધણીદારને દસ્તાવેજ નોધવા સારૂ કોઇ ઘેર લઈ જાય તો તે બાબતની ફી ....૩—૦

૫૦ આ ધારો અમલમાં આવશે તે મોર થયેલા બધાં જુના દસ્તાવેજો આ ધારો અમલમાં આવ્યાની તારીખથી છ મહીનાની અંદર યોગ્ય નોધણીદાર પાસે નોધવા સારૂ રજુ કરવામાં આવશે તો આ ધારાના નીયમ પ્રમાણે તે દસ્તાવેજો નોધવામાં આવશે તોજ દસ્તાવેજ નોધ્યાથી આ ધારા પ્રમાણે જે ફળ પ્રાપ્ત થવાનું છે તે થશે નહીં તો થશે નહીં.

ભાગ ૧૦ મો.

સીક્ષા.

૫૧ આ ધારા પ્રમાણે રજુ કરેલ દસ્તાવેજની પીઠ ઉપર સેરો લખવાનું અથવા તેની નકલ કરવાનું અથવા તેનો તરજુમો કરવાનુ અથવા નોધવાનું કામ આ ધારા પ્રમાણે નીમેલા જે જે નોધનારા અમલદારને અથવા આ ધારાના કારણને સારૂ તેની કચેરીમાં ચાકરીએ રાખેલા જે જે માણુસને સોપ્યું હોય તે તે અમલદાર અથવા માણુસ કોઇ માણુસનું નુકશાન કરવાના ઈરાદાથી અથવા હું જે કરૂં તેથી નુકશાન થવા જેવું છે. એવું પોતાને માલમ હોય અને ફલાણી રીત અશુદ્ધ છે. એવું તેને માલુમ હોય અથવા લાગતું હોય તે રીતે દસ્તાવેજની પીઠ ઉપર સેરા લખશે અથવા તેની નકલ કરશે અથવા તેનો તરજુમો કરશે અથવા તેને નોધશે તો ઘણામાં ઘણા સાત વરસની ગમે તે પ્રકારની કેદની સીક્ષા અથવા દંડ થશે.

૫૨ કોઇ માણુસ હેઠળ લખેલા ગુન્હામાંનો કાંઈ ગુન્હો કરશે તો તે અને તેમાં મદદગારી કરનારને ઘણામાં ઘણા સાત વરસની ગમે તે પ્રકારની કેદની સીક્ષાને અથવા દંડને અથવા એ બેઉ શીક્ષાને પાત્ર થશે.

૧ આ ધારા પ્રમાણે કોઇ અમલદાર કામ ચલાવતો હશે ત્યારે તેની આગળ આ ધારાના ઠરાવ પ્રમાણે હરકોઇ કામ ચાલશે અથવા ચોકસી થશે

તેમાં કોઇ માણસ સમ ખાઈને કે બીજી રીતે જાણી જોઈને ખોટા મજકુર કેહેશે અને તે મજકુર દફતરમાં દાખલ કરેલો હોય કે નહીં હોય તો પણ તે માણસ.

૨ આ ધારા પ્રમાણે હદકાંઈ કામ ચાલશે તેમાં જે માણસ દસ્તાવેજની ખોટી નકલ અથવા દસ્તાવેજનો ખોટો તરજુમો અથવા નકશાની ખોટી નકલ નોધનારા અમલદારને જાણી જોઇને આપશે તે.

૩ હું ફલાણું માણસ છઉ એ રીતે કોઇ માણસ ખોટું કેહેસે અને તેમ કરીને કાંઈ દસ્તાવેજ રજુ કરશે અથવા કાંઈ વાત કબુલ કરશે અથવા મજકુર કેહેશે અથવા કાંઈ સમન અથવા કમીશન કહડાવશે અથવા આ ધારા પ્રમાણે ચાલેલા કાંઇ કામમાં અથવા ચોકસીમાં બીજું કાંઇ કૃત્ય કરશે તો, તે.

૫૩ આ ધારામાં કહેલો કાંઈ પણ ગુન્હો કર્યાની ખબર નોધનારા અમલદારને તેના હુદાના સબબથી જડે ત્યારે તે ગુન્હા બાબત ફરીયાદી શરૂ કરવી તે જે નોધણીદારના માહાલમાં તે ગુન્હો બન્યો હોય તેણે અથવા તેની પરવાનગીથી કરવી.

૫૪ આ ધારા પ્રમાણે સીક્ષા કરવા લાયક ગુન્હાનો ઇનસાફ પેહેલા વર્ગના માજીસ્ટ્રેટના અખત્યાર કરતાં ઓછો અખત્યાર ચલાવતો નહીં હોય તે કોર્ટે કરવો પણ એવું ઠરાવ્યું છે કે આ ધારા પ્રમાણે સીક્ષા ઠરાવતી વખતે સદરહુ કોર્ટે અથવા અમલદારે ચાલુ ધારા પ્રમાણે પોતાને જેટલો અધીકાર હોય તે કરતાં વધતી સીક્ષા ઠરાવવી નહીં વધતી સીક્ષા કરવા લાયક ગુન્હો છે એવું તે માજીસ્ટ્રેટને જણાયતો તેણે એ કામ સેસન કમીટ કરવું.

૫૫ નોધનાર અમલદારને નોધણીનું કામ કરતી વખતે કોઇ તીરસકાર કરે તો ૫૦ કોરી લગણ દંડ અને તે ન આપે તો પંદર દહાડા આસાન કેદ આપવા તેને અધિકાર છે.

૫૬ સદરહુ પ્રમાણે પેટામાહાલ નોધણીદારે સીક્ષાનો ઠરાવ કર્યો હશે તો તે હુકમની તારીખથી ૩૦ ત્રીસ દિવસમાં માહાલ નોધણીદારને ત્યાંહાં અપીલ કરવી. અને માહાલ નોધણીદારના હુકમ ઉપર તે હુકમની તારીખથી ૩૦ ત્રીસ દિવસમાં સરન્યાયાધીસ કોર્ટમાં અપીલ ચાલશે. અને સરન્યાયાધીસ કોર્ટના ઠરાવ ઉપર ૩૦ ત્રીસ દહાડામાં હજુર કોર્ટમાં અપીલ ચાલશે.

૫૭ આ ધારો માહારાજા જામશ્રી વિભાજી સાહેબે મંજુર કરી કલમ ૩ માં લખેલ તારીખથી અમલમાં લાવવા સારૂ પ્રસીદ્ધ કર્યો છે.

સંવત ૧૯૩૯ના બીજા શ્રાવણ શુદ ૮ વાર મંગળ તારીખ ૨૨ માહે અગષ્ટ સને ૧૮૮૨	મગનલાલ બાપુભાઇ દીવાન.

સરકયુલર નંબર ૩ સંવત ૧૯૩૯. સંસ્થાન નવાનગર સરન્યાયાધીસ કોર્ટથી.

સર્વે મુનસફ તથા ન્યાયાધીશને ખબર આપવામાં આવે છે કે દીવાની કામમાં થએલા હુકમનામા પૈકી થોડી રકમની બજાવણી દરખાસ્ત આપવામાં આવે છે ત્યારે એ દરખાસ્ત કેટલી કોરીના સ્ટાંપ પર લેવી જોઇએ એ વિશે ચોકસ નિયમ નહીં હોવાથી અડબડાટ બસ્તે મેહેરબાન દીવાન સાહેબના તુમાર બુક નંબર ૭૧૯ ના હુકમ આવવા ઉપરથી એવું

ફરમાન કરવામાં આવે છે કે આયંદેથી જેટલી કોરીની બજાવણી દરખાસ્ત પક્ષકાર તરફથી આપવામાં આવે તેટલી કોરી ને લાગુ થતાં સ્ટાંપ ઉપર તે લેવી.

સંવત ૧૯૩૯ ના શ્રાવણ વદ ૩ તારીખ ૧ માહે સપ્ટેંબર સને ૧૮૮૨ ઇસ્વી.

નારાયણ બાલકૃષ્ણ. સં. ન. સ. ન્યા.

સંસ્થાન શ્રી નવાનગરના દસ્તાવેજ નોંધણીના ધારાની પુરવણી.

કેટલાએક વેપારી લોકોએ તારીખ ૨૨—૮—૮૨ ના દરબારી ગેજીટમાં દસ્તાવેજ નોંધણીનો જે ધારો છાપ્યો છે તે વિરૂદ્ધ તકરાર અરજી દાખલ કરી તે ધ્યાનમાં લીધી તે ઉપરથી નીચે પ્રમાણે આ ધારામાં સુધારો કરવામાં આવે છે.

૧ આ ધારાની ૧૨મી કલમમાં એક વરસ મુદત ઉપ્રાંતના સ્થાવર મીલકત સંબંધી ભાડાચીઠીઓ કબુલાયતો અને પટ્ટા તેમ તેના સામા લેખો નોંધવાજ જોઇએ એમ ફરમાવવામાં આવ્યું છે તે રદ કરીને તેવા દસ્તાવેજને લખી લેનાર આપનારની મરજીમાં આવે તો નોંધાવવા એમ ઠરાવ્યું છે.

૨ તેમ આ ધારાની ૪૯ મી કલમની ૨ બીજી પેટા કલમ રદ કરવામાં આવે છે તેવા દસ્તાવેજ કંઇ પણ લવાજમ લીધા વગર નોંધી દેવા કેમકે છાપાની દસ્તુરી લેવામાં આવેજ છે તેથી આ વધારે બોજો લોકોપર રાખવાની જરૂર નથી.

૩ નવાનગર શેહેરમાં તેમ આ રાજની આખી સ્થળ સીમામાં દરબાર તરફથી ઓરડાના જે છાપાં કરી દેવામાં આવે છે તે છાપાં યોગ્ય માણુસ કોઈ પાસે ગીરવી રાખીને ખત લખી દે તો તે ગીરો ખત નોંધવાની ફરજ નથી મરજીમાં આવે તો નોંધાવવું કેમકે છાપાં ઘરેણે મુક્યાં એટલે તે ઓરડાનો કબજો સોંપ્યો છે એમજ સમજવું જોઈએ વાસ્તે આ ઠરાવનું ધોરણ ધ્યાનમાં રાખી ધારાની કલમ ૩૬-૩૭-૩૮ નો અર્થ કરજો.

આ ૩ કલમો દસ્તાવેજ નોંધણીના ધારાનો ભાગ છે એમ સમજવું.

તારીખ ૨૮ સપ્ટેંબર સને ૧૮૮૨ ઇસ્વી.

મહારાજા જામ શ્રી વીભાજી સાહેબના હુકમથી મગનલાલ બાપુભાઇ દીવાન.

સંસ્થાન નવાનગર સરન્યાયાધીશ કોર્ટથી.

જાહેર ખબર નંબર ૪

સર્વેને ખબર આપવામાં આવે છે કે કાઠિયાવાડમાં એક રૂપિઆના ૬૪ કાવડીયાં કરતાં કમતી ભાવ નહીં થવા દેવા બાબત નામદાર હિંદુસ્તાનની સરકારનો ઠરાવ નં. ૨૫૬૭ તારીખ ૧૫—૯—૮૧ નો કાઠિઆવાડ એજન્સી ગેજીટમાં આંક ૪૪ સને ૧૮૮૧ માં પ્રગટ થયેલો છે તે પ્રમાણે આ સંસ્થાનના કાઠિયાવાડના માહાલોમાં કે જ્યાં રૂપિઆનું ચલણ છે ત્યાં તે પ્રમાણે અમલમાં લાવવા સારૂં આ જાહેર ખબર પ્રસિદ્ધ કરવામાં આવી છે વાસ્તે તે વિરૂદ્ધ કોઇ ચાલશે તો તેના વિષે યોગ્ય કરવામાં આવશે.

સંવત ૧૯૩૯ ના ભાદરવા શુદ ૧ બુધવાર તારીખ ૧૩—૯—૮૨ ઇસ્વી.

નારાયણ બાલકૃષ્ણ સં. ન. સ. ન્યા.

સરક્યુલર નંબર ૪ સંસ્થાન નવાનગરના સર ન્યાયાધીસ કોર્ટથી.

સર્વે મુનસફ તથા ન્યાયાધીસને હુકમ આપવામાં આવે છે કે દીવાની કામમાં થયેલા હુકમનામાના પૈસા પ્રતિવાદી તરફથી કોર્ટ મારફત વાદીને વસુલ આપવામાં આવે તો તેની ભરપાઈ હુકમનામાં નીચે થવી જોઇએ એમ સ્થાનીક ધારાનું ફરમાન છે છતાં તે પ્રમાણે તમામ મુનસફ તથા ન્યાયાધીસો તરફથી અમલ થતો હોય એમ જણાતું નથી. એમ હાલ અમારા જોવામાં આવ્યું છે વાસ્તે આયદેથી ધારા પ્રમાણે કરવામાં કોઈના તરફથી કસુર થશે તો યોગ્ય દંડ કરવામાં આવશે.

સંવત ૧૯૩૯ ના ભાદરવા શુદ ૯ શુક્રવાર તારીખ ૨૨ સપ્ટેમ્બર સને ૧૮૮૨ ઈ.

નારાયણ બાલકૃષ્ણ સં. ન. સ. ન્યા.

સરક્યુલર નંબર ૫ સંસ્થાન નવાનગર સરન્યાયાધીશ કોર્ટથી.

સર્વે મુનસફ તથા સરન્યાયાધીશ તરફ.

સ્થાવર મીલકતના ખરીદદારે મુકરર થએલી રકમના સેંકડે ૨૫ ટકા પ્રમાણે તુરત વસુલ આપેલા હોય અને પાછળથી બાકીની રકમ મુદત પ્રમાણે આપવામાં કસુર કરે તો સ્થાનીક ધારાની કલમ ૨૨૪ પ્રમાણે અમલ કરવો જોઇએ તેમ છતાં એ પ્રમાણે અમલ થતો હોય એમ જણાતું નથી અને તેથીજ ફરી સુચના કરવામાં આવેછે કે આવે પ્રસંગે મીલકતનું ફરી લીલામ કરવાથી પ્રથમની માગણી પ્રમાણે અગર તેથી વધારે રકમ ઉપજે તો ૨૫ ટકા પ્રમાણે આવેલી રકમ પ્રથમના ખરીદદારને પાછી દઇ શકાતી નથી પણ તે દંડ બદલ જમા કરવી જોઈએ વાસ્તે આજ દીવસ સુધીમાં કાંઈ રકમ પાછી આપવામાં આવી હોય તો તે વિશે તપાસ કરી અમોને જાહેર કરવું અને આયંદેથી સ્થાનીક ધારાની કલમ ૨૨૪ પ્રમાણે અમલ કરવાને કોઇએ ચુકવું નહીં જોઈએ.

સંવત ૧૯૩૯ ના ભાદરવા વદ ૨ તારીખ ૨૯ સપટેંબર સને ૧૮૮૨ ઈસ્વી.

નારાયણ બાલકૃષ્ણ સં૦ ન૦ સ૦ ન્યા૦

સરક્યુલર નંબર ૬ સંસ્થાન નવાનગર સરન્યાયાધીશ કોર્ટથી.

અત્રે તારીખ ૨૪-૧૧-૭૭ ના દરબારી ગેઝટના પાના ૫૧ ઉપર જે સરક્યુલર **કેદીઓને ઠરાવની** નકલ આપવા વિશે છપાવેલો છે. તે પ્રમાણે કેટલાક બીજા વર્ગના માજીસ્ટ્રેટ તેમ પેહેલા વર્ગના માજીસ્ટ્રેટો પણ વરતતા નથી એ જોઇને ઘણી દીલગીરી થાય છે. વાસ્તે ફરી ફરમાવવામાં આવેછે કે આ રાજ્યના બધાય માજીસ્ટ્રેટોએ કોઇ ગુન્હેગારને દંડની અથવા કેદની સજા આપી હોય તો તે ઠરાવની નકલ ઠરાવ સંભળાવ્યા પછી ૨૪ કલાકની અંદર તે ગુન્હેગારને તેની માગણીની રાહ નહીં જોતાં વગર ખરચે આપવી. અને કયા વખતે નકલ આપી તેનો દાખલો પ્રોસીડીંગમાં છેલ્લો લખવો જોઇએ. તેમ દર માસે ફોજદારી મુકરદમાના જે ફેંસલપત્રકો આ કોર્ટ તરફ આવે છે તેના રીમાર્કના ૨૫ મા **આસનમાં** નકલ આ વખતે ગુન્હેગારને આપવામાં આવી એ બાબત શેરો લખવો.

જે માજીસ્ટ્રેટોને અપીલ સાંભળવાને અધીકાર છે તેઓએ પણ ઉપર પ્રમાણેજ અમલ કરવો એ પ્રમાણે કરવામાં કોઇ માજીસ્ટ્રેટ કસુર કરશે તો તેના વીશે હવે પછી સખ્ત વિચાર કરવામાં આવશે.

સંવત ૧૯૩૯ના કારતીકસુદ ૪ તારીખ ૧૪-૧૧-૮૨

નારાયણ બાલકૃષ્ણ સં૦ ન૦ સ ન્યા.

સરકયુલર નંબર ૧૦ સંસ્થાન નવાનગર સરન્યાયાધીશ કોર્ટથી

સર્વ માહાલોના મુનશફ તથા ન્યાયાધીશ અને વહીવટદાર તથા માહાલકારી મી૦ દીવાન સાહેબનાં નં. ૧૧૭૪ તારીખ ૨૧ માહે નવંબર સને ૧૮૮૨ ના હુકમ ઉપરથી ફરમાવવામાં આવે છે કે.

સંવત ૧૯૩૮ ના પોસવદ ૨ આંક ૧૪ ના દરબારી ગેજીટમાં આ કોર્ટથી નંબર ૬ નો સરકયુલર ખેડુની જમીનની ઉપજ ઉપર દરખાસ્ત હોય તો વહીવટદાર અથવા માહાલકારી મારફત તેની બજાવણી કરવા બાબતનો પ્રસીદ્ધ કરવામાં આવ્યો છે તેહેનો અરથ સમજવામાં વહીવટદાર અને મુનસફ વચે કોઇ કોઈ વખતે તકરાર આવેછે અને તેથી બજાવણી દરખાસ્તનો અમલ બરોબર થતો નથી વાસ્તે હવે નીચે પ્રમાણે અમલમાં લાવવું.

ખેડુની જમીનની ઉપજ ઉપર વાદી તરફથી દરખાસ્ત કરવામાં આવે ત્યારે વહીવટદારે માહાલકારી તરફ લખવું અને તેમણે ખેડુના ખોરાકનો તથા ખેડુ પાશે દરબાર શ્રીનું લેણું હોય તો તે વસુલ લેવાનો તથા દરબારી રૂકાને આધારે એ ખેડુને કોઈ વેપારીએ "ધીરેલ હોય" તોતે અપાવવાનો બંદોબસ્ત કરી બાકી વધારો રહે તે જપ્તીમાં રાખી મુનશફ અથવા ન્યાયાધીશ તરફ સંભાળી લેવા લખવું. અને પછી મુનસફ અથવા ન્યાયાધીશે તે માલ ઉપર ધારાશર બજાવણી કરવી.

સંવત ૧૯૩૯ ના કારતકવદ ૧૦ સુકરવાર તા. ૫-૧૨-૮૨

નારાયણ બાલકૃષ્ણ. સં૦ ન૦ સ૦ ન્યા.

સરકયુલર. નંબર ૧૧ સંસ્થાન નવાનગર દીવાન દફતરેથી.

સંસ્થાન નવાનગર દરબારી ગેજીટમાં સંવત ૧૯૩૯ ના બીજા શ્રાવણ સુદ ૮ મંગળવાર તારીખ ૨૨ મી માહે અગષ્ટ ૧૮૮૨ ના દીવાનના રજીષ્ટર કરવા બાબતનાં છપાવેલ ધારાને આધારે ભાયાત ગરાશીયા જીવાઇદાર ઇનામી ખેરાતી ધરમાદા વીગેરે જમીનના ગીરોના દસ્તાવેજો આંહીની મંજુરીથી રજીષ્ટર કરવામાં આવ્યાછે તથા આવશે તો જેથી કરીને તે દસ્તાવેજમાં દરબારી હક પોતા ઉપર છતાં નહીં લખેલ હોય અથવા પોતાનો હક હીસો નહી છતાં લખી દીધો હોય યા ગમે તે રીતે દરબાર હકને નુકશાન કરતા હશે તેવા દસ્તાવેજો રજીષ્ટર થયાના શબબથી દરબાર હકને વિરૂદ્ધ પુરાવામાં ગણાશે નહીં. ઉપર મુજબ અમલ થવા માટે આ સરકયુલરની એક નકલ આજમ રેવન્યુ-કમીશનર સાહેબ. તથા આજમ શરન્યાયાધીશ સાહેબ તરફ મોકલતાં સ્થાનીક ગેજીટમાં છપાવવા માટે એક નકલ છાપખાનાના આજમ સુપ્રીટેન્ડેન્ટ સાહેબ તરફ મોકલવી અને અસલ ફાઈલ દાખલ કરવો.

સંવત ૧૯૩૯ ના પોસ સુદ ૧૦ સુકરવાર તારીખ તા. ૧૯-૧-૮૩ ઇસ્વી.

મગનલાલ બાપુભાઈ **સં૦ ન૦ દીવાન.**

સરકયુલર નંબર ૩ સંસ્થાન નવાનગર દીવાન દફતરેથી.

દસ્તાવેજ નોધણી બાબતનો ધારો સં ૧૯૩૯ ના બીજા શ્રાવણવદ ૨ ના દરબારી ગેજીટમાં પ્રસીદ્ધ કરવામાં આવેલ છે પરંતુ તેમાં આપેલી મુદતને અનુસરી કેટલાક સક્ષો તે ઉપર પુરતું ધ્યાન નહીં આપી લખાવી લીધેલા દસ્તાવેજો રજીષ્ટર કરાવેલા નથી. અને હવે મુદત ગયા પછી પોતાની અણ વાકેફગારી વીગેરે કેટલાક કારણો બતાવી દસ્તાવેજને રજીષ્ટર કરી આપવાની પરવાનગી મળવા અરજીથી તેમજ રૂબરૂમાં અરજ કરેછે તે ધારાસર તો રજીષ્ટર કરી આપવાની પરવાનગી દેવી ન જોઇએ લેકીન આ ધારો નવો પસાર કરી વસ્તીને લાગુ કરવામાં આવેલ છે તેથી તેની દલીલ ઉપર ધ્યાન આપવાનું યોગ્ય કારણ જણાયાથી સદર બાબત ફરી સંવત ૧૯૪૦ ના અસાડસુદ ૨ તા. ૧ જુલાઈ સન ૧૮૮૩ ઇસ્વી સુધીની મુદત આપવામાં આવે છે માટે મુદતના અંદર જેણે દસ્તાવેજ રજીષ્ટર કરાવવાનાં હોય તેઓએ તુરત ધારાશર ઇલાજ લઇ રજીષ્ટર કરાવી લેવા. મુદત વીતે ગમે તેવું કારણ બતલાવશે તે ઉપર બીલકુલ ધ્યાનમાં આપવામાં આવશે નહીં.

સંવત ૧૯૩૯ ના વઇશાખ સુદ ૧ તારીખ ૭-૫-૮૩ ઈસ્વી.

મગનલાલ બાપુભાઇ સં૦ ન૦ દીવાન.

સરકયુલર નંબર ૪ સંવત૰૧૯૩૯ સંસ્થાન નવાનગર હજુર કોર્ટથી.

આ સંસ્થાનની દીવાની ઈનસાફ આપનારી તમામ કોર્ટમાં દીવાની ઇનસાફના ફેંસલા કરવામાં આવેછે તે ફેંસલાના પક્ષકાર અથવા પક્ષકારો નકલ મળવાની માગણી કરેછે. ત્યારે તેની અથવા તેઓની પાસેથી સહી દસ્તુરી બદલ દાવા"નાં" અંકના પ્રમાણમાં આંહીના દીવાની સ્થાનીક ધારામાં ઠરાવેલ દર મુજબ સ્ટાંપના કાગળ લેવામાં આવે છે પરંતુ જે દાવાના ફેસલામાં દાવાની રકમ મુકરર હોય નહીં અને ફકત મોઘમ બાબત ઉપરજ, ફેશલો થયો હોય ત્યારે તેવા પ્રકારના દાવાના ફેશલાની શહી દસ્તુરી શ્યા દર પ્રમાણે લેવી તે બાબતમાં કોઇ ચોકસ નીયમ બંધાએલો જોવામાં આવતો નથી. સબબ આ સંસ્થાનમાં દીવાની ઇનશાફના ફેંશલા આપનારી સઘળી કોર્ટોને ફરમાવવામાં આવે છે કે આ સરકયુલર પ્રશિદ્ધ થાય ત્યારથી જે ફેસલામાં દાવાની રકમ મુકરર ન હોય અને મોઘમ બાબત ઉપરજ ફેશલો થયો હોય ત્યારે તેવા પ્રકારના ફેશલાની સહી દસ્તુરી બદલ બે કોરીનો સ્ટાંપનો કાગળ નકલ માગનાર પક્ષકાર અથવા પક્ષકારો પાસેથી લઇ તે કાગળ ઉપર નકલ ઉતારી આપવાનો રીવાજ રાખવો.

સંવત ૧૯૩૯ ના જેઠસુદ ૧૦ શુકરવાર તારીખ ૧૫ માહે જુન શને૧૮૮૩ ઈસ્વી.

મગનલાલ બાપુભાઈ સં૦ ન૦ દીવાન.

સરકયુલર નંબર ૧૬ સંસ્થાન નવાનગર દીવાન દફતરેથી

સર્વે માહાલોના માહાલ નોધણીદાર અને પેટામાહાલ નોંધણીદાર તરફ ફરમાવવામાં આવેછે કે

નોધણીનો ધારો અમલમાં આવ્યા પેહેલાનાં જે દસ્તાવેજ રજીષ્ટર કરાવવા સારૂ રજુ થાય તેવા દસ્તાવેજોમાં નોધણી ધારાની કલમ ૧૬ પ્રમાણે વીગત લખવામાં નહીં આવી હશે તો, પણ તેવા દસ્તાવેજો નોધવા લેવા.

દરબાર શ્રી તરફથી જે છાપાં કરી દેવાગાં આવે છે તે સંબંધમાં થએલ ફારકતી- ઓ છાપાંખાનાના ઉપરી તરફથી નોધાવવાને આવે તો તેવી ફારકતીઓમાં નોધણીના ધારા ની કલમ ૧૬ પ્રમાણે વીગત જણાવી નહીં હશે તો પણ તેમજ કલમ ૧૯ પ્રમાણે મુદત ગઇ હશે તો પણ તેવી ફારકતીઓ નોધવા લેવી.

સંવત ૧૯૪૦ના માગશર વદ ૯ વાર રવી તારીખ ૨૩-૧૨-૮૩

ગગનલાલ બાપુભાઇ સં૦ ન૦ દીવાન.

સરકયુલર નંબર ૧ સં ૧૯૪૧ સંસ્થાન શ્રી નવાનગર દીવાન દફતરેથી.

સંવત ૧૯૩૬ ના ભાદરવા વદ ૨ સોમવાર તારીખ ૨ માહે સપટેંબર સને ૧૮૮૨ ના દરબારી ગેઝેટ આંક ૬ માં આ સંસ્થાનને વાસ્તે સ્ટામ્પનો ધારો પ્રસીદ્ધ કરવામાં આવ્યો છે તે ધારાની કલમ ૨૭મી માં લખ્યું છે કે ખરીદ કરેલો સ્ટાંપ એક બીજાને આપવાની છુટ છે પણ આપનારે તે ઉપર પોતાની સહી તથા દાહાડોવાર લખી વેચાણનો શેરો લખી આપવો જોઇએ પણ તે કલમનો એવો હેતુ નથી કે કોઇએ સાગટા સ્ટામ્પ ખરીદ કરી નફો લઈને અથવા નફા વગર વેંચવાનો કોઈએ ધંધો કરવો નહીં પોતાના ઉપયોગ વાસ્તે લીધેલ સ્ટાંપ કાગળ બીજા કોઇને જરૂરીયાત કારણશર ખરીદીની કીમત લઇને વેચાણનો શેરો કરી વેહેચાણ કરી વેહેચાણ કરવાને માત્ર હરકત નથી.

આ સરકયુલર વિરૂદ્ધ જે કોઇ વરતશે તે હુકમ તોડવા બાબત ફોજદારી ગુન્હાને પાત્ર થશે તેમ તેના પાસેથી જે સ્ટાંમ્પના કાગળો મળશે તે ખાલસા કરવામાં આવશે.

સં૦ ૧૯૪૧ના અસાડ વદ ૧૪ વાર સોમ તા. ૨૧ માહે જુલાઈ સને ૧૮૮૪

મગનલાલ બાપુભાઇ દ૦ નારણજી.

સંસ્થાન શ્રી નવાનગર દીવાન દફતરેથી જાહેર ખબર નંબર ૧

આ રાજ્યમાં પીવાનો દારૂ વેંચવાનો ઇજારો જુદા જુદા માણસોને આપવામાં આ- વ્યો છે તે ઈજારા શીવાએ કોઈ પણ માણસનો દારૂ લાવવા અથવા વેચવાની છુટ છે એમ સમજવું નહીં છતાં કોઈ માણસ લાવશે અથવા વેચસે અથવા તેમ કરવાને કો- શીસ કરશે કીંવા તે કામમાં મદદ દેશે તેને કાયદેસર ગુનેગાર ગણી શીક્ષા કરવામાં આવ- સે સંવત ૧૯૪૨ ના અસાડ વદ ૬ તા. ૧-૮-૮૫.

ગગનલાલ બાપુભાઈ સ૦ ન૦ દીવાન.

સંસ્થાન નવાનગર શરન્યાયાધીશ કોર્ટથી જાહેર ખબર નંબર ૬ સન ૧૯૪૨

સર્વે લોકોને જાણવા માટે આ જાહેર ખબર પ્રસીદ્ધ કરવામાં આવે છે કે માહાલ ભાણવડ તથા લાલપરની મુનસફ કોર્ટો આજ સુધી કોરી ૫૦૦૦) ની રકમ સુધીના દા- વા સાભળે છે પણ હવેથી એ બેય કોર્ટોને કોરી ૧૦૦૦૦ સુધીના દાવા સાંભળવાનો મેહે- રબાન દીવાન સાહેબના નંબર ૨૨૬૬ તારીખ ૭ જુન સન ૧૮૮૬ ના હુકમથી અધીકાર દેવામાં આવેલો છે તેથી તે કોર્ટો તેટલી રકમ સુધીના દાવા સાભળશે. સ૦ સં૦ ૧૯૪૨ ના જેઠ વદ ૧૦ તા૦ ૨૬-૬-૮૬.

કલ્યાણરાય લક્ષ્મીશંકર સ૦ ન૦ શ૦ ન્યા૦

સરક્યુલર નંબર ૧ સંસ્થાન નવાનગર સરન્યાયાધીસ કોર્ટથી.

પોસ્ટ ખાતાનો કોઇ હલકારો ફોજદારી ગુન્હામાં આવે ત્યારે તેને પકડવા બાબત કાઠીયાવાડના મે. પોલીટીકલ એજંટ સાહેબે નં૦ ૪૬૮ તા૦ ૨-૭-૮૬ નો શેરો કરેલો છે તે પ્રમાણે અમલ કરવા મે. દીવાન સાહેબે સ૦ નુ૦ બુ૦ આ૦ નં૦ ૫૬ ના હુકમથી ફરમાન કરેલું છે તેથી સર્વે માજીસ્ટ્રેટ અને પોલીસ ખાતાના અમલદારોએ તે પ્રમાણે અમલ કરવા સદરહુ શેરો આ નીચે પ્રસીદ્ધ કરવામાં આવે છે. સં૦ ૧૯૪૩ ના અસાડ સુદ ૮ તા. ૯ જુલાઇ સન ૧૮૮૬.

કલ્યાણરાય લક્ષ્મીશંકર શ૦ ન૦ ન્યાશ૦

ફા૦ આ૦ નં૦ ૬૪૮

પોસ્ટ ખાતાનો કોઈ હલકારો જ્યારે કંઇ ગુન્હામાં આવે અને તે ગુન્હો એવા પ્રકારનો હોય કે તેને તુરત પકડ્યા વીના ચાલે તેમ ન હોય ત્યારે તેને પકડ્યા બાદ તુરત નજીકના પોસ્ટ માસ્તરને અગર બીજા પોસ્ટ ખાતાના ઉપરી અધીકારીને એ બાબતના પકડનાર સ્ટેટની પોલીસ તરફથી ખબર આપી દેવા જોઇએ કે જેથી એ હલકારાનુ કામ ચલાવવાને માટે અધીકારી મોસુફ તુરત બંદોબસ્ત કરી શકે અને ટપાલના કામમાં હરકત ન આવે પણ જે ગુન્હાને માટે તોહોમતવાલા હલકારાને તુરત પકડવાની જરૂર જેવું નહી હોય તેવા કામમાં તેના જમાન લઈને (જેમ વાજબી જણાય તેવી રીતે કરીને) એ હલકારાને મુકત કરવો જોઈએ કે જેથી તે પોતાની કામગીરી ઉપર જઇ શકે અને ત્યારબાદ નજીકના પોસ્ટ ખાતાના અધીકારીઓને ખબર આપવા એટલે તાબડતોબ તે અધીકારી તેની જગોનું કામ ચલાવવાનો બંદોબસ્ત કરી તેને સ્ટેટની પોલીસ આગળ અથવા બીજા જે અધીકારી આગળ હાજર થવાનું હશે ત્યાં હાજર થવા ફરમાંન કરશે પરંતુ વગર ખબર કરે એકદમ સાધારણ ગુન્હાઓ જેમાં તેને તુરત પકડવાની જરૂર નહીં હોય તેવા કામમાં હલકારાને પકડી કેદ કર્યાથી ટપાલના કામને ભારે હરકત પોહોચવાનો સંભવ છે અને તેમ થએથી પકડનાર અધીકારી પોતાને માથે ભારે જોખમ ખેંચી લેછે માટે તે પ્રમાણે ન થવા પોત પોતાના સ્ટેટોમાં બરાબર બંદોબસ્ત કરવો જોઇએ આ શેરાના ખબર અમે પોષ્ટ ખાતાના આજમ સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબ તરફ પણ આપસું જેથી તે ખાતાના અધીકારીઓ તરફથી તોહમતમાં આવેલા હલકારાઓને વેળાસર સોંપવામાં ગેરવાજબી વીલંબ ન થવા તેઓ સાહેબ બંદોબસ્ત કરશે એમ તમામ પેહેલેથી ચોથી કલાસ સુધીના સ્ટેટો તરફ આ શેરો બતાવી કહેવું તા. ૨-૭-૮૬ મુ. રાજકોટ જે. ડબલ્યુ વાટસન સાહેબની ઈ૦ મા૦ શરી પો. એજંટ.

સંસ્થાન શ્રી નવાનગર સરન્યાયાધીશ કોર્ટથી જાહેરનામું નંબર ૨

જ્યારે કોઇ સંસ્થાન અગર તાલુકાની હદમાં લુટ થાય ત્યારે તપાસ કરનાર અમલદારે તે લુટના ખબર તુરતાતુરત આશપાસના ગામોના અમલદારોને આપવા બાબત હાલાર પ્રાંતના આજમ મેહેરબાન આસીસ્ટંન પોલીટીકલ એજન્ટસાહેબે તારીખ ૩૧ ડીસેંબર સંન ૧૮૮૫ ન. ૧૭૫૯ નો શેરો કરેલો છે જે પ્રમાણે અમલ થવા મેહેરબાન દીવાન સાહેબે ફરમાન કરતાં આ સંસ્થાનના તમામ પોલીસ અમલદારોને ખબર આપવામાં આવ્યા છે તો પણ ફરી તમામ દરબારી પોલીસ ખાતાના અમલદારો તથા પોલીસ પટેલો

ને એવી લુટનો તપાસ કરવામાં લાગતા વળગતા બીજા જે અમલદારો હશે તેઓને સુચના આપવામાં આવે છે કે નીચેના શેરાપર ચુસ્ત રીતે તેઓએ ધ્યાન આપી તે પ્રમાણે અમલ કરવામાં કસુર કરવી નહીં તેમ છતાં કસુર થયાનું માલમ પડશે તો તેમને માટે સખ્ત વિચાર કરવામાં આવશે સંવત ૧૯૪૩ ના અશાડ સુદ ૭ ગુરૂવાર તારીખ ૮ જુલાઈ સન ૧૮૮૬ કલ્યાણરાય લક્ષ્મીશંકર સ૦ ન૦ સ૦ ન્યા.

હા૦ ફો૦ આ૦ ન૦ ૧૭૯૯ નો શેરો જ્યારે કોઇ સંસ્થાન અગર તાલુકાની હદમાં કોઈ લુટ થાય અને તે લુટના પહેલા ખબર કોઇ સંસ્થાન અગર તાલુકાના જે માણસને મળે અને જે શક્ષ આવી લુટનો પ્રથમ તપાસ કરવો શરૂ કરે તેણે તુરત આસપાસના અમલદારો તથા આસપાસના બીજા સંસ્થાન તથા તાલુકાના પોલીસ અમલદારોને ખબર કાંઇ પણ ઢીલ કર્યા વગર મોકલી દેવા જોઇએ આ પ્રથમ તપાસ શરૂ કરનાર ગમેતો મોટા દરજાનો હોય તો પણ તેણે તરત આ પ્રમાણે ખબર મોકલી દેવા જોઈએ.

દાખલા માટે કોઇ લુટ શાહપોરની હદમાં બનીછે એમ ધારો તો તથા જે શક્ષ પ્રથમ તપાસ કરવા જઇ પોહોચે તેણે આશપાસનાં સંસ્થાન રાજકોટ, ગોંડલ, ગઢકા, કોઠારીઆ વગેરેના પોલીશ ફોજદારને તરત ખબર દેવા જોઇએ તેમ લોધીકા થાણદાર જે નજીકના અમલદાર છે તે તેને પણ આપવા જોઇએ.

આવી રીતે બધે ઠેકાણે આસપાસના સવસ્થાન તથા તાલુકાના ફોજદારોને ખબર તરત પોહોચાડવા જોઇએ કે જેથી તેઓ પણ તરતજ તજવીજ કરવી શરૂ કરી દે.

આવો તપાસ શરૂ કરનારે આવા ખબર ઉપર પ્રમાણે આપવા તે સિવાએ પોતાના ઉપરી અમલદારને ઇલાયદા ખબર તુરત મોકલવાની તો તેની ફરજ છે તે પ્રમાણે કરતાં ઉપર પ્રમાણે તેને વર્તવું જોઇએ.

આવા લુટના કામોમાં હમેશા આ પ્રમાણે કરવાની પુરીજરૂર છે માટે આ શેરા મુજબ બરોબર અમલ કરવા પોતપોતાના તાબાના નોકરોને શખત તાકીદ દેવા આ પ્રાંતના સ્વસ્થાનો તથા તાલુકા તરફ કહેતાં નકલો થાણદારો તથા મેંગણી મેનેજરને મોકલવી અને ઉપર પ્રમાણે કોઇના તરફથી નહીં થયાનું અમોને જણાશે તો અમે શખત વિચાર કરશું. તારીખ ૩૧. ડીસેંબર સ. ૧૮૮૫ મુ. રાજકોટ મે. ફીટઝરાલ્ડ સાહેબની અંગ્રેજી સહી. આ. પો. એ. પ્રા. હાલાર.

સંસ્થાન નવાનગર દીવાન દફતરથી જાહેરખબર.

બળદ, ઘોડા, પોઠીયા, ઉંટ, ગધેડા, પાડા વીગેરે જાનવરો જેઓ અસક્ત થઇ ગયા હોય અથવા તેમની કાંધ અથવા પીઠ ફાટી ગઈ હોય તેમ છતાં પણ તેની ઉપર નીરદયતા વાપરી તેમની પાસેથી કાંમ લેવામાં આવે છે. એવા દાખલા નજરે આવતાં એવા મુગાં પ્રાણીઓને થતું દુઃખ અટકાવવાની જરૂર છે તેથી માહારાજા જામ સાહેબના ખાસ ફરમાંનથી હુકમ કરવામાં આવે છે કે કોઇ શક્ષે એ પ્રમાણે મુગાં પ્રાણીઓ ઉપર નીરદયતા વાપરવી નહીં આ હુકમ દરબારી ગેજટમાં પ્રસીદ્ધ થયા પછી કોઇ શક્ષ એવી નીરદયતા વાપરે છે એમ પોલીસની નજરે આવસે તો એ જાનવર 'હાંકનાર અથવા વાપરનાર શખસને પોલીસ પકડી માજીસ્ત્રેટ પાસે રજુ કરશે અને એ માજી-

એટ એ શખસ ઉપર હુકમ તોડયા બાબતનું તોહોમત રાખી યોગ્ય શીક્ષા કરશે. સં. ૧૯૪૩ ના ભાદરવા શુદ ૧ વાર સોમ તારીખ ૩૦ અગષ્ટ સને ૧૮૮૬.

મગનલાલ બાપુભાઈ સ્વ. ન. દીવાન.

સંસ્થાન નવાનગર સરન્યાયાધીસ કોર્ટથી સરકયુલર નંબર ૭ સં ૧૯૪૩

મેહેરબાન દીવાન સાહેબના નંબર ૭૦૦ તારીખ ૪ અગષ્ટ સને ૧૮૮૬ ના થએલ ફરમાન મુજબ સઘળા ન્યાય તથા પોલીસ ખાતાના અમલદારોને ખબર આપવામાં આવે છે કે વેકસીનેસન ખાતાના કોઈ નોકર ઉપર કાંઇપણ ફોજદારી ગુન્હા ભરેલું કૃત્ય કરવાનું તોહોમત આવે ત્યારે જામીન લઇ શકાય તેવા ગુન્હામાં જામીન લઈ તથા જામીન ન લઇ શકાય તેવા ગુન્હાને માટે તેને અટકમાં રાખી તે બાબત તેના ઉપરી તરફ ખબર આપવા માટે અમારા તરફ સ્વીસ્તર હકીકતનો તાકીદે રીપોર્ટ કરવો અને તે પ્રમાણે કરવામાં કોઈના તરફથી કસુર થવી ન જોઇએ. સ. ૧૯૪૩ ના આસો વદ ૩ સુકરવાર તા. ૧૫ અકટોબર સને ૧૮૮૬ ઇરવી.

જાહેર ખબર રે. જા. બુ. ન. ૬.

કલ્યાણરાય લક્ષ્મીશંકર. સ. ન. સ. ન્યા. જાહેર ખબર ર. જા. બુ. ન. ૬.

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે આ રાજયમાં પીવાનો દારૂ વેચવાનો ઈજારો જુદા જુદા માણસોને આપવામાં આવેલોછે તથા હવેથી જે માણસ ઈજારો રાખસે તે ઇજારદાર પાસેથીજ આ રાજયની રૈયતે દારૂ ખરીદ કરવો. ઈજારદાર સીવાએ બીજા કોઈ પણ સક્ષ પાસેથી લેવો નહી અથવા લાવવો નહી આ હુકમ વીરૂદ્ધ વરતનારને ગુન્હેગાર ગણી સીક્ષા કરવામાં આવશે એમ જાણવા આ જાહેર ખબર પ્રસિદ્ધ કરવામાં આવે છે. સ. ૧૯૪૩ ના પોસ સુદ ૯ સોમવાર તારીખ ૩ જાનેવારી સને ૧૮૮૭.

નારણજી દુલભજી રે. ક.

સંસ્થાન નવાનગર દીવાન દફતરેથી સરકયુલર નંબર ૫ . ૧૯૪૩

આ સ્ટેટમાં દસ્તાવેજ નોધી રજીષ્ટર કરી આપવાનો ધારો દરબારી ગેજટ આંક ૬ સ. ૧૯૩૯ માં પ્રસીદ્ધ કરેલો છે તેની કલમ ૩૩માં દસ્તાવેજ નોધવા સારૂ જે માણસને હાજર રાખવાની જરૂર હોય અથવા જે માણસની સાહેદીની જરૂર હોય તે માણસને હાજર કરવાને નોધવા સારૂ દસ્તાવેજ રજુ કરનાર કહે તો દીવાની ધારા પ્રમાણેતેવા સક્ષને હાજર થાવા તથા જુબાની આપવા માટે સમન કાઢવાને નોધણી કરનાર અમલદાર મુખત્યાર છે. એમ લખેલું છે તેનો એવો અર્થ થાય છે કે જો દસ્તાવેજના લખી આપનાર માણસને પણ હાજર કરવાની જરૂર હોય તો તેને હાજર થાવાની દીવાની ધારા પ્રમાણે તજવીજ નોધણી કરનાર અમલદારે કરવી પરંતુ તેવી તજવીજ કર્યા છતાં લખીઆપનાર નોધણીદારની કચેરીમાં હાજર ન થાય અથવા લખી આપનારનો તજવીજ કર્યા છતાં કાંઇ પતોજ ન મળે તો પછી નોધવા સારૂ રજુ થએલ દસ્તાવેજને માટે શી રીતે કરવું તેનો કાંઈ નીયમ એ ધારામાં મુકરર થયેલો નથી અને તેથી બીજે વખત તેવી અડચણો આવેછે એમ સરન્યાયાધીશ સાહેબના નંબર ૩૦૯૧ના ૨૭-૭-૮૦ ના લખાણથી માલુમ પડેછે.

વાસ્તે નોંધણી કરનાર સધળા અમલદારોને આ સરકયુલરથી ફરમાવવામાં આવે છે કે નોધણીના ધારાની કલમ ૩૩ મી મુજબ દસ્તાવેજ લખી આપનાર માણસને હાજર થવાની તજવીજ કર્યા છતાં હાજર ન થાય અથવા તજવીજ કર્યા છતાં તેનો પતોજ ન મળે તો પછી દસ્તાવેજ ઉપર સાહેદી કરનાર માણસની ધારા પ્રમાણે જુબાની લઇને જે માણસે દસ્તાવેજ લખી આપ્યાનું સમજાતું હોય તે માણસે લખી આપ્યું છે કે નહીં તેની ખાત્રી કરવી અને તે ઉપરથી તેણે લખી આપ્યું છે એવી ખાત્રી થાય તો દસ્તાવેજ નોંધી આપવો.સંવત ૧૯૪૩ ના ચૈત્ર વદ ૧૦ રવીવાર તા. ૧૭ એપ્રીલ સને ૧૮૮૭.

મગનલાલ બાપુભાઇ દીવાન

સરકયુલર નંબર ૧ સંવત ૧૯૪૪ સ્વસ્થાન નવાનગર દીવાન દફતર.

દસ્તાવેજ નોંધી આપવા બાબત આ સ્વસ્થાનને માટે હાલ જે ધારો અમલમાં છે તે ધારાની રૂએ આ સ્વસ્થાનની હકુમતમાં આવેલી સ્થાવર મીલકત આ સ્વસ્થાનની હકુમત બહાર વેચાણ થાય ત્યારે તે વેચાણના દસ્તાવેજ પણ રજીષ્ટર થવાની તેમજ તે અહીંના યોગ્ય સ્ટાંપપર હોવાની જરૂર રહેલી છે પરંતુ આનજમ સરન્યાયાધીશ સાહેબના નંબર ૪૮૯ તારીખ ૨૬-૭-૮૭ ના આવેલા તુમાર ઉપરથી જણાય છે કે તેવા દસ્તાવેજ લખી આપનાર તથા લખાવી લેનાર આ સ્વસ્થાની હકુમતમાં નહીં હોવાથી તેવા દસ્તાવેજ છાપાના સંબંધથી નોધવાને આવે છે ત્યારે ઘણી હરકત આવે છે એટલે કે નોંધવામાં વાંધો આવે છે વાસ્તે એવો વાંધો નહીં આવવા સારૂ આ સરકયુલરથી નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવે છે

૧ જયારે ઉપર જણાવેલ વર્ગના દસ્તાવેજ નોંધવાને સારૂ રજુ થાય ત્યારે તે દસ્તાવેજ લખી આપનાર શક્ષ હાજર ન હોય તો તેને મુદતબંધી નોટીસ આપવી અને જો મુદતના અંદર દસ્તાવેજ લખી આપનાર સક્ષ માહાલ નોધણીદાર આગળ રજુ ન થાય અને દસ્તાવેજ લખાવી લેનારને જગ્યાનો તથા તેના કાગળીયાનો કબજો મળ્યો છે એમ માહાલ નોધણીદારની ખાત્રી થાય તો એવે પ્રસંગે દસ્તાવેજ લખી આપનારની ગેરહાજરીમાં દસ્તાવેજ નોંધી આપવાને હરકત નથી.

૨ જો ખરીદદારને જગ્યાનો અથવા જગ્યાના કાગળીઆનો કબજો જગ્યા વેચનાર પાસેથી મળેલ ન હોય તો દસ્તાવેજ નોંધી આપતાં પહેલાં દસ્તાવેજ યોગ્ય રીતે થયો છે કે નહી તેને માટે દસ્તાવેજ ઉપરનાં શાહેદીદારની જુબાની તેઓ હાજર થઇ શકે તેમ હોય તો કોર્ટના સમક્ષ અથવા હાજર થઈ શકે તેમ ન હોય તો કમીશનથી અથવા બીજી રીતે જેમ માહાલ નોધણીદારને યોગ્ય લાગે તે પ્રમાણે લેવી અને એ પ્રમાણે જુબાની લેવાથી વેચાણ ખત યોગ્ય રીતે થયાનું સાબીત થાય તો તે નોંધી આપવું.

૩ જે દસ્તાવેજ ઉપર જણાવેલ પ્રસંગે નોંધી આપવામાં આવે તે દસ્તાવેજ જો અહીંના સ્થાનીક સ્ટામ્પપર લખાએલો ન હોય તો નોંધી આપ્યા પહેલા સ્ટામ્પ ફીની રકમ દસ્તાવેજ લખાવી લેનાર અથવા નોધવા માટે રજુ કરનાર શક્ષ પાસેથી વસુલ લેવી.

૪ લખી આપનારને હાજર થવાની જે નોટીસ કરવી પડે તેનું અને સાક્ષીનુ પ્રોસેસ ખરચ તથા ભથા વીગેરેની રકમ દીવાની ધારાના નીયમને અનુસરી દસ્તાવેજ લખાવી લેનાર અથવા નોંધવા રજુ કરનાર સક્ષ પાસેથી વસુલ લેવી.

માટે તે ઠરાવ પ્રમાણે નોધણી ખાતાના અમલદારોએ અમલમાં લાવવું.

સંવત ૧૯૪૪ના ભાદરવા સુદ ૧૩ વાર બુધ તારીખ ૧—૯—૮૭

મગનલાલ બાપુભાઇ સ્વ. ન. દીવાન.

સંસ્થાન શ્રી નવાનગર દરબારી ગેઝેટમાં પ્રસિદ્ધ થએલા હુકમો તથા સરકયુલરો.

વહીવટી બાબત.

પુસ્તક પહેલું.

સરકયુલર સંવત ૧૯૨૩—૨૪

ખેડુ લોકો પાસેથી અનાજ વગેરે દરબારી હક લેવાનો જુનો ધારો હતો તે ફેરવી નવો ધારો સંવત ૧૯૨૨ ના માહા શુદ ૬ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે અને તે રીતીથી કાંઈ વધારે ન લેવા મહારાજા જામસાહેબની ખાસ મરજી છે, વાસ્તે પ્રત્યેક માહાલના વૈવટદારે એ ધોરણ મુજબ ચાલવું તેમાં તફાવત થએ હુકમના અપમાનનો જવાબ રહેશે.

હરેક ખેડુતે એ ઠરાવથી વધારે આપવું નહી.

ભગભાનજી કરમશી મુખ્ય દીવાન.

પુસ્તક ૨ જું.

રેવન્યુસરવૈખાતુ નંબર ૧ લો સંવત ૧૯૨૫.

સરવૈખાતાના ઉપરી દ્વારકાંદાસ નંદલાલનો રિપોર્ટ તારીખ ૨૫ મી જાનેવારી સને ૧૮૬૮ મોજે નવાબેરાજા વગેરે ગામોની જમીનનું ભરત કરી તેની વીઘોટી બાંધી હકીકત સાથ આંહી તે દફતરે દાખલ થએલ છે, તેમાં કેટલીક બાબત વહીવટદારોને જાગૃત રહેવા ચેતવણી આપવાનું જણાવતાં તે મુજબ કરવા પ્રથક પ્રથક વૈવટદારો તરફ લખે તેનો પુરતી રીતે જવાબ દાખલ થયો નથી. એ બાબતનો ઘટારત વિચાર ઈલાયદો કરવામાં આવશે, પરંતુ આ સરકયુલરથી સર્વ વૈવટદારને ફરી સુચના આપવામાં આવે છે કે.

૧ દરેક ગામની સિમમાં પડતર જમીન ગામનું માપ સરખાવતાં વજનથી વધારે હોય છે એ વૈવટદારની સુસ્તીના અંગનું એક કારણ છે તો હરેક ગામે પડતર જમીન ન રખાવતાં ખેડુ વગેરેથી બંદોબસ્ત કરી ખેડાવી નાખવી.

૨ પટેલને દર વરસે ચાકરી બદલ અમુક રકમ ઠરાવેલ છે તે મુજબ નેક નૈયતથી ચાકરી કરે ત્યાં સુધી તેને દીધી જાવી.

૩ સરકારી ઝાડોની શું પેદાશ થાય છે તે ઉપર તમો બીલકુલ ખ્યાલ રાખતા નથી એમ વહીવટ તપાસતાં માલમ પડે છે, તેમ ન ચલાવતાં ફળકુપ અને ફળ રહિત ઝાડોની ઉપજ ઉપર હમેશાં સુરત રાખવી.

૪ કેટલી જમીન ખેડાશે, અને કેટલી પડતર રહેશે તેનો તપાસ કરી જેઠ શુદ ૨ ની અંદર પત્રક મોકલવું.

૫ કોઇ ખેડુએ જમીન મુકી અથવા રાખી તેની વીગત સહીત પત્રક મોકલવું.

૬ ખેડુતોની ખોટથી અગર કોઇ બીજા કારણથી જમીન પડતર રહે તો તેમાં ઘાસ રાખવું અને તેવી જમીનનું પત્રક ભાદરવા શુદ ૨ ની અંદર મોકલવું.

૭ જે ઘાસ રાખવામાં આવ્યું હોય તેનું વેચાણ કરી કયા નંબરના ખેતરની કેટલી ઉપજ થઇ તેનું પત્રક મોકલવું.

૮ કયા ખેતરના કેટલા વીઘામાં શું મોલ વવાણા છે તેનું પત્રક કારતક શુદ ૨

સુધીમાં મોકલવું.

૯ ખેડુતો ગાલ તૈયાર થાય ત્યારે તેના જામીન લઈ વાઢવા આપવો અને એનું એક પત્રકમાં (જાગીન) રાખવું.

૧૦ કોઈ ખેડુતને પાલવે તો તેને આખું ખાતું મુકી દેવા છુટ આપવી, ને નવું રાખવું હોય તો આખું ખાતું આપવું.

૧૧ ગરાશીઆની જમીન બીજા ખેડુ ખેડતા હોય તે ઉપરનો દરબારી હક સંભાળી લેવો.

૧૨ ખેડુના ખાતામાં જે જે નંબરોનાં ખેતરો આવેલાં છે તે તમામ ખેડવાં, નહીં તો પડતર રહે તેની વીઘોટી લેવામાં આવશે એવી તાકીદ કરી જમીન પડતર ન રખાવવી.

૧૩ કેટલાક ગામોમાં દરબારી પડતર જમીન ગરાશીઆ લોકો પોતાની જમીન સાથે મેળવી લે છે તેથી બીજી વખત તકરાર ઉઠે છે તો તેમ ન થવા પકકી સુરત રાખવી.

૧૪ નંબરવાર ખેતરો મળી ન જવા વાસ્તે દરએક ખેતરોની વચમાં શેઢા રખાવવા.

૧૫ ગામોની દેખરેખ રાખવા વીઘોટી બંધાએલા દરેક ગામે એક ચોકીદાર અગર હવાલદાર રાખવો.

ઉપર પ્રગાણે અમલમાં લાવતાં દરેક વર્ષે ગાગેલાં પત્રકો મુદતસર આંહી મોકલતાં જવાં તેમાં જેના તરફથી કસુર માલમ પડશે તેને વાસ્તે ઘટારત વિચાર કરવામાં આવશે. સંવત ૧૯૨૫ ના પોષ વદ ૧૩

ભગવાનજી કરમશી મુખ્ય દીવાન.

પુસ્તક ૬ ઠું.

સરકયુલર સંવત ૧૯૨૯.

સર્વ મહાલના વહીવટદારને ખબર આપવામાં આવે છે, કે ખેડુ લોકો પીત મોલ કરવાને વાસ્તે તળથી નવો કુવો ખોદાવી નવાણુ કરે તેને દરબાર તરફથી અમુક રકમ આપવાને વાસ્તે આજ દિવસ સુધી રિવાજ ચાલતો હતો, પરંતુ તેનો કોઈ એક સરખો ચોકસ ધારો પ્રસિદ્ધ કરેલ નહીં હતો.

હાલ કેટલાક ખેડુ લોકોએ આબાદી કારકુન પાસે નવાણુ ગાળવાની ખાએશ બતાવી, તેથી આબાદી કારકુને અમને જાહેર કર્યુ તેથી અમોએ મેહેરબાન મુખ્ય દીવાનજી સાહેબ તરફ અરજ કરે મહારાજા જામસાહેબના ખાસ ફરમાનથી તા. ૨૩ મે સન ૧૮૭૩ નંબર ૫૧ નો હુકમ અમને મળ્યો છે જેથી હુકમ કરવામાં આવે છે જે.

કોઇ પણ ગામના ખેડુ લોકો નવું નવાણુ ગાળે, તેને શેરડીના વાડ વગર ઘઉં અગર કમોદ બેમાંથી જે મોલ વાવે તેનું એક પાણું પાળી દેવા તેને લેખ કરી આપવો.

એક વહીવટદારે લેખ કરી આપ્યો હોય તે પછી તે જગોથી તેની બદલી થાય, તોપણ નવા આવતા વહીવટદારે તે લેખ ઉપર ધ્યાન આપી, તેમાં લખ્યા પ્રમાણે પાણું પાળી દેવું.

આવી રીતના જે જે વહીવટદાર તરફથી ખેડુને લેખ કરી આપવામાં આવે તેનું

મહીને મહીને અમારા તરફ પત્રક મોકલતાં જવું સંવત ૧૯૨૯ ના વૈશાખ વદ ૧૪ તારીખ ૨૪ મે સન ૧૮૭૩.

પોપટ વિ. વેલજી રેવન્યુ કમીશનર.

પુસ્તક ૭ મું.

સરક્યુલર સંવત ૧૯૩૦. નવાનગરના મુખ્ય દીવાન દફતરેથી.

મુંબઇ અને સિંધ વચ્ચેની મુસાફરી કરનારાં વહાણો તોફાનના સબબે કચ્છને બંદરે જાય તેની જગાત નહીં લેવા કચ્છના આજમ મહારાજા રાઓ સાહેબે પોતાના મુલકમાં ધારો પ્રસિદ્ધ કરેલો છે, તે વિષે આજમ મહેરબાન જુડીશીઅલ આસિ્ટંટ રાજકોટના સાહેબે નંબર ૪૨૬ સને ૧૮૭૩ના કાગળ સાથે સુચના આપી છે તેથી આ તાબાના બંદર ઝીંઝોડા, તથા જોડીઆ, બેડી, સળાયા, લાંબા, ખીજડીઆ, બંદર વગેરેના બંદર માસ્તર તથા વહીવટદારને ખબર દેવામાં આવે છે કે દુઃખ પામેલ વીગાએલ વાહાણ આ બંદરના કચ્છને બંદરે જાતાં કચ્છ દરબાર જગાત લેશે નહીં તેમજ તેમનાં બંદરનાં એવી હાલતનાં આવેલ વહાણુની મોરી અથવા ખુટો દસ્તુર પ્રમાણે લેતાં સિવાય જગાત માફ કરવામાં આવે છે તે ઉપર સર્વે લોકોએ ધ્યાન આપવું સંવત ૧૯૩૦ ના અશાડ વદ ૧૩ સોમવાર તારીખ ૨૬ મી જુલાઇ સને ૧૮૭૩.

ભગવાનજી કરમશી મુખ્ય દીવાન.

સરક્યુલર સંસ્થાન નવાનગર રેવન્યુ કમીશનર કોર્ટથી.

માહાલોના સર્વ વહીવટદારો તરફ.

ભાણવડ વગેરે માહાલોના આબાદી કારકુન જગજીવન હેમરાજનો રીપોર્ટ આવ્યો તેમાં ભાણવડ તાબાના ગામ મેવાસાના બ્રાહ્મણે દરબારી જમીનમાંથી પોતાનો ગરાશ કહી એક ખેતર ખેડયું ને તેની ઉપજ પોતે લઈ ગયો.

ભાણવડથી આ ખેતર ઘણું નજીક છે. વહીવટદારે તેનાં ખળાં રોકી પછી ખુલાસો આપ્યો. પણ એ ખેતર તેના કબજામાં શી રીતે કયાંથી આવ્યું. તેની કાંઇ તજવીજ કરી નહીં આબાદી કારકુને બારીકીથી શોધ કરી આ જમીન દરબારી છે તે બ્રાહ્મણે બીન હકે દબાવી છે એમ ખચીત રીતેં ખોળી કાઢી એ બાબત વહીવટદાર તરફ પૂછયું ત્યારે તેણે પાંસરો જવાબ આપ્યો નહીં.

વહીવટદારો મહાલમાં જઈ ચાલતી રશમ પ્રમાણે વહીવટ કરવાનું કામ ચલાવે છે, હલકી પાતળી જમીન સુધારવી, પડતર ખેડાવવી, જમીનનું દબાણ નહીં થવા દેવું એ ઉપર તો કાંઇ ધ્યાન આપતા નથી બલકે એ કામ માહાલોના ન્યાયાધિશોનું છે. એમ સમજી તેનો બોજો તેના તરફ રાખે છે. સારી રીતે ધ્યાન આપી સમજવાનું છે કે જમીન સંબંધી જેટલી કેળવણી કરાવવી તથા તેમાંથી ફાયદા મેળવવા કોશીશ કરવી, તેના ઉપર દેખરેખ રાખવી એ સંપૂર્ણ રીતે મેહેસુલ કરનાર અમલદારના તરફ જોખમ રહ્યું છે, ને આ સંસ્થાનમાં તેવા અમલદાર વહીવટદારો છે.

જમીન પડતર રહેવા ન દેવી, તેમજ દરબારી જમીન કોઈ નહીં દબાવે તેવી પકી દેખરેખ રાખવી, નબળી જમીનમાં ખાતર પૂરાવી સારી હાલતમાં લાવવી, વગેરે જેમ જમીનમાંથી રાજ હકને નફો થાય તથા ફાએદા મળે તેવા સાધનો મેળવવા તરફ વહી-

વટદારોએ પૂરી રીતે ધ્યાન આપવું. તેમાં કસુર થવાના જોખમદાર તેને ગણવામાં આવશે. સંવત ૧૯૩૦ ના અશાડ વદ ૧૪ બુધવાર તારીખ ૨૩ જુલાઇ સને ૧૮૭૩ મુ. નવાનગર.

પોપટ વિ. વેલજી રે. કમીશનર.

સરક્યુલર રેવન્યુકમીશનરની કોર્ટથી.

સંસ્થાન નવાનગર તાબાના તમામ માહાલોના વહીવટદારો તરફ.

આજગ મેહેરબાન મુખ્ય દીવાન સાહેબને દફતરેથી સરકયુલર હુકમથી તમોને ખબર આપવામાં આવેલ છે કે જે ગામના ખળાં જે વખત ભરવામાં આવે તેજ વખત તેનો ખેડુવાર વહીવટ ગામના તલાટીને જીનસવાર ઉતરાવી પટેલને સમજાવી પટેલ તલાટીની સહી સમેત રિપોર્ટ કરવો.

આ સરક્યુલર પ્રમાણે અમલ થતો હોય એમ હાલ જે અમારા રૂબરૂ કેટલાક કામ ચાલ્યાં તેથી તેમજ પ્રગણાગાં જે આબાદી કારકુનો ફરે છે તેનાં લખાણ આવવાથી માલુમ પડતું નથી જેથી અમે સુચના આપીએ છીએ કે,

વહીવટદારોએ જે જે ગામના ખળાં જે વખત ભરવાં તેજ વખત તેજ ખળે જે જનસી જે ખેડુતની જેટલી બાબત જે આવી હોય વ બાબતવાર ભરત સુમાર સહિત ગામના પટેલને પાસે રાખી સમજાવી તલાટીના ચોપડામાં દાખલ કરાવવી, ત્યારબાદ બીજું ખળું ભરવાનું કામ શરૂ કરવું.

આ વાતમાં તફાવત કરનાર શ્રી દરબારનો ગુનાહીત ગણાશે તેને વાસ્તે દરબાર સખ્ત વિચાર કરશે. સંવત ૧૯૩૦ ના કારતક સુદ ૯ વાર બુધ તારીખ ૨૯ માહે અકટોબર સને ૧૮૭૩ ઈસ્વી મુ. સોંઢાણા.

પોપટ વિ. વેલજી રેવન્યુ કમીશનર.

સરકયુલર સંસ્થાન નવાનગર રેવન્યુ કમીશનર કોરટથી માહાલના તમામ વહીવટદારો તરફ ખબર આપવામાં આવે છે કે,

કેટલીક જગોએ અમે નજરે જોયું તેથી એમ માલમ પડયું કે વજે ભરવાનું અને વેચાણ ભરવાનું માપ જુદું જુદું છે વેચાણ કરવાના માપથી વજે ભરવાનું માપ સરખાવતાં એક કલશીએ પાંચ માપ વધારે થયા આ ફકત માપની ભરતરી સુમારમાં ઉજલો વધારો દીસતો છે પરંતુ સટાંક માપ ભરે અગર મુઠી ચપટી લે તેનો વધારો તો તેથી જુદો હોવો જોઇએ, એ વધારો વહીવટદારો પોતાના વધારાગાં બતાવે છે એમ અમને ખાતરી થતી નથી.

જો આ વાતનો પ્રગણાવાર તપાસ કરીએ તો ઉપર લખ્યો વધારો આગલી સાલનો સર્વે વહીવટદાર પાસેથી મુજરે લેવો જોઈએ;

હવે તે વાત મહારાજા જામસાહેબની હજુરમાં રોશન કરી હુકમ ફરમાવ્યા પ્રમાણે બધાને જાહેર કરશું પણ આ સરકયુલરથી સર્વે વહીવટદારોને ખબર આપીએ છીએ કે નગરની સાડી પાંચ પાલીનું એક માપ નવાનગરથી બધા માહાલોમાં મોકલવામાં આવ્યાં છે તે માપથીજ વજે ભરવો અને જે વખત વજે ભરવો તે વખત ટાંક નહીં મૂકતાં વગર ટાંકે ભરવો. જેના પાસે માપ કમતી જાસતી હોય તેણે અમને ખબર લખી મોકલ-

વા અગર જેને બરાબર છાપેલ માપની ખપતી હોય તેણે અમને લખી મોકલવું, એટલે તેને અમે છાપેલ માપ આપીશું.

આ અમારો હુકમ પહોંચ્યા પછી કોઈ માપમાં દગલબાજી રાખશે અથવા અમે માપ પકડશું તો તેની પાસેથી ભારે જવાબ લેવામાં આવશે જે માપે વજે ભરવો તેજ માપે વેચાણ કરવું.

વજેનો ગંજ થાય ત્યારે તે ગામનો પટેલ તલાટી અને ભરનાર માપારો અને ખુદ વહીવટદાર એ ચારે ભેળા થઇને ગંજ ઉટાંકવો, ગંજ ઉટાંકી જે જે જનસી હોય તે તે જનસીના કુલ માપની નોંધ કરવી અને તે દાણો ખુદ માહાલની વખારે મોકલવો, ગાડું ભરવું તે સાઠ માપનું ભરવું, તેથી કમતી જાસ્તી ભરવું નહીં તેનો ગાડા મેળ પટેલ, તલાટીને ત્યાં રાખવો.

વખારે ગાડાં આવે ત્યારે મોદી અગર કંદોઇને ત્યાં જ્યાંથી તેને ખાવાનું અપાવતા હો તેને ત્યાં ગામ મેળ આસામીવાર નામ નવેશી નોંધ રાખવો.

દરબારી માલનું જે વેચાણ થાય તે ઉપર સત એકે ટકો ૧। સવા માંડવીઓ જગાતનો લે.

બહાર ગામ લઈ જાય અગર ગામમાં કોઇ લે તેની પાસેથી માંડવીઓ સવા ટકો જગાત લે ને તેનો બરાબર હીસાબ માંડવીઓ રાખે.

માંડવીઆને ત્યાં બરાબર હીસાબ નહીં રાખ્યો હોય, અગર નહીં મંડાવ્યો હોય તે પ્રગણાના વહીવટદારે દગાબાજી કરી એમ ચાર્જ રાખવામાં આવશે.

કાલાંનો વજે કાઢતી વખત અમને એવું માલમ પડયું છે કે અઢીમણનું એક તોલું તે ઉપર અઢીશેરી મુકી કેટલાક પ્રગણામાં જોખ કરે છે, અને તે અઢીશેરનો વધારો હોવો જોઈએ તે વધારો વહીવટમાં મંડાતો હોય એમ અમને ખાત્રી થતી નથી, વાસ્તે આજની તારીખથી બત્રીશ દોકડાભાર એક શેર એવા પચાશ શેરનો એક મણ એવા અઢી મણનું એક તોલું બરાબર કરી જોખ કરવો તેથી ઉપર કાંઇ તોલું રાખવું નહીં.

એક તોલાં ઉપર દગલબાજી કરી કોઇ ધડુકી બાંધશે અગર વધારો લેશે તો તેને શ્રી દરબાર ગુન્હેગાર ગણશે.

કાલાંનો વજે કાઢતાં સુખડી અથવા ઉપની અથવા કોઇ બીજો હક દરબારનો હોય તે પ્રમાણે લેતાં સર્વનો એક ગંજ કરવો, કુલ ગંજ થયા પછી પટેલ, તલાટી, માંડીઆ પાસે રાખી, તે કુલ ગંજ તોળી તેનો કુલ આંકડો કરી ઉપર લખેલા બધા શખશોની સહી લેવી અને તે સહી લીધા પછી વેચાણ ગામડાંમાં કરવાનું હોય તો ગામડામાં કરવું ને ખુદ માહાલમાં કરવું હોય તો ત્યાં કરવું.

જે માલનું વેચાણ કરવું તે શરે જાહેર વેચાણ કરવું અને તે વેચાણ પટેલ માંડવીઓ પણ જાણે, છુપકીથી વેચાણ કરવું નહીં.

વેચાણ કરતી વખતે પોતાની પાડોશનું બીજું પ્રગણું હોય તો તેનો ભાવ તે પ્રગણાના કારભારીને લખી મંગવવાનો ને તે ઉપર સુરત રાખી શ્રી દરબારનો જવાબ આવ્યા પ્રમાણે વેચાણ કરવું.

કાંગ, બંટી, તલ વગેરે એવી પરચુરણ ચીજ જાર બાજરાનાં ખળાં ભરવા પહેલાં,

ઉટાંકી ખેડુ લોકોને આપવામાં આવે છે તે જે વહીવટદાર અથવા તેના તાબાનો મેતો ઉટાંકી દેવાને ગયો હોય તેણે ખેડુવાર ખરડો કરી તેમાં પોતાની નીચે સહી કરવી તથા તે ખરડા નીચે તે ગામના પટેલ, તળાટીની સહી લેવી અને એક ખરડો પટેલને આપી જારનારે તથા વહીવટદારે અગર જેણે ઉટાંક કર્યો હોય તેણે પોતાની સહી કરવી આ ખરડો એમજ કાયમ રાખવો, ચોપડામાં માંડયા પછી પણ ફાડી નાંખવો નહીં અને વજે કાઢતી વખતે પણ ખરડો વહીવટદારે સાથે રાખી વજે કાઢવો.

વજે કાઢવાનો ખડડો થાય છે તે બરાબર રીતે સંભાળી રાખવો.

શ્રી દરબાર અથવા અમલદાર જેવારે માગે તેવારે હાજર કરવો.

વજે કાઢતી વખત જે ખરડો થાય છે તે ખરડો પટેલ તલાટીપાસે રાખી ખેડુવાર આ દાણો આવ્યો. તેની તેને સમજ આપી તેની નીચે તેજ રોજ પટેલ તલાટીની સહી તથા પોતે સહી કરી પટેલને ખરડો દેવો.

આ સરકયુલર બરાબર રીતે ધ્યાનમાં રાખવો, આમાં કોઈ તફાવત કરશે તો એક હજાર કોરી દંડ સીવાય જુદો વિચાર કરવામાં આવશે.

સંવત ૧૯૩૦ ના કારતક સુદ ૧૪ તા. ૩ નવેબર સને ૧૮૭૩ ઇસ્વી.

પોપટ વી. વેલજી રે. કમીશનર

પુસ્તર ૯ મું.

સંવત ૧૯૩૨

જાહેર ખબર.

સંસ્થાન નવાનગર દીવાન દફતરથી.

અમારા જોવામાં આવેલું છે કે જે વહીવટદારો પ્રગણામાં વહીવટના કામ ઉપર જાય છે તે પોતાની મરજીથી દરબારી સીલકમાંથી પોતાને ખાતે અવેજ લઇ જાય છે એટલુંજ નહીં પણ હીસાબી દફતર તપાસતાં એવું માલુમ પડયું કે પાછલા વરસોનો કેટલોક અવેજ માહાલદારો પાસેથી પાછો લેવાની પણ કાંઈ તજવીજ કરવામાં આવી નથી જેથી તે વસુલ લેવાનું કામ હાલ ચાલે છે પરંતુ આ વાત ઘણીજ ગેરવાજબી છે જેથી સર્વ મહાલોના વહીવટદારોને જાહેર ખબરથી ચેતવણી આપવામાં આવે છે કે કોઇએ દરબારી અવેજમાંથી પોતાના ખાનગી કામમાં હુકમ શિવાય કાંઇ પણ ઉપાડ કરવો નહીં હુકમ વિરૂદ્ધ કોઇ કરશે તો એક ટકાના વ્યાજ સાથે નાણાં એકદમ વસુલ કરતાં સિવાય સખત ઈલાજ લેવામાં આવશે. સંવત ૧૯૩૨ના કારતક વદ ૧૧ બુધવાર તા૦ ૨૪ નવેંબર સને ૧૮૭૫

પોપટ વી૦ વેલજી દ૦ શોમચંદ દીવાન.

જાહેર ખબર.

નંબર ૪૧

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે બહારના ગામડામાં રેહેનારા ખેડુત તથા ઉભડ લોકોને રહેવાનાં જે ખોરડાં છે અને જેના પાસે તે ખોરડાના મોર છાપાંના કાગળ નથી તેવી મીલકત શ્રી દરબારી ગણવામાં આવે છે વાસ્તે મોર છાપાં વિનાના ખોરડાં કોઇએ અઘાટ અથવા ગીરવી રાખવાં નહીં આમ છતાં કોઈ રાખશે તો શ્રી

દરબારથી નામંજુર થાતાં આવો દાવો કોઈ કોરટ સાંભળશે નહીં અને ખોરડાં ઉપર દી-ધેલ નાણું રદ જાશે. સંવત ૧૯૩૨ના ચૈતર સુદ ૧૫ તા. ૯—૪—૭૬.

પોપટ વી. વેલજી દીવાન.

કસ્ટમખાતું.

સરકયુલર સંસ્થાન નવાનગર મુખ્ય દીવાન દફતરથી. નંબર ૩૭

કષ્ટમખાતાના ઉપરીના જાહેર કરવાથી માલમ પડે છે કે બહાર ગામથી કીનખાપ તથા સોનેરી છેડા અને તુઈ દોરા ઇત્યાદી માલ દાણ ચોરીથી ગામમાં આવે છે આ વાત ઉપરથી સર્વ લોકોને જાહેર ખબર આપવામાં આવે છે કે બહાર ગામથી આવી જાતનો જે કોઇ માલ લાવે તે માલ માંડવી એ રજુ કરવો એટલે જગાતના ઉપરી તેને એક છેડે પોતાનો સીકો મારશે. માંડવીઆના સીકા વિનાનો આવી જાતનો બહાર ગામનો જે માલ હશે તે પણ ચોરીનો છે એમ સમજીને માલ ખાલસા કરવામાં આવતાં શિવાય સજાને પાત્ર પણ તે ધણી થશે.

સંવત ૧૯૩૨ ના ચૈત્ર સુદ ૧૨ ગરૂ તા. ૬—૪—૭૬ ઈસ્વી.

પોપટ વિ. વેલજી દીવાન

રેવન્યુખાતું.

સરકયુલર નંબર ૭૨ સંસ્થાન નવાનગર રેવન્યુ કોર્ટ તરફથી.

મજકૂર સંસ્થાના મહાલોના વહીવટદાર વગેરે અમલદાર અને સર્વ લોકો તરફ—

આંબા વાવવાનો ધંધો લોકોને કરવો હોય તેણે દર આંબે અમુક રકમ ઉધડ તથા અ-મુક હીસો રાજ ભાગનો ઠરાવ કરી રેવન્યુ કોર્ટ અથવા વહીવદાર મારફત દરબારી લેખ મેળવી આંબા વાવવા હુકમ પ્રસિદ્ધ રીતે હાલ ચાલતો છે ને તે પહેલાં પણ લોકોએ લેખ મેળવી આંબા વાવ્યા છે અને કેટલાકોએ અજાણપણે લેખ લખાવ્યા નથી તેથી તેના વેચાણ સટાણ વગેરેમાં હરકત આવ્યાનું સાહેબ મેહેરબાન દીવાનજી સાહેબને જા-હેર થતાં અમને ગયા ચૈત્ર વદ ૧૩ શુકરવાર તા૦ ૨૧ મી એપ્રીલ સને ૧૮૭૬ મુ. જા-વક નં૦ ૬૬૩ ના હુકમથી ફરમાવતાં આ સરકયુલર પ્રસિદ્ધ કરવામાં આવે છે કે—

૧ આજ સુધી જે લોકોએ આંબા વાવી લેખ મેળવ્યા ન હોય તેણે પોતાની હ-કીકત વહીવટદારને જાહેર કરી આંબો ફળ્યા પછે દર ઝાડ એકે કોરી ૪ ઉધડી અથવા પાંચમે ભાગે દેવાનો ઠરાવ કરાવી રીતસર રેવન્યુ કોર્ટ મારફત સહીસોતો લેખ મેળવવો.

૨ જેના પાસે લેખ નહીં હોય તે ધણી તે આંબનું વેચાણ, સટાણ કરે તો વહીવ-દારે આ કોર્ટ દ્વારા દીવાન દફતરની મંજુરી મેળવ્યા વિના લેનાર દેનારને માલેક ગણી નવેસર લેખ કરી આપવો નહીં.

૩ હવે પછે જેને આંબા વાવવાની ખવાએશ હોય તેણે ઉપલા બેમાંથી જે પ્રકાર પોતાને પસંદ આવે તે પ્રકારના ઠરાવનો લેખ ઉપર મુજબ મેળવ્યા કરવો.

૪ આંબાનું ઝાડ ફળવાંન અને ઘણું ગુણવાન કીમતી જાણી તે ઉત્તેજન આપવાના ઉતે-જન માટે તેની સાથે લાગેલાં બીજાં ફળવાન ઝાડ તથા બકાલાંની ઉપજમાંથી દરબારથી ગણુવટ કરવામાં આવે છે માટે આંબા વાવવાનું કામ નફાકારક જાણી ઉલટભેર સહુએ કરવું કરાવવું.

૫ આંબા વાવતાં વેત લેખ કરાવે તો વધુ સુગમતા છે, કદાપી અજમાએશની ખાતર બે ત્રણ વરસ સુધી તેની ઉગગણુ જોયા પછે લેખ કરાવશે તેની હરકત નથી પણ અવલ આખર લેખ કરાવ્યા વિના જેણે આંબા વાવ્યા હશે તેની ખરી માલેકીનો હકદાર ગણવામાં આવશે નહીં.

આ સરકયુલર વિરૂધ ન ચાલવું તેમજ આંબા વાવવા તથા ઉછેરવાના કામમાં કોઇએ પછાત ન રહેવું એમ અમારી સહુ લોકો પ્રત્યે સુચના છે તે ઉપર વધારે નજર રાખવી ને આ વિશે કોઈને કાંઇ વિશેષ ખુલાસો માગવો હોય તો આ કોરટથી માગ્યા કરવો. સવંત ૧૯૩૨ના વઇશાક વદ ૨ ગુરૂવાર તા૦ ૧૧—૫—૭૬.

ગંગાજી ગૌરીશંકર આ૦ રે૦ ક૦

ન્યાયખાતું.

સરકયુલર સંસ્થાન નવાનગર હજુર કોરટથી નંબર ૬૨

સર્વે દરબારી નોકરો તરફ.

અમારા જાણવામાં આવ્યું છે કે દરબારી વહીવટદારો, ન્યાયાધીશો, ફોજદારો, અને બીજા નોકરો પોતાના અમલની સત્તાથી રૈયત લોકોનાં દુઝતાં ઢોર મફત પોતે દોહી ખાવાને લે છે એટલુંજ નહીં પણ તેને ખડ વગેરે પણ દરબારી ખવરાવે છે તેમજ પોતે ખાનગી ઢોર રાખે છે તો તેને પણ ખડ વગરે દરબારી ખવરાવે છે હાલમાં એવા બે કીસા હમારા જોવામાં આવતાં એ ગુન્હા પેહેલીજ વખતના જાણી તેને રેહેમીયત લાવી હલકી શિક્ષા કરવામાં આવી છે પરંતુ આયંદેમાં કોઈ પણ દરબારી નોકર તરફથી એ પ્રમાણે થએલું જોવામાં આવશે તો તેના ઉપર ફોજદારી રાહે કામ ચલાવી ઘણી સખ્ત શિક્ષા કરવામાં આવતાં તેને નોકરીથી પણ બરતરફ કરવામાં આવશે તા. ૨૭ મી મે સને ૧૮૭૬

કુમાર શ્રી ભીમસીંહજી સં૦ ન૦ હ૦ કો૦

સંવત ૧૯૩૩. પુસ્તક ૧૦ મું. રેવન્યુખાતું.

સરકયુલર સંસ્થાન નવાનગર રેવન્યુ કોર્ટથી. નંબર ૭૪

આ સંસ્થાનના સર્વે મહાલોના વહીવટદાર તથા વસ્તી તરફ હુકમ આપવામાં આવે છે કે, રાવળી જમીનના કરામાં ખેડુતો પોતે ન પોહોચી શકયાથી અથવા હરેક જુગતીથી પોતાની અવની ધરતી, વાડી તથા ખોરડાં અગર ભાગ લાગ કે કીમત નીમત કાંઇ લઇ બીજા ખેડુને આપે છે તથા સાટા સોદા પણ એમજ કરે છે એમ ઘણે પ્રકારે જાણવામાં આવે દરબાર હુકમ વિના પરબારૂં એમ ન થવા દેવાનો બંદોબસ્ત કરવા સાહેબ મેહેરબાન મુખ્ય દીવાનજી સાહેબ વઇશાક વદ ૫ તા. ૧૩-૫-૭૬ નં૦ ૭૨૫ના હુકમમાં ફરમાવે છે.

આ માટે એક બે વખત લખીત હુકમથી તમોને (વહીવટદારોને) ચેતવણી આ કોરટથી આપી પણ છે. ખાતરી પુર્વક બંદોબસ્ત થયો કે વારતવિક જવાબ તપાસ કરી લખ્યો એમ બન્યું નહીં એટલે આ હુકમ ગેજટમાં છપાવ્યો છે. ઉપલી ધાલમેલની તપાસ વહીવટદારોએ કરી તેનું પત્રક ગામ, નામ, ઠામ, અંદાજ કરાર વગેરે પુરી તપસી-

લથી બે મહીનાની અંદર બનાવી આ કોર્ટે મોકલવું અગર તે નથી થઈ તો તરતજ જવાબ લખવો ને હવે પછે એ પ્રમાણે ગોળમાલ તથા ઘાલમેલ કોઇ કરવા ન પામે તેવો બંદોબસ્ત પુરી ચીવટથી રાખવો રખાવવો.

આ કામમાં વહીવટદાર જાપરૂ રાખશે તથા વસ્તી મુદો છુપાવશે તેને કસુરદાર ગણી યોગ્ય જવાબ લેવામાં આવશે. સં૰ ૧૯૩૨ ના જેઠ વદ ૫ તા. ૧૨—૬—૭૬.

ગંગલજી ગૌરીશંકર સં૰ ન૰ રે૰ ક૰

સરકયુલર નંબર ૩.

સર્વે વહીવટદારો તરફ

હમને જાહેર થયું છે કે જે ગામોની જરીફ થઇ ગઇ છે તેના બાંણુની સંભાળગત બરોબર રહેતી નથી અને કેટલીએક જગોએ બાણુ વગેરે તુટી ભાંગી ગયાં છે આમ થવાથી જરીફ સંબંધી થયેલો ખર્ચ વ્રથા જાતાં તેનો ઉપયોગ થઇ શકે નહીં માટે આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે જે જે ખેતરોમાં અથવા ખેતરોને સેઢે બાણુ થયાં હોય તેને હળ વગેરેથી ઇજા નહીં પોહોચાડતાં તેની મુળ સંભાળ રાખવાની ફરજ એ ખેતરોના ખેડુઓની ઉપર રાખવામાં આવેછે અગર એમાં કોઈ ખેડુત કસુર કરશે તો તે બાણુ દુરસ્ત કરાવતાં જે ખર્ચ થશે તેના બમણા અવેજ સુધી તેનો દંડ કરવામાં આવશે અગર કોઇ ખેડુ પોતાની જમીનમાં પાસેની પડતર વગેરે જમીન ભેળવી લેવાને કોઈ બાણુ તદન નાબુદ કરી નાંખશે તેમ તેની નીશાની પણ નહીં જણાએ એવું કરશે તે જગોની ફરી જરીફ કરી નકશા પ્રમાણે બાણુ હતું તે જગોએ મુકરર કરવાનો જે ખર્ચ થશે તે તેની પાસેથી વસુલ લેતાં તે ઉપ્રાંત કોરી ૧૦૦ સુધી તેનો દંડ કરવામાં આવશે.

દરેક ગામના મુખી પટેલ મહીનામાં બે વાર સીમમાં આંટો દઇ બાણુની સ્થિતિની નજર રાખતા રહેવું અને દર મહીને વહીવટદારો તરફ બાણુની સ્થિતિ સારી છે એવો રીપોટ મોકલતા રેવું.

વહીવટદારોએ આ બાબતમાં કાળજી રાખી જ્યારે જ્યારે તેમનું ગાંમડાઓમાં ફરવા જાવું થાએ ત્યારે નજરમાં આવે તે ભાગના બાણુની તપાસણી કરવી અને તેમાં બરોબર જાળવણી નહીં માલુમ પડે તો તે બાબત આ સરકયુલરની પેહેલી કલમ પ્રમાણે તુરત બંદોબસ્ત કરી તે બાબતનો રેવન્યુ કમીશનર તરફ રીપોટ કરવો જે પટેલની આવી બાબતમાં સુસ્તી નજર આવશે તેનો દંડ પણ કરવામાં આવશે માટે વહીવટદારોએ પટેલોને પુરતી રીતે સમજુત આપવી. સંવત ૧૯૩૩ ના આસાડ વદ ૩ તા. ૯—૭—૭૬

પોપટ વી. વેલજી.
દીવાન.

સંસ્થાન નવાનગર રેવન્યુ કોર્ટ તરફથી.

જાહેરખબર નંબર ૪.

સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે કન્યાપડલીની ઉપજ મહાલ તથા ગામોના પ્રમાણમાં છેક કમતી આવતી જોઈ અમોને પુરો શક હતો. દરમીયાન મહાલ ખંભાળીના ગામ કંડોરણુના પટેલ વેજશીએ કન્યાપડલીની ઉપજમાંથી કોરી ૧૭ા ખાધી એવી સાબેતી વહીવટદાર મારફત થઇ છે.

દરબારી ઉપજ ખાઇ જાય તેને ટિપ વગેરે સખ્ત સજા થવી જોઈએ પણ એક

વખતને માટે દર ગુજર રાખી દિવાન દફતરના નંબર ૩૮ ના હુકમ મુજબ તે કોરી તે પાસેથી પાછી લીધા શિવાય કોરી ૫૦) દંડ લઇ એ મહાલમાં જાહેરનામું ચોડી બંદોબસ્ત કર્યો છે.

આ કન્યાપડલી બાબતને જુજ ઉપજ સમજી પટેલ તલાટી તથા કોટવાળ માહોએ નામું મંડાવી જાય છે તે ખરું છે વળી આને માફી મળવી જોઇએ આનું જમણ જુઠણ આવ્યું છે યા કોઇએ શીફારસ કરી છે એવા એવા બહાના લઈ માફ કરી દેવા રિવાજ ચાલતો હોય તે બીલકુલ બંધ કરી રાજ્ય હક તે થોડી રકમ છે તો પણ તે ઉપર પુરો વહીવટદારે આછી તરેહ તપાસ કરી સંભાળી લેવી ખરા કારણ અને મંજુરી મેળવ્યા સિવાય કોઇને પણ માફ કરવી નહીં માફીવાળાના ખરડા કારણ સહીત રિપોટ સાથે રજુ કરવા તેમાં જે કસુર કરશે અથવા ઉલરાત કરનારા છાની છુપી રાખશે યા બારોબાર ખાઈ જશે તો તેને સખ્ત સજા કરવામાં આવશે. સં૦ ૧૯૩૩ ના આશાડ વદ ૨ તા૦ ૮–૬–૭૬

મંગળજી ગૌરીશંકર રે૦ ક૦

સરકયુલર નંબર ૧૬.

સર્વે મહાલોના વહીવટદાર તથા ન્યાય ખાતાના અમલદાર તરફ.

સંવત ૧૯૩૨ ની સાલના હીસાબના વેચાણ ઉપરથી માલુમ પડયું કે ઉભક વેરા ભરતી આશામીની રેક ભેણી, હાટ, ખોરડાં તથા વાડા વગેરે બીજા આશામીને વગર વેંચાયતાં વહીવટદારે પોતાથી વેચ્યાં તથા હરરાજીમાં ન્યાય ખાતેથી અપાણા એવા બનાવ બનતા રહ્યાથી ચાલુના દરબારી હકમાં નુકશાન થાય છે તે માટે સાહેબ મેહેરબાન મુખ્ય દીવાનજી સાહેબની મંજુરી ચાલતા માસની વદ ૧૧ શુકરવાર નંબર ૨૪૫ ના હુકમમાં મેળવી હવે પછીને માટે લખું છું જે.

૧ વેરા ભરતી આશામી હયાત હોય અથવા ગુજરી ગઇ છે કે બેવારસ છે કીંવા પરદેશ જઇ રહેલ છે તે પોતાની સ્થાવર મીલકત વેરા વગેરે દરબારી હકનો ઠરાવ કાઢયા વિના તેના વારસ યા નાતજાતવાળા વેચાવતા હોય તો આંહીથી ખુલાસો મળ્યા પછી કરલા દેવી ચાલતાં સુધી વેરા વગેરે દરબારી હક ડુટવા નજ દેવો.

૨ કારણશર ખુલાસા માગવા પડે તો વખતોવખત પોતપોતાના ઉપરી દ્વારા દીવાન દફતરેથી મેળવતા રેહેવું.

૩ દરબારી માલીકીનો હક છેવટે સહુ ઉપર છે તેવી જાતની કાંઇ પણ સ્થાવર મીલકતની અયોગ્ય વ્યવસ્થા ન થાવા દેવા હમેશાં યાદ રાખવું આ સરકયુલર વીરૂધ ચાલસે તેને જવાબદાર ગણવામાં આવશે. સંવત ૧૯૩૩ ના આશુ વદ ૧૨ શની તા. ૧૪-૧૦-૭૬

મંગલજી ગવરીશંકર. સં૦ ન૦ રે૦ ક૦

રેવન્યુખાતું.

સરકયુલર નવાનગર રેવન્યુ કમીશનર કોર્ટથી **નંબર ૧૮** સર્વે મહાલોના વહીવટદાર તરફ.

લખામણીની લાગત આગલ મુતસદીને મલતી તેનો સમાવેશ જીવાઈ વગેરેમાં કરી કેટલાક કારણશર તે દરબારી ઉપજમાં દાખલ કરવામાં આવી છે તે છતાં ચીવટ રાખી રીતીસર તમો વસુલ લઇ ઉપજમાં જમા કરો છો એવી પકી ખાતરી સં૦ ૧૯૩૧-૩૨

નો હિસાબ વાંચ્યાથી થઈ નથી તે બાબત શાહેબ મેહેરબાન મુખ્ય દીવાનજી સાહેબની મંજુરી ચાલતા માસની સુદર તા. ૧૯–૧૦–૭૬ નં૦ ૨૬૫ ના હુકમમાં મેલવી ઠરાવ કરવામાં આવે છે કે.

૧ ખંભાળીયા, જોડીયા, અને સળાયા ઈ ત્રણ મહાલ તળપતનાં છાપામાં લખામણી સંબંધી ચાલતો રિવાજ કાયમ રાખી બાકીના મહાલો તથા તેનાં ગાંમડામાં છાપા ઇસ્ટાંપના કાગળ ઉપર એ બાબતના સરક્યુલર મુજબ થાય છે તેની દર છાપે કોરી ૫ પાંચ લહી મહાલની ઉપજમાં લેવા હુકમ છે તે પ્રમાણે ચલાવવું.

૨ માંડવી, ભામ, તથા બીજી હરેક જાતના ઇજારના પટામાં લખામણી સાથેલાગી લખાએ છે તે તે બાબતની ઉપજ સાથે જમા કર્યા કરવી.

૩ શીમની જમીન રેકબણી તૈયાર તથા ભોતળાં તથા ચવ અકબંધ તથા તેમાંનો કાંઇ ભાગ કે પટેલી પશાયતા તથા નવી વસ્તીની આબાદી વગેરે હરેક જાતના કરાવના લેખની લખામણી દર લેખે કોરી ૨ બે મુજબ લઇ મહાલની ઉપજ ખાતે જમા કરવી.

૪ આંબા તથા બીજા ફળવાન ઝાડ વાવવા સંબંધી લેખ છાપેલા આ કોરટથી મગાવી લઇ દેવા સરક્યુલર છે તે લેખની લખામણીની ફી દર લેખે કોરી ૨ બે લેખે લઇ આ કોર્ટે મોકલ્યા કરવી.

૫ નવાણની સુધરાવટના લેખોનું દર લેખે કોરી ૧ એક લેખે લઈ મહાલની ઉપજ ખાતે જમા કરવી.

૬ કાઠીઆવાડ ઇલાકાના ચાર મહાલ (આલકોટ, ભાડલા, શાંણથલી, બરવાળામાં) રૂપીઆનું ચલણ છે માટે ત્યાં કોરીની જગોએ રૂપીઆનો રીવાજ છે તે પ્રમાણે ચલાવવો. વખતે કોઇનું કંમપેસ કરવા જેવું હોય તો પણ રીપોટથી ખુલાસો લઇ કરવું.

૭ આખર સાલે લેખવઇ સાથે લખામણીની ઉપજની મેલવણી કરી લઇ બરોબર રીતે ઉપજમાં જમા લીધા કરવી તેમાં તફાવત નીકળશે તો જવાબદારી શીવાએ જે લખામણી રહી હશે તે તે વહીવટદાર પાસેથી મુજરે લીધામાં આવશે.

સંવત ૧૯૩૩ ના કારતક શુદ ૭ ભોમે તા૦ ૨૫—૯—૭૬.

મંગળજી ગવરીશંકર. સં૦ ન૦ રે૦ ક૦

સરક્યુલર નંબર. ૧૧૧૦

આ સંસ્થાન તાબાના કેટલાક ભાયાત અને મુળ ગરાશીઆના ગામોની માપણી થઇ બાંણ થએલાં છે તે બરોબર સંભાળથી જાળવણ રાખવા તથા ત્રણ ત્રણ મહીને નક્ષાથી મેળવવા રાજ્યસ્થાનીક સભાના અધ્યક્ષ આજમ મહેરબાન કરનલ એસસીલા શાહેબની યાદ નં. ૫૩૯ તા૦ ૧૧ નવેંબર સને ૧૮૭૬ ની આવેલી છે જે ઉપરથી ફરમાવવામાં આવે છે કે ત્રણ ત્રણ મહીને નક્ષાથી મેળવણી કરી નક્ષા પ્રમાણે બાણ કાયમ રાખવા સારૂ બાંણુ કારકુન ભાયાત કોરટના તાબામાં નીમવામાં આવેલ છે તે તપાસ કરશે અને તેણે બધાએ ગામોના બાણ તપાસી દરત્રણ મહીને ભાયાત કોર્ટમારફત એક રીપોટ અભ્યાસ તરફ મોકલવો.

પરંતુ જે જે ગામોની માપણી થઇ બાણ થએલાં છે તે તે ગામના પટેલોએ બાણ બરાબર કાએમ છે કે નહીં તેનો તપાસ રાખવો અને નાદુરસ્ત થએલ હોય તો તરત તે

ગામ જે વહીવટદારના તાબામાં હોય તેને ઝાહેર કરવું તેમજ વહીવટદારો વખતે વખત પ્રગણામાં જાય ત્યારે તેમણે પણ પોતે ચોકશી રાખવી અને ભાયાત કોર્ટે રીપોટ કરી બાણુ દુરસ્ત કરાવવાની તજવીજ કરવી.

આ બાબતનો તપાસ રાખવામાં પટેલો તથા બાણુ કારકુન અને વહીવટદારોને જોખમદાર ઠરાવવામાં આવે છે માટે જો તે ઉપર પ્રમાણે નહીં વરતી બાણુની ખરાબી થવા આપશે તો તેને ખરચે ખડા કરવામાં આવશે. સંવત ૧૯૩૩ ના માગસર શુદ ૬ તા૦ ૨૧—૧૧—૭૬.

નારાયણરાવ વાસુદેવ મુખ્ય દીવાન.

રેવન્યુખાતું.

સંસ્થાન નવાનગર રેવન્યુકમીશનર કોર્ટથી **સરક્યુલર નંબર ૬૪.**

આ ઇલાકાના સર્વ મહાલોના વહીવટદાર તથા છાપાના દરખદાર તરફ.

સાહેબ વાલાસાન મુખ્ય દીવાનજી સાહેબના તા૦ ૨ માર્ચ સને ૧૮૭૭ ના નંબર ૬૬૫ ના ફરમાનથી હુકમ આપવામાં આવે છે કે શેહેર, કસબા અને ગામડાના દરબારી ભોંતળાં અથવા ખાંચા ખુંચી કે શાહરાહ માંહેલી દરબારી જમીન લેનાર વસ્તીને દરબારથી કીમતવડીએ છાપાંની રીતે અથવા બીજે પ્રકારે ઠરાવ કરી આપવામાં આવે છે તેહેમાં સુધારા પ્રસંગી (રસ્તાસાર્વજનીક અનુભવમાં સંકડાશ) ન થવા અવલથી ચોકશી કર્યા પછી દેવી.

આ જમીન લેનાર પાસેથી અરજી લઈ જ્યાં સુધારાના અમલદાર હોય ત્યાં તેને અને ન હોય ત્યાં એક કમીટી પ્રમાણીક આબરૂદાર ગ્રહસ્થોની નીમી તેને સાથેરાખી એ જગ્યાની તજવીજ કરવી ને એક મતથી ઉપર લખ્યા અનુભવમાં અડચણ નથી એમ સીધ થાય તો તે અરજી નીચે ઠરાવ સઉની સહી સોતો લખી રીતસર લેખ તથા છાપાં ઠરાવ પ્રમાણે કરવાં અગર તેમાં તકરાર આવે અથવા કે લોકોપયોગી જગોમાં સંકડાશ પડે તેવું છે તો એક મતથી અથવા જુદા મત થાય તો તે રીતે નકસા બીજી દલીલ અને દાખલા શીખે આ કોર્ટે રીપોટ કરી ખુલાસો લેતા રહેવું.

આ સરક્યુલર વીરૂધ હવે પછે કોઇ લેખ, છાપું કરશે તો તે બહાલ રાખવામાં નહીં આવે ને તેની જવાબદારી વહીવટદાર તથા છાપાના દરખદાર તરફ ગણાશે.

સંવત ૧૯૩૩ ના ફાગણ વદ ૫ રવી તા૦ ૪-૩-૭૭

મંગલજી ગવરીશંકર. યશવંતરાવ બલવંત. સં૦ન૦જો૦રે૦કો૦

રેવન્યુખાતુ સંસ્થાન નવાનગર દીવાન દફતરથી. **જાહેરનામું. નંબર ૩૦.**

ખેડ આબાદી કરવાની ગોઠવણ સંબંધી નીયમ.

૧ ખેડુ તથા ખાતાદારોને ખબર આપવામાં આવે છે કે કેટલાએક ખેડુત જમીનનો ફક્ત વેરો આપી જમીન પડતર રાખીને અથવા જમીનમાં મોલ ઉનાળું યા મઠ યા સેમેર જાર વાવી કડબ વગેરેનો લાભ લઇને દરબારના ખરા વજે ભાગમાં નુકશાન પોહોચાડે છે માટે સં૦ ૧૯૩૪ ની શાલથી એ પ્રમાણે જે ખેડુ કરશે તે ખેડુ પાસેથી હાસલ કરીને ખડ કડબ શીખેનો ચોથો ભાગ દરબારમાં વસુલ લેવામાં આવશે ને તેનું ઇલાકેદું મત્રક વહીવટમાં સામીલ રહેશે.

૨ પડતર જમીન બીડ તથા ખડની તેમજ ખેડવા લાયક પડતર જમીન ૬ શાલ જાહેર હરાજીની રીતે પાકી નીશાં લઇ આપવામાં આવશે.

૩ નવીન ખાતાં કરવાને તથા નવીન જમીન ખેડ આબાદી સારૂ ખેડુને દેલી તે ખેડુના ગગદુર તેટલીજ આપવામાં આવશે જે ખાતામાં ખેડ કરવાની ગગદુર ઉપ્રાંતની વધારે જમીન હોય ને ખેડુ તથા ખાતાદારો નીચેની કલમ ૪ પ્રમાણે ખેડ આબાદી કરવાની ખાત્રી ન કરી આપે તો છોડાવી લેવામાં આવશે ને તે જમીનની આબાદી કરવાની ગોડવણુ પટેલ તથા વહીવટ કરનાર કરશે પણ હાલના ખેડુ તથા ખાતાદાર સરકયુલર નંબર ૨૭ તા૦ ૨૬–૩–૭૭ પ્રા૦ તે જમીનના દરબારી લાગ ભાગ બરોબર આપવા જેવી ખેડ કરતા હોય તો તે ખેડુ પાસેથી જમીન છોડાવવામાં આવશે નહીં.

૪ એક વરસની અંદર ખેડ આબાદ કરવાની હાલનો ખેડુ પાકી ખાત્રી કરી આપે તો તેટલી મુદત તેહને આપવી ને ન આપે તો એવી છોડાવેલી અથવા રાજીનામાથી મુકેલ તથા પડતર જમીનની પ્રથમ હરાજી કરી લેનારના ખાતા ઉપર ચડાવી દેવામાં આવશે.

ખડ બીડની એક શાલી હરાજી હરાજીની રીતે કરવામાં આવશે.

૫ આ જાહેર નામાની એક નકલ દરેક ગામ ખેડુ લોકોને ખબર થવા માહાલના વહીવટદારે પટેલ તરફ મોકલવી. તા૦ ૧૨—૪—૭૭

નારાયણ વાસુદેવ. મુખ્ય દીવાન.

રેવન્યુ ખાતુ. સંસ્થાન નવાનગર રેવન્યુ કમીશનર કોર્ઠથી.

સરકયુલર નંબર ૧૨૭.

નવાનગર ખુદ, જોડીયા, ખંભાળીઆ, અને તાબાનાં બંદરો બેડ, ઝીંઝોડા, સળાયા, પીડાંરા, લાંગા વગેરેમાં દેશી વેપારીઓનાં વાહાણુ માલ ભરી આવે છે તેમાં મુકરર કરેલી બંદરી હદ [જેમકે બેડીની નાળ, સળાયા જોડીયા ઝીંઝોડાના વીમાઈ ચેર] બાહર જાહાજ રાખી જે માલ ઉતારવાનો હોય તે હેલીઆં કરી ઉતારે છે તેનું કારણુ જેટલો માલ ઉતારે છે તેની જગાત આપે છે ને બાકીનો પરબારો લઇ જવો હોય તો લઈ જવાય.

આમ કરવાથી આખર મોશમે માલને નુકશાન લાગવા સંભવ છે તેથી આવેલ વહાણુ ફુડદા પરીયંત જ્યાં આવીશકે તે જગો સુધી લાવી ઉતારે તો હરકત ન આવે પરંતુ જુના રીવાજને અનુશરી કષ્ટમમાસ્તરો પોત પોતાના બંદરની ઠરાવેલી હદમાં જાહાજ આવ્યાથી તમામ માલની જકાત લે તે કશરથી વેપારી લોકો હદ બહાર વાહાણુ રાખી માલ ઉતારે છે.

આ રશમ જુની વેપારને હાની કરતા જાણી મેહેરબાન વાલાશાન મુખ્ય દીવાનજી સાહેબના હજુર ખંભાળીઆના વેપારીની અરજી ઉપરથી નંબર ૧૨૯૧ ચઈતર વદ ૩૦ શુકવાર તા૦ ૧૩–૪–૭૭ નો અમારો લખેલો અભીપ્રાય સાહેબ મોશુફ નંબર ૧૦૦૪ વઇશાખ શુદ ૯ તારીખ ૨૩–૪–૭૭ ના હુકમમાં મંજુર કરે છે જેથી હુકમ આપવામાં આવે છે કે, હવે પછી કષ્ટમ માસ્તરોએ પોત પોતાના બંદરની ઠરાવેલી હદનો આગ્રહ છોડી આપી જે વેપારીનું વહાણુ આવ્યું હોય તેને ઉપર મુજબ ફુડદા સુધી ભરતીયું વહાણુ આપવા પરવાનગી આપવી અને વેપારી પોતાની પસંદી પ્રમાણે માલ ઉતારે લેઠ–

વાની જકાત લેતાં બાકીના માલની જકાત બાબતની હરકત નહીં કરતાં મોરીની કોરી જે બંદરમાં લેવાતી હોય તે પ્રમાણે લઇ રવાના ચીઠી કરી આપવી.

આ છુટ ફકત આ તાલુકાનાં ઈલાકાના બીજા બંદરોને માટે છે તે પ્રમાણે જે વહાણ આ ઇલાકાને બીજે બંદરે જાતું હોય તેના કસ્ટમ માસ્તર ઉપર યાદ લખી ખબર આપવા કે આટલો માલ અમુક વેપારીના અમુક વહાણમાંથી આ બંદરે ઉતારી બાકીનો આટલો માલ ત્યાંના બંદરનો છ. તે ભરતીયું યા સતમી પ્રમાણે શંભાળી લેવો ને વાહાણ વાળા વેપારી લોકોએ પણ તે પ્રમાણે વર્તવું ને કાંઇ કારણશર આ ઠરાવમાં ફેરફાર કરવો જણાય તો તે કરવા દરબાર મુખત્યાર છે.

સં૦ ૧૯૩૩ ના વૈશાક વદ ૪ તા૦ ૧—૫—૭૭.

મંગલજી ગવરીશંકર, યશંવતરાવ બલવંત સં૦ ન૦ જો૦ રે૦ ક૦

પુસ્તક ૧૧ મું. સંવત ૧૯૩૪.

રેવન્યુખાતુ. સંસ્થાન નવાનગર રેવન્યુ કમીશનર કોર્ટથી. **સરકયુલર. નંબર ૬૫.**

મહાલોના વહીવટદાર તથા મહાલકારી તરફ.

હાલાર પ્રાંતના પોલેટીકલ આસિસ્ટંટ કપતાન શામાન સાહેબના તારીખ ૨૬ જુલાઈ સને ૧૮૭૭ નંબર ૧૨૭૩ ના સરક્યુલરનો અમલ કરવાને વાસ્તે ફરમાવવામાં આવે છે કે આ સંસ્થાનના હરકોઇ ગામ અથવા મહાલના શીમાડા જુદાં સુકવલીના સંસ્થાન અથવા તાલુકા કે તેના ગામો શાથે લાગેલા હોય તે શીમાડે જ્યાં નિશાન ઉભા થએલાં છે તે નીશાનથી બબે હાથ જમીન પડતર મુકી ખેડ થવી જોઇએ તે વિરૂધ જે ખેડુએ એટલે આ સ્ટેટના તરફથી કે શામા તાલુકા અથવા સંસ્થાનના ગામો તરફથી ખેડાણ કર્યું હોય તે પડતર મુકાવવું આયંદે નિશાનથી બે હાથની અંદર કોઇએ ખેડવું નહીં તથા ખેડવા દેવું નહીં આ વાતની જોખમદારી હાલ તુરતમાં તપાશી બંદોબસ્ત થવા સારૂ મહાલકારી તથા વહીવટદાર તરફ રાખવામાં આવી છે માટે દરેક શીમાડા તપાશી ઉપર મુજબ પોતા તરફથી અમલ કરતા શામે વળીઆ તરફ અમલ થવાની ફરજ પાડવા શારૂ અમારા તરફ એક માશની અંદર રીપોટ કરવા અને તે પ્રમાણે થયા બાદ હમેશને માટે ઉપર જણાવ્યા પ્રમાણે તપાશ રાખવા સારૂ ગામોના રેવન્યુ પટેલ તથા નવા સ્કેલ પ્રમાણે જે જે ગામોએ તલાટી મુકરર થયા હોય અથવા હવે પછી થાય તેને વરતંવાની ફરજ છે તેમાં જેની કશુર થશે તેને યોગ્ય શીક્ષા કરવામાં આવશે.

સંવત ૧૯૩૪ ના અશાડ વદ ૩૦ તારીખ ૮—૮—૭૭.

યશવંતરાવ બલવંત સ૦ન૦જો૦રે૦ક૦

પુસ્તક ૧૨ મું. સંવત ૧૯૩૫.

સરકયુલર નંબર ૧. સંસ્થાન નવાનગર દીવાન દફતર.

૭ માસ ઉપ્રાંતના ચાલુ કબજાની ખેડ અથવા નવાણ તથા ખેડ હકના રેહેવાની જાએગા વાડા તથા ખાતર નાંખવાની જગ્યાનો ભોગવટો જેનો હોય તેનો કાયમ રાખવાનો હુકમ હોવાને રેવન્યુ ખાતાના મહાલકારી વહીવટદાર તથા રેવન્યુ કમીશનરને આ સરક્યુલરથી અખત્યાર આપવામાં આવે છે.

આવી તકરાર અમલદાર આગળ આવે તો તેનો નીકાલનો ઠરાવ તરત કરવો ને તેજ દીવસે ફેસલાની નકલ વગર ખર્ચે દેવી.

દરજ્જે બદરજ્જે આવા ઠરાવની ઉપર અપીલ ચાલશે ને દીવાન દફતરનો હુકમ આખરનો સમજવો પ્રત્યેક ફેસલા ઉપર અપીલ આઠ રોજની અંદર કરવી.

રેવન્યુ કમીશનર અપીલ કર્યા શિવાય પણ કબજા સંબંધી હુકમ કરવાને તથા નીચલા અમલદારો પાસેથી કામ મગાવી ઠરાવ દેવાને મુખત્યાર છે.

ઉપરના ઠરાવથી દીવાની રાહે દાદ મેળવવાના હકને બાધ આવશે નહીં.

સંવત ૧૯૩૫ ના અશાડ સુદ ૭ તારીખ ૬ જુલાઇ સને ૧૮૭૮ ઇસ્વી.

નારાયણરાવ વાસુદેવ દીવાન.

સરકયુલર નંબર ૨. સંસ્થાન નવાનગર દીવાન દફતર.

આજમ મ્યુનીસીપાલ કમીશનરના રીપોટથી અને બીજી કેટલીક અરજીઓ અને તકરારો પરથી જાહેર થયું છે કે શેહેરના અંદર કેટલાક લોકોએ પોતાના ઘરની તથા બીજી ઇમારત વગેરેના છાપાંમાં નહીં લખાએલી એવી જમીન ઇમારતમાં ભેળવી ઉપયોગમાં લેછે અને તેહના પૈસા સરકારમાં આવેલા નથી તેમજ તેહનાં છાપાં દસ્તુર પ્રમાણે કરાવેલાં નથી એટલુંજ નહીં પણ તેવી જમીન ગાથે પડથાર પગથીઆં વગેરે કરી રસ્તા સાંકડા કરતાં જોવામાં આવે છે અને તેથી શેહેરના અંદર જતાં આવતાં ગાડાં ઘોડાંઓ અને બીજા જાનવરો તથા માણુસોને અડચણો હર વખત આવ્યાં કરે છે તેમાં બીજે વખતે ફોજદારી મુકદમો પણ તૈયાર કરવાની જરૂર પડે છે વાસ્તે છાપાં વગરની કહી ઇમારતો છે તેહનો તપાસ તેમજ છાપાં લખાએલ છતાં રાવળી જમીનમાં પડથાર વગેરે બાંધેલા હોય એવી કેટલી ઈમારતો છે તેનો તપાસ મ્યુનીસીપલ કમીશનરે ચુસ્ત રીતે કરવો.

વગર છાપાની ઈમારતોના છાપાં કરાવી લેવા આંહીના હુકમથી આજમ રેવન્યુ કમીશનર સાહેબે નંબર ૧૪૧—૧૬૧—૮૨ તારીખ ૨૧—૫ તા૦ ૧૯—૧૧—૭૭ અને છેવટ તારીખ ૫—૧—૭૮ ની જાહેર ખબરો પ્રસિધ કરેલ છે તે પ્રમાણે તેઓ કરાવી લેવાની છાપીઆથી તજવીજ કરશે પરંતુ છાપીઆએ એવાં છાપાં કરતી વખતે ફકત તૈયાર થએલ ઇમારત જે કે નાબુદ કરતાં તેહના માલીકને ભારે નુકશાન થાએ તેવી જગ્યા શિવાય રસ્તાને હરકત પોહોચે એવાં પગથીયાં પડથાર વગેરે તેમાં લખી આપવા નહીં.

રસ્તાને હરકત કરતાં ઇમારતે વગર છાપે બનાવેલી હોય તેણે તેહેના છાપાં મેળવવા ત્રણ માસમાં અરજી મ્યુનીસીપલ કમીશનરની હાફીસમાં દાખલ કરવી અને તે ઈમારત કાઢી નાખવા લાએક ન હોય તો તેહના છાપાં કરાવા છાપીઆ તરફ લખાણુ કરવું.

પડથાર પગથીઆં જે લોકોએ છાપાં વગર બનાવેલાં હોય તેમણે પણ ઉપર પ્રમાણે મ્યુનીસીપાલ ખાતાની હાફીસમાં ઝાહેર કરી એ પડથાર પગથીયાંથી રસ્તાને હરકત નથી એવી ખાત્રી કરી છાપાનો હુકમ મેળવવો.

સદરહુ પ્રમાણે એક માસની મુદતમાં જો તે પ્રમાણે કરવામાં નહીં આવે તો છાપાં વગરની ઈમારતો જે કે રસ્તાપરની હોય તેના છાપાં લખાવવા ફરજ પાડવી અને પગથીયાં પડથાર જે લોકોએ બનાવેલાં હોય તેમાં જે કઢાવી નાખવા લાએક હોય તે એકદમ તાકીદ કરી કડાવી નાખવા મ્યુનીસીપલ કમીશનર સાહેબે બંદોબસ્ત કરવો.

સંવત ૧૯૩૫ ના અશાડ સુદ ૧૧ તા. ૧૦ જુલાઇ સને ૧૮૭૮ ઇસ્વી.

નારાયણુરાવ વાસુદેવ, દીવાન.

પુસ્તક ૧૩ મું.

સરક્યુલર નંબર ૮. સંવત ૧૯૩૬

દરબારી ખાલસા વહીવટના ગામો કેટલાંએક હાલ બાઈશ્રીઓ તરફ જીવાઈમાં છે તેમજ કેટલાંક પ્રથમ અપાએલ હતાં તે પાછાં ખાલસામાં આવેલ છે આ ગામોમાં બાઈશ્રીઓ તરફથી શ્રી હજુર સાહેબનો સહીવાળો લેખ મેળવ્યા વગર પોતાની સહીના કરી આવેલ લેખથી સરકારી જમીન વાડી કૃષ્ણાર્પણ ધરમાદા ખેરાતી રીતે બીજા લોકોને આપી દીધેલાં જણાય છે તથા હજી પણ એ પ્રમાણે કરી આપવાનો તેઓ તરફથી રીવાજ ચાલતો હોય એવું અમારા જોવામાં આવે છે પણ આ રીવાજ કાયમ રહેવાથી સરકારના ખાસ હકને નુકશાન થવાની જગો છે એટલુંજ નહીં આવી રીતે ગરાસની જમીન શ્રી હજુરની સહીનો લેખ મળ્યા વગર કોઇને લેવાનો અથવા આપવાનો અધિકાર નથી સબબ આ બાબત ખુદાવંત મહારાજા સાહેબના ખાસ ફરમાનથી એવો ઠરાવ કરવામાં આવે છે કે પ્રથમ બાઇશ્રીઓ તરફ મળેલાં ગામો જે કે ખાલસા ખાતામાં આવેલાં છે તે ગામોમાં ઉપર જણાવ્યા પ્રમાણે શ્રી હજુરના સહીના લેખ વગર બાઈશ્રીના લેખના આધારથી ધરમાદા ખેરાતી અથવા બીજી રીતે એટલે કોઇને જીવાઈ કીંવા બક્ષીસ તરીકે આપેલ હોય તેવી સઘળી જમીન દરબાર ખાલસે કરી લેવી અને હવે પછી પણ બાઇશ્રીઓના હવાલાનું કોઇ ગામ જ્યારે ખાલસામાં દાખલ થાય ત્યારે આ બાબતનો તપાસ કરી એ પ્રમાણે થએલું જોવામાં આવે તો તેનો અમલ ઉપર પ્રમાણે કરવો જ્યાં સુધી બાઇશ્રીના કબજામાં ગામ હશે ત્યાં સુધી તેની મરજી પ્રમાણે ચાલશે તેમાં હરકત નથી પણ તે પછે તે ઉપર કોઇનો હક ગણવામાં આવશે નહીં.

સદરહુ મુજબ આજમ રેવન્યુ કમીશનર સાહેબે તુરત અમલ કરવાનો ને કેટલી જમીન કેની પાસેથી ખાલસા થઇ તેનું વીગતવાર એક પત્રક શ્રી હજુર રોશન કરવા અમારા તરફ મોકલી આપવું.

સંવત ૧૯૩૬ ના ફાગણ સુદ ૯ શુકરવાર તા૦ ૧૯ માહે માર્ચ સને ૧૮૮૦ ઇસ્વી

શ્રી હુજુર હુકમથી.

નારાયણરાવ વાસુદેવ સ્વ૦ ન૦ દીવાન૦

સરક્યુલર. નંબર ૧૮ સંસ્થાન નવાનગર દીવાન દફતરેથી.

બાયાત અને મુળ ગરાશીયાની જમીનના સીમાડા ઉપર જે ખુંટ ઉભા કરવાને દરેક ખુંટ ૪ ફુટ લાંબો ૧ ફુટ પોહોળો અને ½ ફુટ જાડો એવા કડાવીને બે ફુટ જમીનના અંદર દાટવો ને ૨ ફુટ ફક્ત જમીન ઉપર દેખાએ તેમ રાખવા એવો ઠરાવ છે.

આમ છતાં ખુંટા નીયમસર ઉભા થતા નથી એમ મેહેરબાન સરવે સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબના ધ્યાનમાં આવતાં બરાબર નીયમ પુર્વક ખુંટ ઉભા થાએ તેવો બંદોબસ્ત થવા સાહેબ મોસુફે રાજ સ્થાનીક કોરટના અધ્યક્ષ સાહેબની હજુરમાં રીપોર્ટ કર્યો કે જે રીપોર્ટ ઉપરથી નીયમ મુજબ ખુંટ ઉભા કરવા નં૦ ૩૦૦૨ મે સેરો કરી સર્વ તાલુકદારોના વકીલને બતાવેલ છે અને તેથી તે સેરાની નકલ વકીલ રૂપશંકર રાજારામે અહીં મોકલેલ છે.

આ ઉપરથી દરબાર અને ગીરાસીઆ તરફથી જ્યાં સુધી ઉપર દરસાવેલ નીયમ

મુજબના ખુંટ ઉભા કરવા રજુ ન થાએ ત્યાં સુધી ખાસ પરવાનગી મેળવ્યા શિવાય તેવા ખુંટો ઉભા કરવા નહીં એવો સરવૈયર અને મોજણીદારને ભાયાત કોર્ટ તરફથી હુકમ આપવામાં આવેલ છે તો પણ આ સરક્યૂલર ઉપરથી દરબારના અમલદારો તેમજ ગરાસીઆઓને સુચના આપવામાં આવે છે શીમાડા ઉપર ખોડવાના ખુંટ રજુ કરવા તે ઉપરના નિયમ મુજબ રજુ કરવા તેમાં કોઇના તરફથી કસુર જણાશે તો તેના નીસબત સખત વિચાર કરવામાં આવશે. સંવત ૧૯૩૬ ના ચૈત્ર વદ ૪ વાર બુધ તા૦ ૨૮ મી એપ્રીલ સને ૧૮૮૦ ઈસ્વી.

નારણરાવ વાસુદેવ સ્વ૦ ન૦ દીવાન.

સરક્યુલર નંબર ૧૩. સંસ્થાન નવાનગર દીવાન દફતર.

એજન્સી ગેજેટ આંક ૧૦ તા૦ ૪ માર્ચ સને ૧૮૮૦ માં મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબે નં૦ ૧૦ સને ૧૮૮૦ ની જાહેર ખબર તા૦ ૧૭ ફેબરવારી સને ૧૮૮૦ ની પ્રસિદ્ધ કરેલ છે જે બાબત ભાયાત કોરટના આજમ જજ સાહેબના રીપોર્ટ નં. ૧૨૪૬ તા૦ ૨૪ એપ્રીલ સને ૧૮૮૦ ની મીતીના દાખલ થતા ફરમાવવામાં આવે છે કે.

ભાયાત મુળ ગરાશીઆની જમીનની માપણ રાજસ્થાનીક કોરટમાં તેઓની કેટલા એકર જમીન છે તે રજીસ્ટર થવા સારૂ ભાયાત કોરટના તાબાના સરવૈયર મોજણીદારો કરેછે.

આ માપણીમાં જે બીનતકરારી માપણી થાય છે તેના પથરો માપણી કરનાર તેજ ગામમાં હોય ત્યાંજેજ ઉભા કરાવી બીજે ગામે જાય છે. પરંતુ કોઇ વખત એમ પણ થતું હશે કે નીશાનના પથરો હાજર થવાને દેર લાગવાથી માપણી કરનારને પથરો ઉભા કરાવ્યા વગર બીજા ગામ ઉપર જવું પડે છે અને જ્યારે પથર રજુ થાય છે ત્યારે પાછા ઉભા કરાવવા આવવું પડે છે. એટલુંજ નહીં પણ તકરારી માપણીના સરવૈયર ખાડા કરેલા હોય છે તે પુરાઇ જતાં જ્યારે તકરારનો ફડચો થાય અને સરવૈયર મોજણીદારને ફેસલા પ્રમાણે નીશાન ઉભા કરવા સારૂ જવું પડે ત્યારે કરેલ ખાડા નહીં મળવાથી ફરીવાર માપણી કરી પથર ઉભા કરવા પડે છે વાસ્તે બીન તકરારી માપણીને વાસ્તે તો સરવેયર મોજણીદારને રોકાવું ન પડે અને હરકત ન થાય તેની સગવડથી મહાલના મહાલદારોએ પથર હાજર કરાવી ખાસ કારણસર તેમ નજ બને અને સરવેયર મોજણીદાર ક્યાં ક્યાં પથર ઉભા કરવાના છે તે બતાવી આપે તો તેઓની સાથેના રજુઆતદારે સમજી શકાય એવી નીશાની યાદ કરી મહાલના રેવન્યુ અધિકારી તરફ મોકલવી અને તેમણે બીનવીલમે તે પથરો યાદ પ્રમાણે ઉભા કરાવીદઈ ભાયાત કોરટને રેવન્યુ કોરટ મારફત ખબર આપવા એમ કરવા માટે કોઇના તરફથી કસુર થશે તેહને વાસ્તે સખત દંડ કરવામાં આવશે.

તકરારી માપણીના જે ખાડા થયા હશે તેહેની યાદ રજુઆતદારે નીશાની સુધાંત કરી તેમાં ગડમડીઆ પથરો નખાવવા કે તકરારની સફાઇ થઇ નિશાન ઉભાં થતાં સુધી તે ખાડા પુરાઈ જાય નહીં અને સઘળા ખાડા ગામના પોલીશ પટેલને નજરે બતાવી કાએમ રાખવા સમજુત આપી જે ખેતરોમાં ખાડા કરવામાં આવેલ હોય તે ખેતરના માલીક (ખેડકરનાર) ને તાકીદ કરવી કે પાણા કાયમ રહે એવી સંભાળ કરે અને ખાડાની કરેલી યાદી મહાલના દફતરમાં મોકલી દેવી.

એ પ્રમાણે ગોઠવણ થયા વગર રજુવાતદાર બીજે ગામ જશે તો તેની જવાબદારી રજુવાતદાર પાસેથી લેવામાં આવશે અને ગોઠવણ પુરી કરી ખાડા પટેલને બતાવી જમીન ખેડનારને તાકીદ આપી મહાલમાં યાદ મોકલી પછે બીજે ગામ જશે તો રજુવાતદાર જવાબદારીથી મોકળો રહે તો પટેલ અને ખેડુતને જવાબદાર ગણવામાં આવશે અને તે એવી રીતે કે પટેલ દરેક પખવાડીએ સઘળા ખાડા પોતાની નજરે ફરીને જોવા અને તેમાં જે ખાડો બુરાઇ ગયો હોય તે બાબત મહાલદારને રીપોર્ટ કરવો આવો રીપોર્ટ આવેથી મહાલના માજીસ્ટ્રેટે તેને ફોજદારી ધારાસર દંડની નસીયત કરવી અને પટેલ એ પ્રમાણે દર પખવાડીએ જાહેર કરવામાં કસુર કરે તે તેહેને શીક્ષા કરવી.

મહાલોના માજીસ્ટ્રેટોનું જ્યારે આવે ગામે જવું થાય ત્યારે નજરે જોવાની તથા યાદ સાથે મેળવવાની ચીવટ રાખવી અને આવેલ યાદની એક નકલ પોલીસ ફોજદારને માજીસ્ટ્રેટે આપવી અને તેમણે દરમાસે એક વખત ખાડા નજરે જોઇ યાદથી મેળવી લેવા અને તેનો રીપોર્ટ માજીસ્ટ્રેટને આપવો.

સદરહુ પ્રમાણે વર્તવામાં માજીસ્ટ્રેટ અગર ફોજદાર કસુર કરશે તો તેનો સખત દંડ કરવામાં આવશે.

સંવત ૧૯૩૬ ના ચૈત્ર વદ ૧૪ સનીવાર તારીખ ૮ માહે મે સને ૧૮૮૦.

નારાયણરાવ વાસુદેવ સ્વ૦ ન૦ દીવાન.

પુસ્તક ૧૪ મું.

સરક્યુલર નંબર ૩૭૧ સંસ્થાન નવાનગર દીવાન દફતર. **સંવત ૧૯૩૭.**

શેહેર નવાનગર તળપદની રૈયત લોકોના રેણાક ઘર, હાટ, ડેલા, તબેલા, ભોતળાં, વાડા, પરવાડા, વગેરે કબજાની જગાનાં છાપાં તેના માલીકો કરાવે તેની પાસેથી દર સેંકડે ટકા ૩॥ સાડીસાડત્રીસ પ્રમાણે દરબારી લવાજમ લેવાનો જુનો રીવાજ પ્રથમ ચાલતો તે બંધ કરી સંવત ૧૯૩૪ ના શ્રાવણ સુદ ૧૨ નંબર ૩૧૮૨ નું રોજકામ કરવામાં આવ્યું તેમાં માસ મજકુરના અશાડ સુદ ૨ સુધીમાં જેના છાપાં વેચાણ જગાના કરાવવા બાકી રહ્યાં હશે તેના ટકા ૨૦ વીસ અને તે પછીના થાએ તેના ટકા ૨૫ પ્રમાણે લેવાનો ઠરાવ કરવામાં આવ્યો અને તેની મુદત તે સાલના પોસ શુદ ૨ ની કરવામાં આવી હતી પણ તેટલી મુદતમાં લોકોએ બરાબર રીતે છાપાં કરાવવાના કામને નહીં પોંહાચી શકવાથી વધારે મુદત મળવા અરજી કરેલી તે ઉપરથી ફરી સંવત ૧૯૩૫ ના શ્રાવણ સુદ ૨ સુધીની મુદત આપવામાં આવી પણ તે મુદત વીતી ગયા બાદ તે ખાતાના ઉપરીનો રીપોર્ટ દાખલ થયો જે ઉપરથી લોકોએ જોઇએ તેવી રીતે પુરા છાપાં હુકમ અમલમાં લાવી કરાવેલાં નથી એવી હકીકત માલુમ પડતાં સંવત ૧૯૩૫ ના શ્રાવણ શુદ ૬ તારીખ ૪–૮–૭૮ નંબર ૧૯ નો હુકમ આપવામાં આવ્યો જેમાં શ્રાવણ શુદ ૨ મોરનાં જેનાં કરવાં બાકી રહ્યાં હોય તેહના પાસેથી ડબલ મેહેસુલ એટલે પચીસને બદલે પચાસ ટકા લેવા અને તે પછી નવા વેચાણ થાય તેના ટકા ૨૫ મુજબ લેવા શ્રાવણ વદ ૧૩ તારીખ ૨૬–૮–૭૮ નંબર ૫૮૧ ના હુકમથી ઠરાવ કરવામાં આવ્યો જેનો અમલ અદ્યાપી લગી જારી રહેલો છે.

પરંતુ હાલમાં એટલે ગયા જેઠવદ ૧ બુધવાર તા૦ ૨૩ જુન સને ૧૮૮૦ નંબર

૯૮ નો છાપીયાનો રીપોર્ટ હજુરમાં દાખલ થયો છે જેમાં ગયા બે વરસ ચોત્રીશ અને પાંત્રીશની સાલ દુષ્કાળ જેવાં ગયાં છે તેથી લોકો સાવ તંગ હાલતમાં આવી ગયાં હતાં વળી પચાશ ટકા લવાજમ લેવાણાથી જગાની કીંમતનો અરધો ભાગ થઇ જાય છે તેથી લોકો છાપાં કરાવી શકતાં નથી અને તેથી દરબાર શ્રીએ રૈયત ઉપર રહેમ લાવી લવાજમનાં દરમાં કમી કરવું જોઈએ એવી માગણી કરતાં આ સઘળી દલીલ ધ્યાનમાં લઇ ખુદાવંદ મહારાજા સાહેબના નેક ફરમાનથી નીચે પ્રમાણે લેવાનો ઠરાવ કરવામાં આવેછે.

૧ આજ દિવસ લગીમાં જેનાં છાપાં લખવાં બાકી રહ્યાં હોય તેના અને હવે પછી લખવામાં આવે તેના દર સૈકડે ટકા ૨૫ પચીસ પ્રમાણે દરબારી લવાજમના ચાલુ લેવામાં આવશે.

૨ જે જગાના છાપાં ન હોય તેણે સંવત ૧૯૩૭ ના કારતક શુદ ૨ સુધીમાં છાપાં ખાતાના દરખદાર પાસે અરજી આપી તુરત લખાવી લેવાની તજવીજ કરવી અને તે ઉપરથી દરખદારે વેચાણ ફારકતી થઇ હોય તેનું રીતસર ખત લખી રજુ કરવું તથા ગોખરૂ બુવારેલ જમા હોય તેના માલકને હજુરમાં રજુ કરવો એટલે તે જગાની કીંમતનો આંકડો એ જગાની સ્થિતિ ઉપર વિચાર કરી બે દરબારી માણસ તથા બે શેહેરના સારા ગ્રહસ્થની કમેટી મુકરર કરશે તે પ્રમાણે છાપાં કરાવી આપવામાં આવશે.

૩ ઉપર જણાવેલી કારતક શુદ ૨ ની અંદર છાપાં નહીં કરાવે તે પાસેથી તે મુદત ગયા પછી છાપાં લખાવશે ત્યાં લગીમાં દરબારી જેટલું લવાજમ લેણું થશે તેને દર સૈકડે દર માસે ટકા ૧ પ્રમાણે લવાજમની મુળ રકમ શિવાય જાસ્તી રકમ લેવામાં આવશે અને તે દર માસે હીસાબ કરી વસુલ કરવામાં આવશે.

૪ જેના પાસે બીન છાપાંવાળી જગ્યા ગીરો હશે અને તેનો કબજો ગીરોદાર પાસે હશે તો તે ગીરો રાખનાર આસામીએ મુળ માલીકના નામના છાપાં કરાવી લેવાં અને તે નહીં કરાવે તો તે પાસેથી પણ કલમ ૩ પ્રમાણે જાસ્તી લવાજમ લેવામાં આવશે.

૫ જે આસામી પાસે પોતાની જગાના તથા ગીરો રાખનાર પાસે જે જગો ગીરો હોય તેના જે છાપાં પોતા પાસે હશે તે છાપાં પોસ સુદ ૨ ની અંદર છાપીયા પાસે રજુ કરી બતાવી જવા અને તેની તેણે નોંધ કરી લેવી એ મુદતના અંદર જે કોઈ છાપાં નહીં બતાવે તો તે જગ્યા વગર છાપાંની છે એમ સમજી ઉપર પ્રમાણે લેવામાં આવશે.

ઉપર પ્રમાણે ઠરાવ કરવામાં આવે છે માટે તે મુજબ અમલ થવા આ સરક્યુલરની નકલ આજમ રેવન્યુ કમીશ્નર સાહેબ તરફ મોકલવી. સંવત ૧૯૩૭ ના શ્રાવણ શુદ ૮ વાર શુકર તારીખ ૧૩ માહે અગષ્ટ સને ૧૮૮૦ ઇસ્વી.

શ્રી હજુર. હુકમથી

ગગનલાલ બાપુભાઇ દીવાન.

નંબર ૨. સ્વસ્થાન નવાનગર મુખ્ય દીવાન દફતરથી.

તમામ કોર્ટ તથા વહીવટદારો તથા મહાલકારી તથા માજીસ્ટ્રેટ મુનસફ તથા થાનાદારો તથા ઓફીસો તરફ આ હુકમથી ફરમાવવામાં આવે છે હમેશાંના ચાલતાં માહમુલી ખર્ચ તથા દર માસે થતાં ખર્ચનાં બીલ માસ પુરો થાય કે તરત જોઇએ તે વખત ખજાનચી પાસે થવાને દાખલ થતાં નથી અને બબે ચાર ચાર છ બાર માસે વરસે બે વ-

રસે એમ ખર્ચનાં બીલ આવવાથી નામના કાગમાં ઘણી અડચણ આવે છે આ રીવાજ દેખીતો ઘણોજ ઉલટો છે જેથી તમામ નોકરોને સુચના આપવામાં આવેછે કે દરેક માસે માસ પુરો થયો કે બીજા મહીનાની દશમી તારીખના અંદર તમામ ખર્ચનાં બીલ કરી મંજુરી વાસ્તે મોકલવાં તેમ જેના તરફથી સુસ્તી થઈ મુદતસર બીલ નહીં આવે તો ખશ કારણ શિવાય મંજુર કરવામાં નહીં આવે ને પોતાના પદરથી દેવું પડશે તા. ૧૭-૮-૮૦

મગનલાલ બાપુભાઇ દીવાન.

સરકયુલર નંબર ૨૨. સંસ્થાન નવાનગર દીવાન દફતર.

આ સ્વસ્થાનમાં જે જે ભાયાત મુળગરાશીઆ અને મુળગરાશીઆ જેવા જે ગીરાશીઆ છે તેની જમીનની માપણી થતાં બીનતકરાર થઈ જે જે જમીન ઉપર બાંણુ કાયમ કરવામાં આવે છે તેવા બાણોની તપાસણી કરી રીપોર્ટો કરવાને વાસ્તે આ દફતરેથી સંવત ૧૯૩૪ ની સાલમાં દરબારી ગેજીટની અંદર નંબર ૨૦મે સરકયુલર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જેમાં પોલીસ પટેલોએ તેવા બાણોની તપાસણી દર અઠવાડીએ કરી મહાલકારીઓ તરફ રીપોર્ટ કરવાની ફરજ પોલીસ પટેલો તરફ રાખવામાં આવેલી છે. પરંતુ એ ફરજ કાયમ રેહેવાથી પોલીસ પટેલો બરાબર વખતસર જોઈએ તેવી શતાબીથી તપાસ કરી રીપોટ કરી શકતા નથી અને તેથી વરંવાર અગવડ ઉઠાવી પડેછે સબબ એ સરકયુલરથી પોલીસ પટેલોના ઉપર ૮ દીવસે તપાસ કરી રીપોર્ટ કરવાની ફરજ રહી છે તે બંધ કરી તેને બદલે દર મહીને પટેલોએ તપાસ કરી રીપોર્ટ કરવાનું ઠરાવવાને ભયાત કોર્ટના જજ સાહેબ નં૦ ૬૬૫ ના રીપોર્ટમાં જણાવેછે કે જે જણાવવું અમારા અભિપ્રાયમાં વ્યાજબી જણાતાં વખતસર અને બીન ચુક તપાસ રહેવા ખાતર ઉપર જણાવેલા નં૦ ૨૦ના સરકયુલરમાનો પોલીસ પટેલોએ તપાસ કરી રીપોર્ટ કરવાનો જે ભાગ છે તે સુધારી સઘળા પોલીસ પટેલો તથા મહાલકારો અને વૈવટદારો તરફ ફરમાવવામાં આવે છે કે આ સરકયુલર પ્રસિધ્ધ થયાંની તારીખથી પોલીસ પટેલોએ દર મહીને બાણુ તપાસી રીપોર્ટ કરવા અને તે રીપોર્ટો વૈવટદાર તથા મહાલકારીએ નંબર ૨૦ ના સરકયુલરને આધારે પોતા ઉપર રહેલી ફરજ કાયમ છે એમ સમજવું.

સંવત ૧૯૩૭ ના કારતક શુદ ૨ શુકર તારીખ૦ ૫—૧૧—૮૦.

મગનલાલ બાપુભાઈ સ્વ૦ ન૦ દીવાન.

પુસ્તક ૧૫ મું.

સરકયુલર નંબર ૧ સંસ્થાન નવાનગર દીવાન દફતરથી. **સંવત ૧૯૩૮.**

તારીખ ૧ ઓગષ્ટ સને ૧૮૮૧ ના રોજ રાજકોટ મુકામે કોઠીને બંગલે મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબ બાહાદુરના હજુર સ્વસ્થાનોના કારભારીઓની વારશીક સભા ભરાએલી હતી.

સદરેહુ સભામાં થએલી બીનાનું પ્રોસીડીંગ એજન્સી ગેજટ આંક ૩૪ તારીખ ૨૭-૮-૮૧ વાળામાં પ્રસિદ્ધ થઇ આવેલું છે જેમાં સડકો ઉપરના પૂલ તથા નાળાંની સંભાળ રાખવા બાબત નીચે પ્રમાણે કલમ ૧૯ માં ઠરાવ થયો છે.

સડકો ઉપરના પુલ બાબત.

પોલીટીકલ એજંટ સાહેબના જાણવામાં આવ્યું છે કે એવા પૂલની હમારખીઓ

ઉપરથી ઉપલા પાણી લોકોના ગાડાં, માણસો વગેરે તરફથી ઘણીવાર કાઢી નાખવામાં આવે છે અને તેથી પૂલને કેટલીએક રીતનું નુકશાન થાય છે તે મટાડવા માટે એવો બંદોબસ્ત થાવા જોઈએ કે જેણે તે પાણી નાખ્યા હોય તેને એ હદના ગામના પટેલે પકડવો અને જો ગામનો પટેલ દેખરેખ બરાબર ન રાખે તે પાસેથી એની મરામતનું ખર્ચ લેવું જોઇએ મતલબ દરેક ગામની હદમાં જે પૂલ હોય તેમાં ઉપર પ્રમાણે પાણી નીકળી ન જાય તેવો બંદોબસ્ત રખાવવાના જવાબદાર તે ગામના પટેલને ઠરાવવા જોઇએ આ દરખાસ્ત સભામાં મંજુર થઇ.

ઉપર પ્રમાણે મંજુર થએલા ઠરાવથી આ સ્વસ્થાન તાબાના ગામો કે જેની હદમાં સડક હોય તેવાં ગામોના મુખી પટેલને આ સરક્યુલર જારી કરી હુકમ દેવામાં આવે છે કે પોત પોતાની હદની સડકના પૂલની પુરેપુરી દેખરેખ રાખવી એટલુંજ નહીં પણ પૂલની હૈયારખીએ ઉપરથી ઉપલા પાણી કોઇ પણ લોકોના ગાડાં તથા માણસો વગેરે તરફથી કાઢી ન નાખે તથા કોઇ જાતની તેને હરકત ન થાય તેવો સખ્ત બંદોબસ્ત તમારે રાખવો તે છતાં કોઇ પણ તે વાત અમલમાં ન લાવે તો તેવાં માણસોને એકદમ પકડવાં અગર જો તમારા તરફથી એવી રીતે દેખરેખ રાખી અમલ નહીં થશે તો તેની ખાત્રી કરી એ પૂલને મરામત ખર્ચ કરવામાં આવશે તો તે ખર્ચ તમારી પાસેથી વસુલ લેવામાં આવશે.—

આ બાબતમાં મહાલોના વૈવટદારો તથા મહાલકારીઓએ ઉપરનું ફરમાન લક્ષમાં લઈ પટેલોને પકી સમજુત આપી બંદોબસ્ત કરવો. તે છતાં એ લોકો બરાબર દેખરેખ ન રાખે તો તે ગામના પટેલની કસુર ગણી ખરાબ કરી નાખેલ પુલની મરામતનું થએલું ખર્ચ તેમના પાસેથી વસુલ લેવું કે જેથી આયંદે ઉપર મુજબ નાળા તથા પુલની સંભાળ રાખવામાં બીલકુલ કસુર ન કરે.

ઉપર પ્રમાણે અમલ થવા તથા દેખરેખ રાખવામાં જે વૈવટદાર તથા મહાલકારી કસુર કરશે તે યોગ્ય ઠપકાને પાત્ર થશે.

તારીખ ૩૧—૮—૮૧ સંવત ૧૯૩૮ ના ભાદરવા શુદ ૭ બુધવાર.

મગનલાલ બાપુભાઇ સં૦ ન૦ દીવાન૦

જાહેરખબર નંબર ૧૨.

સંસ્થાન નવાનગર દીવાન દફ્તરથી

શેહેર નવાનગરના રેહેનાર તમામ લોકોને ખબર આપવામાં આવે છે કે શેહેર ગજકુરમાં છાપાંમાં લખેલ નહીં હોય તેવી દરબારી પડતર જમીન કીંમતના પૈસા આપ્યા વગર કેટલાએક લોકો પોતાની ઇમારતમાં દબાવી લેછે તેમજ પોતાની જગોમાં સરકારી મહેસુલ આપ્યા વગર બારી, જાળી, ખાળ અને બારણાં મુકી આપે છે અને દરબારમાં જાહેર કરતાં નથી એવું આસીસ્ટંટ રેવન્યું કમીશનર સાહેબના આવેલા રીપોર્ટ ઉપરથી અમને જાહેર થયું છે સબબ આ જાહેર ખબરથી સર્વને સુચના આપવામાં આવે છે કે દરબાર શ્રીનું મેહેસુલ આપી પરવાનગી મેળવ્યા વગર ઉપર જણાવવામાં આવ્યા પ્રમાણે કોઇ લોકોએ કરવું નહીં અગર તેમ છતાં આ હુકમ વિરૂદ્ધ ચાલી તે મુજબ કરશે તો તે કામ કરનાર તથા તેમાં સામીલ થનાર સઘળા માણસોને ફોજદારી સજા પ્રમાણે ગુન-

ન્હેગાર ગણિ શિક્ષાને પાત્ર કરવામાં આવશે.

સંવત ૧૯૩૮ ના જેઠ શુદ ૫ સોમવાર તારીખ ૨૨ મે સને ૧૮૮૨ ઇસ્વી.

મગનલાલ બાપુભાઇ સં૦ ન૦ દીવાન

પુસ્તક ૧૬ મું.

સરકયુલર નંબર ૨. સંસ્થાન નવાનગર મુખ્ય દીવાન દફ્તરથી. **સંવત ૧૯૩૪.**

મહાલોના વહીવટદાર તથા મહાલકારી તેમજ વહીવટ ખાતાના તમામ નોકરોને ખબર આપવામાં આવે છે કે મેમાન આવે તેને ખોરાક અપાએ તેની ચીઠી વહીવટદાર પોતાની સહીથી મોદી ઉપર કરી આપે છે આ રીવાજ નાદુરસ્ત છે તેથી ફરમાવવામાં આવે છે કે આ સંસ્થાન શિવાયની બીજી જગોએ રેનાર સારા ગ્રસ્થ આવે તેને ખોરાક અપાવવો પડે તેના માટે વહીવટદારે પોતાની સહીની ચીઠી કરવી પણ બાકી તમામને વાસ્તે જે માણસે ખોરાક લીધો તેની એ ચીઠીમાં લખવા પ્રમાણે ખોરાકી સમન લીધા નીયમ સહી કરાવવી અને જે ચીઠીઉં લખાણી હોય તે સઘળી મેમાન ખર્ચના બીલ પાસ થવા મોકલવામાં આવે તે સાથે રજુ કરવી.

સંવત ૧૯૩૯ ના અશાડ શુદ ૧૦ તારીખ ૧૫—૬—૮૨. ઇસ્વી.

મગનલાલ બાપુભાઇ સ્વ૦ ન૦ દીવાન.

જાહેર ખબર નંબર ૯. સંસ્થાન નવાનગર દીવાન દફતર.

રૈયત લોકો પોતાનાં ખોરડાં યા જમીન એક બીજાને અંદર અંદર વેચાણ આપી તેની ફારગતીઓ લખાવી લે છે પરંતુ છાપાંનું દસ્તુર નહીં આપવાના હેતુથી કેટલાક શખ્સો છાપાં લખાવતાં નથી તેથી દરબારી મેહસુલ બરાબર રીતે આવતું નથી સબબ ફરમાવવામાં આવે છે કે આવી બાબતના દસ્તાવેજ રજીસ્ટર થવા જે અમલદાર પાસે આવે તે લઇ આવનારને રજીસ્ટરના શેરા કરી આપ્યા બાદ છાપાં લખાવવાં તે ખાતાના અમલદાર તરફ જવા સમજુત દેવી વેચાણ થયાના ખબરની નવાનગર છાપાંના દરખદાર તથા માહાલમાં મહાલદાર ઉપર યાદથી ખબર નોંધણીદારે મોકલવા રીવાજ રાખવો.

સંવત ૧૯૩૯ ના ભાદરવા શુદ ૭ તા. ૧૯-૯-૮૨

મગનલાલ બાપુભાઇ સં૦ ન૦ દીવાન.

જાહેર ખબર સંસ્થાન નવાનગર રેવન્યુ કમીશનર કોર્ટથી નીશાગત છાપાખાતું.

આ જાહેર ખબરથી શહેર નવાનગર તથા ખભાળીઆ તલપદની તમામ રૈયતને સુચના આપવામાં આવે છે કે જાગાનું બોતલુંના અથવા તૈયાર ઇમારત જેટલી વખત વેચાણ થાય તેટલી વખતમાં દરબારે છાપાના ટકા લઇ લેવાનો મશહુર રીવાજ ચાલે છે. એમ સહુ કોઇ જાણે છે પરંતુ વેચાણ લેનાર સખસ છાપા કરાવવા હાજર થતા નથી. અને છાપા થયા વગર ફરીનાર વેચાણ કરે છે તે પ્રમાણે એકની એક જાગા ઊતરોતર એકથી વધારે સક્ષો ખરીદ કરે છે વેચે છે તેના છાપા કરાવવાની ફરજ છે એમ વેચાણ લેનારના દીલને અસર હોય એવું જોવામાં આવતું નથી.

વેચાણ લીધેલી જાએગાના છાપા જે સક્ષે છેવટ કરાવેલ હશે તે સક્ષ પાસેથી ઊતરોતર જેટલી વખત વેચાણ થયું હશે તેટલી વખતના છાપાના ટકા છેવટના લેનાર ઉપર રહે છે. કેમકે એ હક જગ્યાને સંબંધ છે અને સ્થાવર મીલકત ઉપરના હરકોઇ હક

ની ચોકશી કરી ખરીદ કરવી એ જોખમ ખરીદદાર ઉપર છે છતાં અજ્ઞાનપણાથી જોખમમાં પડે છે તેથી તેઓનો બચાવ કરવા ખાતર આ જાહેર ખબર પ્રસીધ કરવામાં આવે છે તો આજ સુધી એવી રીતના થયેલ વેચાણના છાપા તરત કરાવી લેવાં. અને તેનું મેહેસુલ ઉપર જણાવ્યા પ્રમાણે લેવાશે. પરંતુ આ જાહેર ખબરની તારીખ પછી કોઇપણ જાએગાનું વેચાણ થાય. ત્યારે લેનાર સક્ષે ફારકતી થયાની તારીખથી એક માસની અંદર છાપાને દફતરે છાપા કરી દેવા. અરજ દાખલ કરવી ને તે મુદતશર જે અરજી દાખલ નહીં કરે તે સક્ષ પાસેથી છાપાના ટકા લેવાનો જે નીયમ ચાલે છે તેથી ડબલ ટકા લેવામાં આવશે એટલુંજ નહીં પણ મેહેસુલની ચોરી કર્યાનું ચાર્જ રાખી શીક્ષા કરવામાં આવશે. અને જાહેર ખબર પ્રસીધ થયાની તારીખ પછીના ખરીદ કરેલ ખોરડાનાં છાપાં થયા નથી એમ જાણતા છતાં જે સક્ષ લેશે તેને પણ ગુનેગાર ગણવામાં આવશે.

સંવત ૧૯૩૯ ના આસો શુદ ૧૧ રવીવાર તારીખ ૨૨—૧૦—૮૨.

નારણજી દુલભજી રે૦ ક૦

જાહેર ખબર.

અમારા જાણવામાં એવું આવ્યું છે કે તૈયાર ઇમારત અથવા ખંઢેરનું વેચાણ થાય છે તેની ફારકતી વેચનાર સક્ષ લેનાર સક્ષને કરી આપે છે તે વખતે તેમાં જાએગાનું ક્ષેત્રફળ તથા તે ઇમારતમાં બારણા, બારી, જાળી ખાળ, ત્રજાળીયા વગેરે પુરતી હકીકત લખી આપતા નથી અથવા લખી આપે છે તો હોય તેજ પ્રમાણે નહીં પણ દરબારનું મેહેસુલ ડુબાવવાના ઈરાદાથી ખરીદદારની મરજી પ્રમાણે હોય તે કરતાં બારી બારણા વગેરે વધારે લખી આપે છે. અને છાપા ખતાવાળા ખતપર તે જાએગા નજરે જોયા વગર ફારકતી ઉપરથી છાપાં કરી આપે છે આ રીવાજ નાદુરસ્ત જણાતાં આ જાહેર ખબરથી સરવ લોકોને ખબર દેવામાં આવે છે કે જાએગા વેચનાર સક્ષે ફારકતીમાં જાએગાની જે સ્થીતી હોય તે યથાસ્થીતી લખી દેવી. તેમજ વેચાણ લેનારે પણ તેજ પ્રમાણે લખાવી લેવું કોઈને પણ નુકશાન કરવાના અથવા લાભ આપવાના ઈરાદાથી સ્થીતીના વરણનમાં ફેરફાર કર્યો અથવા કરાવ્યો એમ જાણવામાં આવેથી વેચનાર તથા વેચાણ લેનાર તથા તે સબંધમાં લાગતા વળગતા લોકોને ગુન્હેગાર ગણી સીક્ષા કરવામાં આવશે. જે દરબારી અમલદારે પણ છાપા કરતી વખતે જાએગા નજરે જોઇ ફારકતી પ્રમાણે સ્થીતી મેળવી છાપા લખવા રીવાજ રાખવો.

સંવત ૧૯૩૯ ના આસુ શુદ ૧૧ રવીવાર તા. ૨૨–૧૦–૮૨.

નારણજી દુલભજી રે૦ ક૦

સરક્યુલર નંબર ૮ દીવાન દફતરેથી.

આ સંસ્થાનના દરબારી અમલદાર મોહોટા નાહાના હુદાવાળા તથા પરચુરણ હરેક નોકરીયાત તથા હજુરી વીગેરે દરબારી માણસો તરફ.

આ ઇલાકા તાબાના ખાલસા તથા જનાના નીમનોકના વહીવટી ગામો તથા ભાયાત ગરાસીયા મુલ ગરાસીઆ જીવાઇદાર ઈનામી ખેરાતી વીગેરે હકદારોના ગામો કીંવા પાટી કે છુટક વાડી ધરતી અથવા બીજી રીતના હક સબંધીની ઉપજ અઘાટ વટાંતર વજે વળતીયાં કેંથીત મરેણે પાલ અથવા પુળા છુટના હોદે બંધી લાજારે દરબાર પર-

વાનગી શીવાય નહીં માંડવા સં. ૧૯૩૫ ના શ્રાવણ વદ ૧૧ તા. ૨૫ અગષ્ટ સને ૧૮૭૯ ના સરકયુલર માજી દીવાન આજમ નારણરાવની સહીનો થયેલ છે. પરંતુ તે પ્રમાણે બ-સબર અમલ થયો હોય એમ જોવામાં આવતું નથી. અને કેટલાક નોકરો તથા હજુરી-આએ કેટલાક ગામો તથા જમીન ઇજારે તથા ગીરો વીગરેના ઠરાવથી માંડયાનું જણાય છે. તેમાં કેટલાક દસ્તાવેજો રજીષ્ટર પણ કરાવી લીધા છે પરંતુ મહારાજા જામ સાહેબ બહાદુરની નજરમાં એવી જમીન અથવા ગામો પોતાના નોકરો અથવા હજુરીઓ વીગેરે માંડી લે. એ દુરસ્ત આવતું નથી. તેથી બીજે વખતે દરબાર હકને નુકશાન થાય છે માટે આ સરકયુલરથી ફરમાવવામાં આવે છે કે સંવત ૧૯૩૫ ના શ્રાવણ વદ ૧૧ તા. ૨૫ અગષ્ટ સને ૧૮૭૮ ના સરકયુલર પછી જેણે જેણે એવા ગામો અથવા જમીન માંડી લીધી હશે તેમણે આજથી ૬ મહીનાની મુદતમાં એ જમીન અથવા ગામોવાળા સાથે સમજણ કરી પોતાના ધીરેલા નાણા હીસાબ સમજી લઈ લેવા. એ મુદત વીત્યા-બાદ એવું લેણુ દેણુ રદ ગણવામાં આવશે, તેમજ દસ્તાવેજ રજીષ્ટર થયાં હશે. તે પણ રદ ગણવામાં આવશે. કદાપી જમીન અથવા ગામના માલેક એવી રીતે સમજણ કરી દેવામાં આનાકાની કરે તો આ કોર્ટે અરજીથી જાહેર કરવું એટલે તેને બોલાવી સમજણ કરાવી આપવામાં આવશે. પરંતુ ઉપર લખેલી મુદત ગયા પછી એવા ખત ઉપરથી દા-વો ચાલશે નહીં. અથવા એવા ખતો પુરાવામાં લેવાશે નહીં.

સંવત ૧૯૩૯ ના કારતક વદ ૪ સોમવાર તારીખ ૨૭-૧૧-૮૨

મગનલાલ બાપુભાઇ સં૦ ન૦ દીવાન.

માહાલો તથા તેના તાબાના ગામોમાં પસાયેતા છે તે ઉપર પોલીશ ફોજદારોની સતા છે પરંતુ રેવન્યું કામ પ્રસંગે માહાલદારોને તેમનું જરૂર હોય ત્યારે પોલીશ ફોજદારોની પ-રવાનગી મેળવવા જરૂર પડેછે આ રીવાજ કેટલીક રીતે અડબડાટ ભરેલો જણાતાં તે બા-બત આજમ રેવન્યુ કમીશનર તથા પોલીશ સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબને ભેળા થઇ એક મતે અભીપ્રાય ઝાહેર કરવા હુકમ આપતા, તેમના તરફથી નંબર ૨૭૫ તારીખ ૧૨-૧૨-૮૨ ના તુમાર હારે નીચે મુજબ અભીપ્રાય લખાઇ આવેલો છે.

૧ જે ગામે એકથી ચાર સુધી પસાયેતા છે તે ગામના પસાએતાને ફરમાશે મોક-લવાં રેવન્યુ અમલદારને જરૂર પડે ત્યારે પોલીશ ફોજદારની પરવાનગી લઇ મોકલવાનો રીવાજ જેમ છે તેમ કાયમ રાખવો.

૨ જે ગામે ચારથી વધારે પસાયતા છે ત્યાંહાંના પસાયતાને ચાર માણસ ગામમાં હાજર રાખીને વધારાના માણસોમાંથી રેવન્યુ અમલદાર ફરમાશ આપે ત્યારે પોલીશ ફો-જદારને પુછવા જરૂર નથી.

ઉપર પ્રમાણે ઠરાવ કરી તેમણે અભીપ્રાય આપેલો છે તે અમારી નજરમાં વ્યાજબી આવે છે માટે આયંદે રેવન્યુ તથા પોલીશ ખાતાના અમલદારોએ તે પ્રમાણે વરતવા બંદોબ-સ્ત કરવો.સંવત ૧૯૩૯ ના માગશર વદ ૬ શનીવાર તારીખ ૩૦ ડીસેંબર સને ૧૮૮૨ ઇસ્વી.

ગગનલાલ બાપુભાઈ સ. ન. દીવાન.

સરકયુલર નંબર ૧૩. સંસ્થાન નવાનગર દીવાન દફતર.

સંવત ૧૯૩૯ ના જેઠ વદી ૧૧ સનીવાર તારીખ ૩૦ મી જુન ૧૮૮૩ ઈસ્વી.

ભાયાત મુળ ગરાશીઆ વીગેરે ઈતર હકદારોની જમીનનાં તથા હકના ગીરોનાં દસ્તાવેજો, રજીષ્ટર થવા આવતાં તેમાં એક એવો અડબડાટ આવે છે કે તેવા પ્રકારનો કોઈ સખ્સ અપુત્ર ગુજરી ગયો હોય તો તેના પાસેના અથવા દુરના ભાયાતો તેની જમીન પચાવી પડે છે અને દરબારને તે બાબતની ખબર નહીં પડવાથી તેમાં ખરો હકદાર કોણ છે અને કોની જમીન દરબાર ખાલસા કરવી જોઈએ તે બાબતનું નીશકરણ થઇ શકતું નથી માટે આ સરક્યુલરથી સઘળા ગામોનાં પટેલ તલાટીઓને ફરમાવવામાં આવે છે કે તમારા ગામમાં જે જમીનદાર હોય તેમાંનો કોઈપણ અપુત્ર ગુજરી જાય ત્યારે તમારે તમારા માહાલનાં મહાલકારોને ખબર આપવા. અને તેણે તે ખબર રેવન્યુ કોર્ટ મારફત આંહી મોકલવા અને જ્યાં સુધી આ જમીનનો વારશાનો હક ધરાવનાર વારસાનું સરટીફીકેટ રજુ કરે ત્યાંહાં સુધી તે જમીન જપ્તીમાં રાખવી એટલે હાલમાં આવતી અડચણ દુર થાય.

ઉપર મુજબ અમલ થવા આ સરક્યુલરની એક નકલ આજમ રેવન્યુ કમીશનર સાહેબ તરફ મોકલતાં એક નકલ સ્થાનીક ગેજીટમાં પ્રસીદ્ધ કરવા માટે છાપખાનાના સુપ્રીન્ટેન્ડેન્ટ તરફ મોકલવી અને અસલ ફાઇલ દાખલ કરવી.

ગગનલાલ બાપુભાઇ સં૦ ન૦ દીવાન.

નંબર ૧૧૧૧ સંસ્થાન નવાનગર દીવાન દફતરથી.

અમારા જાણવામાં આવ્યું છે કે મહાલોમાં માંડવી, સગોટી. દેશદાણ વીગેરેનાં ઈજારા આપવામાં આવે છે તે ઇજારા રાખનાર ધારા વિરૂદ્ધ બાબત લેછે તેથી એવો ઠરાવ કરવામાં આવેછે કે હવેથી આ રાજ્યના કોઇપણ ઇજારદાર ધારા વિરૂદ્ધ રકમ રૈયત પાસેથી લેશે. તે પાસેથી વધારે લીધેલી રકમ તથા તેથી દશગણી રકમ દંડ બદલ લેવામાં આવશે.

આ ઠરાવની એક નકલ આજમ રેવન્યુ કમીશનર તરફ તથા એક નકલ હીસાબી દફતરે મોકલી અસલ ફાઇલ દાખલ રાખવું. સંવત ૧૯૪૦ 'ના શ્રાવણ વદ રવીવાર તારીખ ૧૯–૮–૮૩

ગગનલાલ બાપુભાઇ સં. ન. દીવાન.

સરકયુલર નંબર ૨ સંસ્થાન નવાનગર દીવાન દફતર

આજમ રેવન્યુ કમીશનર સાહેબના નં. ૩૧૩૩ તારીખ ૧૨ ફેબરવારી સને ૧૮૮૪ ની નીતીના રીપોટ ઉપરથી અમને એવું માલુમ પડે છે કે ખેડુ લોકોને દરબારી વેરો તથા મોલ વાવવાનું બીજ તેઓના વેપારી વોરા તેમને આપતા નથી અને. એ ધીરધાર બંધ પડવાથી લોકોને અડચણ આવે છે. અને તેનું કારણ એવું જણાય છે કે ખેડુ લોકોનાં ખળાંમાંથી બીજા લોકો હુકમનામાને આધારે બજાવણી કરાવી લઇ જાય છે. અને વોરાને ધીરેલાં નાણાં મળતાં નથી, તેથી આપવાને તેઓ અટકી જાય છે. આ હકીકત ખેડુ લોકોની આબાદી જાળવવા અને મોલની પેદાયશ થવામાં અડચણ નહી થવા ખાતર ધ્યાન આપવા લાએક જણાય છે, તેથી દરબારી રેવન્યુ ખાતાનાં તથા ન્યાયખાતાના સઘળા અમલદારો તરફ આ સરકયુલરથી એવી ખબર આપવામાં આવે છે કે ખેડુ લોકોને વેરાની રકમ તથા મોલના વાવેતર સારૂ જોઈએ તેટલું બીજ તેમના વોરા પાસેથી અગર તે ન આપે તો બીજા વેપારી પાસેથી દરબારથી મદત કરી અપાવતાં જવું અને

તે વેરા તથા બીજના જે પઈશા ખેડુ પાસે વેપારીના લેણા થાય તે એ ખેડુના ખળા-ની ઉપજમાંથી રેવન્યુ અમલદારે પ્રથમ અપાવી દેવું; અને બીજા કોઇનું હુકમનામાને આ-ધારે લેણું હોય અને બજાવણી દરખાસ્તથી અપાવવું હોય તો વેરો અને બીજનું અપાણા પછી વધારો રહે તેમાંથી યોગ્યતા પ્રમાણે હુકમનામા વાળાને અપાવવા કાંઇ હરકત નથી એ બાબત હુકમનામાની બજાવણી કરનાર અમલદારે કાંઇ વાંધો લેવો નહીં.

સંવત ૧૯૪૦ ના ચૈત્ર સુદ ૪ રવીવાર તા. ૩૦-૩-૮૪.

મગનલાલ બાપુભાઇ દીવાન.

જાહેર ખબર નંબર ૧૮૨ સંસ્થાન શ્રી નવાનગર છાપા દફતરેથી.

સંસ્થાન નવાનગરના સર્વે લોકોને આ જાહેરખબર પ્રસીધ કરી જણાવવામાં આવે છે કે પોતાના કબજાની જગોનું વેચાણ કરી તેની ફારકતી ધારાસર સ્ટાંપની કીમત ઉ-પર લખી આપી તેમાં મતું કરી આપ્યા પછી છાપાનું ખત થતી વખત તેમાં મતું રી-વાજ પ્રમાણે કરવું જોઈએ. તે કરવા કહેતા કોઇ એવી તકરાર કરેછે કે જાએગા વેચી મતું કરી આપ્યું. પણ મારે તેમનાથી અમુક ઠરાવ છે તે પ્રમાણે તે કરી આપશે એટલે મતું કરીશ વીગેરે વેચાણ આપી ફારકતીમાં મતું કરી આપ્યા પછી આવી જે તકરાર લેશે તે ગેરવ્યાજબી માની તે જગ્યાનું છાપું વેચાણ લેતલ શક્ષને ફારકતીમાં મતું થયાની ખાત્રી કરી કરાવી આપવામાં આવશે અને તે પછી આ વાંધો નકામો તેનો ચાલશે નહીં. એમની ૨૫૧૧ તારીખ ૨ માર્ચ સને ૧૮૮૫ ના નામદાર દીવાનજી સાહેબના હુકમથી પ્ર-સીધ કરવામાં આવે છે. મીતી સં. ૧૯૪૧ ના ફાલગુન વદ ૭ શનીવાર તારીખ ૭ માહે ૧૮૮૫.

નારણજી દુલભજી રે. ક.

સરકયુલર નંબર ૨૪ સંસ્થાન નવાનગર દીવાન દફતરથી.

માહાલોની રઈયત મહાલના અમલદારોને કોઇ બાબતમાં અરજ કરે તે ઉપરના હુ-કમથી અથવા માહાલદારે કાંઇ તાકીદ કરી તે અયોગ્ય જણાતી હોયતો કારણ સહીત તે મહાલદાર પાસે અરજ કરી તેના હુકમની નકલ મેળવવી જોઈએ. તે ઉપર નારાજ હોય તો હુકમની નકલ સાથે રેવન્યુ કોર્ટમાં અરજી કરવી. અને ત્યાંનો હુકમ મેળવી અ-મારા હજુર તેમના વિરૂદ્ધ થએલ હુકમની નકલ સાથે અરજી કરવી જોઈએ. જો એમ થાય તો તરત હકીકત સમજી અરજદારને જવાબ આપી શકાએ અને ધારાસર તેમજ થ-વું જોઇએ તે પ્રમાણે ચાલતું નથી. અને પરબારા અમારા રૂબરૂ અરજ કરી ખાલી તસ્દી આપે છે. તેથી આ સરકયુલરથી સર્વ રૈયતને સુચના આપવામાં આવે છે. કે ઉપર જ-ણાવ્યા પ્રમાણે ધારાસર નીચલી કોર્ટના હુકમની નકલ સાથે અરજી કરવી. અને તે પ્રમાણે જેમની અરજી નહીં આવે તે ધારા વિરૂદ્ધ ગણી રાખવામાં આવશે નહીં તેમજ તાબાના અમલદારોએ પણ અરજદારની અરજી ઉપર તરત વ્યાજબી જણાય તે શેરો કરી દેવો અને તે શેરાની સહીવાળી નકલ વગર ખર્ચે સાદા કાગળમાં દેવી. તે બાબત ઉમેદવારની લખાઇ લેવા પણ ફરજ પાડવી નહીં.

સંવત ૧૯૪૧ ના ચૈત્ર વદ ૪ તારીખ ૩ એપ્રીલ સને ૧૮૮૫ ઈસ્વી.

મગનલાલ બાપુભાઈ સં. ન. દીવાન.

સરકયુલર નંબર ૨ સં. ૧૯૪૨ સંસ્થાન શ્રી નવાનગર દીવાન દફતરથી.

ભાયાત મુળ ગરાસીયાની જમીન સરહદ ઉપર કાઠીયાવાડ પ્રાંતના મેહેરબાન સ. સુ. સાહેબ તરફથી માપણી થઇ નીશાંનો નાખવામાં આવેલાં છે તે નીશાનોની બરાબર સંભાળ રહેતી નથી તથા તે નીશાંનોની દરેક માસે પોલીસ પટેલો જાતે તપાસી રીપોટ મોકલતા હોય એમ પણ માલુમ પડતુ નથી અને તેથી સરકારી બાંણુ કારકુન કાળીદાસ ભાયશંકર તપાસ કરી રફ ટીપણુ મોકલે છે તેમાં નીશાનનો ઘણો ભાગ નાદુરસ્ત કેટલાએક ગાંમ સમંધે લખાઇ આવે છે તેનો બંદોબસ્ત થવા ભાયાત કોર્ટના અધીકારીનો રીપોર્ટ નંબર ૧૧ તારીખ ૧૬ માહે જુલાઇ સને ૧૮૮૫ ની મીતીનો અમારા તરફ આવતાં આ સરકયુલરથી દરેક માહાલના વહીવટદારો તથા માહાલકારીઓ તથા ગામોના પટેલો તલાટી અને પોલીસ પટેલો તરફ તાકીદ હુકમ કરવામાં આવે છે કે સદરહુ નીશાંનોની તપાસણી કરી સંભાળ રાખવા તથા તે સબંધી રીપોટ કરવા પ્રથમ જે જે હુકમો થએલા છે તે હુકમોની મનપા પુરતી રીતે ધ્યાનમાં રાખી નીશાંનોની સંભાળ રખાવવી તથા હુકમ પ્રમાણે પોલીસ પટેલો દરેક માસે જાતે નીશાનો તપાસી ખાત્રી પૂર્વક રીપોટ કરેછે કે નહીં તેની દેખરેખ માહાલદારોએ રાખવી જોઇએ અગર એ પ્રમાણે તપાસ કરવામાં પોલીસ પટેલો કસુર કરે તો તેમ નહીં કરવાની તેઓને માહાલદારોએ સખ્ત તાકીદ કરવી તે છતાં એકથી વધારે વાર કસુર થયાનું જાહેર થશે તો કસુર કરનાર પોલીસ પટેલનો દંડ કરવામાં આવશે અને વળી પોલીસ પટેલના કામને પણ નાલાયક થશે.

સદરહું પ્રમાણે વર્તાવા તથા સંભાળ રખાવી બંદોબસ્ત કરવામાં જેના તરફથી કસુર થયાનું માલુમ પડશે તેના માટે ઘટતો વીચાર કરવામાં આવશે.

સંવત ૧૯૪૨ ના અશાડ શુદ ૧૧ બુધવાર તારીખ ૨૨-૭-૮૫

ગગનલાલ બાપુભાઈ સ૦ ન૦ દીવાન.

સરકયુલર નંબર ૩ સં. ૧૯૪૨ સંસ્થાન શ્રી નવાનગર હજુર કોર્ટ

સંવત ૧૯૩૬ ના પોષસુદ ૧૩ રવીવાર તારીખ ૨૫ જાનેવારી સને ૧૮૮૦ ના રોજ આ કોર્ટથી હજુર વચે તકરારોનાં નીકાલ કરવાનો જે ધારો પસાર કરવામાં આવ્યો છે તે ધારાની કલમ ૭ મીમાં પંચના ઠરાવ ઉપર શ્રી હજુરમાં અપીલ સાંભળવા મુદત ૩ મહીના એટલે કે નેવું દીવસની ઠરાવવામાં આવી છે પરંતુ પંચ તરફથી જે નીકાલો કરવામાં આવે છે તે ઘણી ઝીણી બાબતોના હોય છે અને તેવી બાબતોની અપીલ સાંભળવાને બહુ લાંબી મુદતની તક આપવાથી તકરારોનો અંત જલદી આવતો નથી તેમજ ચણતર વીગેરે જે કામ લોકોને પુરૂ કરવાનું હોય તે પણ તુરતમાં પુરૂ કરી શકાતું નથી અને અટકી પડે છે શબબ કલમ ૭ માં અપીલની મુકરર થએલ મુદત ફેરવીને એવો ઠરાવ કરવામાં આવે છે કે સંવત ૧૯૪૩ ના અશાડ સુદ ૩ થી પંચો જે ઠરાવ કરશે તે ઠરાવ ઉપર એ ઠરાવની તારીખથી ૧૫ દીવસમાં અપીલ સાંભળવામાં આવશે. મુદત વીત્યા પછી ખાત્રી લાએક કારણ બતાવ્યા શીવાય સાંભળવામાં આવશે નહી માટે પંચના ઠરાવ ઉપર શ્રી હજુરમાં અપીલ કરવાની ખ્વાએસ રાખનાર માણસોએ સદરહુ મુદતમાં અપીલ દાખલ કરવી. સંવત ૧૯૪૩ ના અશાડ સુદ ૩ પહેલાના ઠરાવ ઉપર ૯૦ દીવસમાં અપીલ કરવાને આ સરકયુલરથી કાંઈ અડચણ આવશે નહી.

સંવત ૧૯૪૨ ના ફાગણ સુદ ૧૧ મંગળવાર તારીખ ૧૬ માર્ચ સને ૧૮૮૬

ગગનલાલ બાપુભાઈ સ૦ ન૦ દીવાન.

સરક્યુલર નંબર ૧૨ સંસ્થાન નવાનગર રેવન્યુ કમીશ્નર કોર્ટ

માહાલોની તથા તેના તાબાના ગામોની માંડવી દેસવાણુ શીંગોટી તથા તેવા ઈજારા દેવામાં આવે છે તેનો હીસાબ રાખવા એક ચોપડી છાપેલી (શીકા કરીને) તલાટીને આપવામાં આવે છે.

આ ચોપડીમાં જે વખ્ત જે માલ આવ્યો ગયો તેની નોંધ કરવા કરાવવા સરવની ફરજ છે તે સમજુત આપેલી છે અને એ બાબતમાં તા. ૧૬ સં ૧૯૩૫ ના શ્રાવણ સુદ ૧૨ તા. ૯-૮-૭૮ નો સરકયુલર થયોછે છતાં લોકો માલ નોંધાવતા નથી અને ચોપડી રાખનાર માણસ પોતાનો તથા બીજાનો માલ નોંધતા નથી તેથી દાણ ચોરીના ઘણા કેસો આવે છે.

માંડવી દેશ દાણની બાબત નોંધાવવાના રીવાજથી અમે અજાણ છઈએ એવો બચાવ ગુનેગાર કરી છટકી જવા માગે છે તેથી મેહેરબાન દીવાન સાહેબના નંબર ૯૯૦ સં. ૧૯૪૨ ના પોષ વદ ૨ શુકરવાર તા. ૨૨-૧-૮૬ ના ફરમાન પ્રમાણે આ સરકયુલરથી એવો ઠરાવ કરવામાં આવે છે કે.

જે માલ આયાતની કોસ જે વખત થાય ત્યારે તથા જે માલનું દાણ લેવાનો હક ઉત્પન થયો ત્યારે તેજ વખતે છાપેલી ચોપડીમાં નોધ કરાવી જવો. જરૂરને પ્રશંગે વધુમાં વધુ ચોવીસ કલાકના અંદર નોંધ કરાવવાની છુટ રાખી છે તે દરમીયાંત ગુનેગાર ગણવામાં નહીં આવે પણ શદરહુ મુદત ગયા પછી નહીં નોંધાએલો માલ દાણ ચોરીમાં ગણી ધારાસર શીક્ષા કરવામાં આવશે.

માલ લેનાર અને આપનાર બંને તરફ નોંધાવવાની ફરજ સમાન રહીછે એમ સમજવું.

છાપેલી ચોપડી રાખનારે પુરી ચીવટથી માલ નોંધવો. જરૂરને વખતે તે ગેરહાજર થાયતો એ ચોપડી યોગ્ય માણસને સોંપી તેના ખબર ગામના પટેલને આપી ગેરહાજર થવું.

ઉપર પ્રમાણે અમલ થવા આ સરકયુલરની નકલ માહાલદાર તરફ મોકલવી તથા ન્યાય ખાતામાં અમલ થવા મેહેરબાન દીવાન સાહેબના હજુર સદરહું તુમાર સાથે એક નકલ મોકલી અસલ ફાયલ દાખલ રાખવો. સં. ૧૯૪૨ ના પોષ વદ ૧૧ શનીવાર તારીખ ૩૦ જાનેવારી સને ૧૮૮૬.

નારાયણજી દુલભજી રે૦ કા૦

સંસ્થાન નવાનગર દીવાન દફતરેથી **નંબર ૨.**

સીંગોટી એટલે જે જાનવર વેચાય તે ઉપર લેવાતા કર (દાણ)ને સીંગોટી કહેછે આ કર કેવી રીતે લેવો એ બાબતમાં જે જે ધારા તથા હુકમો થયા છે તે તમામ રદ કરી નીચેનો નવો ધારો કરવામાં આવે છે અને તે સં. ૧૯૪૩ ના કારતક સુદ ૨ થી અમલમાં આવશે.

જાનવર વેચાણ લેનાર ઉપર દાણનો હક થાયછે વેચનાર ઉપર થતો નથી પણ આ-રાજ્યની રૈયત પોતાના ગામ સીવાયના બીજા ગમે તે ગામવાળાને વેચાણ આપે ત્યારે દાંણની રકમ પટેલ તલાટીને જાહેર કરી વસુલ કરાવી જાનવર સોંપવું તેમ જેના તરફથી નહીં કરવામાં આવે ત્યારે વેચનાર માણસ દાંણની રકમ ભરવા જવાબદાર છે એમ સમજવું.

જે ગામે જાનવર વેચાય તેની ઉપજમાં તેનું દાણ લેવાશે જેમકે ખંભાળીયાના ગામનો રહીશ એક શક્ષ આ રાજ્યના અથવા પરરાજ્યના ગામેથી જાનવર વેચાણ લઇ પોતાને ગામે લાવ્યો તો તેનું દાણ જે ગામથી વેચાણ લીધુ તે ગામે લેવાશે જે ગામે જાનવર આવ્યું તથા લેવું નહીં તેમજ કોઇ સખ્સ પોતાના ગામથી જાનવર લઈ જઇ બીજે ગામ વેચી આવે તો જે ગામે વેચાણ તે ગામે દાણ લેવાશે પરંતુ જ્યાંથી જાનવર ખરીદ કરી લાવે ત્યાં દાણ ચુકાવ્યું છે એમ દાણ ચુકાવનારની ચીઠી રજુ કરવા જાનવર લાવનારની ફરજ છે તેવી ચીઠીઓ રજુ નહીં કરે તો જે ગામે લાવ્યો છે ત્યાં દાણ લેવાશે.

૩ કલમ ૨ માં જણાવેલ ખુલાસાથી આ રાજ્યના કોઇ ગામે અથવા પરરાજ્યના ગામે જાનવર વેચીઆવે અથવા ત્યાંથી વેચાથી લાવે એવા ઈરાદાથી કે તેથી આ રાજ્યના દાણના ધારાથી ફાયદો થાય અથવા છેક ન દેવુ પડે તેને કલમ ૨ લાગુ નથી પણ એવુ કૃત્ય કરનારે (વેચાણ લેતા દેતાં) દાંણ ચોરી કરી એમ ગણી ધારાસર શીક્ષા કરવામાં આવશે.

૪ એકનું એક જાનવર પ્રથમ વેચાણ થયાની તારીખથી બાર મહીનાની મુદતમાં ગમે તેટલી વાર વેચાય તો પણ એક વખત દાણ લીધુ છે એટલે બાર મહીના સુધી બીજી વાર નહી લેવું.

ખેડુતને વોરાવટ કરનાર લોકો કેટલીક વખત બળધ વીગેરે જાનવર લેણામાં ખંડી લે છે તેનું દાણ ખંડી લીધેલી કીમત પ્રમાણે વસુલ લેવામાં આવશે જાનવરના પરસપર સાટાં કરે એવી રીતે કે એક જાનવર આપી તેનું તે જાતનું અથવા બીજી જાતનું જાનૂવર લેશે ત્યારે બંને જણ જાનવર ખરીદ કરનાર છે એમ માની શકાય છે તો પણ તેવાં સાટાંમાં દાણ લાગુ નહીં કરવું નીચે જણાવેલ પ્રમાણે થયું હશે ત્યારેજ દાંણ લેવાશે.

અ. એ. બ. ને. બળધ પોતાનો આપ્યો અવજીમાં બનો બળધ અથવા બીંજુ જાનવર લીધું શીવાએ કાંઇ નાણું આપ્યું ત્યારે જેટલું નાણું આપવામાં આવ્યું તેટલીં રકમનું ફક્ત દાંણ નાણું આપનાર પાસેથી લેવું કેમકે તેણે એટલી જાદે કીમતનું જાનવર લીધું છે ગતલબ જાનવરે જાનવરનું નહીં લેતાં ઉપરીયામણનુંજ દાણ લેવું.

૭ વેચાણ થએલ જાનવર લેનાર સક્ષથી પૈસા નહીં ભેરી શકાતાં વેંચનારને ૧ મહીનાની મુદતમાં પાછું આપવામાં આવે અથવા વેચનાર પોતાથીજ તેટલી મુદતમાં પાછુ લઇ જાય ત્યારે વેચાણ રાખનાર સક્ષ પાસેથી દાંણ લેવું નહીં પણ એક મહીના પછી જાનવર પાછુ દે અથવા વેચનાર પાછું લઇ જાયે તો પણ વેચાણ રાખનાર સક્ષ પાસેથી દાંણ લેવામાં આવશે જે સમે પોતાથી જાનવર પાછુ લઇ જાસે તેને વેચાણ રાખનાર ગણી દાંણ લેવું નહીં.

૮ કોઇ સક્ષ અધીઆરૂં જાનવર કીંમત ઠરાવી રાખે તેની પાસેથી તેણે આપેલી કીમતનું દાણ લેવું.

૧ બળધ, ઘોડું, ઉંટ, ભેંસ, પાડું, ગધેડું એ જાનવરો ઉપર સેંકડે ટકા ૩)=.

૨ ઘેટાં તથા બોકડા (નર) આ રાજ્યની રૈયતપર રાજ્યમાં વેચે તો દર જીવ એકે કોરી ૧ લેવી અને માદી ધીણોધરી લોકો લેતા તેની પાસેથી કાંઇપણ લેવું નહીં પણ તે સીવાએના બીજા લોકો લે તો દર જીવે કોરી ૧ એક.

૩ ઘેટા, બોકડા નર અથવા માદી આ રાજ્યની રૈયત પરસપર લેદે તેનું કાઈ દાં

ણુ લેવુ નહીં.

સદરહુ મુજબ ઠરાવ માહારાજા જામ સાહેબના હુકમથી કરવામાં આવ્યો છે આ ધારો તળ નગર તથા આ સ્વસ્થાનનાં તમામ ગામોને લાગુ છે.

સંવત ૧૯૪૩ ના ભાદરવા વદ ૫ સનીવાર તા. ૧૮ મી સ્પટેંબર સને ૧૮૮૬.

મગનલાલ બાપુભાઇ સ૦ ન૦ દીવાન.

સ્વસ્થાન નવાનગર રેવન્યુ કમીશનર કોર્ટથી જાહેર ખબર રે. જા. બુ. ન. ૫ આ રાજ્યમાં ખાલશા ગામોમાં કરાગાં ખેડુતો જે કે વજેવેરો કે ઉધડ આપે છે તેવા ખેડુતની જમીન ખોરડાં ઉપર મલકી દરબારની છે અને તે સદરહું રીવાજ તમામ લોકોના જાણવામાં છતાં કેટલાક માહાલોમાં એવા પ્રકારની જમીન ખોરડા ખેડુતો પોતાના દેણામાં વોરાને આપી દે છે તે લેનાર દેનાર જાણે છે કે સર્વ પ્રકારની લાલકી દરબારની છે તો પણ પોતાના સ્વાર્થ માટે તેમ કરી લે છે એમ માહાલ જોધપર અને રણીયાણા તાબે બાણુંઆરમાં થયાનુ જાણવામાં આવતા મેહેરબાન દીવાન સાહેબના ન૦ ૨૦૯૫ તા. ૨૫ ડીસેંબર સ. ૧૮૮૬ ના ફરમાનથી આ જાહેર ખબર પ્રસીધ્ધ કરી જણાવવામાં આવે છે કે એવી રીતે કોઇએ માડી લીધુ હસે તેઓએ એ કરાર રદ કરી બીજી રીતે પૈસા વસુલ કરી લેવાદેવા ને હવેથી કોઈએ એવી ગાંડછાંડ કરવી નહીં અને કોઇએ કરી છે એમ જાહેર થસે ત્યારે ગાંડી લેનાર દેનારને કસુરદાર ગણી શીક્ષા કરવામાં આવશે ઉપ્રાંત એ જમીન ખોરડા વીગેરે દરબાર હરાજ કરશે માટે આ હુકમ વીરૂધ કોઈએ નહીં વરતવું. સ. ૧૯૪૩ ના પોસ સુદ ૬ શુકર તા. ૩૧–૧૨–૮૬.

નારણજી દુલભજી. રે૦ ક૦

આ રાજ્યમાં જ્યુબીલીના વરસની કાયમ યાદગીરી રહેવા નીચે પ્રમાણે લેવાતા કર કાહાડી નાખવા તથા કેટલીએક બાબતોના કરમાં ઘટારો કરવાનું અમે આજરોજ ઠરાવ્યું છે.

૧ આ રાજ્યમાં કોઇપણ મકાનમાં નવા બારણા જાળી બારી વીગેરે મુકવામાં આવે તેહેના ઉપર જે ફીની રકમ હાલ લેવાય છે તેહેમાં ઘટાડો કરી લેવાતા દરથી નીમે દરલેવો.

૨ સળાયા કરબા અને બંદરમાં મલગનો ઇજારો આપવામાં આવેછે તે કાહાડીનાંખવો.

૩ ખંભાળીયામાં કોળાં ઉપર અને ગરમર ઉપર જે લાગ લેવામાં આવે છે તે કાહાડી નાખવો તા. ૨૮–૨–૧૮૮૭.

મગનલાલ બાપુભાઈ દીવાન.

સરક્યુલર નંબર ૪ સંસ્થાન નવાનગર હજુર કોર્ટથી.

ફોજદારી ન્યાય ખાતાના અવીકારી તરફ ખબર આપવામાં આવેછે કે સં. ૧૯૩૭ ની સાલના નંબર ૧૮૫ ના રોજ કામથી આ સંસ્થાનના વહીવટદારોતથા માહાલકરીઓને રેવન્યુ ગુન્હા સંબંધે બીજા તથા ત્રીજા વર્ગના માજીસ્ટ્રેટનો અખત્યાર આપવામાં આવેલો છે અને તેથી તેઓને રેવન્યુ ગુન્હા સીવાએ બીજા પ્રકારના ગુન્હાના કામોમાં પણ ગુન્હેગાર અથવા ગુન્હેગારોની કબુલત લેવાનો સર્વ સાધારણ રીતે તેહેના હુદાની રૂએ અખત્યાર રહેલો છે તોપણ તેવા માજીસ્ટ્રેટે રેવન્યુ ગુન્હાસીવાએના બીજા ગુન્હાના કામમાં ગુનેગાર અથવા ગુનેગારોની લીધેલી કબુલત કાયદેસર પુરાવામાં વાપરવા સંબંધે ગુનેહગારો તરફથી તકરાર કરવામાં આવતી હોય એમ અમને માલુમ પડયુ છે પણ તેવી તકરાર કાંઇ કામની

નથી કેમકે વહીવટદારો અને માહાલકારીઓને તેના માજીસ્ટ્રેટી અખત્યારની રૂએ રેવન્યુ ગુન્હા સીવાએ બીજા પ્રકારના ગુન્હાના કામોમાં પણ ગુન્હેગારની કબુલાત લેવાનો અખત્યાર રહેલો છે તેમજ તેણે લીધેલી કબુલત પુરાવામાં પણ લઈ શકાય છે માટે ફોજદારી ન્યાય ખાતાના સઘળા અધીકારીઓએ તે પ્રમાણે વહીવટ ચલાવવો સં. ૧૯૪૩ ના ચૈત્ર સુદ ૧૧ તા. ૪–૪–૮૭.

મગનલાલ બાપુભાઇ દીવાન.

સરક્યુલર નુ. ઠ. વૈ. નં. ૭ સંસ્થાન નવાનગર દીવાન દફતરેથી.

સીંગોટી સી રીતે લેવી એ બાબતનો ધારો સં ૧૯૪૩ ના ભાદરવા વદ ૫ તા. ૧૮ સપ્ટેમ્બર સ. ૧૮૮૬ ન. ૨ નો આહીના દરબારી ગેજીટ આંક ૭ સં ૧૯૪૩ ના આસો સુદ ૨ બુધવારમાં છપાઇ પ્રસીધ થએલો છે એ સરક્યુલર મુજબ ખેડુ લોકો પોતાની ખેડના કામ સારૂ બળધો વેચાથી લે તેની પાસેથી પણ સેકડે ૩)≈ મુજબ લેવાયછે પરંતુ ખેતીના કામમાં ઉતેજન આપવા સારૂ એ દર કમી કરવાનુ માહારાજા જામ સાહેબની નજરમાં યોગ્ય આવતાં આજરોજ મલીકામાઅજમાં માહારાણી વીકટોરીયા કેસરે હીંદની જ્યુબીલી વીલાયતમાં છે તે ખુશીના પ્રસંગે સઘળા ખેડુઓને હમેશા ઈયાદ રહે તે સારૂ ખેડુઓ સબંધી નીચે મુજબ ઠરાવ કરવામાં આવેછે.

જે ખેડુઓ ફકત ખેતીનુંજ કામ કરે છે તેઓ ખેતીના કામ સારૂ બળધ વેચાથી લેશે તેની પાસેથી સેકડે ત્રણ ટકા બે આના મુજબ શીંગોટી નહીં લેતાં બળધ જીવ એક એક કોરી મુજબ શીંગોટી લેવી આ ઠરાવ જે ખેડુ ભાડાનો ધંધો કરે છે તેને લાગુ નથી તેમની પાસેથી તો સેકડે ત્રણ ટકા બે આના મુજબ શીંગોટી લેવામાં આવશે.

આ સરક્યુલરનો અમલ સં. ૧૯૪૪ ના અસાડ સુદ ૩ ગુરૂવારથી થશે સં. ૧૯૪૪ ના જેસ્ટ વદ ૩૦ સોમવાર તા. ૨૧–૫–૮૭ ઇસ્વી.

મગનલાલ બાપુભાઇ. દીવાન.

સરક્યુલર સંસ્થાન નવાનગર રેવન્યુ કોર્ટ રે. સ. બુ. નંબર ૧૨.

આ રાજ્યના ખાલસા ગામોમાં વજે વેરાઈતી કે ભાગામી જમીન ખેડનાર ખેડુતો પોતાના હવાલાની જમીન સારી રીતે ખેડવા તરફ લક્ષ રાખે એવા હેતુથી ઘણી ઘણી વખતે તેઓને પોતાની જમીન પુરેપુરી ખેડવા માટે યોગ્ય મદદ અને મુદત આપવામાં આવી છે પરંતુ તેઓ જોઈએ તેવી ફીકર રાખતા નથી તેટલા માટે ચોકસ નીયમ ઠરાવવા જરૂર જણાતાં ઠરાવ કરવામાં આવે છે કે—

૧ જે સક્ષ પોતાના હવાલામાં જેટલી જમીન હોય તે પુરેપુરી યોગ્ય રીતે ખેડી વાવેતર કરી રાજ્ય હક આપવા બંધાયો છે છતાં જે સક્ષ પોતાની જમીનનો કાંઇ ભાગ પડતર રાખશે અથવા સારી ખેડ નહીં કરે તેથી થતું નુકશાંન દરબાર તે પાશેથી મુજરા લેશે.

૨ પડતર રહેલી જમીનના વજેની નુકશાની વીઘે એકે કોરી ૧॥ લેવામાં આવશે.

૩ હવાલાની જમીન પડતર નહીં રાખતાં વાવેતર કરી ગયો છે પણ યોગ્ય રીતે ખેડ કરી શકતો નથી તોપણ નામથીજ ખેડ કરી વાવી જાય છે તેથી નબળી પેદાશ આવે છે તેવા સક્ષે જાણી જોઈને દરબારને નુકશાન કરયું એમ ખુલું છે તેથી એવી બે ફીકરાઈથી ખેડ કરનાર માણસ પાસેથી વીઘે એકે કોરી ૧॥ રાજ હકની ગણી લેતાં જે-

ટકી પેદાયશ તેની વજેની ગ તે બાદક્ષ દેતાં ત્રટની રકમ વસુલ લેવામાં આવશે.

૪ કલમ ૨-૩ પ્રમાણે ફાજે સક્ષ પાશેથી નુકશાની લેવામાં આવી છે તેનો તે સ બીજા વરસમાં પોતાના હવાલાની જમીનમાંથી પડતર રાખશે અથવા પુરતી ખેડ નહીં કરી હશે તેવા સક્ષ પાસેથી કલમ ૨-૩ માં જણાવેલ દર કરતાં ડબલ નુકશાની લેવામાં આવશે એટલુંજ નહીં પણ પડતર રાખેલી જમીન અથવા સારી ખેડ નહીં કરતો હોય તે સક્ષની તમામ જમીન ઉપરથી તેનો હક રદ કરી દરબાર બીજા સક્ષને આપશે.

૫ કોઇ પણ ખેડુની કાંઇ ખરા કારણસર જમીન ખેડી નહીં શકાણી હોય અથવા વાવેતર નહીં થઇ શકયું હોય કીંવા પાક બગડી ગયો હોય તો એ વાત નુકશાની લેતી વખત ધ્યાનમાં લેવામાં આવશે પણ તેવે પ્રસંગે તે જમીનના કબજેદારે કારણ સહીત તરતમાં જાહેર કર્યુ હશે અથવા ખાત્રી કરી આપી હશે તેને આ કલમનો લાભ મળશે.

૬ દર સાલના કારતક સુદ ૨ પછી દરેક ગામે જમીન પડતર રહ્યાનો તપાશ કરવો તે વખત તે તે ગામના પટેલ તલાટી અને ચાર સમજુ ખેડુને સાથે રાખી પડતર રહેલી જમીનના વીઘા અટકળથી મુકરર કરી લીષ્ટ કરી લેવું તેમાં સાથે રાખેલા પંચની અને જમીન પડતર રાખનારની સહી લેવી અને લીષ્ટમાં ખેડુ જે કારણ બતાવે તે લખી લેવું.

૭ જે ખેડુના કબજામાં જેટલી જમીન છે તેમાં જે પડતર રહી હોય તે સેંકડે પાંચ વીઘા સુધી હશે તેની નુકશાની લેવામાં આવશે નહીં પણ તેથી વધુ પડતર હશે તો જેટલી પડતર હશે તે તમામની ઉપર પ્રમાણે નુકશાની લેવામાં આવશે જાણી જોઇને ઈરાદા પૂર્વક પડતર રાખનારને આ કલમનો લાભ મળશે નહીં.

૮ ખેડુતો પોતાના હવાલાની જમીનમાંથી અમુક ભાગ પોતાની સગવડ પ્રમાણે મુકી આપે છે તેથી હલકી જમીન મુકાય છે તે કોઈ રાખનાર મળતું નથી તેથી એવો ઠરાવ કરવામાં આવે છે કે જે સક્ષને જમીન મુકવી હશે અથવા કલમ ૪ પ્રમાણે જેટલી જમીન દરબાર મુકાવી લેશે તે ખેડુના હવાલામાં જે જમીન જે વર્ગની (ઉત્યમ મધ્યમ કનીષ્ટ) હશે તેમાંથી જેટલો જમીન મુકાવી લેવાની હશે તો તે દરેક વર્ગની જમીનમાંથી તથા પાણીના કોસ હીસા પ્રમાણે કાઢી લેવામાં આવશે.

૯ કેટલાક ખેડુતો જમીન, વાડી અને ખોરડાંનાં સાટાં પરસપર પોતાથી કરે છે તે કરવા તેમનો હક નથી માટે એવી રીતે દરબારની પરવાનગી મેળવ્યા શીવાય જે કોઇ કરશે તેણે સાટાં થએલ જમીન ઉપરથી પોતાનો હક ખોયો છે એમ સમજવું એવી જમીનની દરબાર વ્યવસ્થા કરશે.

ઉપર પ્રમાણે અમલ સ. ૧૯૪૪ ની શરૂ સાલથી કરવા આ સરકયુલર માહાલદારે તરફ મોકલનો.

સંવત ૧૯૪૩ ના જેઠ સુદ ૧૫ તા. ૫ જુન સને ૧૮૮૭

નારણજી દુલભજી. રે૦ ક૦

સરકયુલર સંસ્થાન નવાનગર રેવન્યુ કમીશનર કોર્ટથી. સર્વ માહાલોના વૈવટદાર તથા માહાલકરી તરફ. રે. સ. બુ. નં. ૧૪.

જેમ બને તેમ પીતમોલ વધુ થાય તેવી સગવડ કરવાની જરૂર જણાતાં તે વીશે મેહેરબાન દીવાન સાહેબની હજુર નં ૩૮ તા. ૩૦ સપ્ટેંબર સને ૧૮૮૭ નો રીપોર્ટ કરી

હકીકત જણાવતાં સાહેબ મોસુફે નં. ૧૩૧૫ તા. ૧૦ અકટોબર સને ૧૮૮૭ ના ફરમાનમાં આહીંનો અભીપ્રાય મંજુર કરી. સરક્યુલર કરવા પરવાનગી આપતાં હુકમ આપવામાં આવે છે કે.

૧ દરેક ખેડુતોએ પોતાની વાડીમાં પીતમોહોલ કરવો એવી ફરજ સમજવી પોતાથી પીતમોલ ન થઇ શકે તો એક મોલ અથવા એક સાલમાં પીતમોલ કરવામાં કોઇ ખેડુ અથવા ઉભડ ગમે તેને ભાગ્યો રાખીને પીત કરવાની છુટ આપવી એ છુટ આપતાં કોઇ ખેડુ પોતાની વાડીમાં કરેલી મેહેનત બદલ પોતે ભાગીયો કરીને અથવા અલગ રહીને કાંઇ લેવા ઠેરાવ કરે તો તેમાં હરકત કરવી નહીં એટલે તેવા ઠેરાવ કરવા ખેડુતને છુટ દેવી પણ તેવા ઠરાવ માહાલને દફતરે જાહેર કરવાની ખેડુ તરફ ફરજ છે માહાલદારને જાહેર થએ રોજકામ કરી દફતરમાં રાખવું.

૨ કલમ ૧ પ્રમાણે છુટ દેતાં જો ખેડુ લાભ નલે તેવા ખેડુની વાડીમાં પીત કરવા જે માણસ કબુલ કરે તેને એક પીત કરવા છુટ દેવી મતલબ વાડીના પડાનો અને પાણીનો ઉપયોગ થવો જોઈએ એ બાબતમાં દર સાલ પીતની મોસમ અગાઉ માહાલદારે દરેક ગામે તપાસ કરી દરેક વાડીને માટે પીત થવાને સગવડ કરવી ને વાવેતર થઇ ગયા પછી આ સાથે રાખેલ નમુના પ્રમાણે એક પત્રક માહાલદારે દર સાલ કારતક વદ ૨ મોકલવું એટલે કહી વાડીમાં પીત ન થયું એમ શેહેજ જણાઇ રેહેશે આ ઠરાવથી ખેડુ તરફ તેવીજ પીત કરાવવાની તજવીજ કરવાની ફરજ માહાલદાર તરફ રાખવામાં આવે છે.

૩ કલમ ૧ પ્રમાણે જે ખેડુ પોતાથી સુવાંગ પીત નહીં કરી શકતાં ભાગીયો રાખશે અથવા પોતે અમુક લેવા ઠરાવ કરી બીજા પાસે પીત કરાવશે તેવી રીતે ત્રણ વરસ સુધી જો ખેડુ પોતાથી સુવાંગ પીત ન કરી શકે તેવા શક્ષ પાસે વાડી કાયમ રાખવી કે નહીં એ બાબત માહાલદારોનો રીપોર્ટ આવેથી યોગ્ય ઠરાવ કરવામાં આવશે.

૪ કલમ ૨ ઉપરથી એવો સવાલ નીકળશે કે જે ખેડુ પીત ન કરે તેની વાડીમાં બીજાને પીત કરવા છુટ દેવી તો પછે કાંઇ પણ લેવાની વાડીના માલીકને છુટ શા માટે આપવી તે બાબતમાં અમો એમ માનીએ છીએ કે ખેડુની મેહેનત વાડીમાં છે તેનો બદલો તે લેતાં રાજી રહેશે અને પડતર નહીં રેહેતાં દરબારને વજે ભાગનું નુકશાન થાયછે તે બંધ પડશે. બંધ કરવાથી દરબારથી એવો બદલો લેવાશે નહીં ખેડુને નુકશાન થાય તેમ નહીં કરતાં છુટ દેવી એમ વ્યાજબી માનીએ છીએ.

૫ જે વાડીમાં ઉપરા ઉપર પીતમોલ થતો હશે તે વાડીમાં જમીનની તાશીરને લઇ એક વરસ પીત નહીં કરે ત્યારેજ જમીન સુધરશે એમ કરવામાં ન આવે તો જમીન સુધરે નહીં અને પીતમોહોલ સારો થાય નહીં એવા કારણુસર વાડીમાં પીત નહીં કરતાં કબજેદારે પીત વગરનો મોલ વાવેલ હોય તે ઘઊંની મોસમ પેહેલાં લેવાઈ ગયા પછી પણ કબજેદારને ઉપરના કારણુસર વગર પીતે રાખવા જરૂર હોય તો અટકાયત કરવી નહીં પણ એ વર્સમાં ખાતર નાખી કોઇ બીજો માણસ પીત કરવા માગે તો તેમ કરવાથી જમીન બગડશે નહીં પણ સુધરશે તો તેવી રીતે કબજેદાર પીત નહીં કરે તો બીજાને છુટ દેવી. પણ કોઈ સામાની વાડી ખરાબ કરવાના હેતુથી પીત કરવા માગે તો ચોકસી કર્યા વગર જમીન બગડવાના કારણુસર છુટ ન દેવા.

૬ આ ઠરાવથી કોઇ માણસે કાલાં જેવો શીયાળુ મોલ વાવેલ હોએ તો તે મોલ લેવાયા પછી પીતની સગવડ કરવાની છે તેમજ વાડના પંચીયા રાખવાની અટકાએત નહીં કરવા તથા ખાતર ભરી સામી સાલમાં સારો મોલ લેવાના કારણુસર વગર પોતે વાડી રાખે તેને હરકત નહીં કરવી મતલબ કારણ વગર વાડી પડતર રેહે તેના માટે આ ગોઠવણ કરવાની છે એમ સમજવું.

આ સરકયુલર પ્રમાણે પીતમોલ થવાના કારણુસર ફકત વાડીને ગાટેજ સ્પેસીયલ રીતે છુટ આપવામાં આવેછે ખેતરાઉ જમીન અને ખોરડાંની કોઈપણ રીતની વ્યવસ્થા નહીં કરવા જે મનાહ છે તે કાયમ છે આ સરકયુલરથી છુટ છે એમ સમજવું નહીં તે પ્રમાણે અગલ કરવા આ સરકયુલરની નકલ ૭ ડીવીઝન વૈવટદાર તથા પંચકોશી માહાલકારી તરફ મોકલતાં અસલ ફાઇલમાં બાંધવો.

સં. ૧૯૪૪ ના આસુ વદ ૧૩ શુકર વાર તા. ૧૪ અકટોબર સને ૧૮૮૭.

નારણજી દુર્લભજી રે. ક.

સરકયુલર રે. સ. બુ. ન. ૧૯ સંસ્થાન નવાનગર રેવન્યુ કમીશનર કોર્ટથી.

હાટ, ખોરડા, વાડા વીગેરે જાએગા કોઇ આસામીએ ગીરો મુકીને તેનો પચાશ વરસ ઉપરાંતનો કબજો ગીરોદારનો હોએ એટલે મુળ માલેકનો હક ધારા પ્રમાણે જાએ છે પણ ગીરોદારને જાગ્યાના છાપાં પોતાને નામે મુદત ગયા પછી કરી દેવા માગે તો કરી દેવા કે નહીં તેમજ મુળ માલેક બીન ઓલાદ ગુજરી ગયો હોય ને ગીરોદાર છાપા કરી દેવા માગે તો તેને કરી દેવા કે તે જગાના દરબાર માલેક છે તે બાબતમાં એક સરખો નીયમ નહીં હોવાથી ઘણો અડબડાટ આવતા કારાવળ માહાલકારીના નંબર ૨૩૬૪—૨૩૬૭ તા. ૨—૧૦—૮૭ ના તુમાર નીચે આ કોર્ટથી નં. ૧૩૪૩ તા. ૮—૧૦—૮૭ ત. ન.૧૩૯૮ તા. ૧૩—૧૦—૮૭ ના તુમારે મેહેરબાન દીવાન સાહેબના હજુર મોકલતા સાહેબ મોસુફનું ન. ૨૧૯૩—૨૧૯૬ તા. ૨૬—૧૨—૮૭ નું ફરમાન થયું તેને અનુસરી આ સરકયુલરથી ઠરાવ કરવામાં આવે છે કે

સ્થાવર મીલકતમાં હાટ, ખોરડાં, વાડા વીગેરેનો ગીરોદારનો કબજો હોય તેની મુદત પચાશ વરસની પુરી થઇ હોય તો કબજેદારના નામના છાપા કરી આપવા જાએગાની કીમત પંચ કીયાસ મુજબ ગણી ટકા લેવાને છાપામાં એવી સરત લખવી કે મુળ માલેકનો કાયદાસર હક હશે તો તેને બાદ આવશે નહીં પચાશ વરસની મુદતની અંદર ગીરો મુકનાર મુળ માલીક બીન ઓલાદે ગુજરી ગએલ હોય ને તેનો કાયદેસર વારસ ન હોએ ને કબજેદાર લેણી રકમ કરતાં એ જાએગામાં વધારે કીંમત હોય તો તે હરાજ કરી કબજેદારને તેનું લેણું આપી વધારો દરબારમાં લેવો. લેણા કરતાં કીંમત કમતી હોય તો પંચ કીયાસ કરાવી એ જાએગાના છાપા કબજેદારના નામના કરી આપવા.

ઉપર પ્રમાણે અમલ કરવા આ સરકયુલરની નકલ નવાનગર તળપતને માટે છાપાં ખાતાના ઉપરી તથા ૬ ડીવીઝનના વહીવટદાર અને પંચકોશી માહાલકારી તરફ મોકલતાં એક નકલ દરબારી ગેજટમાં છાપવા છાપખાનાનાં ઉપરી તરફ મોકલવી ને અસલ ફાઇલ દાખલ રાખવો.

સંવત ૧૯૪૪ ના માહા વદ ૨ સોમવાર તા૦ ૩૦ જાનેવારી સને ૧૮૮૮ ઇસ્વી.

જટાશંકર મોતીરામ રે૦ ક૦

સરક્યુલર રે. સ. બુ. નં. ૩૧ સંસ્થાન નવાનગર રેવન્યુ કમીશનર કોર્ટથી.

સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે આ સ્વસ્થાનના ગામોના ખળાંમાં દરબારી માલ આવી ન રહે ત્યાં સુધી તે ગામમાં નવો દાણો ગરાસીયા તેમજ પશાયતા વીગેરેનો અથવા નહીં દેવા શીરૂ આ કોર્ટથી નં. ૪ તા. ૨૯–૮–૮૭ નો સરક્યુલર કરી માહાલદારો તરફ મોકલવામાં આવ્યોછે ને તે પ્રમાણે રીવાજ ચાલુ રહેવાથી કોઇ માણસને પર તાલુકેથી અથવા બીજે ગામથી ખોરાક માટે વેચાતો કે બીજી રીતે નવો દાણો લાવવાની જરૂર થાયતો તે લાવવાની અટકાય તથા એ છે એમ આજમ સર ન્યાયાધીસ સાહેબ પોતાના નં. ૪૮૪૮ તા. ૨૬–૧૧–૮૭ ના લખાણમાં પોતાનો મત બતાવવાથી મેહેરબાન દીવાનજી સાહેબના નં. ૩૦૩૩ તા. ૧૨ માર્ચ સને ૧૮૮૮ની મંજુરીની અનવયે હુકમ આપવામાં આવેછે કે.

આ સ્વસ્થાનના ગામોમાં કોઈ પણ રૈયત ખેડુત ઉભડ વેપારી ગરાસીયા પશાયતા વીગેરે લોકોને દરબારી નવો દાંણો ખળામાં આવી ગયા પછી પેહેલા લાવવાની જરૂર થાયતો તેમ કરનાર માણસે એ ગામના પટેલ તલાટી તથા ગાંડલીયા પાસે માલ લાવતી વખતે તરત નોધ કરાવી માલ ગામમાં લાવવો તેમ નોધાવ્યા વગર જે માણસ ગામમાં નવો માલ લાવશે તેને ગુનેગાર ગણી યોગ્ય શીક્ષા કરવામાં આવશે એ પ્રમાણે ખબર થવા તથા અમલ કરવા માહાલદારોએ ધ્યાનમાં રાખવા આ સરક્યુલર દરબારી ગેજીટમાં છપાવી પ્રસીધ કરવામાં આવે છે.

સં. ૧૯૪૪ ના પ્રથમ ચૈત્ર વદ ૩૦ તા. ૧૧ એપ્રીલ સને ૧૮૮૮.

પોપટ કૃપાશંકર શી. નારાણજી દુલભજી રે. ક.

પરચૂરણ બાબત

પુસ્તક પેહેલું.

સ્વસ્થાન નવાનગર નંબર ૧ સંવત ૧૯૨૩ તથા ૨૪

આ રાજયના મુલક માંહેના સઘળા લોકોને ખબર આપવામાં આવે છે કે હાલમાં મહારાજા જામ સાહેબ પોતાના તાલુકાઓમાં ન્યાય ખાતાનું કામ ફોજદારી તથા દીવાની કામ ધારા મુજબ ચલાવેછે તેમજ રાજ્ય પ્રકરણી ખાતાનું કામ પણ નિયમસર ચાલે છે.

એ ખાતાઓ મધેથી જૂદે જૂદે વખતે સરક્યુલર તથા હુકમો કાઢવામાં આવે છે. તે તમામ લોકોને બરાબર જાણવામાં નહીં આવતા હોય એવા વિચારથી તે અડચણ દુર થવા તથા બીજી કેટલીએક ઉપયોગી બાબતોથી લોકો વાકેફ થાય એવા હેતુથી આ નવાનગર દરબારી નામનું ગેજેટ પ્રસિદ્ધ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.

સદહુ ખાતાઓ સાથે સંબંધ રાખનારાઓએ ગેજેટની પ્રતો અવસ્ય ખરીદ કરવી જોઇએ. તેમાં છપાયલા હરેક સરક્યુલરો અથવા હુકમો દરબાર શ્રીના અધિકારીની અસલ સહીવાળા હુકમ મુજબ સમજવા.

એ ગેજેટથી દરબારી બાબતો જોવામાં આવશે એટલુંજ નહીં પણ બીજી કાઠિઆવાડ એજન્સી ગેજેટ મધ્યેની તથા લોકોપયોગી બીજી બાબતોથી વાકેફ થસે, જેથી એ ગેજેટનો ખરચ આપવા કરતાં માહેતગારી અને વધારે હાંસલ હશે એવી ઉમેદ છે.

નવાનગર તારીખ ૬ ઠી મે સન ૧૮૬૭

(સહી) ભગવાનજી કરમશી મુખ્ય દીવાન.

સરક્યુલર.

આ રાજ્યમાં સરવે લોકોને હુકમ આપવામાં આવે છે કે સંવત ૧૯૦૮ ની સાલથી હરકોઇ ગરાશીઆ, જીવાઈદાર, ખેરાતી વગેરેનાં ગામ યા જમીન, આઘાટ ગીરવી કે ઇજારે શ્રી દરબારની મંજુરી વિના લીધેલ હોય, તેનો ઠરાવ બતાવી એક વર્ષની અંદર જાહેર કરવા બાબે મહારાજા જામ સાહેબની મરજીથી ગઇ સાલના જેષ્ઠ શુદ ૧૫ નંબર ૩૩૩ મે હુકમ દીધેલ છે પરંતુ આજ લગણ તે મુજબ વર્તણુક થઇ નથી વાસ્તે ચેતવણી આપવામાં આવે છે કે પેસ્તરના ઠરાવ પ્રમાણે મુદતસર જાહેર કરવું. તે ન થયે કોઇ બીજાના તરફથી ખબર મળશે તો કરેલો ઠરાવ રદ પાડવામાં આવશે. અને હવેથી કોઇએ ગામ ગરાસ દરબાર શ્રીના હુકમ વિના લેવું અથવા માંડવું નહીં.

સંવત ૧૯૨૩ ના વૈશાખ શુદ ૨ સોમવાર. તારીખ ૬ ઠી મે સન ૧૮૬૭.

(સહી) ભગવાનજી કરમશી મુખ્ય દીવાન.

પુસ્તક ૨ જું સંવત ૧૯૨૫.

જાહેર ખબર નવાનગર ફોજદારી ન્યાય સભાથી.

સર્વેને ખબર આપવામાં આવેછે કે સગડના ચલાવવા વિષે પેસ્તર એજન્સી ગેજેટના

નંબર ૮ જુન સન ૧૮૬૫ આંક ૨૨ પાને ૯૪ નંબર ૪ નો જે સરક્યુલર છપાએલ છે તે ઉપર લક્ષ રાખી અમલ કરવામાં કોઈના તરફથી કસુર થઈ હશે તો વળતર અપાવવામાં આવશે નહીં એમ સુચના તરીકે જાહેર ખબર તારીખ ૧૩ મી અગષ્ટ સને ૧૮૬૮ આંક ૩૩ ના ગેજેટમાં ઉત્તર પ્રાંતના આજમ મેહેરબાન ફર્સ્ટ આસિસ્ટંટ પોલીટીકલ એજંટ સાહેબ પ્રાંત મજકુર ખાતે પ્રસિદ્ધ કરેછે.

આ વાત એવા પ્રસંગને અનુકુળ છે જેથી એ બાબત સહુને માહેતગારી પક્કી રીતે મળવા તથા ચોકશીમાં ખામી ન પડવા પ્રથમનો ઠરાવ આ ગેજેટ દ્વારાએ જણાવવો દુરસ્ત જાણી તેની નકલ નીચે દાખલ કરી છે. તે ઉપર પુરતી રીતે ધ્યાન રાખી કોઇ કસુર કરવી નહીં.

(સહી) ભુપતસંગજી ન. ફો. ન્યા. સ. આ.

સરક્યુલર નંબર ૪ સન ૧૮૬૫ કાઠીઆવાડ પ્રાંતના આસિસ્ટંટ સાહેબો તરફ.

તારીખ ૬ ઠી અગસ્ટ સને ૧૮૬૩ ના કાઠીઆવાડ એજન્સી ગેજટમાં જે કાયદા લખ્યા છે તેમાં થોડો ફેરફાર કરી બધાને જાણ થવા માટે ફરીથી છાપ્યા છે.

૧ કોઈ જગ્યે ગુનોહ બન્યાથી તે બાબતનો સગડ કાઢવામાં આવે ત્યારે હમેશા એવો ધારો રાખવો કે તે સગડ કાઢવામાં તે ફરીઆદીને સાથે રાખવો.

૨ જ્યારે જખમ થયાથી અથવા બીમારીથી અથવા અશક્તપણાને લીધે અથવા કાંઇ જરૂરી કામ સારૂ જવું પડયાથી તે ફરીયાદી સાથે આવી ન શકે તો તેની તરફથી તેણે એક માણસ મુકરર કરી મોકલવું.

૩ જે ગામમાં ગુનોહ બને ત્યાંના પગીએ સગડ કાઢનારની સાથે હમેશાં જવું અને જે તાલુકામાં ગુનોહ બને ત્યાંની હદ પુરી થયા પછી સગડ બરાબર છે કે નહીં તે બાબતની તકરાર પડે તો તેની સફાઇ કરવા સારૂ તે પગી ઘણો કામનો છે.

૪ હવે સગડ શરૂ થાય ત્યાંથી તે બંધ થાય ત્યાં સુધીના વચગાંના સઘળા ગામોના પગીઓએ જ્યાં સુધી પાસેના એક બીજા ગામની હદ પાર સગડ થાય ત્યાં સુધી સગડ કાઢનારની સાથે રહેવું.

૫ ઉપલા ધારા મુકરર કરવાનું કારણ એછે કે તે સગડ આખરે કઈ જગો અને કેવી રીતે બંધ થયું તે માલમ પડવાને સારૂ ત્રાહીત સાક્ષી મળી શકે એ ધારા કાંઇ નવાજ છે એમ નથી પણ ઘણીવાર એ રીતે અમલ થતો નથી.

૬ જ્યારે કોઈ ગામનો અધીકારી સગડ આગળ ચલાવવાની ના કહે અથવા કોઇ ગામમાં પગી ન હોયતો છેલ્લા ગામમાં તથા જે ગામમાં ગુનો બન્યો હોય તે ગામના પગીઓએ મળીને સગડ આગળ ચલાવવું.

૭ સાધારણ કામોમાં તો હરેક ગામમાંથી ફકત ત્રણ ચાર માણસોએ પોતાના ગામની હદ પાર જવું પણ જ્યાં એવું માલમ પડે કે ચોરોનાં હથીઆરબંધ ઘણાં માણસો નજદીકમાં છે તો તે વખત ઘણાં માણસો જાય તો ફિકર નહીં.

૮ જ્યારે સગડ આગળ ચાલે નહીં ત્યારે ફરીઆદીએ તથા છેલ્લા ગામના અને શરૂ જે ગામમાં ગુનોહ થયો હોય તે ગામના પગીઓએ તાલુકદારની પાસે અથવા તે જગોના બીજા કોઇ જુમેદાર અધીકારી કે જે પાંચ માઇલ કરતાં વધારે દુર રહેતો નહોય તેની

પાસે જઇને તેને તે બાબતની ખબર આપવી.

૯ જો તાલુકદાર કે તેનો કોઈ અમલદાર ઉપર કહેલા છેડાની અંદર ન હોય તો તે માણુસે ત્યાંથી પાસેમાં પાસે જે ગામ હોય ત્યાં રહી પોતાની હકીકતના ખબર એક નોખા માણુસ સાથે મોકલવા.

૧૦ એ રીતે કરવાની ઘણી જરૂર છે કેમકે એવી રીતે ખબર આપ્યા શિવાય તે તાલુકદાર અથવા બીજો અધિકારી પોતાની હદમાં તપાસ કરી શકનો નથી તારીખ ૨૩ મી માહે મે સને ૧૮૨૫ મુકામ રાજકોટ.

(સહી) આર. એચ. કીટીંજ પોલીટીકાલ એજંટ.

અધિકાર.

આંહીના તાબાના મહાલ આંબરણના ખવાસ શામજી નથુ વાણીને તેની લાએકી તથા હુશીઆરી જાણી મહાલ મજકુર તથા તેના તાબાના ગામોનું દીવાની ફોજદારી કામ ચલાવવાનો શ્રી હજુરથી હાલ અખત્યાર નીચે પ્રમાણે આપવામાં આવ્યો છે.

ફોજદારી કામમાં એક વરસ સુધી સખ્ત મજુરી સાથે કેદ તથા કોરી ૬૦૦ છસેં સુધી દંડ કરવો.

દીવાની મુકદમાનો ચુકાદો કોરી ૫૦૦૦ પાંચ હજાર સુધી કરવો.

ઈનસાફ ચલાવવા જે માણુસ રાખવું તે આંહીની પસંદી અને મંજુરીથી રાખવું.

વખતે વખત જે પ્રમાણે કામ ચલાવવા બાબત આંહીથી અગર અખ્તીઆરી કોરટોથી ધારા તથા હુકમ આવે તે મુજબ રીતસર કામ ચલાવવું.

અખ્તીઆર આપ્યા ઉપરાંતનાં સરવ ફોજદારી કામ રીતીને સાથ અહીંની કોરટે કમીટ કરવાં ને અખ્તીઆર ઉપરાંતની દીવાની ફરીઆદ શરૂથી નગર દીવાની કોરટમાં દરજે બદરજે સાંભળવામાં આવશે.

એ પ્રમાણે અખ્તીઆર આપ્યામાં આવ્યો છે તે મુજબ કામ ચલાવતાં જવાબદારીનું જોખમ ધ્યાનમાં રાખી વાજબી ઈનસાફ દેવો. સંવત ૧૯૨૫ ના કારતક વદ ૧૦ શ્રી હજુર હુકમથી

ભગવાનજી કરમશી મુખ્ય દીવાન

લખાવટ બાબત ઠરાવ.

ખુદ નવાનગર તેમજ મહાલોની કોરટોને દરજ્જા પ્રમાણે સરખી લખાવટ નહીં ચાલવાથી ઠીક ન જાણી શ્રી હજુરના ફરમાનથી નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો છે.

શ્રી હજુર કોરટ તરફ દરેક અમલદારે શી રીતે લખવું તે.

- શ્રી સરકાર ખુદાવંદ ખુદાએગાંન ફેજબક્ષ ફેજરસાન મહારાજાધિરાજ જામ શ્રી વિભાજી સાહેબની હજુર કોરટમાં અરજ

શ્રી હજુર કોરટથી લખવું તે.

મહારાજાધિરાજ જામશ્રી વિભાજી સાહેબની હજુર કોરટથી દીવાની ફોજદારી કોરટે હુકમ કે.

મહારાજા ધિરાજ જામશ્રી વિભાજી સાહેબની હજુર કોરટ વચનાત મહાલોના ન્યાયાધીશ તથા ફોજદારને હુકમ કે.

નવાનગર ફોજદારી અને દીવાની કોરટ તથા છ પ્રગણાના ન્યાયાધીશ તથા ફોજદાર એઓ વચ્ચે પરસ્પર ઈયાદ લખવી તેમાં આવક જાવક એ બંને લખાણમાં નગર કોરટનું નામ પેહેલે લખવું તે એવી રીતે કે મહારાજાધિરાજ જામશ્રી વિભાજી સાહેબના સ્વસ્થાન નવાનગરની અમુક કોરટે.

ખંભાળીઆ, જોડીઆ, ભાણવડ, આટકોટ, કંડોરણા, જોધપર એ છ કોરટ વચે રસ્પર ઈયાદ લખવી તેમાં દોતરફા લખાણમાં ખંભાળીઆ કોરટનું નામ પ્રથમ લખવું જોઇએ. ને બાકીના અધિકારી જે પોતે લખાણ કરે તેમાં જેના ઉપર લખે તેનું નામ અવલથી લખવું તેમાં એવી રીતથી કે મહારાજાધિરાજનું નામ પ્રથમ લખીને મકાનની કોરટનું નામ લખવું દરેક ગામના મુખી પટેલ વા થાણદારે દીવાની ફોજદારી કોરટ તરફ ચાલતા રીવાજ મુજબ રીપોર્ટ કરવો.

છ પ્રગણાના ન્યાયાધીશ અને મહાલના ફોજદાર વચે ઇયાદ લખવી. પરંતુ આવક જાવક એ બંને લખાણમાં ન્યાયાધીશ કોરટનું નામ પેહેલુ લખવું.

આંબરણ કોરટે લખાણ કરવાનો રીવાજ ખંભાળીયા કોરટના પ્રમાણે ચલાવવો.

નગર ફોજદારી અને દીવાની કોરટ એ બંનેના લખાણ વચે ઈયાદ લખવી તેમાં જે કોરટ લખાણ કરે તે કોરટ પોતાનું નામ પાછળથી લખે.

મુનસી દફતર તથા રાજકોટ વકીલ દફતર, વડા ન્યાયાધીશ અને દીવાની ફોજદારી કોરટને અરસપરસ લખવું પડે તો મહારાજાધિરાજ જામ શ્રી વિભાજી સાહેબની અમુક કોરટ યા દફતર તરફ એમ લખવું તેમાં જેનાઉપર લખે તેનું નામ અવલથી લખવું.

ઉપર લખ્યો ઠરાવ અધિકારીઓએ અમલમાં લાવી તે પ્રમાણે અરસપરસ લખવાનો રીવાજ ચલાવવો.

સંવત ૧૯૨૫ પોષ વદ ૧૩

ભગવાનજી કરમશી મુખ્ય દીવાન.

જાહેર ખબર.

સ્વસ્થાન ઈલાકાના તમામ મહાલો અને ગામોના વહીવટદાર તથા ન્યાયાધીશ તથા ફોજદાર વગેરેને ખબર આપવામાં આવેછે કે પેસ્તર માજી પોલીટીકલ આજમ લાંગ સાહેબના વખતમાં ઇસ્વી સને ૧૮૫૩ માં સર્વે તાલુકદારો પાસેથી સરકારી અમલદારો ગાડાં, બેગારી, ભોમીઆ વગેરે લે તેના પૈસા ચુકાવવાનો જે ઠરાવ કરેલો તે રદ પાડી હાલ એજન્સી ગેજેટ તારીખ ૨૦ ફેબરવારી સને ૧૮૬૯ આંક ૭ માં પોલીટીકલ આજમ મેહેરબાન આંડરસન સાહેબે નવો ઠરાવ પ્રગટ કર્યો તે આ નીચે દાખલ રાખ્યો છે તે નજરમાં લઈ આયંદેથી એ પ્રમાણે ગાડાં વગેરેના પૈસા સરકારી આદમીઓ પાસેથી લેવા તમારી સુપરદીના ગામોના લોકોને સારી રીતે માહીતી આપતાં તમારે પણ એ કામમાં પરસ્પર જોઇતી મદદ દેવામાં ચુકવું નહીં.

સંવત ૧૯૨૫ ના ફાગણ વદ ૫

(સહી) ભગવાનજી કરમશી મુખ્ય દીવાન.

તારીખ ૧ લી અકટોબરથી તા. ૧૫ જુન સુધી નીચે મુજબ

૧ બે અથવા વધારે બળદવાળા ગાડામાં ૨૦ મણ (૪૦ શેરનો એક મણ) સુધી

ભાર ભરવો અને તેનું ભાડું દર કોશે (બે માઇલ) ૩ આના મુજબ આપવું. પણ પાંચ કોશ અગર તેથી ઓછું ચાલ્યા હોય ત્યારે એક ગાડાનું ભાડું એક રૂપીઆથી કોઈપણ પ્રકારે કમી આપવું નહીં. અને એકનું એક ભાડું વાજબી મજલ સુધી લઇ જવું.

૨ શીગ્રામ અથવા ગાડી સારૂ બે બળદો (ગાડા શિવાય)નું ભાડું ઉપર મુજબ આપવું.

૩ બેગારી ૧ ને દર કોશે એક આના મુજબ આપવું.

૪ પગી અથવા રાતની ચોકીવાળાને એક રાતના ત્રણ આના આપવા.

૫ રસ્તાના ભોમીઆને દર કોશની ૯ પાઈ મુજબ આપવું.

તારીખ ૧૬ જુનથી તારીખ ૩૦ સપ્ટેંબર સુધી.

૬ પેહેલી તથા બીજી કલમમાં જેને વાસ્તે જે દર ઠરાવ્યો છે તેથી બમણા દર મુજબ આપવું.

૭ કોઇ ગાડાને બાર કલાક રોકયું હોય તો તેને દર ગાડે આઠ આના મુજબ ભથું આપવું.

૮ મુકામસર થયા પછી ચાર કલાકની અંદર સઘળા ગાડાનું ભાડું ચુકવી આપવું. જો કોઇ ગામે રાત પડી ગયા પછી પહોંચાય તો વખતે દીવસે સૂર્ય ઉગ્યા પછી એક કલાકની અંદર આપવું. અને તે ઉપરાંત જેટલા વખત સુધી રોકી રાખે તેનું દર કલાકે દર ગાડે એક આનો વધારે આપવું.

૯ કોઇ ગાડાને કાંઈ પણ કારણથી એક વાજબી મજલથી વધારે લઇ જવું નહીં.

૧૦ એક ગામે આવી પહોંચ્યા પછી જેટલાં ગાડાં જોઈતાં હોય તેના ખબર તુરતજ દેવા અને તે પ્રમાણે વાજબી મુદતની અંદર પુરાં પાડવાને તાલુકદાર તરફના અધિકારીની ફરજ છે એ પ્રમાણે પુરાં પાડવામાં તેઓ કસુર કરશે તો તેની પોલીટીકલ એજંટ સાહેબને નકી ખબર મળેથી તેઓનો દંડ થાશે અને તે દંડ જેટલી ઢીલ કરવામાં આવી હશે તેના પ્રમાણમાં કરવામાં આવશે.

રાજકોટ તારીખ ૨૦ ફેબરવારી સન ૧૮૬૬.

(સહી) ડબલ્યુ. ડબલ્યુ. આંડરસન પોલીટીકલ એજંટ.

સંવત ૧૯૨૬ પુસ્તક ૩ જું. સરકારી અધિકારીઓ વિષે.

માહાલોના વહીવટદાર અગર બીજા અધીકારીઓનો ફેરફાર થતાં ચાર્જ આપવા લેવામાં ઘણીજ ગફલત થાય છે. ગઇ સાલની ફેર બદલીના ચાર્જ હજીસુધી ઘણે ઠેકાણે પુરે પુરાં સોંપાયાં નથી સબબ આગળ કેવી રીતનો વહીવટ છે અને તે ચલાવવા કેવા ઠરાવ અથવા હુકમ થએલા છે તેથી નવા અધિકારીઓ અણવાકેફ રહેતાં કામમાં ઘણી ગડબડ તેમજ લખાણમાં વધારો થાય છે એ વાત મહારાજા સાહેબની હજુરમાં જાહેર કરી નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે તે પ્રમાણે સર્વ અધિકારીઓએ અમલ કરવો.

ચાર્જ સોંપવા તથા તપાશી લેવા બાબત.

૧ કાંઇ પણ સરકારી અધિકારીઓના ફેરફાર થતાં જે અધિકારી જગ્યા છોડે તેણે પોતાના કબજાનો તમામ સામાન વગેરે જે કાંઇ સરકારી હવાલો હોય તે નવા અધિકારીને સોંપવો.

૨ સરકારી દફતર આવક જાવક તથા હુકમોની ફાઇલ તેમજ રોજમેળ ખાતાવહી વગેરે તમામ કાગળ તથા શીલક રોકડ વગેરે જે હોય તે નવા અધિકારીને સોંપવું. અને

તેની તથા સામાનની ફેરસ્ત કરી તે ઉપર સોંપનારે તમામ સરકારી સામાન તથા દફતર વગેરે સોંપ્યું છે એવું લખી પોતાની સહી કરી ચાર્જ તપાશી લેનાર અધિકારીને આપવી.

૩ નવા થયેલા અધિકારીએ તમામ સરકારી સામાન તથા દફતર વગેરે સંભાળી લેવું. અને તપાસ કરવો કે કાંઇ સરકારી સામાન રહે નહીં. ચાર્જ તપાશી લઇ તેની ફેરસ્ત કરી તે ઉપર પ્રમાણે તમામ ચાર્જ તપાશી લીધો છે એવું લખી લેનારે સહી કરી ચાર્જ છોડનાર અધિકારીને સોંપવી.

૪ અધિકારીઓનો ફેરફાર થતાં તુરત ચાર્જ તપાશી આપવો તથા લેવો અને તેની ફેરસ્તની બંનેની સહી સાથેની એક નકલ અમારા તરફ મોકલવી.

૫ ઉપર પ્રમાણે ચાર્જ તપાશી લીધા પછી નવા અધિકારીનું પાછળ કોઇપણ કામ કે હુકમ વગેરેમાં અજાણપણું ચાલશે નહીં.

કેટલાએક વહીવટદારો હાલ ફરીયાદ કરે છે કે અમને પેસ્તરના હુકમ અથવા વહીવટ ગળ્યો નથી તેગજ કોઇ કામમાં દાખલા વગેરેની જરૂર પડતાં તે વખત અજાણપણું બતાવે છે તેમ નહીં કરતાં ચાર્જ લીધા પછી તુરતજ હુકમ વગેરે વાંચી વાકેફ થવું નહીં તો તેની જવાબદી તેમના ઉપર રહેશે.

૬ કેટલાક વહીવટદારો નામાં વગેરેની બાબત પૂછતાં એમાં પોતાની બીન માહીતી બતાવી પોતાના મેહેતાને આગળ કરે છે એ ઘણું નઠારૂં છે મેહેતા એ તેમના હાથ નીચે કામ કરનારા છે તોપણ સઘળા વહીવટ તથા કામની પોતાને માહીતી રાખવી જોઈએ તેમજ સરકારી સઘળા લખાણમાં તેમની પોતાની સહી જોઇએ જે તેમ નહીં કરે તે એવા કામને લાયક નથી એમ સમજાશે.

૭ કોઇ કોઈ વહીવટદારો ગેજેટ લક્ષ દઇ વાંચતા નથી અને તેથી તેમાં જે સરકારી હુકમ તથા ઠરાવો હોય છે તેથી બીન માહીતગાર રહે છે એવું. અમારા જાણવામાં આવ્યું છે એ ગેજેટ તેમજ બીજા સરકારી ઠરાવોથી તમામ અધિકારીઓને અધિકારીની રીતે તથા તમામ રૈયતને રૈયતની રીતે જાણીતા રહેવાની જરૂર છે. જે લોકો એથી અજાણ્યા રહેશે તે કોઈ પ્રસંગે હું અજાણ્યો છું એવું બહાનું બતાવશે તો તે ઉપર ધ્યાન આપવામાં નહીં આવે.

કાગળોની આવક જાવક બાબત.

૮ અમારા જાણવામાં આવ્યું છે કે કેટલાક વહીવટદારો તેમજ કોઇ કોઇ બીજા અધિકારીઓ રીતસર કાગળોની આવક જાવક નોંધબુક વગેરે રાખતા નથી અને રાખે છે તો તે પોતાની ખાનગી ગણે છે. તેમ નહીં કરતાં એ બાબત આંહીથી નંબર ૪૯ સંવત ૧૯૨૫ ના જેઠ વદ ૭ તારીખ ૯ જુલાઇ સને ૧૮૬૯ નો ઠરાવ કરેલો છે તે પ્રમાણે વરતતાં તે સાથે નીચેની કલમો ધ્યાનમાં રાખવી.

૧ તમે જે કાગળો લખો તેની જાવક બુક અહીંથી આવેલા નમુના પ્રમાણે રાખવી. કોઈ પણ સરકારી કાગળ તેમાં (હોર્યા વગર રહેવો નહીં) નોંધ્યા વગર મોકલવો નહીં.

૨ બાહેરથી તમારા તરફ જે કાગળો આવે તેનો સારાંશ આવક બુકમાં નોંધવો અને તે કાગળની એક ફાઇલ રાખવી કોઈ આવેલા કાગળ નીચે જવાબ લખવો હોય તો તેને આવકમાં ચડાવી જવાબ જાવકમાં નોંધવો.

૩ એ પ્રમાણે રાખેલી આવક જાવક તથા હુકમ અને કાગળોની ફાંઇલ સરકારી છે માટે કોઇ અધિકારીએ ખાનગી સમજી રાખવી નહીં ચાર્જ સોંપતી વખતે તે નવા અધિકારીને સોંપવી.

અમલદારોએ વેપાર ન કરવા બાબત.

કેટલાક અધિકારીઓ પોતાના અધિકારની અથવા સુપરદની હકુમતમાં પોતાને નામે અથવા પોતાના મેહેતા કે માણસોને નામે અથવા પોતે કાંઈ ભાગ રાખી કોઇ વેપારી મારફત વેપાર કરે છે તેમાં વખતે વખતે સરકારી માલ વેચાય છે અથવા સરકારી નાણાંનો ઉપયોગ થાય છે તેમજ એવી રીતે અમલદારોના વેપારથી તેઓ પોતાના હોદ્દાની ફરજ બજાવી શકતા નથી એવો શક રહે છે તથા તે શિવાય એવી બીજી ઘણી રીતે રૈયતપર જાસ્તી થવાનો સંભવ, તેમજ વહેમ પડતી બાબતો હોવાથી મહારાજા સાહેબના ફરમાનથી નીચે મુજબ ઠરાવ્યું છે.

૧ મહાલો તથા ગામોના કોઇ પણ મુખ્ય અમલદાર તથા તેના મેહેતા કે તેવાજ સરકારી અમલના યોગે કામો કરનાર કોઈ પણ અધિકારી જેના તાબામાં પોતાના હોદ્દાની રીતે કાંઈ પણ સરકારી હુકમ છે તેમણે પોતાની હકુમતની હદમાં કોઇ પણ જાતનો કાંઈ પણ વેપાર પોતે અથવા કોઇની મારફત કરવો નહીં તેમજ પોતાના લાભ ખાતર અથવા બીજી રીતે કોઇની સાથે ભાગ કે હિસ્સો રાખવો નહીં.

૨ જે સરકારી અમલદારોની મારફત કેટલાક ઇજારા અપાય છે તેના રાખનાર સાથે પોતાનો કોઈપણ જાતનો ખાનગી વહીવટ અથવા લેવડ દેવડ રાખવું નહીં. તેમજ તેમાં પોતાના અથવા પોતાના કોઇવગવાળાના લાભ ખાતર કાંઇ રાખ રખાવત કરવી નહીં

૩ કોઇ પણ સરકારી મહાલના અથવા બીજા લેવ દેવમાં કાંઇ સરકારી હક હોય તે સરકારી રીતે સંભાળી લેતાં તેનો વહીવટ સરકારી રીતે કરવો.

૪ એવી રીતના હકમાં કાંઇ માલ કે જણસ વગેરે આવે અને તેનું નાણું કરવું યોગ્ય જણાય તો તે રીતસર કરવું પણ તેવા હક બદલ કાંઇ પણ આવેલી જણસ કે માલનો કાંઈ પણ ખાનગી ઉપયોગ કરવો નહીં.

૫ વેપારો કે તેમજ તે શિવાય પોતાના ખાનગી લાભ કે વગ વશીલા માટે કોઇપણ અમલદારે કોઇપણ રીતે પોતાની સત્તા વાપરવી નહીં.

૬ આ ઠરાવની વિરૂદ્ધ કોઇપણ અમલદાર પોતાની હુકમતની હદમાં વેપાર કરશે તો તેણે રાખેલો માલ સરકારમાં જપ્ત થશે અને વેચનારને નાણું પોતે આપવું પડશે.

૭ તેમજ કોઇ પોતાની હકુમતની હદની અંદર માલ વેચશે તો તે માલનું ઉપજેલું તમામ નાણું સરકારમાં જપ્ત થશે.

૮ કોઇ અમલદારે બીજાને નામે પોતાની હકુમતમાં વેપાર કરેલો હશે તો તેને માટે ઉપરની બે કલમ લાગુ પડશે.

૯ કોઈ અમલદાર પોતાની હકુમતમાં બીજાને નામે પોતાનો ભાગ રાખી વેપાર કરાવશે અથવા તેના વેપારમાં ભાગ રાખશે તો તેના ભાગ બાબત ઉપરની કલમ લાગુ પડશે.

૧૦ કોઇ અમલદાર માલ શિવાય રોકડ લેવ દેવ કે લેણુ દેણુ કરશે તો તેણે ધીરેલું નાણું જપ્ત થશે.

૧૧ વહીવટી અથવા મેહેસુલ ખાતામાં આ વિશેની તપાસ હિસાબી દફતરવાળા તથા મેહેસુલ ખાતાના અમલદારો તથા બીજા જેને તપાસ કરવાનો અખત્યાર આપવામાં આવશે તે કરશે અને એ વિશે તેને શક આવતાં તુરત આંહી રીપોર્ટ કરશે.

૧૨ બીજાં ખાતાં જેવાં કે દીવાની ફોજદારી વગેરેમાં તે ખાતાના ઉપરી અમલદારો તથા એ વિશે જેને અખત્યાર મળ્યો હશે તે તપાસ કરશે.

૧૩ ઉપર પ્રમાણે વેપાર તથા રોકડ ધીર ધારમાં માલ તથા નાણું કે દસ્તાવેજ વગેરે જપ્ત થયું હશે તે બાબત શ્રી હજુર કોરટ અથવા શ્રી હજુર જે પ્રમાણે ઠરાવ કરશે તે પ્રમાણે તે તમામ અથવા તેમાંનો કાંઈ ભાગ સરકારમાં ખાલસે થશે.

૧૪ આ ઠરાવ તમામ ગામોના તથા માહાલોના વૈવટદાર, ફોજદાર, મુનસફ, શીર મુનસફ અને તેમના મેહેતા તથા હાથ નીચેના બીજા અમલદારોને લાગુ છે.

૧૫ વહીવટદારોએ સરકારી જનશો વગેરે વેચવાને માટે તેમજ બીજા અમલદારોએ પોતાના કબજાનો સરકારી સામાન કે માલ વેચવા માટે આગળ જે જે સરકયુલર તથા ધારા છે તેમાં આઠરાવથી કાંઇ પણ ફેરફાર થતો નથી. સંવત ૧૯૨૬ના શ્રાવણ વદ ૧૦

(સહી) ભગવાનજી કરમશી મુખ્ય દીવાન.

જાહેર ખબર.

શીલા લેખ તથા અસલી ઇમારતો વગેરે બારાડી બરડા વગેરે તરફ છે તેની બરાબર સંભાળ રહેતી હોય એમ માલમ પડતું નથી સબબ આ હુકમથી સરવે માહાલો તથા ગામોના અમલદારને સુચના આપવામાં આવે છે કે સીલા લેખ તથા અસલી ઈમારત વગેરે જે હોય તેનો નાશ ન થાય તથા કોઇ લોક બગાડે નહીં તેવો પાકો બંદોબસ્ત રાખતાં તેને સંભાળથી જાળવી રાખવા તેમજ કોઇએ સુસ્ત રહેવું નહીં. સંવત ૧૯૨૬ ના આશો વદ ૧૧

ભગવાનજી કરમશી મુખ્ય દીવાન.

પુસ્તક ૪ થું.

સરકયુલર સં. ૧૯૨૭.

ઈંગ્રેજ સરકારની જનરલ ટપાલ નગરથી તારીખ ૧૩ મી સપ્ટેંબર સન ૧૮૭૦ ને રોજ નીકળી ખંભાળીઆ તરફ જતાં દરમીઆન સખપરની ચોકીના હલકારાને તાવની બીમારી થઇ આવી સબબ તેણે તે ગામના પટેલને મજુરીના પૈસા વડીએ ડાક ખંભાળીએ પોચાડવા માણસ દેવાનું કહેતાં આપ્યું નહીં એવી મજમુનથી ટપાલ ખાતાના સાહેબનું લખાણ આ. નં. ૮૮૭ મે આવતાં વહીવટદાર તથા ફોજદાર વગેરેને હુકમ દેવામાં આવે છે કે આયંદેથી સદહું હલકારા કાગળો લઈ જતાં આપતાં દરમીઆન જે ગામે બીમાર થાય તે વખત તુરતજ તે ગામના પટેલ વાજબી રીતની મજુરી લઇ હલકારા પાસેથી ડાક બીન હરકતે સામી લેનને ટપે ત્યાંના હલકારાને પોહોચડાવી આપે તેમજ આ સ્વસ્થાનના દરબારી ખાનગી કામના કાગળો લઇ હલકારા અથવા સ્વાર પાળા જતાં આવતાં કોઇ માંદા પડે અથવા જરૂરી કારણ બતલાવે તો તે કાગળને પણ રોકત નહીં કરતાં જલદી જે જગેના હોય ત્યાં બીજા માણસ સાથે પોચાડી દે તેમાં ગફલત કસુર ન કરે

તેવો તમારી સુપરદના ગામોના પટેલ તલાટીને કહી પકે બંદોબસ્ત કરવો એમાં સુરતી રહે. જવાબ તમારી તરફ રહેવાનો. સંવત૧૯૨૭ના ભાદરવા વદ ૯.

(સહી) ભગવાનજી કરમશી મુખ્ય દીવાન.

સુચના. નવાનગર ફોજદારી ન્યાય સભાથી.

ગાહાલોના શીરફોજદાર તથા ફોજદાર, પટેલ, તલાટી, થાણુદાર વગેરેને સુચના કરવામાં આવે છે કે હરેક બીદેશી દેશી મુસાફર માંદગી વગેરે કારણથી બીમાર થાય તે જે ગામ તેવો બનાવ બને તે ગામવાળાની ફરજ છે કે તેની સારી સંભાળ રાખી બનતી બરદાશ કરવી.

હાલ રાજકોટ નજીકનાં ગામોમાં એક મુસાફર આજારીને એવો અડબડાટ રખડાટ તે ગામવાળાના બે કદ પણાથી પડયો કે જેમાં તે કમ નશીબનું મોત થયું જેથી હવે પછી તેવી કસુર ન કરવા તે ગામ વાળા નંબર ૩૦૦ ના શેરાથી આજમ મેહેરબાન નટ સાહેબે શેરો કરેલ છે સબબ આ બાબે આંહીથી પણ ખબર આપવામાં આવે છે કે હવે પછી કોઈ મુસાફર દરદી થાય તેને તરત પહોંચી શકે તેવું હોય તો રાજકોટ સીવીલ હોસપીટાલમાં ઘહોંચાડવો.

આ સ્વસ્થાનની નજીક ગામોમાં એવું થાય તેણે આંહીની દરબારી ઈસ્પીતાલમાં મોકલી દેવો કદી તે મુસાફર કોઇ બીજી જગો નજીકમાં પહોંચાડવા કહેતો ત્યાં બીન હરકતે પહોંચડાવી દેવો મતલબ તે માંદા માણસને તેના શરીર સંબંધી વધારે વ્યથા થાય એમ ન કરતાં ઘટતી સંભાળ રાખવી. ને તેમાં કાંઈ કસુર કરવી નહીં. સં. ૧૯૨૭ના આસુ વદ ૧૨

ગાવજી વેજાણી ન. ફો. ન્યા. સ. આ.

પુસ્તક ૫ મું. સંવત ૧૯૨૮.

સરકયુલર સ્વસ્થાન શ્રી નવાનગર ફોજદારી કોર્ટથી.

શીર ફોજદાર વ ફોજદારને સુચના કરવામાં આવે છે કે કચીઅર ઇમારત આરારત કરવા વગેરે કામમાં ધોળી માટી લોકોને ઘણી ઉપયોગી છે પરંતુ તે જમીનના અંદરથી એક બે વળાં ખોદાય ત્યારે નીચેના ભાગમાંથી સારી નીકળે છે પણ થોડો ખાડો કરી કમ મેહેનતે સુગમ કાઢવાના હેતુથી પડખાં કોતરી એ માટી કાઢે છે જેમાં ગુફા રીતે કોતર પડ જાય છે. આ પોલાણની અંદર આદમીઓ પેશી એ ધુળ કાઢતાં વખતે ભાય જે કે ઉપરનો ભાગ પડી જવાથી માટી કાઢનાર ડટાઈ કચરાઇ મરી જાય છે આ થોડી મેહેનતમાં મોટું જબુન દુખ પ્રાપ્ત થાય છે આ બનાવ કાઠીઆવાડમાં સઘળા પ્રાંતમાં બને છે એટલે દાખલા લખવા જરૂર નથી. જેમ બને તેમ એ આફતમાંથી બે સમજ લોકના પ્રાણનો બચાવ થાય એ ઉપાય કરવાની અવસ્ય જરૂર છે. માટે નીચે પ્રમાણે બંદોબસ્ત કરવો.

"આ ધુળ ખોદવાની લોકો બે મોસમ ગણે છે એક ચોમાસું બેસતાં પહેલાં એટલે વૈશાક તથા જેઠ માસ.

ચોમાસું વીત્યાબાદ કારતક માગશર દરમીઆન જરૂર પ્રસંગે પણ લઈ આવે છે"

આ ખાડાઓ આદમીજ સમાઈ ન શકે તેવા વધારે વધી ન જાય તેવી તજવીજ રાખવાથી અલબત બુરો બનાવ અટકશે.

ઠરાવ.

દરેક ગામે ઉપરની બે મોસમમાં તપાસ રખાવી મજુર લોકોને મોકલી ખાડ કોતર થએલ હોય તે ગીરાવી જમીન બરાબર કરી નાંખવી આ મોસમના વખતમાં ઝડપથી અને બે મજુર જાસ્તી મોકલી કરાવવું. અને પ્રતીમાસે એટલે મહીને મહીને પણ તેની ચોકશી રખાવી એ માટી ખોદાની જગોએ પોલાણ ખાડ થએલી હોય તો તે પડાવી નાખવો. આદમીનાં શરીરને હરકત ન પડે તેવી રીતે કોતરી લેવાય તેવી જગોનો નાશ કરવો નહીં. આ પ્રમાણે પોત પોતાનાં સુપરદીના ગામોમાં બંદોબસ્ત રાખવો આ સરક્યુલર ઉપર ધ્યાન પુરું આપવું.

સંવત ૧૯૨૮ ના પ્રથમ ભાદરવા વદ ૨ તારીખ ૨ સપ્ટેંબર સન ૧૮૭૧

(સહી) ભુપતસંઘજી ન. ફો. ન્યા. સ. અ.

સરકયુલર મહારાજાધિરાજ જામશ્રી વિભાજી સાહેબની સ્વસ્થાન શ્રી નવાનગર હજુર કોર્ટથી.

સર્વ મહાલોના ન્યાયાધીશ તથા ફોજદારને આ સરકયુલરથી ફરમાવવામાં આવે છે કે પર તાલુકાના ગામો સાથે યા પેટાના ગરાશીઆના ગામો સાથે દરબારી ગામને શીમાડાની તકરાર હોય અને તે કામ સબબે શીરબંદી અથવા પસાયતા લોકોએ સીમાડા ઉપર જાવું પડે તો સામટાં હથીયાર બંધ માણસ સાથે લઇ જવાની જરૂર નથી માટે એ બાબત પાકો બંદોબસ્ત રાખવો અને તેવીજ રીતથી પેટાના ગરાશીઆને વરતવા તાકીદ આપવી. સંવત ૧૯૨૯ ના આસો શુદ ૧૪ તારીખ ૧૫ અકટોબર સન ૧૮૭૨.

(સહી) શ્રી હજુર હુકમથી ભગવાનજી કરમશી મુખ્ય દીવાન.

સરકયુલર નવાનગર ફોજદારી ન્યાય સભાથી.

મહાલોના સર્વ સરફોજદાર વ ફોજદારોને નંબર ૯૯ ના ઠરાવથી સુચના દેવામાં આવે છે કે સોની લોકોએ પોતાના ઘડેલ ઘાટ વિના હરકોઇ દાગીનો ભાંગવો ગાળવો નહીં તેમજ વેચાતો રાખવો પડે તો અમલદારને જાહેર કર્યા વિના વગર તપાસે ન રાખવો એમ ઘણી વખત તાકીદ આપેલ છતાં એ પ્રમાણે ચાલવામાં કસુર કરે છે અને તેમાં શિક્ષા પાત્ર થાય છે તો પણ એ વાત બંધ પાડતા નથી તેમાં બરડા પંથકના સોનીઓની આ વર્ત્તણુક વધુ છે માટે થએલ હુકમ પ્રમાણે વર્ત્તવા તાબાના ગામો સમસ્તના સોનીઓ પાસેથી મુચરકા તરીકે લખત તેઓની સઈ સાથે લઇ ખબર દેવા બંદોબસ્ત કરવો. સંવત ૧૯૨૯ ના કારતક વદ ૪.

(સહી) ભુપતસંગજી ન. ફો. ન્યા. સ. અ.

જાહેર ખબર. સ્વસ્થાન નવાનગરના પોલીશ કમીશનર કોરટથી દરબારી અમલદાર તથા તમામ લોકો તરફ.

પોલીસના બંદોબસ્ત માટે મહારાજા સાહેબે એક ધારો પ્રસીદ્ધ કરેલો છે તેમાં પોલીસ અમલદાર, પોલીસ પટેલ, થાણાંનાં માણસોએ શી રીતે વર્ત્તવું એ સરવ હકીકત લખેલીછે.

દરેક પોલીસ પટેલને ૧ સનદ તથા સાથે કામ ચલાવવાનો ધારો આપવાનું કામ શરૂ થઈ ગયું છે ને તે ચાર પાંચ પ્રગણામાંતો અપાઈ પણ ગએલા છે.

પોલીસના કાયદા પ્રમાણે તથા આ ગેજેટમાં લખેલા પોલીસ વિશેના જાહેરનામા પ્રમાણે સર્વ કોઇએ વર્ત્તવું જોઇએ.

પોલીસ ખાતા શિવાયના રેવન્યુ અને જુડીશીઅલ દરબારી નોકરો એ પણ પોલીસ-ખાતાના અમલદારોને ગુનાહ અટકાવવાના કામમાં જે વખતે જેવી જોઈએ તેવી મદદ આપવી.

સંવત ૧૯૩૦ ના શ્રાવણ વદ ૧૨ ભોમવાર તારીખ ૧૯ મી અગષ્ટ સન ૧૮૭૩ ઇસ્વી. મુ. નવાનગર.

(સહી.) પોપટ વિ. વેલજી. પોલીસ કમીશનર.

જાહેર ખબર.

સ્વસ્થાન નવાનગર પોલીસ કમીશનર કોર્ટથી પ્રગણાના ન્યાયાધીશ, ફોજદાર. અને પોલીસ અમલદાર તરફ

કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી ગેજેટ આંક ૩૩ તારીખ ૧૪ અગષ્ટ સને ૧૮૭૩ ના માં મેહેરબાન આકટીંગ પોલીટીકલ એજંટ સાહેબે તારીખ ૬ અગષ્ટ સન ૧૮૭૩ નંબર ૩૭ ની જાહેર ખબર છાપી છે તેમાં હરામખોરની વાંસે થએલી વહારને મહારાજા ગાયકવાડ સરકારની હદમાં જવાને કાંઈ હરકત નથી તેમજ મહારાજા ગાયકવાડ સરકારના માણસો એવા પ્રસંગથી રાજસ્થાનની હદમાં આવી શકશે.

ઉપરની જાહેર ખબરથી તમોને ખબર આપીએ છીએ કે કોઈ ધાડું નાખનાર અ-થવા લુંટ ઝડ કરી ભાગનારની વાંસે સગડનો પીછો લેતાં મહારાજા ગાયકવાડ સરકારની હ-દમાં જવું થાય ત્યારે તરત તેના ગામના મુખી થાણાવાળાને ખબર આપી તેને મદદમાં લઇ પગેરાંનું કામ ચાલતું રાખી જેવી રીતે ગુનેગાર હાથ આવે તેવી તજવીજ કરવી.

તેજ રીતે મહારાજા ગાયકવાડ સરકારના માણસો સગડ પગેરાં લઈ તમારા તાબાની હદમાં આવે ને જેવી મદદ માગે તેવી આપી હરામખોરના શોધની પકી કાળજી રાખવી.

આ કામમાં ગફલત રાખેથી ભારે ઠપકા પાત્ર ગણવામાં આવશે.

સંવત ૧૯૩૦ના શ્રાવણ વદ ૧૨ ભોમે તારીખ ૧૯ અગસ્ટ સને ૧૮૭૩ મું. નવાનગર

(સહી) પોપટ વિ. વેલજી સ્વસ્થાન નવાનગરના પોલીસ કમીશનર.

સરક્યુલર. સ્વસ્થાન નવાનગર પોલીસકમીશનર કોરટથી મહાલોના તમામ ન્યાયધી-શ તથા ફોજદાર તરફ.

પોલીસ સ્વાર તથા પ્યાદલના જે જે જગાએ થાણાં છે તેને નીરખ વિના ખોરાકી સામાન લીધામાં અડચણ આવેછે એમ અમારા જાણવામાં આવ્યું છે માટે ખબર આપ-વામાં આવેછે કે જે જગાએ થાણાં છે વા જ્યાં જ્યાં પોલીસના માણસોની આવજાવ છે તે દરેક મહાલ તથા ટપા ગામોના વેપારાથી તપાસ કરી ગામના થતા વેચાણ ઉપર સુરત રાખી મહીને મહીને નીરખ બાંધી આપવો તે નીરખ તળે ઉપર લખ્યા અમલ-દારોએ પોતાની સહી કરી પોલીસના ઉપરી અમલદારને એક નકલ આપવી તથા એક પોતા પાસે રાખવી અને એક નકલ પટેલને આપવી એ નીરખ મુજબ સઘળી જગાએ ચલાવવું સંવત ૧૯૩૦ ના આસો વદ ૨ મંગળવાર તારીખ ૭ અકટોબર સને ૧૮૭૩ ઇસ્વી. મુ. રાવળ (સહી) પોપટ વિ. વેલજી પોલીસ કમીસનર.

પુસ્તક ૮ મું સંવત ૧૯૩૧

જાહેર ખબર. સંસ્થાન નવાનગર કમીશનર કોર્ટથી.

કેટલીક વાત ઉપરથી અમને માલુમ પડ્યું છે કે સીપાઇ, સંધી, કોળી, વાઘરી

એવી જાતના જે કાઠીયા વરણમાં ગણાય છે તેવા લોકો આ રાજ્યના ગામમાં પોતાથી આવીને વસ્તી તરીકે દરબારી ગામમાં રેણાક કરી રહેછે તે વાત અમારી નજરમાં વાજબી અને બરાબર નથી માટે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું છે.

ખેડુ અને વેપારીવિના જે કાટીયા ઉજડ તરીકે આવી ગામમાં રહેતા હોય તેના જમાન લેવા તથા તેની પાસેથી ઉભડ તરીકે અમુક વેરાની રકમ ઠરાવવી. કોઈ ગામમાં વસ્તી તરીકે કાટીયો રહેતો હોય અને તેનો સગો બીજે ગામથી પોતાની મરજીથી પોતાના પીછાનદારને શ્રી દરબાર કે દરબારી અમલદારની રજા મેળવ્યા વિના ગામમાં આવી આબાદ થાયછે તેમાંથી ગુન્હા બનવાનો સંભવ ઉઠેછે વાસ્તે હુકમ આપવામાં આવે છે કે વહીવટદારની રજામંદી વિના એવા લોકોને ગામમાં રાખવા નહીં જેણે ગામમાં રહેવા આવવું હોય તેણે વેવટદારને જમાન આપી વેરાનો ઠરાવ કરી લેખ લખાવી ગામમાં રહે તે વિના પોતાથી રહેશે તો હુકમનું અપમાન કરી સજા આપવામાં આવતાં આવેલ શખ્સને એકદમરજા આપવામાં આવશે.

વેપારી અને ખેડું વસ્તી નવી રહેવા આવિ અથવા હાલ રહેછે તેના વેરા લેવાની જરૂર નથી.

ઉપરનો સરક્યુલર બધા વહીવટદાર તથા ફોજદાર અને ન્યાયાધીશોએ અમલમાં લાવવો જોઈએ સંવત ૧૯૩૧ના શ્રાવણ વદ ૧૩ મંગળવાર તારીખ ૨૫ અગસ્ટ સન ૧૮૭૪

(સહી) પોપટ વિ. વેલજી સં. ન. પો. કમીશનર.

જાહેર ખબર. નવાનગર ઈનફેન્ટાસાઇડ ખાતાને દફતરેથી.

આ ખાતા સાથે સંબંધ ધરાવનાર જાડેજા. જેઠવા રજપૂત અને સુમરા મીઆણા. મુસલમાનને ખબર આપવામાં આવે છે કે કેવી તરેહથી તમારે આ ખાતાં સાથે વર્ત્તણુક રાખવી તે બાબત મેહેરબાન મુખ્ય દિવાનસાહેબના ફરમાનથી સને ૧૮૭૦ ની સાલનાં પ્રસિદ્ધ થએલ ધારાની એક એક પ્રત મહાલોના ફોજદારોને આપી તે મુજબ વર્ત્તવા બહુ વખ્ત તમને સુચના આપ્યા છતાં પણ તમારા ફરજંદોના જન્મ મરણના કામો વગેરે ફોજદારો તરફથી અહીં આવેછે જેમાં તમને ધારાથી માહેતગાર કર્યા છતાં પણ અજાણપણું બતાવવા ચુકતા નથી વાસ્તે તમારે નીચે લખ્યા નિયમોને ઇયાદ રાખી તે મુજબ વર્તવું તેની તપસીલ.

૧ કોઈ ફરજંદ માના ઉદરમાંથી મુવેલ જનમે અથવા જન્મ્યા પછી કાંઈ બીમારી થાય તો તેણે તે ગામનાં બે સારાં માણસને ખબર દઈ ફોજદારને તરત જાહેર કરવું.

૨ કોઇ દીકરી તરત બીમારી થઇ મરણ પામે તેની મરણ ક્રિયા કર્યા પહેલાં ફોજદારને જાહેર કરવું ને તે છ કલાક પેહેલાં પોચી શકે નહીં એવું હોય તો ગામના પટેલ ને જાહેર કરી બે સારા માણસનું મેજર લઇ મરણ ક્રિયા કરવી.

૩ કોઈ દીકરી વ દીકરો જનમે તેની તારીખ સુદ્ધાંત તરત ફોજદારને જાહેર કરવું.

૪ કોઈ દીકરીનું સગપણ કે શાદી કરે તે જે ગામ કર્યું હોય તે ગામનું નામ અને જેને વેરે કર્યું હોય તેનું તથા તેના બાપના નામ સુદ્ધાંત ફોજદારને જાહેર કરવું.

૫ કોઇ ઓરત મરવાથી મરદ ઘરભંગ થાય અથવા મરદ મરવાથી ઓરત વિધવા થાય તે તારીખ સુદ્ધાંત ફોજદારને જાહેર કરવું.

૬ કોઇ ઓરતને ગર્ભપાત થાય તો તે ખબર તરત ફોજદારને જાહેર કરવી.
૭ ઓરતને ઓધાન રહ્યાના ખબર ત્રણથી ચાર માસ સુધીમાં ફોજદારને આપવા.
૮ દીકરીની શાદીના ખબર તરત ફોજદારને જાહેર કરવા.

ઉપર લખી કલમોને આધારે સૌએ વર્તવું. હવેથી કોઇ સખ્સ હું વાકેફગાર નથી એમ અજાણપણું બતાવશે તો તેનું નિરર્થ બોલવું પુરાવમાં નહીં લઈ શકાય. સંવત ૧૯૩૧ ના કારતગ સુદ ૧૧ શુકરવાર તારીખ ૨૦ નવેંબર સને ૧૮૭૪

સહી હરીશંકર વિ. રાજારામ. ઈ. સા. અ.

પુસ્તક ૯ મું સંવત ૧૯૩૨.

સરકયુલર સંસ્થાન શ્રી નવાનગર હજુર કોર્ટ દરબારી અમલદાર તથા નોકરો તરફ્ વગર પૈસે વેઠ બીગાર નહીં કરાવવા બાબતમાં સરકયુલર વગેરે થયેલછે છતાં વેઠ બેગારના પૈસા બરોબર રીતે મળતા નથી એમ ઘણી વખતે અમારા કાન ઉપર આવે છે અને તપાસ કરતાં માલમ પડેછે કે ઉપરી અમલદારો તરફથી તાબાના સ્વાર સિપાઈઓને પુરતી રીતે તાકીદ સમજુત નહીં મળ્યાનું જણાય છે માટે આ ઉપરથી સર્વે અમલદારને તાકીદ ફરમાવવામાં આવેછે કે તેમણે પોતાના તાબાના તમામ નોકરોને અને તેમાં વિશેષે કરીને સ્વાર સિપાઇને પકી રીતે તાકીદ આપી વગર પૈસે વેઠ બીગાર નહીં લેવા સમજુત આપવી. પછી કોઇ માણસે વેઠ બેગાર વગર પૈસે કરાવ્યાનું જાહેર થઇ સાબીત થશે તે માણસ પાસે બમણા પૈસા વસુલ કરી એક ભાગ જેનો તેને અને બીજો ભાગ ડંડ ખાતે જમે કરવામાં આવશે એટલુંજ નહીં પણ એકજ માણસ ઉપર વધારે વાર આવી ફરીઆદો થશે તો તેના ઉપર ફોજદારી ધારા પમાણે કામ ચલાવી શિક્ષા કરવામાં આવશે. આવી બાબતમાં એમ માલુમ પડશે કે અમલદારોની ચશમ પોશીથી તે કામ થયુંછે તો તે બાબત અમલદારોનો પણ ડંડ કરવામાં આવશે માટે આ ઉપર સર્વે લાગતા વળગતાએ ધ્યાન આપવું. તા. ૧૩ જુલાઇ સન ૧૮૭૫.

(સહી) કુમાર શ્રી ભીમસીંહજી સં ન. હ. કો.

સરકયુલર—સંસ્થાનશ્રી નવાનગર હજુર કોર્ટ.

હમારા જાણવામાં આવ્યું છે કે મહાલોના અધિકારીઓ તથા તેમના તાબાના નોકરો મહાલ તાબાની રૈયતનું કરજ કાઢે છે આ ચાલ ગેરવાજબી છતાં તેનો અટકાવ કરવાની જરૂર છે માટે ફરમાવવામાં આવે છે કે કોઈ પણ દરબારી નોકરે પોતે જે મહાલમાં નોકર છે તે મહાલની રૈયતનું તેમજ જે માણસને પોતાની કચેરીના અથવા હુદ્દાના કામ સાથે કાંઈ પણ નીસબત હોય તેવા માણસનું કરજ કાઢવું નહીં. અગર કાઢશે તો તેને નોકરીથી એકદમ બરતરફ કરવામાં આવશે.

આ ધારો તળ નવાનગર માંહેલા નોકરોને તળ નવાનગર શેહેરના રહેનાર રૈયતને સારૂ લાગુ નથી. તેમજ મહાલખાતાના સિપાઈ પટાવાળા જેઓ તેજ તાબાના રહેવાશી હોય તેમને પણ લાગુ નથી.

જે નોકરની એક ઠેકાણેથી બીજે ઠેકાણે બદલી થાય અને ત્યાંની રૈયતનું બદલી થતાં પેહેલાંનું કરજ હોયતો બદલીનો હુકમ મળે એટલે તરતજ કોનું કેટલું કરજ છે તેનો

તેણે પોતાના ઉપરી અધિકારીને રીપોટ કરવો અને ઉપરી અધિકારીએ તે રીપોર્ટ સરન્યાયાધીશ કોર્ટ મારફત હજુર કોર્ટે મોકલવો અને ત્યાંથી જે પ્રમાણે હુકમ મળે તે પ્રમાણે અમલ કરવો.

આ સરક્યુલર પહોંચ્યાની તારીખે કોઈ અમલદારને અથવા નોકરને ઉપર પ્રમાણે કોઇનું કરજ હોય તે આ સરક્યુલર પહોચ્યા પછી ત્રણ દીવસમાં પોતાના ઉપરી અધિકારીને લખેલા રીપોર્ટથી જાહેર કરી એક માસની મુદતમાં તે પતાવી દઇ તે પછી કોઈ નોકરને ઉપર પ્રમાણેનું કરજ નથી એવો રીપોર્ટ સરન્યાયાધીશ કોર્ટને મોકલવો અને સઘળા અધિકારીઓના એ પ્રમાણેના રીપોર્ટો આવી રહે એટલે સરન્યાયાધીશ કોરટે આ કોર્ટને રીપોર્ટ કરવો. તા. ૧૯ અગષ્ટ સન ૧૮૭૫

(સહી) કુમારશ્રી ભીમસીંહ.

સં. ન. હ. કો.

સરક્યુલર સંસ્થાનશ્રી નવાનગર હજુર કોરટ સરવે ન્યાયાધીશો તરફ.

દીવાની કામોમાં તરફેનો પાસેથી ખર્ચ લેવામાં આવે છે છતાં તે કામ સંબંધીના કાગળ પત્રો દરબારી ટપાલમાં ન્યાયાધીશો વગર લવાજમ આપે મોકલે છે માટે આયંદેથી તેમ નહીં કરતાં દીવાની દાવાના કામ સંબંધીના કાગળો એટલે સમન, નોટીસ, કમીશન હુકમનામાની બજાવણીની દરખાસ્તો વગેરે તમામ કાગળો તથા એક કોરટેથી બીજી કોરટે કામો મોકલવામાં આવે છે તે તમામ વગર લવાજમે નહીં મોકલતાં લવાજમ ભરી મોકલવાં અને તે લવાજમ જેની દરખાસ્ત ઉપરથી અને જેની જરૂરીયાત માટે મોકલવામાં આવતું હોય તેના પાસેથી વસુલ લેવું. તા. ૧૪ સપ્ટેંબર સન ૧૮૭૫.

(સહી) કુમારશ્રી ભીમસીંહજી.

સં. ન. હ. કો.

જાહેર ખબર.

નંબર ૪૧

સરવે લોકોને ખબર આપવામાં આવે છે કે આ સંસ્થાનની દરબારી પોસ્ટમાં જોખમી એંગી ન ચલાવવા પોસ્ટ માસ્તરોને અમારા તરફથી મનેહ કરવામાં આવી છે માટે હવે પછી આ જાહેરનામા ઉપર નજર રાખી જોખમી એંગી તેણે લેવી નહીં તેમજ કોઈએ તેને દેવી નહીં.

આ હુકમ વિરૂધ્ધ જે કોઇ ચાલશે તો તેને હુકમનું અપમાન કર્યાની જવાબદારીનો ગુનેહગાર ગણવામાં આવશે.

વખત ઉપર ફકત ખાસ દરબારી જરૂરી કામને માટે આ જાહેરનામાનો પ્રત્યવાય ગણવામાં નહીં આવે. સંવત ૧૯૩૨ ના પોષ શુદ ૨ બુધ. તા. ૨૯-૧૨-૭૫

(સહી) મંગળજી ગૌરીશંકર આક. રે. કમીશનર.

મુલકી ખાતું સંસ્થાન નવાનગર દીવાન દફ્તરથી.

નોટીસ નંબર ૨૧.

સંસ્થાન નવાનગરના મહાલ પડધરી તથા આટકોટ બુદ સડકના ધોરી રસ્તા ઉપર છે ને એ રસ્તે થઈને કેટલાએક ઈંગ્રેજ સરકારના ઓફીસર સાહેબો અને બીજા દેશી અહ-

સ્થોની આવજાવ હમેશાં થાય છે.

જતાં આવતાં તમામની સાથે ભારબરદારીને વાસ્તે ગાડાં હોય છે તેની બદલી પ-ડધરી તથા આટકોટથી કરવામાં આવે છે.

ગાડાં માગવાની મુદ્દત બરાબર ન હોવાથી વખસર ન પહોંચે એથી ચાલવામાં હ-રકત આવે એટલુંજ નહીં પણ તેણે કરી એ ગામોના વહીવટદારને હમેશાં હરકત થઇ પડે છે ને ગામની રૈયત ઉપર વેઠનો વધારે બોજો થાય છે.

આ રીત નિયમ વગર ચલાવવામાં ગાડાં લેનાર અને દેનાર એ બંને વચ્ચે તકરાર પડે છે તેટલા સારૂ નીચે પ્રમાણે નિયમ ઠરાવવામાં આવ્યો છે—

૧ એકથી તે પાંચ ગાડાં સુધી જોઇએ ત્યારે જે વખત ખપ હોય તેથી છ કલાક અગાઉ વરધી આપવી.

૨ પાંચ ગાડાં ઉપર અને દશ ગાડાં સુધીનો ખપ હોય તો બાર કલાક અગાઉ વ-રધી આપવી.

૩ દશ ગાડાં ઉપર અને વીશ ગાડાં સુધી જોતાં હોય તો ચોવીશ કલાક અગાઉ વરધી આપવી.

૪ વીશ ગાડાં ઉપરાંત જોતાં હોય તો બે દીવસ હરોલથી ખબર આપવા.

ઉપર પ્રમાણે ખબર આપવાથી તેઓને મુદતસર પડધરી તથા આટકોટમાં જે અ-મલદાર હશે તે ગાડાં પુરાં પાડશે અને ખબર આપવામાં કસુર થશે તો તે બાબત દર-બારી અમલદાર જવાબદાર નથી. સંવત ૧૯૩૨ના પોષ વદ ૧૧ શની તા. ૨૨–૧–૭૬

(સહી) પોપટ વિ. વેલજી સં. ન. દીવાન.

જાહેર ખબર નંબર ૨૪ સને ૧૮૭૬

સને ૧૮૭૫ ના જાહેરનામાં નંબર ૧૯ લગત ઉપરથી જાહેર ખબર આપવામાં આવે છે કે વળાવાને એક ગાઉએ એક આના લેખે આપવાનું પોલીટીકલ એજંટ સાહે-બને વાજબી જણાય છે અને તે પ્રમાણે પૈસા વળાવો આવ્યા ચવલ માગી શકાય છે. કાઠીયાવાડ પોલીટીકલ એજંટ સાહેબની ઓફીસ. તા. ૮ ફેબરવારી સ. ૧૮૭૬ મું. વેરાવળ.

(સહી) જે. બી. પીલ પોલીટકલ એજંટ.

પોલીસ ખાતું

સરક્યુલર નંબર ૧૮ સંસ્થાન નવાનગર પોલીસ કમીશનર કોરટથી.

સર્વે માહાલાના પોલીસ સુપ્રીન્ટેન્ટ તરફ લખવાનું કે રહે ગુજર (વટેમાર્ગુ) લોકો ઉ-પર ધાડમારના તથા લુટના તથા ચોરીના બંદોબસ્ત સારૂ મહારાજા જામ સાહેબે આ આ-ખા સંસ્થાનમાં ધોરી રસ્તાઓ ઉપર લાંબા પટાના મેદાન વચ્ચે કોટડીઓ બનાવી ચોકીઆત સીપાઇઓ રાખ્યા છે ને તે બંદોબસ્તના આશરાથી વખત ઉપર ઈ કોટડીના સ્ટેશને જોખમ માલમતા સુધ્ધાંત કોઇ માણસ રાતે રહે તો તેની ચોકી પહેરો તે કો-ટડીના સિપાઈઓએ કરવો જોઈએ તે ચાકરી બદલ તે વેપારી વગેરે પાસેથી નીચે મુ-જબ એ કોટડીના સીપાઇઓએ ફી લેવી.

૧ પોઠ ૧ (૧૦ પોઠીઆથી વધારે હોય તે) એક કોરી ૦ પા.

૨ ગાડી ૧ એક છુટા ૩ ત્રણ

૩ ઉંટ ૧ છુટા ૨

૪ ઘોડા ૧ એકે અગર પોઠીઆ એકે છુટો ૧॥.

ઉપર મુજબ લે તે શિવાય કાંઈ ન લેવું. તથા બીજી રીતે ગેરવાજબી અટકાવ કે હરકત હેરાન ન કરવા સાહેબ મેહેરબાન મુખ્ય દીવાનજી સાહેબ નંબર ૧૦૩૧ પોષ વદ ૩૦ ના હુકમમાં ફરમાવે છે માટે તે પ્રમાણે ચાલવવા ચલવા તમે તમારી દેખરેખ નીચે તમારા તાબાની કોટડીઓનો બંદોબસ્ત કરવો.

ઉપજેલી ફીનો હિસાબ સંભાળી લઈ તેમાંથી અર્ધ સિપાઈઓને બક્ષીસ કરી તેના જમાદાર હસ્તક આપવો અને અર્ધ પોલીસ ફીની ઉપજમાં જમે કરી વહીવટદારને ભરી તેની પોચ સુધાંત ૧૨ મહીને હિસાબ મોકલવો ને જે મહીનામાં કાંઈ ઉપજ ન થઇ હોય તેનો દાયરી રીપોર્ટ કરવો.

સંવત ૧૯૩૨ના ફાગણ વદ ૪ તારીખ ૧૩-૩-૭૬

(સહી) મંગળજી ગૌરીશંકર આ. પો. ક.

સંસ્થાન નવાનગરના વકીલ સંબંધી ધારા.

૧ આ સંસ્થાનની કોરટોમાં વકીલાતનો ધંધો કરવાને ઇછનાર ઉમેદવારે આ ધારામાં ફરમાવેલી પરીક્ષા આપી લાયકીની સનદ મેળવવી. અને તેઓએ તે સનદ મેળવ્યા પછી આ ધારા પ્રમાણે વર્તવું.

૨ જે તારીખે પરીક્ષા થવાની હશે તેની ત્રણ મહીના અગાઉથી આ સંસ્થાનના દરબારી ગેજીટમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરી ખબર આપવામાં આવશે.

૩ દાખલ થનાર ઉમેદવારોએ પરીક્ષાની તારીખ પેહેલાં એક માસ અગાઉ એ રીતે પોતાની સહી સાથેની અરજી હજુર કોર્ટ તરફ મોકલવી. અને તે સાથે બે સારા આબરૂદાર ગ્રહસ્થોની સહી વાળું એક અથવા બે જુદાં જુદાં સરટીફીકેટો મોકલવાં.

૪ પરીક્ષા આપનાર ઉમેદવારો પરસ્પર સારી ચાલનાં સરટીફ્રીકેટો આપશે તે કબુલ રાખવામાં આવશે નહીં.

૫ એક માસથી ઓછી મુદતમાં પ્હોચેલી અરજીઓ ખાત્રી લાયક ખાસ કારણ વીના દાખલ કરવામાં આવશે નહીં

૬ અઢાર વરસથી ઓછી ઉમરના શખ્શને પરીક્ષામાં દાખલ કરવામાં આવશે નહીં.

૭ પરીક્ષામાં હેઠળ જણાવેલી બાબતોના, દરેકના દશ દશ લેખી પશ્નો આપી તેના લખેલા જવાબો લેવામાં આવશે. અને તેના હેઠળ જણાવ્યા પ્રમાણે ગુણ યાને માર્ક આપવામાં આવશે.

૧ વિષય ૧ લો—દીવાની કામ ચલાવવાની રીતના તથા મુદતના તથા રજીસ્ટર બાબતના ચાલુ ધારા, તથા સરકયુલર, હુકમો ૧૦૦

„ ૨ જો—ફોજદારી કામ ચલાવવાની રીતના તથા શિક્ષાના ચાલુ ધારા તથા સરકયુલરો ૧૦૦

„ ૩ જો—હિંદુ ધર્મશાસ્ત્રના દાય વિભાગ, વારસા પ્રકરણ, તથા દત્ત પ્રકરણ તથા મુસલમાની શરહે....................................૧૦૦

„ ૪ થો—પ્રમાણ, કરાર, અપકૃત્યના ધારા તથા નિયમો ૧૦૦

૮ પ્રશ્નોના ઉત્તર કરવામાં પુસ્તકોની મદદ લેવા દેવામાં આવશે નહીં.

૯ દરેક વિષયના પશ્નોના ઉત્તર કરવાને ઓછામાં ઓછો ત્રણ કલાકનો અવકાશ આપવામાં આવશે.

૧૦ જે શખ્સ દરેક વિષયમાં એકંદર ગુણ સેંકડે ૬૬ અથવા તેથી વધારે મેળવશે તેને પેહેલા વર્ગના વકીલની સનદ આપવામાં આવશે.

૧૧ જે શખ્સ દરેક વિષયમાં એકંદર ગુણ સેંકડે ૫૦ થી ૬૫ સુધી મેળવશે તેને બીજા વર્ગના વકીલની સનદ આપવામાં આવશે.

૧૨ પાસ થએલા ઉમેદવારોનાં નામ દરબારી ગેજીટમાં પ્રસિદ્ધ કરવામાં આવશે પણ સનદ મેળવ્યા વિના કોઇ પણ પાસ થયેલો શખ્સ વકીલાતનું કામ ચલાવી શકશે નહીં.

૧૩ બીજા વર્ગનો વકીલ પેહેલા વર્ગની સનદ મેળવવા માટે નવી પરીક્ષામાં દાખલ થવા ઈછશે તો વગર સરટીફીકેટે દાખલ કરવામાં આવશે.

૧૪ જે શખ્સ ત્રણ વખત પરીક્ષામાં નાપાસ થશે તેને કોઇવાર પરીક્ષામાં દાખલ કરવામાં આવશે નહીં.

૧૫ પાસ થએલા વકીલોએ વકીલાતનો ધંધો શરૂ કરતા પેહેલાં સનદ મેળવતી વખતે જ્યાં સુધી વકીલાતનું કામ કરશે ત્યાં સુધીને માટે સારી ચાલ રાખવાના તથા પોતાનું કામ પ્રમાણીકપણાથી કરવાના કોરી ૨૦૦ બસેં સુધીના જમાન હજુર કોર્ટમાં આપી જમાની ખત હજુર કોર્ટમાં દાખલ કરવું પડશે.

૧૬ પેહેલા વર્ગના વકીલો તળ નવાનગર શેહેરની સઘળી કોરટોમાં તથા માહાલોની જે કોરટ અથવા કોરટોમાં વકીલાતનો ધંધો ચલાવવાની ઇછા હશે તે કોરટ અથવા કોરટોને માટે સનદ મેળવ્યાથી વકીલાતનું કામ કરી શકશે.

૧૭ બીજા વર્ગના વકીલો હજુર કોરટ શિવાયની તળ નવાનગર શેહેરની સઘળી કોરટોમાં અથવા હરકોઇ એક મહાલની કોરટમાં તે મહાલને માટે સનદ મેળવ્યાથી વકીલાતનું કામ કરી શકશે.

૧૮ બીજા વર્ગના વકીલોને એકી વખતે એક કરતાં વધારે ઠેકાણાને માટે સનદો આપવામાં આવશે નહીં.

૧૯ તળ નવાનગર શેહેરની કોરટો શિવાય મહાલોની કોરટના અધિકારી સાથે જે શખ્સ સગાઈ સંબંધ ધરાવતો હશે તે શખ્સને તે મહાલની કોરટ માટે સનદ આપવામાં આવશે નહીં.

૨૦ કોઈ મહાલની કોરટમાં કામ કરતાં છતાં તે મહાલની કોરટના અધિકાર ઉપર પોતાના સગાસંબંધીની બદલી અથવા નીમણુંક થાય ત્યારે તે અધિકારી પોતાની નોકરીના હોદ્દાનું કામ સંભાળી લે તે તારીખથી તે કોરટમાં કામ ચલાવવું મોકુફ કરી પોતાના અસીલોને લખેલી સુચના આપી બીજો વકીલ નીમવાને જણાવવું. અને પોતાના હસ્તકના કામોની એક ટીપ કોરટમાં રજુ કરી પક્ષકારોની સગવડને અનુસરીને બીજો વકીલ નીમી શકે તેટલા માટે ધણામાં ધણી એક માસની મુદત સુધી મુલતવી રાખવાની દરખાસ્ત આપવી અને અધિકારીએ તે દરખાસ્ત મંજુર કરવી. તેમજ પોતાનો ધંધો બીજા હરકોઇ મહાલની કોરટમાં ચલાવવાને સનદ બદલી આપવાને મહાલનું નામ

જણાવી હજુર કોરટમાં અરજ, એ ધંધો આગળ ચલાવવાની ખુશી હોય તો કરવી.

૨૧ કોઈ બીજા વર્ગના વકીલની એક મહાલની સનદ બદલી બીજા મહાલની સનદ મેળવવાની મરજી હશે તો હજુર કોરટને અરજ કરેથી બીજી કોઇ અડચણ જોવામાં નહીં આવે તો મેળવી શકશે.

૨૨ એવી અરજ મંજુર થાય ત્યારે પોતાના અસીલને ખબર આપવાની બાબતમાં તથા પોતાના હસ્તકનાં કામો યોગ્ય મુદત સુધી મુલતવી રખાવવાની બાબતમાં કલમ ૨૦ 'ના નિયમ પ્રમાણે વર્તવું.

૨૩ પરીક્ષામાં પાસ થયા પછી જે શખસે સતત ત્રણ વરસ સુધી વકીલાતનું કામ ચલાવ્યું નહીં હશે અથવા ઇનસાફ ખાતામાં ઇનસાફદારની જગોનું કામ કર્યું નહીં હશે તેને ફરીથી પરીક્ષા આપી પાસ થયા વિના સનદ આપવામાં આવશે નહીં.

ફી બાબત.

૨૪ પરીક્ષા આપનાર ઉમેદવારે પરીક્ષામાં બેસતા પહેલાં કોરી ૧૦ દસ્તુરીની હજુર કોરટમાં આપી તેની પહોંચ પરીક્ષકોને આપવી. જે શખ્શ દસ્તુરી બાબતની ,પહોંચ રજુ નહીં કરે તેને પરીક્ષામાં દાખલ કરવામાં આવશે નહીં.

૨૫ પાસ થયેલા ઉમેદવારોમાંના પહેલા વર્ગના વકીલે સનદ લેતી વખત તળ નવાનગરની કોરટોને માટેની સનદ માટે કોરી ૨૫ તથા બીજા વર્ગનાએ કોરી ૨૦ તથા દરેક મહાલની કોરટની સનદને માટે કોરી ૧૫ લવાજમની પડશે.

૨૬ કલમ ૨૦ પ્રમાણે જે સનદ બદલવી પડશે તે વગર લવાજમે બદલી આપવામાં આવશે.

૨૭ કલમ ૨૧ પ્રમાણે જે સનદ બદલવી પડે તેને માટે નીમે લવાજમ આપવું પડશે.

૨૮ મુકદમા અથવા કામની વકીલ દસ્તુરી સ્થાનીક દીવાની ધારાની કલમ ૨૮૧–૨૮૨–૨૮૩–૨૮૪માં ઠરાવેલા નિયમ પ્રમાણે મળશે. પરંતુ વકીલ અસીલ વચે વધતી ઓછી રકમથી બંદોબસ્ત કરવા ચાહશે અને કરશે તો તેને આ કલમથી બાધ આવશે નહીં. લેકીન જો તે રકમ સદરહુ કલમોમાં જણાવેલા દરથી થતી રકમ કરતાં વધારે હશે તો તે વધારાની રકમ મુકદમાના ખરચમાં દાખલ કરી આપવામાં આવશે નહીં. કદી કરારથી ઠરાવેલી રકમ કરતાં કોરટે વકીલના લવાજમની રકમ વધતી હશે, તો તે વધારાનો હકદાર તે પક્ષકાર નહીં પણ વકીલ થશે.

૨૯ કોઈપણ પક્ષકાર એકજ મુકદમો ચલાવવાને એકી વખતે એક કરતાં વધારે વકીલો નીમી શકશે પણ સામા પક્ષકાર પાસેથી એકજ વકીલનું લવાજમ મુજરા મળશે.

૩૦ કલમ ૨૦ પ્રમાણે જે વકીલને પોતાના અસીલોનાં કામ અધુરાં છોડવાં પડશે તે વકીલનું કામ ફેંસલ થયે સ્થાનીક દીવાની ધારાની કલમ ૨૮૪ ને અનુસરીને લવાજમ મળશે.

૩૧ કલમ ૨૧ પ્રમાણે પોતાના લાભને અરથે જે વકીલને પોતાનાં કામો અધુરાં છોડવાં પડશે તે બહાનામાં લીધેલી રકમ શિવાય લવાજમની કાંઈ પણ રકમ માગવાને હકદાર થશે નહીં.

૩૨ પક્ષકારે વકીલ નીમતી વખત વકીલને બહાના દાખલ કોરી ૨ બે આપવી.

અને વકીલે તે રકમની એક લખેલી પહોંચ અસીલને આપવી.

૩૩ કરાર થયા છતાં બહાનાની રકમ આપવામાં આવી નહીં હશે તો વકીલ તે કામ ચલાવવાની ના પાડી શકશે. અને તે થકી થતી નુકશાનીનો તે જવાબદાર થશે નહીં.

વકીલ સંબંધી ગુનાહ અને તેની શીક્ષા બાબત.

૩૪ વકીલ કોરટમાં નાલાયકી કે અપમાન ભરેલી રીતે વર્તશે અથવા કોરટની પરવાનગી લીધા શિવાય અકસ્માત કારણ શિવાય ગેરહાજર રહેશે તે વકીલ દરેક તેવા વર્તણુકને માટે કોરી ૫૦ સુધી દંડને શિવાય વળી તે પોતાની સનદ ખોવાને પાત્ર થશે.

૩૫ કોઈ વકીલ પોતાના અસીલ પાંસેથી બહાનાની રકમ મળ્યા છતાં સામા પક્ષકાર સાથે મળી જશે અથવા તેનું કામ હાથમાં લેશે અથવા પોતાના અસીલે આપેલો કાંઇ દાખલો દસ્તાવેજ સામાવાળાને સ્વાધીન કરી દેશે અથવા તેનો નાશ કરી નાંખશે અથવા પોતાના અસીલનું કામ ચલાવવાની વગર કારણે ના પાડશે અથવા તે ચલાવવામાં જાણી બુજી કસુર કરશે તો તે મુકદમા અથવા કામના લવાજમની રકમથી વીશ ગણી રકમ સુધીના દંડને સિવાય પોતાની સનદ ખોવાને પણ પાત્ર થશે.

૩૬ અસીલ તરફથી કાંઈ દાખલા દસ્તાવેજ વકીલને સોંપવામાં આવે તેની વકીલે અસીલને વીગતવાર લખેલી પહોંચ આપવી- અથવા જયારે તે અસીલ પાછા માગે ત્યારે તેની પહોંચલઇ પાછા આપવા- એ પ્રમાણે કરવામાં જે કોઇ કસુર કરશે તે વકીલ તે મુકદ્દમાના લવાજમની રકમથી દશગણી રકમ સુધીના દંડને પાત્ર થશે શિવાય તે શખ્સ પોતાની સનદ ખોવાને પણ પાત્ર થશે.

૩૭ સદહું બાબતોમાં ફોજદારી તથા દીવાની કોરટો તથા મહાલના ન્યાયાધીશો કોરી ૧૦ દશ સુધી અને સરન્યાયાધીશ કોરટ કોરી ૨૫ સુધી દંડની શિખક્ષા કરી શકશે તે ઉપરાંત શિક્ષાને લાયકની વર્ત્તણુક બાબત અધીકારીએ પોતાનાં કારણો સહીત હજુર કોર્ટમાં રીપોર્ટ કરેથી હજુર કોરટ યોગ્ય હુકમ આપશે.

૩૮ ઉપરની કલમો પ્રમાણે દંડ કરવામાં આવે ત્યારે આગળ કામ ચલાવતા પેહેલાં વકીલે ચલાવેલી વર્ત્તણુક તથા દંડ કરવાના કારણનું એક રોજ કામ કરી અધિકારી જે પોતાની સહી સાથે તે મુકદ્દમા અથવા કામમાં દાખલ કરવું.

૩૯ વકીલ જ્યાં સુધી થયેલા દંડની રકમ ભરે નહીં ત્યાં સુધી તેના હાથથી કામ લેવું મોકુફ કરવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

૪૦ સદરહું કલમો પ્રમાણે થયેલો દંડ રજુ કરવાની વકીલ આનાકાની કરે અથવા વધારે વેર કરે તો પૈસા બાબતના હુકમનામાની વસુલાતની રીતે દંડ વસુલ કરવો.

૪૧ સદહું કલમોમાં જણાવેલાં કૃત્યો માટે જો કે એ પ્રમાણે તે વકીલને દંડની અગર બીજી શિક્ષા થઇ હશે તો પણ તે શિક્ષા થઇ એ કારણથી તેણે કરેલાં કૃત્યથી પક્ષકારને થયેલી હાનીની જવાબદારીથી તે મુક્ત થયો એમ ગણાશે નહીં.

૪૨ ઉપરની કલમોને આધારે તાબાની કોરટોએ કરેલી શિક્ષા બાબત શિક્ષાના હુકમની તારીખથી પંદર દિવસમાં હજુર કોરટમાં અપીલ ચાલી શકશે અને હજુર કોરટનો હુકમ સર્વ બાબતમાં છેવટનો ગણાશે.

પરચુરણ બાબત.

૪૩ અસીલ પોતાની ખુશી હશે તો કોરટને લખેલી દરખાસ્તથી જાહેર કરી કામ

ચલાવવાની દરમીઆન કોઈ પણ વખતે પોતાના વકીલનું વકીલાતનામું રદ કરી શકશે. પણ વકીલ પોતાના અસીલની ગરજી વિના અથવા કારણો જણાવી કોરટની ખાસ પરવાનગી મેળવ્યા વિના પોતાના અસીલનું કામ છોડી દઇ શકશે નહીં.

૪૪ વકીલ કારણ જણાવી કામ મુલતવી રાખવાની કોરટને અરજ કરે તો તે કારણની જરૂરીયાત અને વાજબીપણું તથા કોરટની સગવડનો વિચાર કરી કોરટે તે અરજ મંજુર કરવી.

૪૫ કોઇ વકીલ ચાલતે કામે મરી જાય, અથવા લાંબી મુદત સુધી ગેરહાજર રહેવાનો હોય અથવા જેની સનદ રદ કરવામાં આવે તેના વકીલના હસ્તકનાં કામો યોગ્ય મુદત સુધી કોરટે મુલતવી રાખી તે કામના અસીલને પક્ષકારને બીજો વકીલ નીમવાની મુદત બાંધી લેખી નોટીસથી ખબર આપવી.

૪૬ એવે પ્રસંગે એ મરી જનાર શખ્સના વારસને અથવા ગેર હાજર થનાર અથવા સનદ રાખનાર વકીલને કાંઇ લવાજમ આપવું ઘટે છે કે નહીં અથવા કેટલું અપાવવું ઘટે છે તે સ્થાનીક દીવાની ધારાની કલમ ૨૮૪ ઉપર નજર રાખી તે ઠરાવવાને જે કોર્ટ આગળ તે વકીલના હસ્તકનું કામ ચાલતું હશે તે કોરટ મુખત્યાર છે.

૪૭ પક્ષકારે પોતાના વકીલનું વકીલાતનામું રદ કરાવ્યાના કારણથી તેના ઉપર આબરૂની અથવા બીજા નુકસાનની તે વકીલની ફરીયાદ ચાલશે નહીં.

૪૮ દરેક પાસ થયેલા શખ્સે આ સંસ્થાનના ચાલુ હુકમોની વાકેફગારી સારૂ દરબારી ગેજીટ ખરીદ કરવું પડશે.

તારીખ ૯ મી મે સને ૧૮૭૬ ઇસ્વી.

(સહી) કુમાર શ્રી ભીમસીંહજી સં. ન. હ. કો.

જાહેર ખબર નંબર ૫૮ સંસ્થાન નવાનગર હજુર કોરટથી.

હાલમાં કેટલીએક નનામી અરજીએ હમારા તરફ આવી છે પણ નનામી અરજી ઉપર અમે ધ્યાન આપતા નથી જેથી જેઓએ જે ફરીયાદ કરવી હોય તેણે પોતાના નામની અરજી લખી અમને રૂબરૂમાં આવીને આપવી તો તે ઉપર હમે તુરત ધ્યાન આપીશું.

તારીખ ૬ ઠી મે સને ૧૮૭૬ ઈસ્વી.

(સહી) કુમાર શ્રી ભીમસીંહજી સં. ન. હ. કો.

જાહેર ખબર નંબર ૫૯.

સંસ્થાન નવાનગરના વકીલ સંબંધી ધારાની કલમ ૧૨ પ્રમાણે જેઓ આ સંસ્થાનની છેલી વકીલની પરીક્ષામાં પાસ થયા છે તેઓના વર્ગ પ્રમાણે ગુણની સંખ્યાને અનુક્રમે નામો પ્રસિદ્ધ કરવામાં આવે છે તે નીચે પ્રમાણે.

વર્ગ ૧ લો.

૧ જુગતરામ પ્રભાશંકર	૨ ગંગાશંકર મદનજી
૩ પાનાચંદ સુરચંદ	૪ જુઠા મોરારજી
૫ મણીશંકર નારણજી	૬ ગોવરધનદાસ મોરારજી
૭ સુરજશંકર અંબાશંકર	૮ જગજીવન શામજી

વર્ગ ૨ જો.

૧ ત્રીભોવન ઇંદ્રજી ૨ ભવાનીશંકર ઉદેશંકર ૩ મુગટરામ પ્રભાશંકર ૪ નરભેરામ કાળીદાસ	આ ચાર શખ્સોમાં એકંદર ગુણોની સંખ્યા સરખી આવી છે.
૫ હરીદાસ વિઠ્ઠલજી	૬ મણીશંકર દયાશંકર
૭ દુર્ગાશંકર ઉમીયાશંકર ૮ લીલાધર મોતીચંદ	આ બે શખ્સોના એકંદર ગુણોની સંખ્યા સરખી છે.
૯ ખુશાલચંદ મોતીચંદ	૧૦ જેઠુજી નરભેશંકર
૧૧ ગૌરીશંકર જુઠા.	૧૨ રંગીલદાસ ગોપાળજી
૧૩ ખેંગાર રાજપાળ	૧૪ પ્રાગજી દેવજી
૧૫ મુળશંકર હેમતરામ	૧૬ ગોરધન રાઘવજી
૧૭ મોરારજી નારણજી	૧૮ જટાશંકર ગંગાશંકર
૧૯ મણીરામ જગનાથ	

આ બીજા વર્ગના ૧૯ વકીલોને અનુભવને વાસ્તે સંવત ૧૯૩૯ સાવણ સુદ ૩ નાં ગેજટ આંક ૪—પાના ૨૭ ની જાહેર ખબરથી પહેલા વર્ગમાં દાખલ કરેલછે.

તારીખ ૯ મી મે સને ૧૮૭૬

(સહી) કુમારશ્રી ભીમસીંહજી સં. ન. હ. કો.

પુસ્તક ૧૦ મું. સંવત ૧૯૩૩,

સંસ્થાન નવાનગર દીવાન દફતરથી. ધારો.

૧ જે કામમાં દરબાર શ્રી પક્ષકાર નથી અને તાબાના ભાયાત, ભાયાત અથવા મુળ ગરાશીઆ, મુળ ગરાશીયા અથવા ભાયાત, મુળ ગરાશીઆ કીંવા તે અને બીજા કોઈ શખ્સ વચ્ચે સીમાડાની તકરાર શ્રી હજુર દીવાનની કોરટમાં અહીંના દીવાની ધારા પ્રમાણે સંભળાઇને તેનો ફેંસલો આપવામાં આવેછે પરંતુ તાબાના ભાયાત તથા મુળ ગરાશીમાના ગામ અથવા ગામોમાંની જમીનના એકર મુકરર કરવાના કામમાં જોડાએલ અંદર અંદરની તકરારની જેમ બને તેમ જલદીથી સફાઇ કરવા સારૂ એવા લગતા અને અગત્યના કામો અહીંની રજવાડી કોરટના અધિકારીએ સ્પેશીઅલ રીતે ચલાવવાનું ઠરાવવામાં આવ્યું છે પણ એટલા ઉપરથી તે પક્ષકારનો ભાયાત અને મુળ ગરાશીઆ તરીકેનો હક થઇ શકશે નહીં.

૨ જમીનનો કબજો ગયો છે એવું કહેતા હોય તે વાત ઈસ્વીસન ૧૮૫૦ ની સાલથી બની હોય તો તે સંબંધી હાલ ફરીયાદ ચાલુ હોય અથવા નહીં હોય તો પણ તે ફરીયાદ સાંભળી તેનો ઠરાવ કરવામાં આવશે.

૩ જમીનનો કબજો ગયો છે એવું કહેતા હોય તે વાત ઇસ્વીસન ૧૮૫૦ની સાલ આગમથી બની હોય તો તે સંબંધી ફરીયાદ થઈ હોય અને ઇસ્વીસન ૧૮૩૦ની સાલ પછી કબજો ગયો હોય તો, તેથી ફરીયાદ સાંભળવાને હરકત નથી.

૪ આ કામમાં દીવાની ધારામાં લખ્યા પ્રમાણે પેહેલ વહેલી ફી લેવી જોઇએ. તેને બદલે પાછળથી જેનો જેટલો દાવો રદ થાશે તેટલા દાવાની ફી તે પક્ષકાર પાસેથી વસુલ લેવામાં આવશે.

૫ નીમેલી તારીખે પક્ષકારે દાખલા પુરાવા લઇ હાજર થવું. તેમાં કોઇ પણ પક્ષકાર કસુર કરશે તો તેને કોરટ યોગ્ય જણાયા પ્રમાણે દંડ કરશે. અને વળી મોસલ કરી તે પક્ષકારને પોતાની હજુરમાં પણ બોલાવશે.

૬ શીમાડાનો ફેંસલો થયા પછી પંદર દીવસમાં પાકાં નિશાન, દરેક નીશાન લાંબાં ફુટ ૪ પોહોળું ફુટ ૧ અને જાડું ફુટ ૦ાા અરધ, એવાં નંખાવી દેવાં નહીં તો કોરટથી મગાવી ખરચ મુજરે લેવામાં આવશે.

૭ સાહેદીની જુબાની બંને પક્ષકારની રજુ બાતે લઇ તે નીચે પક્ષકારની સહી લેવાગાં આવશે.

૮ કોઇ પક્ષકાર સહી ન આપે તો એ જુબાની નીચે તે પ્રમાણે શેરો કરી અધિકારીએ સહી કરવી.

૯ સાહેદની સાક્ષી લેતી વખત પક્ષકારને ખબર આપ્યા છતાં તે હાજર ન થાય તો તેની ગેરહાજરીમાં પણ સાહેદી લેવા કોરટ મુખત્યાર છે.

૧૦ ફેંસલાની નકલ ફેસલો સંભળાવ્યાની તારીખથી ૧૦ રોજની મુદતમાં પક્ષકારોને યોગ્ય ખરચ લઈ આપવામાં આવશે. તેમ નકશાનો નકલ પણ ખરચ લઈ આપવામાં આવશે.

૧૧ રજવાડી કોરટના ફેંસલા ઉપરની અપીલ એક માસની મુદતમાં શ્રી હજુર સભામાં સંભળાશે ને તેની ફી દીવાની ધારામાં લખ્યા પ્રમાણે વસુલ લેવામાં આવશે.

૧૨ જે સીમાડાનો દરબારથી અથવા પરસ્પરની મંજુરીથી નિમાએલા પંચ મારફત ફેંસલો થયો હશે તે શીમાડા બાબતનું કામ ફરી સાંભળવામાં આવશે નહીં.

સંવત ૧૯૩૨ ના જેઠ શુદ ૧૪ સોમવાર તારીખ ૫ મી જુન સન ૧૮૭૬.

(સહી) પોપટ વિ૦ વેલજી દીવાન.

જાહેર ખબર. નંબર ૭.

ગરાશીયાના ગામોની હદમાં લૂટ ચોરી વગેરે થાય છે અથવા સગડ આવે છે તે બાબતમાં તેઓ પણ બેદરકાર રહી શોધ અને મદદ કરતા નથી એટલુંજ નહીં પણ તેઓ પોતાના ઉપરનું જોખમ નહીં સમજતાં વખતે તેઓ પોતેજ ગુન્હો થવાના મદદગાર રૂપ અને ગુનેહગારોને આશરો આપનારા થઇ પડે છે માટે ફરમાવવામાં આવેછે કે કોઇ પણ ગરાશીયાના ગામમાં સદહું પ્રમાણે ગુન્હો બન્યા છતાં અથવા સગડ આવ્યા છતાં તેનો પતો લગાડવામાં અથવા સગડ આગળ ચલાવી આપવામાં મદદ કરવામાં કસુર કરશે તો તે ગુનાહથી થયેલી હાનીના વળતરના જવાબદાર તેમને ગણવામાં આવશે.

સંવત ૧૯૩૩ ના ભાદરવા વદ ૧૦ તારીખ ૧૩–૯–૧૮૭૬.

(સહી) કાનજી કલ્યાણજી દીવાન.

જાહેર ખબર નંબર ૯.

ગરાશીયા તથા જીવાઇદારો વગેરે પોત પોતામાં તકરાર પડતાં દીવાની કોરટોમાં ફરીયાદ કરી તકરાર માંહેલી મીલકતમાં દરબારનો હક સંબંધ હોય છે તે જાહેર કર્યા વિના હુકમ નામાઓ કરાવી લેછે અને તેથી દરબારની કોરટે હુકમનામું કર્યા સબબે દરબારનો હક નાબુદ થયાનું સમજી તે હુકમનામાં દાખલામાં લાવે છે પણ એવાં કામોમાં દરબાર પક્ષકાર હોતા નથી તેમ તેમને પોતાનો હક સંબંધ સાબેત કરવાની તક મળેલી હોતી નથી

માટે આ થકી સરવે લાગતા વળગતાઓને ખબર આપવામાં આવે છે કે એવાં હુકમન્‌ નામાંઓ દરબારી હક સંબંધે વિરૂદ્ધ પુરાવામાં ગણવામાં આવશે નહીં.

સંવત ૧૯૩૩ ના ભાદરવા વદ ૧૩ તા. ૧૫–૯–૭૬.

(સહી) કાનજી કલ્યાણજી દીવાન.

સરકયુલર નંબર ૩.સરવે ન્યાયાધીશો તથા ફોજદારો તરફ.

મુસાફરો અકસ્માત અથવા દરદની બીમારીથી ચાલતી મુસાફરીએ ગુજરી જાય છે ત્યારે તેની મીલકત બાબતમાં તેમજ તેના વાલી વારસને ખબર થાવા સારૂ ગેજટદ્વારાએ જાહેર ખબર માત્ર છાપવામાં આવે છે પણ એ થકી ધારેલી મતલબનો હેતુ પાર પડી શકતો નથી જેથી એવો બનાવ બને ત્યારે ગેજટમાં જાહેર ખબર છપાવવી એટલુંજ નહીં પણ મરનાર શખ્સ જે ગામનો રહીશ હોય તે ગામ અથવા તે જે પ્રગણા કે જીલ્લાનો રહીશ હોય તેની મારફત તેની મીલકતની યાદ સહીત તેના વાલી વારસને ખબર આપવા સારૂ માજીસ્ટ્રેટ કોરટ તરફ રીપોર્ટ કરવો અને માજીસ્ટ્રેટ કોરટે પ્રાંતના વકીલને લખી પ્રાંતના અધિકારી મારફત તેના વાલી વારસોને ખબર પહોંચાડવાનો બંદોબસ્ત કરવો. તારીખ ૨૪ જુન સન ૧૮૭૬.

(સહી) કુમારશ્રી ભીમસીંહજી સં. ન. હ. કો.

મુલકી ખાતું.

જાહેર ખબર નંબર ૧૦. સંસ્થાન નવાનગર દીવાન દફતરથી.

જે ગામમાં સરકારી જનરલ ટપાલ ત્યાંહાંથી જે ગામ સરકારી જનરલ ટપાલ હાફીસ હોય ત્યાં દરબારી ટપાલમાં ખાનગી કાગળ કે અરજી વગેરે કાંઇ પણ નહીં મોકલતાં જનરલ ટપાલ મારફત મોકલવા પેસ્તર સખ્ત દંડની તાકીદો સાથે મના થયેલી છે અને વળી ફરીથી તાકીદ કરવી જરૂર જણાતાં આ જાહેર ખબરથી સરવેને તાકીદ કરવામાં આવે છે કે સદહું ધારો તોડી જે કોઇ ઉલટી રીતે વરતશે તો તેને માસ ૬ કેદની અથવા કોરી ૫૦૦ સુધી દંડની અથવા એ બંને શીક્ષાને પાત્ર થશે.

સંવત ૧૯૩૩ ના કારતક સુદ ૭ ભોમવાર તારીખ ૨૪ અકટોબર સને ૧૮૭૬.

(સહી) કાનજી કલ્યાણજી દીવાન.

મુલકી ખાતું.

સરકયુલર નંબર ૧૨ સંસ્થાન નવાનગરના મુખ્ય દીવાન દફતરથી.

તમામ કોરટો તથા દફતરના અધિકારી અને શીરસ્તેદારો તથા માહાલોના વહીવટદારોને માલુમ થાય જે સરવ દફતરોમાં ઉમેદવારોની ભીડ ઘણી રહે છે. તેમજ તેથી વખતે કાગળોની ગડબડ થાવા સંભવ છે વાસ્તે સર્વને હુકમ કરવામાં આવે છે કે કોઇપણ દફતરે ઉમેદવાર રાખવો પડે તો દફતરના મુખ્ય અધિકારીએ જે ઉમેદવાર લાયક હોય તે પોતાની જુમેદારીથી દાખલ કરવો ને તે બાબત દફતરે દાખલો રાખવો.

દફતરમાં કોઇ વખત કોઇ જગો ખાલી પડેથી ઉમેદવારોની ચાલાકી તથા કામ કરવાની લાયકી તથા મુદત ધ્યાનમાં લઇ તેના હક વિશે વિચાર કરવો.

સંવત ૧૯૩૪ ના કારતક વદ ૩૦ તારીખ ૧૬–૧૧–૭૬

(સહી) નારાયણરાવ વાસુદેવ મુખ્ય દીવાન.

સરક્યુલર સ્વસ્થાન નવાનગરના સર્વે અમલદારો તરફ.

એજન્સીના સરકારી કાળા ડગલાના સ્વારો તથા ગાયકવાડી તેહેનાતી સ્વારો સરકારી કામકાજ સારૂ બહાર ફરે તેના હથીઆર બાબતના પરવાના સંબંધી સવાલ ઉઠતાં મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબ તરફથી એવું ઠરાવવામાં આવ્યું છે કે એ શખ્સોનો પોશાક ખાસ નીચી સોંપેલો એક સરખી રીતનો હોય છે તથા બકલો હોય છે કે જેથી તે સેહેલાઈથી ઓળખી શકાય છે માટે તેમની પાસે જુદા પરવાના હોવાની જરૂર નથી પરંતુ રાજ્યસ્થાનો તથા તાલુકદારોનાં હથીઆર બાંધનારા માણુસો પાસે અગરબકલો હોયતો પણ પરવાનો જુદો હોવાની જરૂર છે માટે આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે કાળા ડગલાના તથા ગાયકવાડી સવારો સરકારી કામ કાજ બહાર ફરે તેના પાસે બકલ હોય તો પરવાનો માગવો નહીં. અગર તેમને હરકત અટકાએત કરવી નહી.

પર તાલુકાના માણુસોને બકલ હોય તોપણ વગર પરવાને આ સંસ્થાનની હદમાં ફરવા દેવા નહીં. તેમજ આ સંસ્થાનના માણુસોને પરવાના વગર પરતાલુકાની હદમાં મોકલવા નહીં. સંવત ૧૯૩૩ના પોષ શુદ ૨ તારીખ ૧૭—૧૨—૭૬

(સહી) જગનાથ ઇચ્છારામ ઈ. દીવાન

ઇન ફેટા સાઇડ ખાતું.

સરક્યુલર નંબર ૨૨ સંસ્થાન નવાનગર મુખ્ય દીવાન દફતરથી ભાયાત અને ગરાશીઆ તરફ—

મેહેરબાન પોલીટીકલ એજંટ આજમ જે. બી. પીલ સાહેબની યાદ નંબર ૪૫૮ તારીખ ૩૦ અગસ્ટ સન ૧૮૭૬ની આવવા ઉપરથી ફરમાવવામાં આવે છે કે ભાયાત તથા ગરાશીઆના કુટુંબમાં વિવાહ પ્રસંગે કેટલુંક નકામું ખરચ કરી કરજના બોજામાં આવી પડે છે એ રીવાજ હાલના જમાનાને છાજતો નથી માટે જેઓને ગરાસ હોય તેઓનો એક તૃતીયાંશ ભાગ વિવાહની મીષે ખરચ કરવો. કદાપિ પોતાની દીકરીને ખુશીથી કાંઇ ઘરેણું વગેરે જાસ્તી આપવું ધારે તો તેમ કરવાને અડચણ નથી. મગર એ નિમિત્તે કાંઈ કરજ થાવું ન જોઇએ.

હરકોઇ ગરાસવાળા તરફથી માગણીઆતને દાત આપવામાં આવે છે તે જે જે ગરાસવાળાઓ પોતાની પાસેથી દાત લેવાને ખરા હકદાર ગણાતા હોય તેઓનેજ દાત આપે પણ વગર હક વાળા તફારીક લોકને દાત આપવાને જરૂર નથી.

ઉપર પ્રમાણે વર્તવા લાગતા વળગતાઓને માહેતગારી તથા ચેતવણી માટે આ સરકયુલર કરવામાં આવ્યો છે. સંવત ૧૯૩૩ ના પોશ શુદ ૯ તારીખ ૨૪—૧૨—૭૬

(સહી) જગન્નાથ ઇચ્છારામ ઈ. દીવાન

પુસ્તક ૧૧ મું સંવત ૧૯૩૪.

જાહેરનામું રા. આ. નં. ૧૫૫૭.

ભાયાત અથવા મુળ ગરાશીઆને તાલુકદાર સાથે તકરાર હોય તેનો પ્રથમ ફેંસલો તાલુકદારની કોરટમાંથી લેઈ તે ઉપર આ કોરટમાં અપીલ સંભળાય છે તેથી ભાયાત અથવા મુળ ગરાશીયાએ તાલુકદારની કોરટમાં પ્રથમ હાજર થઇ દાવો દાખલ કરી પોતાની પાસેના સઘળા પુરાવા ત્યાં દાખલ કરવા જોઇએ. પણ તે પ્રમાણે ન કરતાં કોરટના

જોવામાં એવું આવ્યું છે કે ઘણાખરા ભાયાત અને મુળ ગરાશીઆ તાલુકદારની કોરટમાં હાજર થતા નથી ને હાજર થાય છે તો પોતાનો પુરાવો ત્યાં બતાવતા નથી અને પછી તાલુકદારને એક તરફી ઠરાવ કરવો પડે છે એ ઠેરાવ ઉપર જ્યારે આ કોરટમાં અપીલો દાખલ કરવામાં આવે છે ત્યારે અપીલેન્ટ સઘળા પોતાના પુરાવા રજુ કરે છે આ પ્રમાણે થાવું કાયદાસર નથી કેમકે તાલુકાની કોરટે જે ફેંસલો આપ્યો હોય તે પોતા પાસે તાલુકદાર તરફથી પડેલા પુરાવા ઉપરથી આપેલા હોય તે વખત વાદીનો પુરાવો તે કોરટે નજરે પણ જોએલો હોય નહીં. બંને તરફનો પુરાવો તપાશી ફેંસલો મુળ કોરટે આપવો જોઇએ. જે પુરાવો મુળ કોરટમાં રજુ ન થયો હોય તે અપીલ કોરટમાં લેવાઇ શકાય નહીં માટે આ હુકમ ઉપરથી સઘળા ભાયાત તથા મુળ ગરાશીઆને હુકમ કરવામાં આવે છે કે પ્રથમ તેમણે પોતાના દાખલા પુરાવા જે હોય તે સહીત તાલુકદારની કોરટમાં હાજર થઇ કામ ચલાવવું. કદી કોઈ ભાયાત કે મુળ ગરાશીયો પોતાનો પુરાવો તાલુકદારની કોરટમાં રજુ નહીં કરે તો અપીલમાં એ પુરાવો લેવાગાં આવશે નહીં. અને તેથી એ તેમને નુકશાન થશે તે પોતાના વાંકથી થયું એમ સમજવું.

તારીખ ૨૧ મી અગષ્ટ સન ૧૮૭૭ મુકામ રાજકોટ.

(સહી) મે. વાટસન સાહેબની ઈંગ્રેજી સહી. આ અધ્યક્ષ

સરક્યુલર નંબર ૮.

આ સંસ્થાનના ચાલતા રીવાજ મુજબ રાજ્યના સઘળા નોકરોને તેહેવારની એક સરખી રીતે છુટી પાળવાનો આજ સુધી નિયમ નથી વાસ્તે કોરટો તથા કચેરીના નોકરોને નીચે પ્રમાણે તેહેવારની રજા પાળવા મુકરર કરવામાં આવે છે.

૧ અશાડ શુદ ૨ એટલે હાલારી બેસતું વરસ નવી શાલ.
૧ બળેવ એટણે શ્રાવણ શુદ ૧૫ જનોઈ બદલાવાનો દિવસ,
૩ શ્રાવણ વદ ૭–૮–૯ એટલે શીળસાતમના મેળા.
૧ અયનવમીયાને ડોસી નોમ તે ભાદરવા વદ ૯.
૧ દુર્ગાઅષ્ટમી એટલે આસુ સુદ ૮.
૧ દશેરા એટલે આસુ શુદ ૧૦.
૪ દીવાળી એટલે આસુ વદ ૧૪–૩૦ તથા કારતક શુદ ૧–૨.
૧ દેવદીવાળી એટલે કારતક સુદ ૧૧
૧ મકર સંક્રાંત એટલે તારીખ ૧૨ મી જાનેવારી પોષ માસમાં
૧ વસંતપંચમી મહા શુદ ૫.
૧ મહાશીવરાત્રી એટલે મહાવદ ૧૪.
૩ હુતાશની ફાગણ શુદ ૧૪–૧૫ તથા વદ ૧.
૧ રામ નવમી એટલે ચૈત્ર શુદ ૯.
૧ ભીમ અગીઆરશ એટલે જેષ્ટ શુદ ૧૧.
૧ મહારાજા જામ સાહેબનો જન્મ દિવસ એટલે વૈશાક શુદ ૩
૧ મહારાજા જામ શ્રી રણમલજીના શ્રાધનો દિવસ ભાદરવા વદ ૬
૨૩ ઉપર મુજબ ત્રેવીશ દીવસોની રજા સઘળા નોકરોને પાળવા પરવાનગી આપ-

વાગાં આવે છે. રજાના દિવસમાં ખાસ જરૂરી કામ હોય તો કામ ચલાવવાને હરકત નથી.

સંવત ૧૯૩૪ ના ભાદરવા વદ ૨ તારીખ ૨૩-૯-૭૭

(સહી) નારાયણરાવ વાસુદેવ મુખ્ય દીવાન

સંસ્થાન નવાનગરનો રજા સંબંધી ધારો નંબર ૧૫

પલટણના તાબાના નોકરો તથા પટાવાળા શિવાયના તમામ બીજા નોકરોને હવે પ- છી આ ધારાના નિયમને અનુસરીને રજા મળશે.

રજા હેઠળ જણાવેલા પ્રકારની મળી શકશે.

૧ હકની. ૨ માંદગીની. ૩ જરૂરીયાત ખાનગીની. ૪ જરૂરીયાત પરચુરણ.

હકની રજા બાબત

હકની રજા દરબારી કામને અડચણ આવે એવું નહીં હશે તો જણાવેલા નિયમો પ્રમાણે મળી શકશે.

નોકરીમાં દાખલ થયાની તારીખથી અથવા પેસ્તર જરૂરીયાત પરચુરણ રજા શિ- વાયની કોઈપણ બીજા પ્રકારની રજા ભોગવી હશે તો તે રજા ઉપરથી હાજર થયાની તારીખથી અગીઆર માસ સુધી સતત નોકરી કરી હશે તો એક માસની, બાવીશ માસ સતત નોકરી કીધી હશે તો બે માસની અથવા તેત્રીશ માસ સતત નોકરી કરી હશે તો ત્રણ માસ સુધીની હકની એટલે કાંઇપણ પગાર કાપ્યા વિના રજા મળી શકશે.

માંદગીની રજા.

જે શખસે ત્રણ વરસ સુધી દરબારની નોકરી કરી હશે પછી તે દરમીયાન તેણે પો- તાની હકની રજા સઘળી અથવા થોડી ભોગવી હશે તોપણ તેને બીમારીના કારણસર(ડા- કતરનું સરટીફીકેટ રજુ કરેથી) ત્રણ માસ સુધી અને ૬ વરસ સુધી સતત નોકરી કરી હશે તો ૭ માસ સુધી નીમે પગાર કપાતે રજા મળી શકશે.

નીમે પગાર કપાતે રજા ૭ માસ કરતાં વધારે મળી શકશે નહીં.

એક વખત નીચે પગાર કપાતે રજા ભોગવી હશે તો ફરી ત્રણ વરસ સુધી તેવી એટલે નીમે પગાર કપાતે રજા મળી શકશે નહીં.

જે સખસે સતત ત્રણ વરસ સુધી દરબારી નોકરી કરી નહીં હશે અથવા એક વ- ખત નીમે પગારની રજા ભોગવ્યા પછી ત્રણ વરસ પુરાં થયાં નહીં હશે અને માંદગી- ના સબબથી રજાની જરૂર હશે, તો જરૂરીયાત ખાનગી રજાના નિયમો પ્રમાણે મળી શકશે.

જરૂરીયાત ખાનગી.

જરૂરીયાત ખાનગી એટલે પુરો પગાર કપાતે રજા અગર તે એક મહીના સુધી અથ- વા તેથી ઓછી મુદતની જોઇતી હશે અને તે માંદગીના કારણસર નહીં હશે તો દરબારી કામને હરકત નહીં પોહોચે તેમ હોય તો જ્યારે જોઇએ ત્યારે મળી શકશે.

જે શખસે ત્રણ વરસ દરબારી નોકરી સતત કરી નહીં હશે અને તેને માંદગીના કારણસર એ રજા જોઇતી હશે તો દર (બાર) માસની પુરી થયેલી નોકરીએ એક માસ લેખે એ રજા મળી શકશે.

માંદગી શિવાય કોઈ પણ જરૂરીયાત ખાનગી કારણસર પુરો પગાર કપાતે રજા અગર એક માસથી વધારે મુદતની જોઈતી હશે તો દર ત્રણ વરસની નોકરીએ બે મ-

હીના લેખે મળી શકશે પણ એવી રજા કોઇ પણ કારણથી બાર મહીનાથી વધારે મુદતની મળી શકશે નહીં.

જરૂરીયાત પરચુરણ રજા.

આ રજા દર વરસે વીશ દીવસ સુધીની મળી શકશે પરંતુ તે એકી વખતે આઠ દિવસ કરતાં વધારે મળી શકશે નહીં.

રજા આપવાના અધિકાર બાબત.

કોઇપણ કોરટ અથવા કચેરીના મુખ્ય અમલદારને જરૂરીયાત પરચુરણ શિવાય કોઇપણ બીજા પ્રકારની રજા દીવાન દફતરની મંજુરીથી મળી શકશે.

સદર્હુ અમલદારોને જરૂરીયાત પરચુરણ રજા તેઓના તુરતના ઉપરી અધિકારીઓ આપી શકશે.

તાબાના નોકરો—પટાવાળા શિવાયનાને—એક માસ સુધીની હકની રજા પ્રત્યેક ખાતાના ઉપરી અધિકારી ગેરહાજર થનાર શખ્શના કામનો બંદોબસ્ત કરીને તથા તેના જવાથી દરબારને નીમણુકી ખરચ કરતાં વધારે ખરચ નહીં પડે એવા બંદોબસ્તથી આપી શકશે એટલે કે—

તમામ ખાતાના અમલદારો તથા જેની બદલી બરતરફી દીવાન દફતરને કરવાનો અધિકાર છે તેવાઓને દીવાન દફતરથી.

ઈનસાફ ખાતામાં સરન્યાયાધીશ કોરટ

મુલકી ખાતામાં રેવન્યુ કમીશનર સાહેબ.

પોલીસ ખાતામાં પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબ.

એક માસ કરતાં વધારે મુદતની તથા જરૂરીયાત પરચુરણ શિવાયની બીજા કોઈ પણ પ્રકારની રજા ખાતાના ઉપરી અધિકારીઓ દીવાન દફતરની મંજુરીથી આપી શકશે.

પરચુરણ રજા બાબત.

માંદગીની રજા શિવાયની બીજા કોઇ પણ એક પ્રકારની રજા સાથે લાગટ બીજા પ્રકારની રજા મળી શકશે.

રજાના દરમીયાનનો પગાર રજા ઉપરથી પાછા નોકરી ઉપર હાજર થયા શિવાય મળશે નહીં પરંતુ બીમારીના કારણથી નીમે પગાર કપાતેની રજાવાળાને જરૂરીયાત પ્રસંગને માટે સદરહુ કલમનો બાધ લાગુ થશે નહીં.

રજાની માગણી કરતી વખતે આ સાથે ટાંકેલા નમુના પ્રમાણે એક ફારમ ભરી મોકલવું અને તે ઉપર તે કોરટ અથવા કચેરીના ઉપરી અમલદારે તેના ખરાપણાની સહી કરવી.

દરેક કોરટ અથવા કચેરીના અમલદાર અથવા ખાતાના ઉપરીએ પોતાની હાફીસમાં આ સાથે આપેલા નમુના પ્રમાણે પોતાના નોકરોનું નામવાર રજાનું રજીષ્ટર રાખવું.

દરેક કોરટ અથવા કચેરીના ઉપરી અમલદાર પોતાના તાબાના પટાવાળાઓને સગવડ અને જરૂરીયાત પ્રમાણે સદરહુ નિયમો જે અનુસરીને પોતાની મુખત્યારીથી ગમે તે પ્રકારની રજા આપી શકશે.

જરૂરીયાત અને માંદગીના કારણ શીવાયની બીજી રજાની માગણીની અરજી જે

તારીખથી રજા જોઈતી હોય તે પેહેલાં ઓછામાં ઓછી પંદર દીવસ અગાઉ કરવી.

મંજુર થયેલી રજાનો લાભ મંજુરી મળવાની તારીખથી એક માસની મુદતમાં લેવે. તે ઉપરાંત પડતર રહ્યાથી તે રજા રદ થયેલી સમજવી.

કોઈ માણસની એક ઠેકાણેથી બીજે ઠેકાણે બદલી થાય ત્યારે રજાની રજીસ્ટર માંહેલો તેના નામ ઉપરનો ઉતારો તે નીચે ખરા પણાની અધિકારીની સહીવાળો તે શખ્સ પોતાની સાથે લઇ જઈ નવી જગોના અમલદાર પાસે રજુ કરવો. તે રજુ કર્યા શીવાય તેની કોઈ પણ પ્રકારની રજાની માગણી લેવી નહીં.

રજાનું રજીષ્ટર નામવાર બેઠા ખાતાની મીસાલે એક એક શખસનું એક એક પાના ઉપર રાખવું એટલે તે રજીસ્ટર વરસે બદલાવવાની જરૂર નથી પણ એક રજીસ્ટર લાંબી મુદત સુધી ચલાવવું.

જે શખ્સ રજા ઉપરાંત ગેરહાજર રહેશે અને તેમ થવું વાજબી હતું એવું ખાત્રી લાયક કારણ નહીં બતાવે તો તેની મંજુર થએલી રજા રદ કરી પુરો પગાર કાપવામાં આવશે અને એવી રીતે એક મહિનો ગેરહાજર રહેશે તો તે શખ્સ પોતાની જગા ખોવાને પણ પાત્ર થશે.

દીવાન દફતરની મંજુરી વગર એક માસની હકની તથા પરચુરણ રજા આપવાનો જે અમલદારોને અધિકાર આપેલ છે તે અમલદારે તેવી રજા આપ્યા બાબત દરએક પ્રસંગે દીવાન દફતરે રીપોર્ટ કરવો.

તારીખ ૧૫ મી માહે અકટોબર સન ૧૮૭૭.

(સહી) નારાયણરાવ વાસુદેવ મુખ્ય દિવાન.

રજાની અરજી સાથે મોકલવાનું પત્રક.

નંબર.	નામ તથા બાપનું નામ.	હોદ્દો.	નોકરીમાં દાખલ થયાની તારીખ.	દર મહીને પગાર.	આગળ ભોગવેલી રજા તથા તેની મુદત.						છેલ્લી રજા ઉપરથી હાજર થયાની તારીખ.	હાલ માગેલી રજા તથા તેની મુદત.							શેરો.
					હકની.		માંદગીનીનીમે પગારકપાતે.		જરૂરીયાત ખાનગી.			હકની.	માંદગીના કારણસર નીમે પગાર કાપીને.	જરૂરીયાત ખાનગી પુરો પગાર કાપીને.	કઈ તારીખથી રજાએ જવું.	બદલી રાખવાનો હોય તેનું નામ.	બદલીને મળવાનો પગાર.	રજાએ જનારને મળવાનો પગાર.	
					માસ.	દિવસ.	માસ.	દિવસ.	માસ.	દિવસ.									
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦

(સહી) નારાયણરાવ વાસુદેવ મુખ્ય દીવાન.

દરેક નોકરોનું રજાનું રજીસ્ટર રાખવાનું.

નંબર.	નામ તથા બાપનું નામ.	હોદ્દો.	પગારનો દર.	રજા ભોગવી તેનો પ્રકાર.								શેરો.
				હકની.		માંદગીના સબબથી નીચે પગાર કપાતે.		જરૂરીયાતની ખાનગી.		જરૂરીયાત પરચુરણ.		
				તારીખથી તે તારીખ સુધી.	મુદત.	તારીખથી તે તારીખ સુધી.	મુદત.	તારીખથી તે તારીખ સુધી.	મુદત.	તારીખથી તે તારીખ સુધી.	મુદત.	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩

(સહી) નારાયણરાવ વાસુદેવ મુખ્ય દીવાન.

ન્યાયખાતું.

સરક્યુલર નંબર ૩૫. સંસ્થાન નવાનગર હજુર કોર્ટ.

નંબર ૪૮ તારીખ ૧૨–૫–૭૮ ના ઠરાવથી જે રાજ્યના માણસોને સમન નોટીસને બદલે યાદો લખવી તેનાં નામ નીચે પ્રમાણે.

૧ નવાનગરના મુખ્ય દીવાન સાહેબ.
૨ કુમારશ્રી ભગવાન સંઘજી.
૩ કુમારશ્રી નારસંઘજી.
૪ કુમારશ્રી જાલમસંઘજી.
૫ કુમારશ્રી ભાવસંઘજી.
૬ રાણા ફુંજાજી જાલમસંઘ આરંભડા.
૭ ગુસાંઈજી મહારાજ.
૮ વોરાના મોટા મુલ્લાં.
૯ આંબરણના ખવાસ સામજી નથુ.
૧૦ મલેક અલીનોરંગ.
૧૧ ઝીંઝોડાના પીર.

સદહું શખ્સો તરફ ન્યાયની કોરટો તરફથી સમન તથા નોટીસને બદલે યાદ લખવી. તારીખ ૧૨ મી માહે મે સન ૧૮૭૮ ઇસ્વી.

(સહી) નારાયણરાવ વાસુદેવ દીવાન.

સરક્યુલર નંબર ૩૭ નવાનગર દીવાન દફતરથી.

રજા આપવાના ધારામાં સુધારો.

આ સંસ્થાનના નોકરોને રજા આપવાનો ધારો જે કે દરબારી ગેજેટ આંક ૯ સંવત ૧૯૩૪ ના કારતક શુદ ૨ માં પ્રસિદ્ધ કરવામાં આવેલો છે તેમાં રજા આપવાના અધિકાર બાબતના મથાળા તળે હકની રજા આપવા વિશે એવો પારીગ્રાફ લખેલ છે કે,

તમામ ખાતાના અમલદારો તથા જેહેની બહાલી બરતરફી દીવાન દફતરે કરવાનો તેવાઓને દીવાન દફતરેથી.

બહાલી બરતરફી કરવાનો અધિકાર હજી સુધી બીજા કોઈ પણ અધિકારીને આપવું

વામાં આવેલ નથી. જેને લીધે હકની રજા મેળવવાની સઘળી માગણીઓ દીવાન દફતરે આવે છે જેને વાસ્તે હવે પછી હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવવામાં આવે છે.

હકની રજાના દરેક ખાતાના ઉપરી અધિકારીએ મુખ્ય અમલદાર શિવાયના બીજા નોકરોને આપવી એટલે કે–

૧ ઈનસાફ ખાતામાં સરન્યાયાધીશ કોરટ.

૨ મુલકી ખાતામાં આજમ રેવન્યુ કમીશર સાહેબ.

૩ પોલીસ ખાતામાં પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબ.

૪ વકીલ ખાતામાં મુખ્ય વકીલ સાહેબ.

૫ ઉપર બતાવેલ અધિકારીઓ શિવાય ભાયાત કોર્ટ, જંગલ ખાતાના ઉપરી, દરીયા ખાતાના ઉપરી અધિકારીઓ તે ખાતાના તાબાના નોકરોને સદરહુ પ્રમાણે રજાના અધિકાર સંબંધી ફેરફાર કરી બાકીનો સઘળો ધારો બહાલ રાખવામાં આવેછે.

તારીખ ૨૨ મી મે સન ૧૮૭૮.

(સહી) નારાયણરાવ વાસુદેવ દીવાન.

પુસ્તક ૧૨ મું સંવત ૧૯૩૫.

રજવાડી ખાતું સરકયુલર નંબર ૪૨ સંસ્થાન નવાનગર દીવાન દફતરથી.

આજમ ભાયાત કોર્ટના જજ સાહેબના રીપોર્ટપરથી જાહેર થયું છે કે કેટલાક પ્રોસેસો વહીવટદારો તથા માહાલકારીઓ તરફ બજાવવાને મોકલવામાં આવે છે તે મુદતસર બજાવીને મોકલવામાં આવતી નથી જેથી પ્રોસીડીંગમાં મુકરર કરેલી મુદતમાં વખતે વખત ફેરફાર કરવાની જરૂર પડે છે.

આ હરકત દુર થવા સારૂ હવે પછેતે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવવામાં આવેછે

૧ જે જે મહાલોમાં મુસાફરો રહે છે તે મહાલના તાબાના પ્રોસેસો મુનસફ તરફ બજાવવાને ભાયાત કોર્ટથી મોકલવા અને જે માહાલમાં મુનસફનું રહેવું થતું નથી તેવા માહાલોના તાબાના પ્રોસેસો બજાવવા મહાલકારીઓ તરફ ભાયાત કોર્ટથી મોકલતા રહેવું.

૨ બજાવવા વાસ્તે મોકલેલ પ્રોસેસ ઉપર બતાવેલ અમલદાર તરફ પહોચ્યા પછી ત્રણ દિવસથી વધારે પોતાને દફતરે તુમાર પડયો રાખવો નહીં પણ તેનો અમલ શરૂ કરવો પ્રોસેસમાં જણાવેલી મુદતમાં અમલ બજીને પુરો થઇ નહીં શકે તો કારણ સહીત તે કોર્ટ તરફ રીપોર્ટ કરવો.

૩ સદરહુ પ્રમાણે જે અમલદાર તરફથી અમલ કરવામાં કસુર કરશે તે દંડને અથવા તેથી વધારે શિક્ષાને પાત્ર થશે. તારીખ ૧૮ માહે જુલાઈ સન ૧૮૭૮ ઇસ્વી.

(સહી) નારાયણરાવ વાસુદેવ દીવાન.

રેવન્યુખાતું. સંસ્થાન નવાનગર દીવાન દફતરથી.

આ સંસ્થાનના દરબારી અમલદાર મોટા નાના હોદ્દાવાળા તથા પરચુરણ હરેક નોકરીયાત આગળ રહી ગયેલા તથા હાલ જે નોકર છે તથા સમસ્ત નોકરો તરફ.

સરકયુલર નંબર ૬.

આ ઈલાકાના તાબાના ખાલસા તથા જમાનાના નીઅનોકના વહીવટી ગામો તથા ભાયાત, ગરાશીયા, મુળગરાશીયા, જીવાઇદાર, ઈનામી, ખેરાતી, વગેરે હકદારોના ગામો કીં-

વા પાટી કે છુટક વાડી; ધરતી અથવા બીજી રીતના હક સંબંધીની ઉપજ અધાટ વટાંતર વજે વળતીયાં, કેચીત ધરેણે થાલ અથવા પુળા છુટતા હોદે બંધી ઈજારે દરબાર હુકમથી કે સ્વતંત્રતા (પોતાથી) પોતાનેં નામેં કે પરાયે નામે વા ઝાહેર બાબત ભામ લાગ રાખીને માંડી લીધી હોય તેની હકીકત ઠરાવતાં અસલ દસ્તાવેજ શીકે તે નોકરે અથવા તેના સહીઆરી વીગેરે લાગતા વળગતાએ આજથી એક માસની મુદતમાં રેવન્યુ કોરટ અથવા ઇલાકાના ડીવીઝનના વહીવટદારની કચેરીમાં જાતે અગર મુખતીયાર માણસે આવી રજુ થઈ સરવ હકીકત ઝાહેર કરી નોંધ કરાવી મુદત વીતે પરબારી તજવીજ ઉપરથી ત્યાં રજુ રહેનાર શખ્સ માલુમ પડશે તેના ઉપર હુકમનું અપમાન કર્યાનું ચાર્જ રાખી યોગ્ય ઇલાજ લેવામાં આવશે.

ઉપર મુજબની માંડ છાંડ દરબાર હુકમ વિના નહીં કરવાં આગળ ઘણીવાર તાકીદો અને સરકયુલરો થઇ ગયેલા છે તથા છેવટ આ સરકયુલરથી હુકમ છે જે કોઈ પણ દરબારી નોકરે દરબારથી પરવાનગી મેળવ્યા શિવાય ઇલાકામાં આ ધંધો કરવો નહીં. અગર જે બીજાના નામથી પણ કરશે તેને પુરા જવાબદાર ગણી તેને માટે સખત વિચાર કરવામાં આવશે. સંવત ૧૯૩૫ના શ્રાવણ વદ ૧૧ તારીખ ૨૫–૮–૧૮૭૮

(સહી) નારાયણરાવ વાસુદેવ દીવાન.

સરકયુલર નંબર ૧. સંસ્થાન નવાનગર સરન્યાયાધીશ કોર્ટથી.

સર્વે માહાલોમાં વૈવટદાર તથા મહાલકારી તરફ સુચના આપવામાં આવે છે કે દરેક મહાલોમાં પોલીસખાતાને બંદોબસ્ત ઘટારત મુજબ સ્વાર પ્યાદલ નીમી રાખેલો છે ને તેના ઉપર તમામ સત્તા તે ખાતાના અમલદારની છે પરંતુ વહીવટદારો તથા મહાલકારીઓ વખતપર પોલીસ ખાતાના માણસને રેવન્યુ ખાતાનાં માણસો તેમની પાસે પુરતાં હોવા છતાં પણ તે ખાતાના કામ સંબંધે ઉપયોગમાં લેછે જેથી કરી પોલીસના બંદોબસ્તમાં વખતો વખત ખામી આવતાં તે ખાતાના અમલદારો તથા વહીવટદાર મહાલકારીઓને પરસ્પર તકરાર ઉઠયા કરે છે તે વિશે આ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબના લખાણ હરદમ હમારા હજુર આવ્યા કરે છે માટે હુકમ આપવામાં આવે છે કે પોલીસના માણસ ઉપર વહીવટદાર મહાલકારીઓએ રેવીન્યુ કામગરી સંબંધી કાંઈ પણ દરબારી સત્તા ચલાવવી નહીં.

જરૂરી કારણથી વખતપર એક બીજાનેં માણસની જરૂર રહે તો પરસ્પર લખાણ કરી મંગાવી લેવાં ને સરકારી કામને હરકત નહીં આવવા દેતાં મદદ દેવી એ એક બીજાનું કામ છે. સંવત ૧૯૩૫ના માગશર શુદ ૯ મંગળવાર તારીખ ૩–૧૨–૭૮ ઈસ્વી.

(સહી) નારયણરાવ બાળકૃષ્ણ સં. ન. સ. ન્યા.

નંબર ૧૨ સંસ્થાન નવાનગર દીવાન દફતર.

હરેક સરકારી લખાણમાં કાંઈ અક્ષર ચેરવાની અથવા નવો અક્ષર કરવાની જરૂર પડે ત્યારે લાલ શાહીથી કરવા પેસ્તર સરકયુલર થયેલ છતાં તેનો પુરતો અમલ ચાલતો હોય એમ જોવામાં આવતું નથી વાસ્તે હવે પછે હરેક લખાણમાં લખેલા અક્ષર રદ કરવામાં આવે અથવા તેનેં બદલે નવા કરવામાં આવે તે લાલ સાહીથી કરવા તેમાં જેના તરફથી કસુર કરવામાં આવશે તેને વાસ્તે ઘટતો વિચાર કરવાની જરૂર પડશે.

સંવત ૧૯૩૫ના પોષ શુદ ૮ ભોમવાર તારીખ ૩૧ ડીસેંબર સને ૧૮૭૮.

(સહી) નારાયણરાવ વાસુદેવ. સં. ન. દીવાન.

પુસ્તક ૧૩ મું સંવત ૧૯૩૬.

સરક્યુલર સંસ્થાન નવાનગર દીવાન દફતરથી

સાલ ગુદસ્તમાં વીડી, ગંજી વગેરે બળી ગયાના ઘણા ખબરો અહીં આવેલા છે અને તે બળવાના કારણમાં બહુ ભાગ ખેડુતોએ પોતાના ખેતરનો, કુચો બાળતાં નુકસાન થયાનો ઝાહેરમાં આવેલો છે. સબબ ખેડુતો અથવા ખેડનો ધંધો કરનારા લોકોએ ખેતરમાં કુચો બાળવામાં સંભાળ રાખવી અને તે બાબત તેમને જોખમદાર ઠરાવવા એ જરૂરની બીના જાણી મહારાજા જામ સાહેબ બહાદુરના હુકમથી ફરમાવવામાં આવે છે કે—

ખેતરનો કુચો ખેતરમાં બાળવો એ પણ ખાતર થાય છે તે નહીં કરવા દેવાથી તથા કુચો ખેતરમાંથી બહાર કઢાવી નાંખવાની તથા કદી કુચો બાળવો પડે તો પોલીસ અમલદારની પરવાનગી લેવી એવી ફરજ પાડવી એ બીના ખેડના ધંધાને અડચણ કરતા થઈ પડે એવી જણાય છે વાસ્તે જે શક્ષે ખેતરમાંનો કુચો બાળવો હોય તેણે પોતાની બુધ્ધિ વડે વિચાર કરવો કે પવન નથી તથા આજુ બાજુ નજીક ઘાસની વીડી અથવા ગંજી નથી કે તરત સળગી ઉઠે એવી બીજી ચીજ નથી તોજ પોતાના ખેતરનો કુચો બાળવો. અને તે બળી ઓલવાઇ જાય ત્યાં સૂધી ત્યાં (કુચો સળગાવેલી જગાએ) હાજર રહેવું.

એવી સંભાળ ગતથી અને નુકશાની ન થાય એવી સુરતથી તથા કોઇને નુકશાન ન પહોંચે એવા ખાસ ઈરાદાથી ખેતરનો કુચો સળગાવવો. અગર તેમાં કોઇ કસુર કરશે તો થએલ નુકશાની ધારાસર સાબીત થયેથી સળગાવનાર પાસેથી વસુલ લેવાની જરૂર પડશે. સંવત ૧૯૩૬ના અશાડ શુદ ૬ બુધવાર. તારીખ ૨૫મી માહે જુન ૧૮૭૯.

(સહી) નારાયણરાવ વાસુદેવ સ્વ. ન. દીવાન.

સરક્યુલર નંબર ૧૪ સંસ્થાન નવાનગર દીવાન દફતર.

બાયત કોર્ટના આજમ જજ સાહેબની યાદ નં. ૫૫૭ તા. ૧૯ મી માહે નવેંબર સ. ૧૮૭૯ ની લખેલી આવી. જે ઉપરથી મોહોસલ કરવા સંબંધી એવો નીયમ ઠરવામાં આવે છે કે

દરબારી કામને માટે કોઈ શખ્શ અથવા શખ્સો ઉપર મોસલ કરવાની જરૂર થાય ત્યારે મોસલ કરવાનો જે અધિકારીને અખત્યાર હોય તે અધિકારીએ જે શખ્સ અથવા શખ્સો ઉપર મોસલ કરવાનો હોય તે શખસ અથવા શખસોના નામથી મોસલી ચીઠી તૈયાર કરવી.

સદરહુ પ્રમાણે તૈયાર થએલી ચીઠીની એક અસલ અને બીજી નકલ એમ બે પ્રત તૈયાર કરી અસલ ઉપર જેના ઉપર મોસલ કરવામાં આવેલ હોય તેની સહી લઇ નકલ તેને આપવી.

અગર તે નકલ જેના ઉપર મોસલી ચીઠી હોય તે ન રાખે તો તેને રહેવાના ઘર અગર ગામમાં પ્રસિદ્ધ જગા ઉપર ચોડી આપી નકલ લીધી નહીં તેથી ચોડી દેવામાં આવી એવી રીતે પહોંચાડવા જનાર શખસની પ્રતિજ્ઞા ઉપર જુબાની લઈ અસલ મોસલી ચીઠી સાથે સામેલ રાખવી અને તે સહીત તે મોસલ કરનાર અધિકારી તરફ મોકલવી.

મોસલી ચીઠીનો ઉપર પ્રમાણે અમલ થવા તે માણસ જે મહાલકારી અથવા વહી-

હીવટદારના તાબામાં હોય તે માહાલકારી અથવા વહીવટદારને મોકલી આપવી. અને તે પ્રમાણે પોતાના દફતરમાં મોસલી ચીઠીનો પુરતો દાખલો રાખી ઉપર કહ્યા મુજબ અમલ કરવો.

જે શખ્સ અથવા શખ્સો ઉપર મોશલ કરવામાં આવ્યો હોય તેના પાસેથી મોસલી ચીઠીમાં લખ્યા પ્રમાણે દર મહીને અથવા પ્રસંગ પ્રમાણે જરૂરીયાત મુજબ દરરોજ મોસલીની રકમ વસુલ કરી મોકલનાર અધિકારી તરફ મોકલવી અથવા મોસલ કરનાર પણ તેજ અધિકારી હોય તો તેણે ત્રીજોરીમાં ધારાસર ભરણું કરવું.

થયેલા મોસલમાં જ્યારે બરખાસ્ત કરવામા આવે ત્યારે બરખાસ્ત સહીની એક અસલ અને બીજી નકલ એમ બે પ્રતો કરવી અને તે બે પ્રતોમાંથી અસલ ઉપર જેના ઉપર મોસત કરવામ. આવેલ હોય તેની સહી લઇ નકલ આપવી અને તેનો દાખલો જે અધિકારી મારફતે મોસલનો અમલ થયો હોય તેના દફતરમાં રાખવો.

બરખાસ્ત થતા સુધી જે બાકી મોસલી રહી હોય તે એકદમ જેના ઉપર મોસલ હોય તે શખ્સે ભરી આપવી. અને તેમ કરવામાં કસુર કરે તો બાકી મોસલીના અવેજ સારૂ થયેલો મોસલ લાગુ છે એમ સમજી બાકીનો સઘળો અવેજ વસુલ થયાની તારીખ સુધીની મોસલી વસુલ કરવી.

મોસલી ચીઠીઓ મોસલ કરનાર અધિકારીએ આ સાથેના નમુના પ્રમાણે મોસલી બુક રાખી તેમાં નોંધવી અને બરખાસ્ત ચીઠી પણ તેમાં નોંધવી તથા મોસલ થયાની તારીખથી તે બરખાસ્ત થયાની તારીખ સુધીનો સઘળો હિસાબ તેમાં દાખલ કરવો.

જે અમલદારની મારફતે મોસલી ચીઠી બજી હોય તે અમલદારે મોસલીનો સઘળો જમા ખરચ પોતાના હવાલાના દરબારી ચાલતા હિસાબમાં અનામત ખાતાના પેટામાં કોર્ટવાર અનામત તરીકે હિસાબ રાખવો અને દર મહિને જે અવેજ જે કોર્ટની ચીઠીથી તે અવેજ તેના તરફ રોકડ અથવા ત્રીજોરીનો હવાલો લખી મોકલાવી આપવો.

ઉપર પ્રમાણે મોસલી ચીઠીઓ તથા તેની દરખાસ્ત બાબત નિયમ કરવામાં આવેલ છે તે મુજબ મોસલી આપનાર શખ્સ અથવા શખ્સો નહીં વરતશે તો મોસલ કરવા સારૂ તેની મિલકત જપ્તીમાં લેવામાં આવશે. અને તે હરરાજ કરી મોસલીનો અવેજ વસુલ કરવામાં આવશે.

સંવત ૧૯૩૬ ના કારતક શુદ ૧૧ સોમવાર તારીખ ૨૪ મી નવેંબર સને ૧૮૭૯ ઈ.

(સહી) નારાયણરાવ વાસુદેવ સ. ન. દીવાન.

મોસલી બુકનો નમુનો.

મોસલી ચીઠીનો ચાલતો નંબર	ચીઠીની તારીખ.	કોના ઉપર મોસલ કર્યો.	બાબત યાને ચીઠીની નકલ.	પ્રથમ આ બાબત મોસલ થયેલ હોય તેના નંબર તારીખ.	પ્રથમના મોસલનો દર	પ્રથમનો ચડેલો અવેજ	હાલ મોસલ કરવામા આવ્યો તેનો દર	બરખાસ્તની તારીખ.	બરખાસ્તનું કારણ	કેટલી મુદત હાલનો મોસલ રહ્યો.	હાલની મોસલી ચઢી તેનો અવેજ.	પૈકી ગારૂ થઇ તેનો અવેજ.	જતાં બાકી લેણો અવેજ.	વસુલ આપ્યાની તારીખ	મોસલીનો અવેજ વસુલ થતાં દેર થઇ તેની મુદત	દેર થયા બાબત વસુલ આપેલી મોસલીનો અવેજ	કુલ આવ્યો તે અવેજ.	આગળ મોસલ કરવામાં આવ્યો હોય તો તે ચીઠીના નંબર તારીખ.	વસુલ કરેલ અવેજ જમા કરવામાં આવ્યો હોય તેનું રોજ મેળપાનું.	રીમાર્ક.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧

(સહી) નારાયણરાવ વાસુદેવ સં. ન. દીવાન.

જાહેર ખબર નંબર ૧૨. સંસ્થાન નવાનગર દીવાન દફતરથી.

સર્વ લોકોને ખબર આપવામાં આવેછે કે પરદેશી આરબ તથા મુકરાણી લોકોએ આ સ્વસ્થાનની હદમાં નોકરી અરથે આવવું નહીં. કેમકે આ મુલકમાં નહીં ઉતરવા દેવા વિશે નામદાર સરકારનો ઠરાવછે માટે આ જાહેર ખબરથી સુચના દેવામાં આવેછે કે વહાણ વાળાઓએ કોઈ પણ બંદરેથી એવા શખ્સોને આ સંસ્થાનના કોઇ પણ બંદરે ઉતારવા નહીં.

કસ્ટમ ખાતાના અધિકારીઓ એવા શખ્સોને આંહીના બંદરોપર ઉતારવા દેવા નહીં તેમજ પોલીસે આ બાબત તપાસ રાખવો. એટલું છતાં કોઇ પણ લાવશે તો એ શિક્ષાનો પાત્ર થશે ને એકદમ તેને તેજ વહાણુપર અગર તેના ખરચે પાછા ચલાવી દેવામાં આવશે.

સંવત ૧૯૩૬ના માહા વદ ૪ રવીવાર તારીખ ૨૯મી માહે ફેબરવારી સને ૧૮૮૦ ઇસવી.

(સહી) નારાયણરાવ વાસુદેવ સ. ન. દીવાન.

જાહેર ખબર નંબર ૧૭. સંસ્થાન નવાનગર દીવાન દફતરથી.

આ સંસ્થાનની હદમાં શીકારનું સંરક્ષણ તથા વધારે સારો બંદોબસ્ત થવાની જરૂર જણાતાં નીચે પ્રમાણે નિયમો ઠરાવવામાં આવ્યાછે અને તે દરબારી ગેઝટમાં પ્રસીદ્ધ થયા ની તારીખની અમલમાં આવશે. આ સંસ્થાનના મુલકની હદમાં પરવાનો લીધા શિવાય કોઇપણ પ્રકારના જાનવરનો અથવા પક્ષીનો ફાંસાથી પકડવા અથવા બંદુકથી યા બીજી રીતે શિકાર કરવા દેવામાં આવશે નહીં.

હજુર દીવાન દફતરે અરજી કરવાથી લાયક શિકાર કરનાર શખ્સોને શિકાર કરવા-

નો પરવાનો આપવામાં આવશે.

પાડોશના બીજા સંસ્થાનો તથા તાલુકાઓ આ સંસ્થાનથી પરવાનો આપેલા પરવાનદાર શિકારીને પોતાના તાલુકાની હદમાં શિકાર કરવા દેવાનું કબુલ કરશે તો તેઓએ પરવાનો આપેલા પરવાનાદાર શિકારીને આ સંસ્થાનની હદમાં શિકાર કરવા દેવાની છુટ આપવામાં આવશે.

પરવાના વગર કોઈપણ શખ્સ નવાનગર સ્ટેટની હદમાં શિકાર કરતો માલમ પડશે અથવા કર્યાનું સાબીત થશે તો તેની બંદુક અથવા જે હથીઆરથી શિકાર કર્યો હશે તે કબજ કરવામાં આવશે. વળી તે કાયદા પ્રમાણે શિક્ષાને પણ પાત્ર થશે.

સંવત ૧૯૩૬ ના જેઠ શુદ ૧૪ સોમવાર તારીખ ૨૧ માહે જુન સન ૧૮૮૦

શ્રી હજુર હુકમથી (સહી) ભાવસિંહજી.

જાહેર ખબર નંબર ૪.

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે શીરબંદી, પોલીસ, તથા રેવન્યુ ખાતાના—નોકરો તેમજ કાટીયા. પસાયતા લોકોને હથીઆર બાંધવાના ચલુને માટે પીળાપાસ અપાય છે તેમાંના જે કોઇ શખસ પાસ ગુમાવે છે તેમને દસ્તુર મુજબ દંડની શિક્ષા થાય છે પરંતુ પાસની સંભાળ બરાબર નહીં રહેતાં જે ગેરવલે જાય છે તે અટકાવવા સંબંધી વધારે સખત ઉપાય લેવા બાબત હાલમાં તારીખ ૨૦ જુલાઇ સન ૧૮૮૦ ના રોજ રાજકોટમાં કારભારીઓની જે મીટીંગ થઇ તેમાં ઠરાવ થાતાં હુકમ કરવામાં આવેછે કે પ્રથમ લાયક માણસને જરૂર જણાએથી પાસ મળશે અને જે અધિકારી તરફથી પાસ અપાણા હશે તે અધિકારી તેની દર છ છ મહીને હાજરી લેશે તેમાં શીરૂથી તે હાજરી લીધાની તારીખ સુધીમાં અપાયલા પાસ રજીસ્ટરે મેળવી એ બરાબર હશે તો તે વિશે અગર કાંઈ તફાવત હશે તો તે બાબત એ અમલદાર ખાત્રીનો રીપોટ કરશે.

આ બાબત નં. ૭ તા. ૧૨–૮–૮૦ ના રોજકામને આધારે જે કોઇ શખશ પાસ ગુમાવશે તેને એવી શિક્ષા કરવામાં આવશે કે એ શખ્સને એક વરસ સુધી હથીઆર બાંધતા દેવામાં આવશે નહીં. એ માણસ ગમે તેવા હોદા કે દરજાનું હશે તોપણ તેને ઉપર મુજબ શિક્ષા કરવામાં આવશે.

આ ઠરાવનો અમલ તા. ૧ લી સપ્ટેંબર સન ૧૮૮૦ થી ચાલુ થશે. માટે એ તારીખ પછી જે કોઇ શખ્સ પાસ ગુમાવે તેના વિશે ઉપર મુજબ અમલ કરવા સર્વે ખાતાના દરબારી અમલદારોએ ધ્યાનમાં રાખવું.

સંવત ૧૯૩૭ના શ્રાવણ શુદ ૧૫ શુક્રવાર તારીખ ૨૦ અગસ્ટ સન ૧૮૮૦ ઇસ્વી.

(સહી) મગનલાલ બાપુભાઇ દીવાન.

સંસ્થાન નવાનગરનો જાનવરો વેચાણ લીધા દીધા બાબતના કબાલા નોંધવનો ધારો નંબર૨૧

આ રાજ્યમાં જાનવર વેચાણ થાય તેના-કબાલા નોંધવાનો ધારો સંવત ૧૯૩૫ ના જેઠ વદ ૨ આંક ૨૪ ના ગેજીટમાં છપાવી પ્રસિદ્ધ કરેલો છે.

આ ધારો થયા પછી તે પ્રમાણે અમલ થયો નથી તેનું કારણ વેચાણનો ધંધો કરનારને સગવડ પડવાથી અટકી રહ્યો છે તેમજ આ ધારાથી કેટલાએક ગામના પટેલ ખેડુતોની અરજ ઉપરથી ફેરફાર કરવા નજરમાં આવત્તાં મહારાજા જામ સાહેબના ખાસ ફરમાનથી પ્રથમનો થએલો ધારો રદ્દ કરી નીચે પ્રમાણે ઠરાવ ઠરાવ કરવામાં આવે છે તે

ધારો આજની તારીખથી અમલમાં આવશે.

૧ વેચાણુ કરેલ બળદનો કબાલો વેચનાર આશામીને એક ચોપડીમાં કરાવી લેવો તેમાં એવી સરત લખવી કે આ બળદનાં નાણાં ભરાતાં સુધી એ બળદ થાલ છે અને તે કબાલા નીચે લેનારની સહી લઇ પટેલ તળાટીની શાક્ષી લેવી અને તેવીજ રીતે પટેલોએ કબાલા નોધવાની એક ચોપડી તલાટી પાસે રખાવવી. તેમાં બળદનો રંગ વગેરે નિશાન તથા વેચાણુની કીમત વગેરે સરતો હોય તે લખી વેચાણુ લેનારની સહી લઈ પોતે સહી કરવી પટેલ હાજર ન હોય તો ગામનો ચોવટીઓ અથવા જે ચાલાક ખેડુ હોય અથવા વેપારી હોય તેની શાક્ષી કબાલા લખાવનારે લેવી.

૨ કબાલાના બળદો કબાલામાં નાણાં આપવાની જેટલી મુદત ઠરાવી હશે તે ઉપરાંત ત્રણ મહીના સુધી વેચી શકશે નહીં એ મુદતમાં કબાલાવાળાએ પોતાનાં નાણાં વસુલ કરી લેવાં. તેમાં જે તે કસુર કરી ઉપરની મુદત ગુમાવશે તો કબાલે બળદ લેનાર માણસ ગમે તેને વેચી દેશે તો કબાલાવાળાનો બળદ ઉપરનો થાલનો હક ઉડી જશે.

૩ કોઈ શખ્સ બળદ લીધા પછી ઠરેલી મુદતે નાણાં ભરી ન શકે અને વેચનાર આસામીને ખુશીથી પાછો લઈ જવા દેતો તેમાં હરકત નથી પરંતુ વેચનારથી જબરીન પણે એ બળદ લેવાશે નહીં પણ દીવાની રાહે તે બળદ જપ્તીમાં લેવરાવી શકાશે.

૪ એવી ફરીયાદો દીવાની કોર્ટમાં દાખલ થાય તે વખત સ્ટાંપનો કાગળ કબાલાને જેટલા દરનો જોઇએ તેથી બમણી રકમના સ્ટાંપ ઉપર કબાલાની નકલ કરાવી દાવાની અરજી સાથે રખાવવી તે શિવાય કોર્ટનું લવાજમ ધારાસર જુદું બેસશે.

• ૫ ખેડુતોના બળદો ઉપર ધારા પ્રમાણે બજાવણી થતી નથી લેકીના કબાલાના બળદો માટે વેચનાર આશામીનાં નાણાં ભરાણાં નથી ત્યાં સુધી એ બળદ ઉપર તેનો હક રાખવામાં આવ્યો છે તેથી તેની કબાલાના હુકમનામાંની બજાવણી કબાલાનાં નાણાં માટે બજવાને હરકત નથી પરંતુ એવા બળદ ઉપર બીજા કોઈ આશામી બજાવણી કરવા દરખાસ્ત કરે ને તપાસ કરતાં કબાલાવાળાના પૈસા ભરાણા નથી એમ જણાય તો તે ઉપર બજાવણી ચાલશે નહીં.

૬ આ ધારામાં વખતે વખત ફેરફાર કરવા દરબાર મુખત્યાર છે.

સવત ૧૯૩૭ના ભાદરવા વદ ૪ બુધવાર તા. ૨૨ સપ્ટેંબર સને ૧૮૮૦

(સહી) મગનલાલ બાપુભાઇ દીવાન.

જાહેર ખબર નંબર ૧૦ સંસ્થાન નવાનગર સરન્યાયાધીશ કોર્ટ.

સરવે દરબારી અમલદારો તરફ—

આ જાહેર ખબરથી સુચના દેવામાં આવે છે કે સરકારી ટપાલનો કોઇ હલકારો બીમાર થઇ અથવા બીજા કાંઇ યોગ્ય કારણથી ગેરહાજર રહે અને તેની અવજી બીજો માણુસ હલકારા બદલ દેવામાં આવે તો તેને દર માસે રૂ. ૮ આઠના હિસાબે જેટલા દિવસ કામ કર્યું હશે તેના પગારના દેવા હાલાર પ્રાંતના આસિસ્ટંટ પોલીટીકલ એજંટ મેહેરબાન ફીટઝરલ્ડ સાહેબ બહાદુરે તારીખ ૮–૧–૮૧ ને રોજ શેરો કરેલો છે તેથી તે પ્રમાણે અમલમાં લાવવા પ્રાંત વકીલે તા. ૧૫–૧–૮૧ની યાદથી મેહેરબાન મુખ્ય દીવાનજી સાહેબને અરજ કરતાં તે સાહેબે તે પ્રમાણે અમલ કરવા તા. ૧૮–૧–૮૧ નંબર ૨૫૭૬

નું ફરમાન અમારા તરફ કરેલું છે તેથી સર્વે અમલદારો તરફ ફરમાવવામાં આવે છે કે હવે પછી સરકારી ટપાલમાં કોઇ હલકારાની અવજી માણસ આપવામાં આવે તેને ઉપરના દર માસના રૂા. ૮ ને પ્રમાણે એ ખાતા તરફથી અપાવવામાં આવશે માટે તેટલા દરથી માણસ રાખવા. સર્વે અમલદારોએ ધ્યાનમાં રાખતાં વધારે પગાર ઠરાવેલ હશે તો તેની જવાબદારી તે ઠરાવ કરનાર અમલદાર ઉપર રહેશે.

સંવત ૧૯૩૭ ના પોષ વદ ૫ તારીખ ૧૯-૧-૮૧ ઈસ્વી.

(સહી) નારાયણજી બાળકૃષ્ણજી સં. ન. સ. ન્યા.

પુસ્તક ૧૫ મું. સંવત ૧૯૩૮.

જાહેર નામું નંબર ૩.

વકીલાતનો ધંધો કરવાને ઉમેદ રાખનાર લોકોની આ રાજ્યમાં સંવત ૧૯૩૮ ના સને ૧૮૮૧ ના સપ્ટેંબર માસમાં કમેટી બેસીને પરીક્ષા લેવામાં આવી તેમાં પેહેલા તથા બીજા વર્ગમાં જે લોકો પાસ થયા તેઓનાં નામો તેઓને મળેલ માર્કના અનુક્રમ પ્રમાણે પ્રસિદ્ધ કરવામાં આવે છે તેની વિગતઃ—

પેહેલે વર્ગ.

નંબર	નામ
૧	નવલશંકર સુરજ શંકર.
૨	અભેચંદ કાળીદાસ.
૩	પરસોતમ પુંજા
૪	કેશવજી કાળીદાસ
૫	રાજારામ વજેરામ.
૫	કુલ પાંચ

બીજો વર્ગ.

નંબર	નામ	
૧	લક્ષ્મીચંદ દેવજી	આ સક્ષ એજન્સીમાં પાસ થાતા તેને સં. ૧૯૪૧ માં પેહેલા વર્ગની સનદ આપવામાં આવી છે.
૨	પીતાંબર જીવરાજ	
૩	ભગવાનજી માધવજી	
૪	ઉમેદલાલ ગોપાળજી.	
૫	વાલજી દયારામ	
૬	ધરમશી કરસનજી	
૭	પ્રગટશંકર વાસણજી	
૮	મુળશંકર હેમતરામ	
૯	દુલભજી કરસનજી	
૧૦	રાયચંદ કાળીદાસ	
૧૧	ગીરજાશંકર નરભેશંકર	
૧૨	પોપટ વલ્લભજી	
૧૩	જુઠાલાલ ગોપાલજી	

૧૪ શંકર અંબાશંકર.
૧૫ શામજી વિઠલજી.
૧૬ પ્રાગજી સવજી

૧૬ કુલ સોળ

ઉપર પ્રમાણે કુલ એકંદર એકવીશ માણસ પાસ થયા છે.

સંવત ૧૯૩૮ના આસ્વીન શુદ ૮ રવીવાર તા. ૧ અકટોબર સન ૧૮૮૧

(સહી) મગનલાલ બાપુભાઇ સં. ન. દીવાન.

સરક્યુલર નંબર ૧ સંસ્થાન નવાનગર સરન્યાયધીશ કોર્ટથી

ન્યાયાય ખાતાના અમલદારો તરફ

મેહેરબાન દીવાન સાહેબના નંબર ૩૦૪ તા. ૧૨-૯-૮૧ નો હુકમ આવ્યા ઉપરથી ફરમાવવામાં આવે છે કે ઈન્ફેન્ટીસાઇડ ખાતાને સંબંધ રાખતા જન્મ મરણની ચોકશી કરવા વગેરેના કામો ફર્સ્ટ કલાસ માજીસ્ત્રેટો અને ન્યાયાધીશોએ કરવા.

સંવત ૧૯૩૮ ના આસો વદ ૫ બુધવાર તા. ૧૨-૧૦-૮૧ ઇસ્વી.

(સહી) નારાયણ બાળકૃષ્ણ. સં. ન. સ. ન્યા.

નંબર ૭ મો સંસ્થાન નવાનગર હજુર કોર્ટ. **જાહેર ખબર** નંબર ૨૧.

સંસ્થાનમાં જ્યારે વકીલોની કાયદા સંબંધી પેહેલી પરીક્ષા સંવત ૧૯૩૨ ની સાલમાં થઇ ત્યારે તે સાલના આંક ૨૨ વાળા દરબારી ગેજીટના પાના ૧૧૧ મે પ્રસિદ્ધ થયેલી જાહેર ખબર પ્રમાણે નવાનગરના રહેનાર નાગર બ્રાહ્મણ પાઠક ગંગાશંકર મદનજી પેહેલા વર્ગમાં બીજે નંબરે પરીક્ષામાં પાસ થયેલો છે અને તેથી તે આસામીને આ સંસ્થાનની ન્યાય ખાતાની સઘળી કોર્ટોમાં વકીલાત કરવાની સનદ આપવામાં આવેલી પરંતુ એ વકીલ ઉપર હાલમાં ઇંડીઅન પેનલકોડ કાયદાની કલમ ૧૯૧-૧૧૬ માં જણાવ્યા પ્રમાણે ફોજદારી ગુન્હાનું ચાર્જ આવતાં સાબીત થયાથી શિક્ષા કરવામાં આવી છે તેથી એ વકીલ તેનો વકીલાતનો ધંધો ચલાવવામાં ના લાયક થયાથી તેને આપેલી સનંદ રદ કરવામાં આવી છે. સંવત ૧૯૩૮ના વૈશાક વદ ૬ તારીખ ૯મી મે સને ૧૮૮૨

(સહી) મગનલાલ બાપુભાઇ સં.ન.દીવાન.

મીઠાં સબંધી ધારો.

સ્વસ્થાન નવાનગના મુખ્ય દીવાન દફતરથી નંબર ૨

સ્વસ્થાન નવાનગરની હદમાં કુદરતી રીતે થતુ તથા પકવેલું મીઠુ નામદાર બ્રીટીસ સરકારના ખાલસા મુલકમાં તથા કાઠીઆવાડની બહારના પર રાજ્યમાં નહી જાએ તેટલા માટે નામદાર બ્રીટીસ સરકાર અને આ શ્વસ્થાન વચ્ચે થએલા તારીખ ૫ જુલાઈ સને ૧૮૮૩ ના કરારની રૂએ બંદોબસ્ત થવો યોગ્ય છે તથા આ સ્વસ્થાનમાં મીઠા બાબત વધારે સારો બંદોબસ્ત કરવો યોગ્ય છે માટે નીચે પ્રમાણે ધારો ઠરાવવામાં આવ્યો છે અને તેનું નામ મીઠા સંબંધી ધારો રાખવામાં આવ્યું છે તે આ ધારો ગેજટમાં છપાયાની તારીખથી અમલમાં આવશે.

બાબ પેહેલો સબદાર્થ.

૧ આ ધારામાં હેઠળ જણાવેલા શબ્દોનો અર્થ નીચે આપેલી વાખ્યા પ્રમાણે ઠરાવવામાં

આવ્યોછે તે પ્રમાણે એ શબ્દનો અર્થ આ ધારામાં જ્યાંહ! જ્યાં એ શબ્દ આવે ત્યાં કરવો.

૨ "મીઠું" આ શબ્દમાં ઘસીયું મીઠું તથા કુદરતી મીઠું બંનેનો શમાવેશ થાયછે.

૩ "મીઠાગર" અથવા "આગર" એટલે મીઠું જામવા સારૂ જે જગો પાણી ઘેરી લેવા સારૂ તથા તાપ થકી સુકવી નાખવા સારૂ તથા તેને એકઠું કરી ગંજ કરવા જે જમીન અથવા સમુદ્રનો કીનારો અથવા પાણીનો સંચય થાય તેટલા માટે પાળ અથવા બંધબાંધીને ઘેરી લીધેલી અથવા કૂદરતી રીતે થએલી તથા મૂકરર કરેલી હદનો સમાવેશ થાય છે.

૪ "વખાર" એટલે દરબારે મુકરર ઠરાવેલી મીઠાનો સંગ્રહ રાખવાની જગો.

૫ "ચોરાઉ મીઠું" એટલે નીચે બતાવેલા પ્રકારમાંના હરકોઈ પ્રકારનુ મીઠુ સમજવું.

૧ બ્રીટીસ સરકારના મુલકમાં જગાત ચુકથી મેળવ્યા શીવાએનું આવેલુ.

૨ કાઠીઆવાડની બહારના તથા કાઠીઆવાડની અંદરના બીજા રાજ્યનું લાવેલું.

૩ આ રાજના આગરે અથવા વખારેથી કીંમત આપ્યા શીવાએ લીધેલુ અથવા ધારાસર વજન કરતાં વધારે મેળવેલું અથવા આ રાજ્યમાંના અગર શીવાએ કોઇ પણ જગે કુદરતી રીતે પાકેલ વગર પરવાનગીએ લીધેલું અથવા ખસેડેલું કે સંતાડેલુ અથવા સંચય કરેલું અથવા દરબારની પરવાનગી શીવાએ કોઇ પણ જગોએ પકવેલું અથવા દરબાર પરવાનગીથી જે માણસો પકવેછે તેમાંથી વગર પરવાનગીએ લેવું અથવા ભેળવવું અથવા આ રાજ્યના અગર વીગેરે જગોએથી કોઇ પણ જગે મો કલવામાં આવે તેમાંથી વગર પરવાનગીએ લીધેલું, સંતાડેલુ કે ખસેડેલુ.

૪ આ રાજ્યની હદમાં મીઠુ વેચવાની કોઈ માણસને છુટ મળી હોય તે શીવાએનાં કોઇ પણ માણસ પાસેથી લીધેલુ અથવા આ ધારામાં જે વજન બાંધી આપેલું છે તે ઉપરાંત કબજામાં રાખેલુ.

૬ "પાઉન્ડ" એટલે ૪૦ રૂપીઆ ભારના વજનનો એક પાઉન્ડ "શેર" એટલે એંશી રૂપીઆભારના વજનનો એક શેર તથા એવા ચાળીશ શેરનો એક મણ સમજવો.

બાબ બીજો.

મીઠું પકવવા તથા વખારો કરવા તથા વેચાણ કરવા તથા મીઠું લઈ જવા તથા લઈ આવવાની હદ તથા મીઠા ઉપરના હક બાબત.

૭ આ રાજ્યની હદમાં વડાગરૂ મીઠુ પકવવાની સખ્ત મનાઈ છે એટલે નહીંજ પકવવું એમ સમજવું છતાં કોઇ પકવશે અથવા પકવવામાં મદદ કરશે કીંવા કોશીશ કરશે તેને આ ધારામાં ફરમાવ્યા પ્રમાણે શીક્ષા કરવામાં આવશે.

૮ આ રાજ્યની હદમાં ઢીંચડા તથા બેડી વચેનો અગર તથા હડીયાણાનો અગર અને ગુરગઢમાં ધોઇાઝર, કાકર બેટનો અગર ઘસીયું મીઠું પકવવા અથવા લેવાને કાયમ રાખ્યા છે તે સીવાએની જગોએ થતું મીઠું બની શકે તેટલા ઉપાયથી બગાડી નાંખવામાં આવશે પણ જરૂર જણાયા પ્રમાણે એવા કુદરતી મીઠાંને ભેળું કરી લેવાને એ ખાતાના ઉપરી મુખત્યાર છે પણ તેવું મીઠું ચોરીએ ન જાએ એવો બંદોબસ્ત એ ખાતાના ઉપરીએ રાખવો.

૯ કલમ ૮ માં જણાવેલા ઘસીયાં મીઠાંના અગરોમાં ઘસીયું મીઠું પકવવા સારૂ દરબાર તરફથી એ કામ સારૂ નીમેલા અધીકારી જે માણસ અથવા માણસોને આ ધા-

રામાં બતાવેલ (ક) નમુના પ્રમાણે પરવાનો આપશે તે માણુસ અથવા માણુસો પકાવી શકશે તે સીવાએના કોઇપણુ માણુસ પકવશે અથવા પકવવામાં મદદ કરશે અથવા પકવવાની કોસીસ કરશે તે માણુસ અથવા માણુસોને આ ધારામાં ફરમાવ્યા પ્રમાણે સીક્ષા કરવામાં આવશે.

૧૦ હાલ અગરોમાં કુવા તથા ક્યારા અને ગુરગઢ ઘોડાઝર તથા કાકર બેટમાં કુદરતી રીતે થતાં મીઠાંની જગોની હદ મુકરર કરી છે તે પ્રમાણે કાયમ રાખવી તેમાં કોઈ કુવા અથવા ક્યારા કે જગોનો ફેરફાર કરવાની જરૂર જણાય તે તે વખતે આ સ્ટેટના સર્વોપરી અધીકારીની પરવાનગી મેળવ્યા સીવાએ કોઇ પણ માણુસને ફેરફાર કરવાની છુટ દેવા અધીકાર નથી છતાં કોઈના તરફથી પરવાનગી અપાશે તે ધારા વીરૂદ્ધ ગણાશે અથવા પરવાનગી સીવાએ ફેરફાર કરશે અથવા કરાવશે અથવા તેવું કરવામાં મદદ કરશે અથવા કોસીસ કરશે તેને આ ધારાના ઠરાવ પ્રમાણે સીક્ષા થશે.

૧૧ મીઠું પકવનારને કલમ ૯ માં જણાવ્યા પ્રમાણે (ક) નમુનાનો પરવાનો આપવામાં આવે ત્યારે આ ધારામાં બતાવેલ (ખ) નમુના પ્રમાણે શરતો પાળવા પળાવવાના તેના જામીન લઇને પરવાનો આપવો તેવા શક્ષો મીઠું પકાવે તે ઉપર તેની ઠરાવેલી મજુરી લેવાનો હક છે મીઠાં ઉપર તેનો કહીં પણ હક નથી એ હક દરબારનો છે.

૧૨ મીઠું પકવનાર માણુસે સારૂં અને ચોખું મીઠું પકવવું અને તેવું મીઠું દરબાર સંભાળશે. ધુડ વીગેરે પદાર્થ ભેળવેલું અથવા ભળેલું અથવા મેલું મીઠું લેવામાં આવશે નહીં પણ તેવા મીઠાંનો પકવનારના ખર્ચથી નાશ કરવામાં આવશે તે ઉપર મજુરીનો દાવો ચાલશે નહીં.

૧૩ દગો કરી ખરાબ મીઠું પકવશે અથવા ધુડ વીગેરે ભેળવશે અથવા આ ધારામાં ફરમાવેલ રીત વીરૂદ્ધ વર્તશે અથવા મીઠું પકવવા બેદરકાર રેહેશે અથવા અગર દરોગા તથા ચોકીના સીપાઇના હુકમમાં નહીં વરતે અથવા તેવું કરવામાં મદદગાર થશે કીંવા કોશીશ કરશે તે માણુસને આ ધારામાં ફરમાવ્યા પ્રમાણે શીક્ષા કરવામાં આવશે અને જરૂર જણાશે તો એ માણુસને આપેલો પરવાનો રદ કરી એ જગો બીજા માણુસને દેવામાં આવશે.

૧૪ મીઠું પકવવાનું ક્યારથી શીરૂ કરવું તથા ક્યારે બંધ કરવું એ હુકમ અગરનો અધીકારી આપશે તે તથા તેના તરફથી મીઠું પકવવા તથા સુધારવા તથા સાચવવા સંબંધે જે જે હુકમો થાય તે પ્રમાણે મીઠું પકવનાર માણુસોએ વર્તવું.

૧૫ મીઠું પકવવામાં આવે તે પુરતો પાક થયો છે અથવા થવાનો છે તેવું મીઠું દરબારે તોળી લીધું નથી તે દરમીયાન વરસાદથી કીંવા સમુદ્રની રેલથી કે ગમે તે કારણુથી બગડી જશે અથવા નાશ થઈ જશે તો તેની મજુરી બદલ મીઠું પકવનારનો દાવો ચાલશે નહીં.

૧૬ આ રાજ્યમાં ખુદ નવાનગર તથા તેના દરેક માહાલમાં મીઠાંની વખારો રાખવામાં આવશે અને દરેક માહાલની વખારેથી ગામોમાં વેચવાને માટે કંત્રાક્ટર નીમવામાં આવશે તેને પેટા વખાર ગણવામાં આવશે.

૧૭ કલમ ૮ માં જણાવેલાં ત્રણ અગરો તથા કલમ ૧૬ માં જણાવેલી વખાર

તથા પેટાવખારેએથી ઠરાવેલ ભાવે મીઠું વેચાણુ આપવામાં આવશે તે સીવાયની કાઠીયાવાડ માંહેની કોઇ પણ જગોએથી મીઠું લાવવું અથવા લેવું નહીં અને તેવું મીઠું લાવશે અથવા લેશે અથવા લાવીને કે લઇને વેચશે અથવા વાપરશે કે લાવવા તથા વાપરવા કે વેચવામાં મદદ કરશે અથવા લાવવા વાપરવા કે વેચવા કોશીશ કરશે તે આ ધારાના ઠરાવ પ્રમાણે શીક્ષાને લાયક થશે.

૧૮ કલમ ૧૬ માં જણાવેલ જગોએથી બીન હરકતે અને બીન વીસંએ મીઠું આ રાજ્યના રહીસ ખરીદ કરનારને મળશે અને તે પોત પોતાના ખર્ચના પ્રમાણમાં જેટલું ખરીદ કરે તેટલું તેને આપવાની છુટ છે.

૧૯ અગરેથી જે મીઠું આ રાજ્યની રૈયતને આપવામાં આવે તેને આ ધારામાં બતાવેલ (ગ) નમુના પ્રમાણે પરવાના પોચ ચીઠી આપવી તેવી એક પ્રત દફતરમાં રાખવી.

૨૦ આ રાજ્યની રૈયત સીવાય કાઠીયાવાડના રાજ્યની રૈયતને કલમ ૨૧ માં બતાવેલા પ્રકાર સીવાય અગર અથવા વખાર કે પેટાવખારેથી આપવામાં આવશે નહીં પણ જુજ મીઠું એટલે દશ પાઉન્ડ સુધી લેવા આવે તો પેટાવખારેથી આપવાની છુટ સમજવી પણ કાઠીયાવાડના રાજ્ય સીવાયની રૈયતને તો આપવુંજ નહીં પણ તેવી રૈયત મુસાફર દાખલ આવેલ હોય તો તે રેહે ત્યાંહાં સુધી ખર્ચ જોગું આપવું.

૨૧ કાઠીયાવાડના બીજા રાજ્યની રૈયત પોતાના ખપને માટે અથવા રાજ્યના ખપને માટે તે રાજ્યના યોગ્ય અધીકારીની સહીનો કાગળ રજુ કરેથી તેમાં જણાવ્યા પ્રમાણે તેટલું મીઠું તે કાગળ લાવનારને કીંમત લઈ અગરે અથવા વખારેથીં આપવું પણ લેનાર માણસને નમુના [ગ] પ્રમાણે પરવાનો પોચ ચીઠી આપવી ને તેની એક પ્રત દફતરમાં રાખવી તેમાં લેનાર માણસની સહી લેવી.

૨૨ કલમ ૨૦માં જણાવ્યા પ્રમાણે બીજા તાલુકાની રૈયત તે તાલુકાના યોગ્ય અધીકારીનો કાગળ લાવ્યા શીવાય મીઠું લેવા આવે તે માણસ અમુક રાજ્યની રૈયત છરૂ એવી ખાતરી કરાવી અમુક દીવસમાં મીઠું પોંહોચ્યાની પોચનો કાગળ તાલુકદારનો લાવી આપવા આપણી રૈયતમાંથી ખાત્રી લાયક જમાન આપે તો તેનું દસ્તાવેજ લઈ મીઠું આપવું ને તે તાલુકદાર તરફ ખબર દેવા.

૨૩ ખુદ નવાનગર તથા આંબરણ તળપત સીવાયની માહાલની વખારેથી વેચાણ મીઠું રૈયતને આપવામાં નહીં આવે પણ પેટાવખાર રાખવા કંત્રાકટર ઠરાવ્યો હશે તે તેજ વખારેથી મળશે અને તે તે માહાલની અથવા મુકરર કરેલા ગામની રૈયતને પુરૂં પાડશે પેટા વખારદારને આ સાથેના નમુના (ઘ) પ્રમાણે પરવાનો આપવો તથા તેનો જામીન લેવો તેનું દસ્તાવેજ નમુના (ચ) પ્રમાણે લેવું.

૨૪ અગરેથી આ રાજ્યની રૈયતે ખરીદ કરવું તે પોતાના ખર્ચ માટેજ વાપરવું પણ તેવું મીઠું વેચવાની મનાઈ છે છતાં તે પ્રમાણે કરશે તે દાણ ચોરીનું મીઠું ગણી વેચનાર તથા લેનારને શીક્ષા થશે પણ અગરેથી ખરીદ કરતી વખતે એક માણસ પોતાને નામે લેશે અને તે લાવી પોતાના પેટાભાગદારને તેજ વખત તેજ ભાવે વેહેચી આપશે તેને આ કલમ લાગુ નથી પણ લેતી વખતે કોઇ ભાગદાર નથી અને ઘેર લાવ્યા પછી પણ પેટાભાગદાર થયા નથી તે ઘરમાં નાખ્યા પછી બીજે દીવસ અથવા તે પછી પેટા-

ભાગદાર કરશે અથવા નફો લઇને કે તે વગર વેચશે તો તે લેનાર દેનાર આ કલમ પ્રમાણે ગુન્હેગાર ગણાશે.

૨૫ એક મણથી કમી અગરેથી આપવામાં આવશે નહીં.

૨૬ મીઠાના વેચાણનો ભાવ હાલ નીચે પ્રમાણે ઠરાવ્યો છે પણ તેમાં યોગ્ય જણાવ્યા પ્રમાણે ફેરફાર કરવા દરબાર મુખત્યાર છે.

૧ આગરેથી આ રાજ્યની રઇયત આવી પોતાના ખપને માટે લેશે તે પાસેથી મણ ૧ એકની કોરી ૧॥ ડોઢ લેવામાં આવશે.

૨ વખાર તથા પેટા વખારેથી લેનાર પાસેથી મણ ૧ ની કોરી ૩ ત્રણ લેવામાં આવશે.

૩ આ રાજ્યના અગરેથી અથવા વખારેથી કાઠીઆવાડના બીજા રાજ્યવાળા લેવા ખુશી હશે તેની પાસેથી તેઓની સંમતીથી ભાવ ઠરાવવામાં આવશે.

૨૭ માહાલોની વખારે રઈયતને પુરતું મળી શકે તેટલું મીઠું પોચાડ્યાનું જોખમ અગર દરોગા તરફ રાખેલું છે તથા તેને જોઇતી મદદ દરેક ખાતાના ઉપરીયોએ આપવી કાઠીયાવાડના બીજા રાજ્યોને મીઠું દેવાની સગવડ માટે સરહદના માહાલ આંબરણ, જોડીયા, વણથળી, પડધરી, આટકોટ, ભાડલા, કંડોરણું, કાળાવડ, વડાળું, જોધપર એટલા માહાલમાં વીશેષ ભરતી રાખવી કે નજીકના તાલુકાને તરત પોચી શકે.

૨૮ આ રાજ્યની હદમાં કાઠીયાવાડની બાહારના રાજ્યમાં થતું મીઠું તથા બ્રીટીસ રાજ્યમાં જગાત આપી બ્રીટીસ પરવાનો મેળવ્યા શીવાયનું મીઠું તરી અથવા ખુશકી રસ્તેથી લાવવાની સખત મનાઈ કરવામાં આવે છે.

૨૯ આ સ્વસ્થાનના બંદરેથી આ સ્વસ્થાનના બીજા બંદરે તરી રસ્તે દરબાર શીવાય બીજા કોઈ પણ ખાનગી માણસને લઇ જવાનો હુકમ નથી પણ કલમ ૩૦ ના અપવાદ તેને લાગુ છે.

૩૦ કાઠીયાવાડના રાજ્યમાં અથવા કાઠીયાવાડની બાહારના રાજ્યમાં કે બ્રીટીશ રાજ્યમાં તરી રસ્તેથી મીઠું લઈ જવાની સખત મનાઈ છે તેના નીચેના અપવાદો ધ્યાનમાં રાખવા તેમજ કાઠીયાવાડની બાહારના રાજ્ય તથા બ્રીટીસ રાજ્યમાં ખુશકી રસ્તેથી મીઠું લઇ જવાની મનાઇ છે.

૧ પેહેલા, આ રાજ્યની હદની મચ્છીમારની હોડીયો આ રાજ્યની કોઈ પણ હદ છોડતી વખતે ખરેખર માછલાનેજ ચડાવવા સારૂં પચીશ મણ સુધી મીઠું લઇ જઈ શકે છે અથવા લઇ જવા દેવાની છુટ છે.

૨ બીજો, આ રાજ્યના વાહાણો નજીક અથવા દુર દેશાવરની મુસાફરીમાં જાએ છે તેઓના ખલાસી તથા ઉતારૂઓના ખોરાક તથા ખપને માટે દરેક માણસને દસ પઉંડ સુધી લઇ જવા દેવાની છુટ છે.

૩૧ કોઈ પરાયા બંદરેથી વહાણ આવે તેના મુસાફરો આ રાજ્યના બંદરે ઉતરે તેમની સાથે જે મીઠું હોય તે લઈ લેવું અને તેનો નાશ કરવો.

૩૨ કોઈ પરાયા બંદરેથી વાહાણ રસ્તે આવેલું મીઠું બ્રીટીસ પરવાના શીવાએનું ઉતારવા દેવું નહીં.

૩૩ બ્રીટીસ રાજ્યમાં જગાત ચુકાવી બ્રીટીસ પરવાનો મેળવી કોઇ સક્ષ આ રાજ્યમાં એવું મીઠું લાવશે તેવા મીઠાં ઉપર દર મણુ એકે કોરી ૩ ત્રણુ જગાત આ રાજ્યની લેવામાં આવશે.

૩૪ આ રાજ્યના ખાલસા ગામોગાના ઇતર હકદારની જમીનમાં અથવા ખાલસા શીવાયના ભાયાત મુળગરાશીયા, જીવાઈદાર, ઇનામદાર, ધરમાદા, ખેરાતી વીગેરે કોઇ પાંણુ ગામની હદમાં જ્યાંહાં કુદરતી રીતે મીઠું પાકે છે અથવા પાકસે અથવા પકાવી સકાએ તેવી સગવડ છે તે મીઠું જે જમીનમાં થાય છે અથવા થઈ શકે છે તેવા મીઠાં પર જમીનના કબજા ભોગવટા અથવા માલીકીના સબંધે મીઠાં ઉપર કોઈ પણુ પ્રકારનો તેઓનો હક નથી એ હક ખાસ દરબારનો છે.

બાબ ત્રીજો.

બંદોબસ્ત રાખવા તથા ગુનાહનો ઇનશાફ કરવા તથા શરકારી નોકરો ઉપરની રહેલી ફરજ બાબત.

૩૫ આ ખાતાનો સારી રીતે બંદોબસ્ત રાખવા તથા સગવડથી ચલાવવાનું કામ આજમ રેવન્યુ કમીશનરના તાબામાં રાખવામાં આવ્યું છે અને તેના હવાલામાં ઇન્સ્પેકટરો તથા અગર દરોગા તથા અગરને ચોકી અને કુદરતી મીઠાની ચોકીને માટે તથા સરહદની ચોકીને માટે જોઇતા માણુસ રાખવામાં આવશે આ ખાતા સબંધી ઉપજ ખરચનો હીસાબ રાખવા તથા પગાર વગેરે ખરચનાં બીલ પાસ કરવા તથા આ ખાતાના માણુસનો કસુર બદલ યોગ્ય જણાયા પ્રમાણે દંડ કરવા તથા સસ્પેન્ડ કરવાનો અધીકાર આજમ રેવન્યુ કમીશનરને આપવામાં આવ્યો છે તે તાબાના માણુસોએ કેવી રીતે કામ કરવું એ બાબત તેઓ ધારો કરી આપશે.

૩૬ આજમ રેવન્યું કમીશનર તરફથી આ ખાતાના બંદોબસ્ત માટે જે જે હુકમો કરવામાં આવશે તે પ્રમાણે વરતવા આ ખાતાના માણસોની ફરજ છે તે ફરજ અદા કરવામાં કસુર કરશે અથવા ગફલત કરસે કીંવા ચશમપોશી રાખસે કે બેદરકાર રહેસે તે માણુસને યોગ્ય જણાયા પ્રમાણે આજમ રેવન્યુ કમીશનર સાહેબ શીક્ષા કરશે અને તે ઉપર દીવાન દફતરે અપીલ સાંભળશે.

૩૭ આ ખાતાના માણુસોનો ધારાસર હુકમ બજાવવામાં તેના તાબાના કોઇ સરકારી નોકર અથવા બીજા માણુસ કસુર કરશે અથવા તીરસ્કાર કરશે કીંવા મદદ આપવામાં કસુર કરશે તેને ગુન્હેગાર ગણી શીક્ષા કરવામાં આવશે.

૩૮ આ ખાતાને મદદ દેવા તથા ગુન્હેગારને પકડવા તથા થતા ગુન્હા અટકાવવા રેવન્યુ તથા પોલીસ અને ન્યાય ખાતાના તથા કષ્ટમ અને બંદર ખાતાના સઘળા અમલદારો તથા નોકરોની ફરજ છે તેઓએ પોતાના હવાલાના કામની રીતેજ આ કામમાં મદદ દેવી તેમાં જેના તરફથી મદદ આપવામાં કસુર રેહેશે તેને માટે મુખ્ય દીવાનજી સાહેબ ઘટારત ઠરાવ કરસે.

૩૯ આ ધારામાં જે ગુન્હાના પ્રકાર બતાવવામાં આવ્યાછે તેનો તપાસ સોલ્ટ ઇન્સ્પેકટર અથવા તેની ગેરહાજરીમાં પોલીસ અમલદારો જેના જાણવામાં આવે અથવા જેના પાસે ઝાહેર થાય તેણે પોલીસની રીતે કરી ધારાસર કામ મહાલોના ફસ્ટકલાસ

માજીસ્ત્રેટ તરફ મોકલવું એટલે તેમને યોગ્ય જણાયા પ્રમાણે તે ગુન્હાનો ઇનસાફ કરશે અથવા પોતાના અખત્યારથી વધુ શીક્ષા કરવાનું તેમની નજરમાં આવશે તો તે કેસ આ- જમ સરન્યાયાધીશ તરફ મોકલશે.

૪૦ ફર્સ્ટક્લાસ માજીસ્ત્રેટના ફેસલા ઉપરની અપીલ આજમ સરન્યાયાધીશ સાંભળી ફેસલો કરશે એવા ફેસલા તથા કમીટ મુકરદમા ઉપરના આજમ સરન્યાયાધીશના હુકમ ઉપરની અપીલહજુર કોર્ટ સાંભળશે. અપીલની મુદત માટે સ્થાનીક ધારાનો નીયમ લાગુછે

૪૧ સોલ્ટ ઈન્સ્પેકટર તથા પોલીસ ફોજદારોને કોઈનો ઝાહાડો લેવાનું જણાય તો નજીકના માજીસ્ત્રેટ તરફ રીપોટ કરી ધારાસર વારંટ મગાવી લઈ ઝાહાડો લેવો પણ એવું જણાય કે વારંટ મગાવવા દરમીયાન મુદ્દા માલ ખસી જશે અથવા ગુન્હેગાર નાશી જશે અથવા ગુન્હો નાબુદ થઈ જશે એવું જણાય તો નજીકના માજીસ્ત્રેટ તરફ કારણ સહીત રીપોટ કરી ઝાહાડો લેવો તથા ગુન્હેગારને પકડવા તથા હસ્તગત કરવા સોલ્ટ ઇન્સ્પેકટર તથા પોલીસ ફોજદારને અધીકાર આપવામાં આવે છે પણ તે સંબંધે સ્થાનીક ધારાના બધા નીયમ લાગુ છે એમ સમજવું.

૪૨ ચોરાઉ મીઠું જે સરકારી નોકર અથવા રૈયત પકડી આપશે અથવા પકડાવી આપશે કીંવા તેવો ગુન્હો સાબીત કરી આપશે તો તે સક્ષને ચોરાઉ મીઠાંની કીમતમાંથી ચોથો હીસો ઇનામ બદલ આપવામાં આવશે.

બાબ ચોથો.

૪૩ આ ધારામાં ઠરાવેલા નીયમ વીરૂદ્ધ જે માણસ ગુન્હો કરશે અથવા તેવો ગુન્હો કરનારને મદદ કરશે કીંવા તેવો ગુન્હો કરવા કોશીશ કરસે તે માણસને નીચે પ્રમાણે શીક્ષા કરવામાં આવશે.

૧ કલમ ૭–૧૦–૨૮–૨૯–૩૦ માં બયાન કરેલા ગુન્હા બદલ વરસ પાંચ સુધી સખત મજુરી સાથે કેદ તથા કોરી ૫૦૦૦ પાંચ હજાર સુધી દંડ કરવામાં આવશે.

૨ કલમ ૧૭માં બયાન કરેલા ગુન્હા બદલ વરસ ૨ બે સુધી સખત મજુરી સાથે કેદ અથવા કોરી ૨૦૦૦ બે હજાર સુધી દંડ અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

૩ કલમ ૯ બતાવેલા પ્રકાર વીરૂદ્ધ ગુન્હા બદલ વરસ ૧ એક સુધી સખત મજુરી સાથે કેદ અથવા કોરી ૧૦૦૦ એક હજાર સુધી દંડ અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

૪ કલમ ૧૩–૨૦ માં જણાવેલ ગુન્હા બદલ માસ ૬ છ સુધી કેદ અથવા કોરી ૫૦૦ પાંચશો સુધી દંડ અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

૫ ઉપર બતાવેલી કલમોમાં બયાન કર્યા શીવાએના જેનો સમાવેશ શદર કલમમાં થતો નથી એવા આ ખાતા સંબંધના સઘળા ગુન્હાને માટે ઘણામાં ઘણી ત્રણ માસ સુધી આસન કેદ અથવા કોરી ૩૦૦ ત્રણસો સુધી દંડ અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

૬ ઉપર શીક્ષાનો જે ઠરાવછે તે મુળ ગુન્હેગાર તથા મદદગારને માટે સમજવો પણ તેવા ગુન્હાની કોશીશ કરનારને માટે તે ગુન્હા બદલ ઠરાવેલી શીક્ષાની નીમે ભાગે શીક્ષા સમજવી.

૭ આ ધારા વીરૂધ સરકારી નોકરો કોઈ ગુન્હો કરશે તેને માટે આ સ્ટેટના આ-

હતા ફોજદારી ધારા પ્રમાણે શીક્ષા કરવામાં આવશે.

૮ શીક્ષા ભોગવવા સબંધે ફોજદારી કાયદાના સઘળા નીયમો આ ધારાને લાગુ છે એમ સમજવું.

બાબ ૫ પાંચમો.

૪૪ "દફ્તર રાખવા સંબંધી હીસાબ રાખવા માટે જે જે નીયમો રેવન્યુ કમીશનર ઠરાવે તે નીયમ પ્રમાણે દફ્તરની વ્યવસ્થા તે ખાતાના માણસોએ રાખવી.

૪૫ આ રાજ્યના આગર તથા આપ કુદરતી મીઠું પાકવાની જગો ગમે તે વખતે તપાસવાં તથા હકીકત માગવા કાઠીયાવાડના આજમ મેહેરબાન પોલેટીકલ એજન્ટ સાહેબ તથા આસીસ્ટન્ટ પુલીટીકલ એજંટ સાહેબ ફરમાવે તે તે વખતે તપાસવા દેવા તથા જે હકીકત ઉપજ તથા ખર્ચ તે સબંધે જે જાણવા માગે તે બતાવવાની આ ખાતાના નોકરોની ફરજ સમજીને અમલ કરવો.

૪૬ આ ધારામાં ફેરફાર કરવા દરબાર મુખતીયાર છે.
સંવત ૧૯૪૦ ના શ્રાવણ શુદ ૧૫ શનીવાર તારીખ ૧૮ મી માહે અગષ્ટ સને ૧૮૮૩ ઇસ્વી.

ગગનલાલ બાપુભાઇ સ્વ. ન. મુ. દીવાન.

નમુનો ક

મીઠાં ખાતું સ્વસ્થાન નવાનગર રેવન્યુ કમીશ્નર કોર્ટ.

સ્વસ્થાન નવાનગર ના રહીસને આ પરવાનો લખી આપવામાં આવેછે કે તમને મજકૂરના અગરમાં કૂવા ઉપર ક્યારા માં મીઠું પકવાની છુટ આપવામાં આવીછે તે તમે તમારા ઘરના અથવા મુલીથી એ કામ કરજો ને પકવેલું મીઠું દરબાર સંભાળી લેશે. તે ઉપર તમારી મજુરી શીવાય કાંઇ હક નથી તમે સારી રીતે કામ કરી આ ખાતાના ધારાસર ચાલજો આ ખાતાના ધારા સર ચાલજો ધારા વીરૂદ્ધ ચાલશો તે વખત આ પરવનો રદ કરવામાં આવશે ઉપરાંત શીક્ષાને પણ લાયક થશો.

આ પરવાનો સ૦ ૧૯ ના અશાડ સુધી અમલમાં આવશે ત્યાર પછી રદ છે

ના

રેવન્યુ કમીશનર

નમુનો ખ

મીઠાં ખાતુ સ્વસ્થાન નવાનગર

હું નીચે સહી કરનાર લખી આપુંછું કે હુ નવાનગર તાબે અગરમાં મીઠું પકવવા કબુલ કરી નંબર તારીખ નો પરવાનો લીધોછે તે હું સારી ચાલથી ચાલી સારૂં મીઠું પકાવીસ તથા મીઠાં ખાતાના ધારામાં ફરમાવેલ તમામ સરતો પાળીસ તેમાં ઉજર કરીશ નહીં હું ધારા વીરૂદ્ધ ચાલુ તો મારો પરવાનો રદ થાય ને એ ધારાસર શીક્ષા દરબાર કરે તે ભોગવું મારે ચાલે ચાલવું તે બાબતના જામીન ને આપ્યા છે

હું જામીન થઇ બંધાઉ છઉ કે મજકુર સક્ષ સારી ચાલે ચાલી અગરનું કામ કરશે તેમાં તફાવત પડે તો હું કોરી સુધી દરબાર જે દંડ કરે તે ધરધરાઉ આપું સહી

સંવત ૧૯

સઈ ______ દસ્તાવેજ લખનાર

સઈ ______ જામીન થનાર

અમારા રૂબરૂ

______

અગર દરોગા

નમુનો **ગ**

દફતરમાં રાખવા

સ્વસ્થાન નવાનગર દરબાર તરફથી

સ્વસ્થાન નવાનગર તાબે ના અગરેથી મીઠું વેચાણુ લેનાર આશામીને આપવાનો પરવાનો

ખરીદ કરનારનું નામ	જાત.	ધંધો.	રેહેવાનું ઠેકાણું.	મીઠું બંગાળી મણ ખર્ચ માટે આપ્યું તે.	ઉપાડ. ગાડાં.	ઉપાડ. પોઠીયા છાળકાં.	ઉપાડ. ઉંટ.	કઈ જગોએ લઈ જવું.	કીમત કોરી.

ઉપર પ્રમાણે મીઠું આપવામાં આવ્યું છે તેને આ રાજ્યની હદમાં મજકુર ગામે લઇ જવામાં હરકત કરવી હરકત કરવી નહી સં૦ ૧૯

ગીઠુ લેનાર

અગર દરોગા.

સીક્કો.

નમુનો **ગ**

ખરીદ કરનારને આપવાનો

સ્વસ્થાન નવાનગર દરબાર તરફથી

સ્વસ્થાન નવાનગર તાબે ના અગરેથી મીઠું વેચાણુ લેનાર આશામીને આપવાનો પરવાનો

ખરીદ કરનારનું નામ	જાત.	ધંધો.	રેહેવાનું ઠેકાણું.	મીઠું બંગાળી મણ ખર્ચ માટે આપ્યું તે.	ઉપાડ. ગાડાં.	ઉપાડ. પોઠીયા છાળકાં.	ઉપાડ. ઉંટ.	કઇ જગોએ લઇ જવું.	કીમત કોરી

ઉપર પ્રમાણે મીઠું આપવામાં આવ્યું છે તેને આ રાજ્યની હદમાંથી મજકુર ગામે લઇ જવામાં હરકત કરવી નહીં સ૦ ૧૯

અગર દરોગા.

નમુનો. ધ

મીઠાખાતું સ્વસ્થાન નવાનગર રેવન્યુકમીસ્નર કોર્ટથી.

માહાલ ના રહીશ ને આ પરવાનો આપવામાં આવેછે કે મારફતનગાં લખ્યા ગામોમાં મીઠું વેચવાનો કંત્રાટ તમને આ આપવામાં આવ્યો છે તે બાબતમાં તમારૂં દસ્તાવેજ સં૦ ૧૯ ના તારીખ નું લખી લીધુંછે તે પ્રમાણે વરતજો ધારાશર નહી વરતો તે વખત આ પરવાનો રદ કરવામાં આવશે ત્યારપછી રદછે ચોરાઉ મીઠું પકડશો અથવા પકડાવી આપશો કીંવા સાબીત કરી આપશો તો મીઠાંની કીમતમાંથી ચોથો હીસો તમને ઇનામ બદલ આપવામાં આવશે.

સંવત ૧૯ રેવન્યુ કમીશનર.

નમુનો ચ

મીઠાખાતું સંસ્થાન નવાનગરના માહાલ ના માહાલદારની કચેરી જોગ હું નીચે શહી કરનાર (નામ, ગામ, શાખ.) લખી આપી બંધાઉં છઉં કે મહાલ મજકુરના મારફતનગાં લખ્યા ગામોમાં મીઠું વેચવાનો કંત્રાટ સં૦ ૧૯ સુધીનો મેં રાખ્યો છે તે મીઠું માહાલની વખારેથી તોળી લેવું છે. ને તેજ ભાવે વેચવુંછે તેના મેહેનતાણા બદલ મીઠાંની ખરીદ કોરી ૧૦૦ એકસોની કરં તે ઉપર ટકા ઠરાવ્યાછે તે પ્રમાણે લેવુંછે તે ઉપરાંત નીચેની સરતો પાળવીછે.

૧ રૈયતને મીઠું બીન હરકતે પોહોચાડવુંછે તેમાં ભાવમાં કે તોલમાં કીંવા મીઠામાં દગો કરવો નહીં.

૨ કાઠીઆવાડની બહારના પર રાજની વસ્તીને મીઠું વેચાણ આપવું નથી તેમ અમારે તે રાજમાં લઈ જવું નહીં અથવા લઇ જવા દેવું નહીં.

૩ આ રાજ્ય શીવાયની કાઠીયાવાડની વસ્તીને મીઠું આપવું નહીં પણ નજીકના ગામ વાળો લેવા આવશે ને જરૂર તેને હરકત હશે તો દશ પાંઉન્ડ કરતાં વધુ આપવું નથી.

૪ ચોરાઉ મીઠું લાવવું નહીં તેમ લેવું નહીં તેમજ એવું મીઠું આવ્યાનું જાણવામાં આવેથી તરત ઝાહેર કરવું છે.

૫ મીઠાંનો હીસાબ આપેલ નમુના પ્રમાણે રાખવોછે અને તે જે અમલદાર જોવા માગે તે વખત બીન તકરાર બતાવવો છે.

૬ મીઠાના ધારામાં ફરમાવેલી તમામ સરતો પાળવી છે.

ઉપર પ્રમાણે શરતો કબુલ મંજુરછે તે વીરૂધ વરતું તો મીઠાં ખાતાના ધારામાં ફરમાવેલી શીક્ષા ભોગવું સંવત ૧૯

સહી

અમારા રૂબરૂ
માહાલદાર

જાહેર ખબર નંબર ૧ સં. ૧૯૪૦ સ્વસ્થાન શ્રી નવાનગર મુખ્ય દીવાન દફતરથી.

આ રાજ્યની હદમાં દરબારે મુકરર કરેલા માણસો પાસેથીજ અફીણ ખરીદ કરવાની

સરવે રહીયતને ફરજ છે, તે સીવાયની બીજી જગોએથી લાવેલું અફીણ ચોરાઉ ગણવામાં આવે છે તેવું અફીણ કોઈ લાવ્યાનું જાહેર કરી પકડાવી આપશે, અથવા શાબેત કરી આપશે અને તે માણસ ઉપર ગુન્હો શાબેત થઇ સજા થયેથી પકડનાર માણસને પકડાએલા અફીણની કીમતમાંથી ચોથો હીશો ઈજારદારને આપવા ઠરાવ છે તે આપવામાં આવશે. તે શીવાય દર શેરે એ કે રૂપૈયા ૫–૦–૦ અંક પાંચ પ્રમાણે ઇનામનાં અફીણના ઈજારદાર પરી રણછોડલાલ હીરાચંદની કંપની તરફથી અપાવામાં આવશે.

સવંત ૧૯૪૦ ના ભાદરવા વદી ૧ તા. ૧૭ સપ્ટેમ્બર સને ૧૮૮૩.

મગનલાલ બાપુભાઇ સં. ન. દીવાન.

સંસ્થાન શ્રી નવાનગર મુખ્ય દીવાન દફતરથી **સરક્યુલર નંબર ૧.**

આ સંસ્થાનના નોકરોને રજા આપવા બાબતનો ધારો સં૦ ૧૯૩૪ ના કારતક સુદ ૨ આંક ૯ ના દરબારી ગેજીટમાં પ્રસીદ્ધ થએલ છે તેમાં માંદગીની રજા બાબત જે શક્ષે ત્રણ વરસ સુધી દરબારની નોકરી કરી હશે તેને બીમારીના કારણસર ડાકટરનું સરટીફીકેટ રજુ કરેથી ૩ માસ સુધી તથા ૬ વરસ સુધી નોકરી કરી હશે તેને ૬ માસ સુધી નીમે પગાર કાપતે રજા આપવાનો ઠરાવ છે તે ઉપરથી ત્રણ વરસની અંદરના નોકરોને એ ધારો ઘણો ભારે પડતો છે કેમકે તેઓ જેટલી મુદત સીક રહે તેટલી મુદતનો કાંઈ પણ પગાર તેમને મળતો નથી. સબબ ગરીબ લોકોને ગુજરાનમાં ઘણી મુશીબત વેઠવી પડે છે તેમજ સ્વારોને પણ એ ધારાને લીધે પોતાનું તથા ઘોડાનું ગુજરાન ચલાવવાને હરકત આવે છે માટે એક સરખો નીયમ કરવા બાબત પોલીશ સુપ્રીટેંન્ડેન્ટ તથા મુલકી રીસાલાના ઉપરી હવાલદાર સામજી નારણે અહીં અરજ કરતાં ખુદાવીંદ મહરાજા જામ સાહેબના ખાસ ફરમાનથી સીક બાબતનો એ નીયમ બીજા નોકરોને માટે કાયમ રાખી પોલીસ ખાતા તથા મુલકી રીસાલા માટે સ્પેશીયલ રીતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

૧ પોલીસ પ્યાદલમાં હાલ જે માણસો ત્રણ વરસની અદરના નોકરો છે તેનો સીક બદલ આખો પગાર કપાય છે તે હવેથી નહીં કાપતાં ગમે તેટલી મુદતનો નોકર હોય તો પણ સીક બાબત પકી ખાત્રી થએથી છ માસ સુધી નીમે પગાર આપવાનુ ઠરવવામાં આવે છે અને તે ઉપરાંત સીક રહેશે તો પુરો પગાર કાપતાં નોકરીમાંથી રદ કરવા વિશે મુનાસબ કરવામાં આવશે.

૨ પોલીસ રીસાલા તથા મુલકી રીસાલાના સ્વાર પોતે અગર તેમના ઘોડા સીક થાયતો તે બીમારીને લીધે નોકરી પર ચડી શકે તેમ નથી. એવી ખાત્રી થયેથી છ માસ સુધી કાંઇ પણ રકમ નહીં કાપતાં પુરો પગાર આપવાનું ઠરાવવામાં આવ્યું છે અને તે ઉપરાંત કોઇ સ્વાર પોતે કે ઘોડુ સીક રહેશે તો તેને નોકરીથી રદ કરવા મુનાશબ કરવામાં આવશે.

સીકની ખાત્રી બાબત નગર તલપદ તથા જે માહાલોમાં ઈશપીતાલ છે ત્યાં થાણાંના માણસો જે ડાકતરના સરટીફીકેટ રજુ કરવા જોઈએ અને જે જે જગે ઇસપીતાલ નથી તે તે થાણાના માણસો પોતાની બીમારીની ખાત્રી જે અમલદારના તાબામાં તે રહેતા હોય તે અમલદારને કરી આપવી. અને એ પ્રમાણે પકી ખાત્રી થએથી તેને

હાજરીમાં સીક પુરવા મજકુર અમલદારે રીવાજ રાખવો.

સ્વારોની જાતને માટે ઉપરના પેરીગ્રાફમાં શમાવેશ થાય છે પરંતુ ઘોડાની બાબત- માં સરવે જગે જે અમલદારના તાબામાં તે સ્વાર રહેતો હોય તે અમલદારે ઘોડું સીક છે એમ ખાત્રી કર્યા બાદ હાજરીમાં સીક પુરવા તજવીજ કરવી. ઉપરના ઠરાવનો અમલ તારીખ ૧ અક્ટોમ્બર સને ૧૮૮૩ થી કરવાનું સબંધ રાખતા ખાતાવાલાઓ નજરમાં રાખી આયંદે તે પ્રમાણે વર્તવું.

સંવત ૧૯૪૦ ના ભાદરવા વદી ૨ મંગળ વાર તા. ૧૮ સપટેમ્બર સને ૧૮૮૩ ઈસ્વી

ગગનલાલ બાપુભાઇ સં૦ ન૦ દીવાન.

જાહેર ખબર નંબર ૧ સંસ્થાન નવાનગર સરન્યાયાધીશ કોરટથી.

મેહેરબાન દીવાન સાહેબના નં. ૨૫૭૦ તા. ૩૦-૧૧-૮૩ ના હુકમથી મુસાફરોને સુચના આપવામાં આવેછે કે.

કેટલાક ઘોરી રસ્તા ઉપર લુટના ગુન્હા બને છે. વાસ્તે મુસાફરોએ કીંમતી અવેજ સાથે રાખી મુસાફરી કરવાનું બંધ કરવું જોઇએ.

વળાવો લીધા વગર જે માણસ મુશાફરી કરશે અને તેથી તે લુટાશે તો તેના વ- ળતર વીશેનો દાવો બીલકુલ સાંભળવામાં આવશે નહીં.

આ સંસ્થાનની હદ પુરી થાય ત્યાં સુધી વળાવો માગવાની મુશાફર તરફથી તે ગામનાં ફોજદાર કીંવા પોલીશપટેલ પાસે માગણી કરવામાં આવશે તો તેઓ આંહીની હ- દ પુરી થતાં સુધી એક અથવા વધારે વોળાવા આપશે. અને દરેક વોળાવા ડીઠ દર ગા- ઉએ રૂપીઆના ૨ આના પ્રમાણે મુશાફરે ફી આપવી પડશે.

સંવત ૧૯૪૦ ના માગશર વદ ૯ રવીવાર તારીખ ૨૩-૧૨-૮૩

નારાયણ બાળકૃસ્ન. સં. ન. સ. ન્યા.

સરક્યુલર નંબર ૧૨ દીવાન દફતરેથી.

તારીખ ૧૩ મી માર્ચ સને ૧૮૮૪ આંક ૧૧ વાળા એજનસી ગેજટમાં અફીણ સંબંધી સરકારથી મંજુર થઇ આવેલો ધારો તારીખ ૧૮ ફેબરવારી સને ૧૮૮૪ ના ઝાહેર નામાથી મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબ બાહાદુરે પ્રસિદ્ધ કરેલો છે તેની ન- કલ આ સરક્યુલર નીચે તમામ લોકોને ધ્યાનમાં રેહેવા તથા દરબારી લાગતા વળગતા અમલદારે અમલમાં લાવવા પ્રગટ કરવામાં આવે છે.

સવત ૧૯૪૦ ના ફાગણ વદ ૫ રવી તારીખ ૧૬ માર્ચ સને ૧૮૮૪

ગગનલાલ બાપુભાઈ સં. ન. દીવાન.

જાહેર ખબર નંબર ૪ સને ૧૮૮૪

નીચેના અફીણ સંબંધી ધારા જે સને ૧૮૮૩ ના આગષ્ટ માસમાં રાજકોટ મુકામે સંસ્થાનો તથા તાલુકાઓના કારભારીઓએ કબુલ રાખેલા હતા અને જે અજમાએસ ત- રીકે દાખલ કરવાને માટે સરકારે પોતાના નંબર ૭૯૯, તારીખ ૧૧ મી ફેબરવારી સને ૧૮૮૪ વાળા ઠરાવથી મંજુરી આપી છે તે સર્વેને ખબર થવા સારૂ છાપી પ્રસિદ્ધ કરવા- માં આવેછે અખત્યારવાળા રાજા તથા તાલુકદારોએ પોત પોતાના સંસ્થાન તથા તાલુકા- ઓમાં સદરહુ ધારાઓ પ્રસિદ્ધ કરવા અને પોલીટીકલ એજંટ સાહેબને સંપુર્ણ ભરૂસો છે

કે દાણચોરીનું અફીણ લઈ આવનારા તથા બ્રીટીશ ઈંડીઆમાંથી દગલબાજીથી અમુક અફીણ આવ્યું છે એવું માની તેની સોધમાં આવનારા પ્રીવેનટીવ ખાતાના અમલદારોને રાજાઓ તથા તાલુકદારો તરફથી સંપુર્ણ મદદ મળશે. કાઠીયાવાડ પોલીટીકલ એજંટ સાહેબની આફીસ, મુ. ધ્રાંગધરા, તારીખ ૧૮ ફેબરવારી સને ૧૮૮૪.

એડવર્ડ ડબલ્યુ વેસ્ટ લેફ્ટેનટ કરનલ પોલીટીકલ એજંટ

કાઠીયાવાડના સંસ્થાનો તથા તાલુકાઓમાં ચલાવવાના અફીણ સંબંધીના ધારા.

૧ અફીણ આ શબ્દમાં ખસખસનાં લીસાં ઝોંડવાનો તથા અફીણનો અથવા અફીણમાં મેળવણી કરીને તૈયાર કરેલા પદાર્થનો અને ખસખસના ઝાડથી તૈયાર કરેલા કેફ લાવનારાં વસાણાનો સમાસ થાય છે.

૨ દરબાર પોતાના મુલકમાં ખસખસનું વાવેતર કરવાની અથવા અફીણ તૈયાર કરવાની પરવાનગી આપશે નહીં પણ દરબાર પોતે દવા સારૂ તથા નજરબાગ તરીકે બંદોબસ્ત કરીને ખસખસ વાવી શકે.

૩ સંસ્થાનની હદ બહાર કોઇ પણ જગોએથી સસ્થાનની અંદર પોલીટીકલ એજંટ સાહેબની સહીના પરવાના શિવાય અફીણ કોઇએ લાવવું નહીં.

૪ સંસ્થાનની હદ બહાર કોઇ પણ જગોએ અફીણ મોકલવું નહીં.

૫ સંસ્થાનની હદમાં એક જગોએથી બીજી જગોએ દસ તોલા કરતાં વધારે અફીણ અખત્યારવાળા દરબારી અમલદારની પરવાનગી ચીઠી શિવાય લઈ જવું નહીં પરતુ એવું ઠરાવવામાં આવેછે કે એક સંસ્થાનને બીજા સસ્થાનની હદમાં થઈને પોતાના છેટેના પ્રગણાઓમાં અફીણ મોકલવું હોય તો યોગ્ય બંદોબસ્તનો સાથે તે મોકલી શકે.

૬ સાતમી તથા આઠમી કલમમાં કહ્યું છે તે શિવાય બીજી રીતે દરબાર અથવા ઈજારદાર અથવા સનદી વેચનાર પાસેથી ખરીદ કરેલ ન હોય તેવુ અફીણ કોઇ પણ માણસે પોતાના કબજામાં રાખવું નહીં તથા ઇજારદાર અથવા સનદી વેચનાર શિવાય બીજા કોઇ સખસે પોતાના કબજામાં દસ તોલા કરતાં વધારે અફીણ રાખવું નહીં.

૭ પાંચમી કલમમાં લખેલ પરવાનગી ચીઠીથી એક જગોએથી બીજી જગોએ લઇ જવામાં આવતાં અફીણને તથા રૂલ પ્રમાણે બહારથી લાવેલું અફીણ જે જગોએ જવાનું ત્યાંના રસ્તામાં હોય ત્યારે તેને અથવા કાઠીયાવાડની હદમાં મુસાફરી કરનાર રાજાઓને છઠી કલમ લાગુ નથી.

૮ હરકોઇ "મેડીકલ પ્રેક્ટીશનર" (વૈદ્ય) ને ઓસડના કામ સારૂજ અફીણ કબજામાં રાખવાની સનદ આપવામાં આવશે તથા હરકોઈ સખસને દશ તોલા કરતાં આટલું વધારે અફીણ ખાનગી ખરચ સારૂજ પોતાના કબજામાં ફલાણી મુદત સુધી રાખવાનો અધીકાર છે એવી ખાસ પરવાનગી ચીઠી આપવામાં આવશે.

૯ કોઇ માણસે સનદ વગર પરચુરણ રીતે અફીણ વેચવું નહીં પણ એવું ઠરાવ્યું છે કે જે કોઈ "મેડીકલ પ્રેક્ટીશનર" (વૈદ્ય) ને આઠમી કલમમાં કહ્યા પ્રમાણે સનદ આપી હશે તેને એક પ્રસંગે ઓસડ તરીકે અથવા તૈયાર કરેલા ઔષધી પદાર્થમાં મેળવી ઘણામાં ઘણું દસ તોલા સુધી અફીણ વેચવાનો અધીકાર છે.

૧૦ જે માણસને દસ તોલા કરતાં વધારે અફીણ કબજામાં રાખવાનો કાયદાસર રીતે અધીકાર મળ્યો નહીં હોય તેવા કોઇ માણસને કોઈએ દસ તોલા કરતાં વધારે અફીણ વેચાતું આપવું નહીં.

૧૧ સનદી વેચનાર અથવા ઇજારદાર અથવા "મેડીકલ પ્રેકટીશનર" અથવા આ૦ ડમી કલમમાં કહ્યા પ્રમાણે દરબારે આપેલી ખાસ પરવાનગી ચીઠી ધારણ કરનાર શિવાય બીજા કોઈ શખસને કોઈ પરચુરણ વેચનારાએ ખસખસના ઝાડનો જાડો થએલો રસ અથવા તેનો તૈયાર થએલો પદાર્થ અથવા તે ભેળીને તૈયાર કરેલો પદાર્થ અથવા ખસખસના ઝાડમાંથી તૈયાર કરેલું કેફ લાવનારૂ કંઈપણ વસાણું દસ તોલા કરતાં વધારે અથવા ખસખસનાં ઝીંડવાં પાંચ શેર કરતાં વધારે વેચવાં નહીં.

૧૨ અફીણનું પરચુરણ વેચાણ કરવાની સનદો મફત દરબાર તરફથીજ આપવામાં આવશે અને આ સનદમાં નીચે લખી શરતો નાખવામાં આવશે તે એકે નીચે બતાવેલી વીગતનો નોધ રાખવો:—

૧ સંસ્થાન તરફથી વખતે વખત જેટલું અફીણ તેઓને મળે તેનું વજન.

૨ અફીણ ખરીદ કરનારનું નામ તથા રહેવાનું ઠેકાણું.

૩ જેટલું અફીણ લેવામાં આવ્યું તેનું વજન.

૪ દરેક તોલા ઉપર લીધેલો ભાવ.

જુદા જુદા આસામીને અરધા તોલા સુધી એક દીવસની અંદર જેટલું અફીણ પરચુરણ રીતે વેચવામાં આવે તેનો કુલ આંકડો તે દીવસના મેળમાં એક રકમે લખવો ને તેવા પરચુરણ ખરીદદારોનાં નામ ઠામ લખવાની જરૂર નથી.

૧૩ સદરહુ પ્રકારની સનદ લેનાર દરેક શખસે કરારમાં લખેલી સઘળી શરતો પ્રમાણે પળવા બાબત તે કરારનો સામો લેખ સહી કરીને આપવો જોઇએ તથા પોતાના કરાર પ્રમાણે ચાલવા બદલ સનદ આપનારો દરબારી અમલદાર ફરમાવે તેવો જામીન આપવો અથવા જામીનને બદલે સદરહુ અમલદાર ફરમાવે તેટલો અવેજ અનામત રાખવો.

૧૪ અફીણ પરચુરણ રીતે વેચવાની સનદ દરબાર તરફથી એક વરસને માટેજ આપવી અથવા પરચુરણ વેચાણ કરવાના હકનો ઇજારો આપવામાં આવે તો તે પાંચ વરસ કરતાં વધારે મુદતને માટે આપવો નહીં. તમામ સનદી વેચનારાઓએ તથા ઈજારદારોએ પોતાને જોઈતું અફીણ દરબાર પાસેથીજ લેવું.

૧૫ આ ધારાથી વિરૂદ્ધ ચાલીને જે શખ્સ (અ) અફીણનું વાવેતર કરશે (બ) અથવા અફીણ તૈયાર કરશે અથવા (ક) અફીણ કબજામાં રાખસે અથવા (ડ) અફીણ એક જગોએથી બીજી જગાએ મોકલશે (ઇ) અથવા અફીણ બહારથી લાવશે અથવા બહાર મોકલશે અથવા (ફ) અફીણ વેચશે અથવા (જી) સદરહુ ધારાથી વિરૂદ્ધ હર કોઈ બીજી રીતે વરતશે તેની ઉપર યોગ્ય સત્તાવાળા દરબારી અધીકારી રૂબરૂ સાબેતી થએથી સદરહુ પ્રકારના દરએક ગુન્હા બદલ ધણામાં ધણી એક વરસ સુધીની આસાન અથવા સખ્ત મજુરી સાથેની કેદની શીક્ષા થશે અથવા ધણામાં ધણા બે હજાર રૂપીઆ સુધી દંડ થશે અથવા આ બેઊ શીક્ષા થશે અને દંડ કર્યો હોય ત્યારે દંડ આપવામાં નહીં આવે તો ગુન્હેગારને ધણામાં ધણી છ મહીના સુધી કેદમાં રાખવા બાબતનો હુકમ

ગુન્હો સાબેત ઠરાવનાર અધીકારીએ કરવો સદરહુ કેદ આશાન અથવા સખ્ત મજુરી સાથેની થઈ શકે અને બીજી કંઇ પણ કેદની સીક્ષા તેને કરવામાં આવી હશે તે ઉપરાંત છે એમ સમજવું.

૧૬ છેવટની કલમ પ્રમાણે ફરીયાદ થાય ત્યારે જ્યાં સુધી બીજી રીતે સાબેત કરવામાં આવે ત્યાં સુધી જે અફીણ બાબત તોહોમતદાર ખાત્રી લાયક જવાબ દઈ શકતો નથી તે સઘળું અફીણ જેને માટે આ ધારા પ્રમાણે તેણે ગુન્હો કર્યો છે તેવું અફીણ છે એમ સમજવું.

૧૭ જે કામમાં ૧૫ મી કલમ પ્રમાણે ગુન્હો થયો હોય તેમાં.

(અ) સદરહુ પ્રમાણે વાવેતર કરેલ ખસખસનાં ઝાડો તથા.

(બ) જે અફીણ બાબત તેજ કલમ પ્રમાણે કાંઇ ગુન્હો કર્યો હશે તે અફીણ.

(ક) તેજ કલમની (ડ) અથવા (ઇ) રકમ પ્રમાણે ગુન્હો કર્યાના કામમાં ગુન્હેગાર પોતાને જેટલું અફીણ એક જગાએથી બીજી જગાએ મોકલવાની અથવા લાવવાની અથવા બહાર મોકલવાની પરવાનગી (જો એવી પરવાનગી તેને હોય તો) તેને હશે તેથી વધારે અફીણ એક જગાએથી બીજી જગાએ મોકલતો હશે અથવા લાવતો હશે અથવા બહાર મોકલતો હસે ત્યારે પ્રસંગ પ્રમાણે તે જે અફીણ એક જગાથી બીજી જગાએ મોકલતો હશે અથવાં લાવતો હસે અથવા બહાર મોકલતો હસે તે સઘળું અફીણ તથા

(ડ) તેજ કલમની (ફ) રકમ પ્રમાણે ગુન્હો કર્યાના કામમાં જે અફીણ બાબત ગુન્હો કર્યો હશે તે અફીણ શિવાય બીજું અફીણ ગુન્હેગારના કબજામાં હસે ત્યારે તે સઘળું બીજું અફીણ દરબાર તરફથી ખાલસા કરવાને પાત્ર થશે.

આ કલમ પ્રમાણે ખાલસા કરવાને પાત્ર થતું હગે તે અફીણ જે વાસણોમાં તથા બીંદડીઓમાં અને બારદાનમાં ગળ્યું હસે તે વાસણો બીંદડીઓ તથા બારદાનો અને જે વાસણોમાં અથવા બીંદડીઓમાં સદરહુ પ્રકારનું અફીણ સંતાડયું હશે તેમાં બીજો કોઇ પણ પદાર્થ હસે તો તે તથા તે અફીણ લઈ જવાના ઉપયોગમાં લાવેલ જાનવરો તથા વાહનો પણ દરબાર તરફથી ખાલસા કરવાને પાત્ર થસે.

(૧૮) ગુન્હેગાર તકશીરવાન ઠરે ત્યારે અથવા હર કંઇ અફીણ બાબત ગુન્હો કર્યાનું તોહોમત જે માણસની ઉપર મુકયું હોય તે બીન તકશીરવાન છે એવો ઠરાવ થાય પણ તે અફીણ ખાલસા કરવાને પાત્ર છે એવું દરબારી ફેંનસાફ કરનાર અધીકારી ઠરાવે ત્યારે તે અફીણ ખાલસા કરવાનો હુકમ આપવાનો તેને અધીકાર છે.

આ ધારા વિરૂદ્ધ ગુન્હો થયો હસે પણ ગુન્હેગારની ખબર નહી હોય અથવા મળતો નહી હોય ત્યારે અથવા કોઈ માણસના કબજામાં નહીં હોય એવા અફીણ બાબત ખાત્રી ન થાય એવી હકીકત જણાતી નહીં હોય ત્યારે તે કામની ચોકશી કરીને હરકોઇ દરબારનો અખત્યાર મળેલો અધીકારી સદરહુ અફીણ ખાલસે કરવાનો હુકમ આપી શકશે.

૧૯ કલમ ૨૦ મી માં કહ્યા પ્રમાણે જે ઈનામો આપવાનો હુકમ કરવામાં આવે તેની ટીપ સાથે તથા ખાલસા કરેલ અફીણ ઉપરની પાસ ફી લેણી હશે તો તે પાસ ફીની બે ત્રતીયાંસ રકમ સુધાં પોલીટીકલ એજંટ સાહેબની હજુરમાં દરેક કેસની હકીકતનો સવીસ્તર રીપોર્ટ તુરત કરી મોકલવો જોઇએ બીજા તમામ દાગીના જે ખાલસા કરયા

હશે તેનો નીકાલ દરબાર હુકમ કરસે તે પ્રમાણે થશે.

૨૦ હર કોઇ સતાવાળો દરબારી અધિકારી જે આ ધારાની કલમ ૧૫ માં કહ્યા મુજબ ગુન્હેગારને તકશીરવાન ઠરાવે અથવા તો કલમ ૧૭ માં લખ્યા મુજબ અફીણ ખાલસા કરવાનો હુકમ આપે તે તેની નજરમાં યોગ્ય લાગે તેવા પ્રમાણમાં ચોરાઉ અફીણ સંબંધી બાતમી આપનારાને તથા બીજા જે સખસોએ સદરહુ અફીણ પકડવામાં અથવા ગુન્હેગારને માથે ગુન્હો સાબીત કરી આપવામાં મદદ આપી હોય તેમને ઇનામ આપી શકે છે પણ સદરહુ ઈનામની રકમ ખાલસા કરેલ અફીણની કીમતના અરધ ભાગ કરતાં વધારે અને ત્રીજા ભાગ કરતાં ઓછી ન હોવી જોઇએ પરંતુ એવું ઠરાવવામાં આવે છે કે હર કોઈ ખાસ કામમાં સંસ્થાનની હદની અંદર બાતમી આપનારાઓને તથા બીજાઓને યોગ્ય જણાયા પ્રમાણે દરબારથી વધારે રકમનું ઇનામ આપવામાં આવશે.

૨૧ (અ) અમુક મકાનમાં આ ધારા પ્રમાણે ખાલસા કરવાને પાત્ર અફીણ તૈયાર થાય છે અથવા રાખ્યું છે અથવા છુપાવ્યું છે એમ માનવાનું તેને કારણ હોય ત્યારે ગમે તે વખતે તે મકાનમાં પેસવાની તથા તેની ઝડતી લેવાની તથા સદરહુ પ્રકારનું અફીણ તથા તે તૈયાર કરવામાં જે જે જીનસો ઉપયોગમાં લેવામાં આવી હોય તે સરવે પકડવાની અને,

(બ) સદરહુ અફીણના સંબંધમાં હર કોઈ પ્રકારનો ગુન્હો અમુક સખસે કરેલો છે એમ માનવાનુ તેને કારણ હોય તેને રોકવાની તથા તેની ઝડતી લેવાની અને તેને પકડવાની અને,

(ક) આ ધારાની કલમ ૧૭ મી મુજબ જે અફીણ અથવા બીજી ચીજ ખાલસા કરવાને પાત્ર છે એમ માનવાનું તેને કારણ હોય તે રસતે જતાં અથવા કોઇ ખુલી જગોમાંથી પકડવાને હરકોઈ દરબારી અખત્યારવાળા અમલદારને અધીકાર છે.

૨૨ કોઇ માણસે આ અફીણ સંબંધી ધારા તોડયાછે એમ માનવાનું તેને કારણ હોય તો તેને પકડવાનું વારંટ કહાડવાનો અથવા ખાલસા કરવા લાયક અફીણ સંસ્થાનની હદમાં અમુક મકાનમાં રાખ્યું છે અથવા સંતાડયું છે એમ માનવાનું તેને કારણ હોય તે મકાનની ઝડતી લેવાનો હર કોઇ દરબારના અખત્યારવાળા અમલદારને અધીકાર છે.

૨૩ પકડેલા સખસો અથવા ચીજો સબંધી આગળ કામ ચલાવવાનેમાટે દરેક સંસ્થાનમાં સામાન્ય રીતે ચાલતા ફોજદારી કામ સંબંધી ધારાને અનુસરીને વરતવું.

જાહેરનામું. સંસ્થાન શ્રી નવાનગરની હજુર કોર્ટથી. નં ૩ સં. ૧૯૪૦

વકીલાતનો ધંધો કરવાની ઉમેદ રાખનાર લોકોની આ રાજ્યમાં તારીખ ૧-૫-૮૪ સંવત ૧૯૪૦ ના વૈશાક સુદ ૬ ગુરૂવારના રોજથી કમેટી બેસીને પરીક્ષા લેવામાં આવી તેમાં પહેલા તથા બીજા વર્ગમાં જે લોકો પાસ થયા તેઓના નામો તેઓએ માર્કોના અનુક્રમ પ્રમાણે પ્રસીદ્ધ કરવામાં આવે છે તેની વીગત.

નંબર. પેહેલો વર્ગ.

૧ ગોવીંદજી ઝવેરચંદ. ૨ ખુશાલચંદ હીરાચંદ

બીજો વર્ગ.

૧ ઘેલા કાંનજી ૨ ઝીણા માવજી

૩ ભગવાનજી હીરજી ૬ સુળજી ઝીણા

૪ ગવરીશંકર પ્રાણશંકર } આ બંનેના માર્ક સરખા છે.
૫ દયાશંકર ભગવાનજી
૧૦ ઘેલા કશળચંદ } આ બંનેના માર્ક સરખા છે.
૧૧ મુળશંકર વાશણજી
૧૪ બાબુજી પરસોતમ
૧૬ દેવચંદ લક્ષ્મીચંદ
૧૯ જંડુ ભુદરજી } આ બંનેના માર્ક સરખા છે.
૨૦ માધવજી પ્રાગજી
૨૧ પ્રતાપરાય પ્રમાણંદદાસ } આ ત્રણેના માર્ક સરખા છે.
૨૨ પુરણગર માધવગર
૨૩ વાઘજી રૂગનાથજી
૨૪ શોભચંદ હીરાચંદ
૨૫ મુળચંદ લીલાધર

૭ ગોવીંદજી ભીમજી
૮ ગીરધર ખેતશી } આ બંનેના માર્ક સરખા છે.
૯ લીલાધર મુળચંદ
૧૨ અંબાશંકર પ્રાણશંકર
૧૩ દલપતરામ મોરારજી
૧૫ દેવકરણ દેવશી
૧૭ સુંદરજી વાહાલજી
૧૮ ગોરધનદાસ તારાચંદ
૨૬ ઉમેદલાલ ગોપાલજી
૨૭ શવચંદ પ્રેમજી } આ બંનેના માર્ક સરખા છે.
૨૮ શોભચંદ ટોકરશી.
૨૯ દેવચંદ વીરચંદ
૩૦ જુઠાલાલ લક્ષ્મીચંદ
૩૧ કેવળચંદ ભીમજી.

ઉપર પ્રમાણે કુલ ૩૩ માણસ પાસ થયા છે.

જેઠ સુદ ૨ ના ગેજેટની પુરવણી **જાહેર ખબર** નંબર ૮૦૨

અફીણ સમંધી મેહેરબાન પોલીટીકાલ એજંટ સાહેબે નં૦ ૨૨ તા૦ ૫ મી મે સને ૧૮૮૪ ની જાહેર ખબર તા૦ ૨૨ મી મે સને ૧૮૮૪ આંક ૨૧ ના એજન્સી ગેજીટમાં છાપી પ્રગટ કરેલી છે જેની નકલ આ સાથે સામીલ રાખવામાં આવી છે તે ઉપર આ સ્વસ્થાનના તમામ દરબારી અમલદારોએ પૂર્ત્તુ ધ્યાન આપવું ચુકવું નહીં

સંવત ૧૯૪૦ ના જેઠ સુદી ૨ સોમવાર તા ૨૬ મી મે સને ૧૮૮૪

મગનલાલ બાપુભાઇ દા. નારણજી સ૦ ન૦ દીવાન

જાહેર ખબર. નંબર ૨૨ સને ૧૮૮૪

રેવન્યુ ખાતાના નામદાર સરકારના ઠરાવ નંબર ૩૪૧૮ તા૦ ૨૪ એપ્રીલ સને ૧૮૮૪ ના પેરીગ્રાફ ૧-૨—૩—૬-૭નો પ્રતીબાબ પ્રગટ કરતાં પોલીટીકાલ એજંટ સાહેબ તાલુકદારોને તથા એજનસીના તમામ વર્ગના અમલદારોને ફરમાવેછે કે, દાણ ચોરીનુ અફીણ લાવનાર ગુનેગારને પકડી શીક્ષા કરતાં અફીણની દાણ ચોરી થતી અટકાવવામાં તેઓએ પોતાનાથી બને તેટલી મેહેનત કરવી.

કાઠીયાવાડ પોલીટીકાલ એજંટ સાહેબની ઓફીસ, તારીખ ૫ મી મે એ સને ૧૮૮૪ મુ૦ બાલાચળી

એડવર્ડ ડબલ્યુ વેસ્ટ, લેફ્ટેનેન્ટ—કનરલ, પોલીટીકાલ એજન્ટ

ઠરાવ—મીઠું, અફીણ તથા આબકારી ખાતાના મેહેરબાન કમીશનર સાહેબ તરફથી આવેલ પત્રક ઉપરથી માલમ પડેછે કે, સને ૧૮૮૨—૮૩માં વસતીના પરમાણમાં દર આશાદીઠ ઝાલાવાડ પ્રાંતમા ૩૬ તોલાં સોરઠ પ્રાંતમાં ૫૪ તોલાં, હાલાર પ્રાંતમાં ૬૩ તોલાં, અને ગોહેલવાડ પ્રાંતમાં ૪૫ તોલાં તથા આખા કાઠીઆવાડની સરાસરી લેતાં દરેક આશામી દીઠ ૫૧ તોલાં અફીણની ખપતી થઇ હતી.

૨ કાઠીયાવાડમાં શને ૧૮૭૯—૮૦ ની સાલમાં કાયદેશર લાવેલ અફીણનો ખપ ૩૦, ૭૧૨ પાઉડ થયો હતો. સને ૧૮૮૦—૮૧ માં વધીને ૩૨૭૮૦ાા થયાં; પણ સદરહું વધારો સને ૧૮૮૧—૮૨માં કાયમ ન રેહેતાં તે સાલમાં ૩૧, ૮૩૩ પાઉડ થયા

અને સને ૧૮૮૨—૮૩માં તેથી પણ ઘણી ઓછી ખપતી થવાથી તે સાલમાં ફક્ત ૭.૯૪૭૬ પાઉંડ અફીણુ ખપ્યું, એટલે સને ૧૮૮૦—૮૧ સાથે રખાવતાં કાયદેસર લાવેલ અફીણુની ખપતીમાં ૩.૪૭૩ પાઉંડ ઓછા થયા, અને સને ૧૮૭૯—૮૦ની સાથે સરખાવતાં સુમારે ૧, ૩૬૪ પાઉંડની ઓછી ખપતી થઇ.

૩ ઝાલાવાડ પ્રાંતમાં દર આશામી દીઠ વારશીક ખપ ઘણો આછો છે, અને હાલાર પ્રાંતને મુકાબલે અરધા કરતાં સેજ વધારે છે, પણ કાયદેસર લાવેલ અફીણનું વેચાણ વરશો વરશ ધીરે ધીરે વધતું જાયછે. અને સને ૧૮૭૯—૮૦ની સાલ કરતાં સને ૧૮૮૨—૮૩ સુમારે ૨૫ ટકા વધારે થયેલ છે. બીજી તરફથી સોરઠ પ્રાંતમાં સને ૧૮૭૯—૮૦ નીસાલ સાથે સરખાવતાં સને ૧૮૮૦—૮૧ માં વધારો થયા પછી સને ૧૮૮૧—૮૨ માં ઘટાડો થયો. અને સને સને ૧૮૮૨—૮૩ માં વળી ઘણો ઘટાડો થયો છે. એટલે શદરહુ સાલમાં (સને ૧૮૮૨—૮૩માં) અને ૧૮૭૯—૮૦ કરતાં સેકડે દસ ટકા ઓછી ખપત થઈછે. હાલાર પ્રાંતમાં થોડે થોડે અને ધીમે ધીમે વધારો થતો જોવામાં આવેછે, સને ૧૮૭૯—૮૦માં ૧૦,૦૨૪ પાઊંડની ખપત થએલી, તે વધીને સને ૧૮૮૨—૮૩માં ૧૦,૭૯૯ પાઊંડ થયાં. ગોહેલવાડ પ્રાંત જેમાં ભાવનગરનું મોહોટું સ્વસ્થાન છે ત્યાંહાં સૌથી મોહોટો ઘટાડો થયો છે. સદરહુ પ્રાંતમાં સને ૧૮૭૯—૮૦માં ખપ કાયદેસરે લાવેલ અફીણની ખપત ૮,૬૪૯⅞ પાઊંડ થઈ હતી, પણ સને ૧૮૮૦—૮૧ માં ૯,૬૫૭¾ પાઊંડ થઇ હતી, અને સને ૧૮૮૧—૮૨ માં ૯,૧૧૧ પાઉંડ થઈ હતી, પણ સને ૧૮૮૨—૮૩માં એકદમ ઓછી થઇ જતાં ૬,૫૯૫⅞ પાઊંડ થયાં, તે આંકડા આગલા વરસની સાથે સરખાવતાં ૨,૫૧૬ પાઊંડનો ઘટાડો થયો હતો, અને ૧૮૭૯—૮૦ની સાથે મુકાબલો કરતાં ૨,૦૫૪ પાઉંડ ઓછા થયા હતાં.

૬ કાઠીયાવાડમાં હાલ રેલવે થઇ છે તેથી ગેરકાયદેસર અફીણ લાવવાને માટે જોઇએ. તેવાં સાધન મળેછે, એ વાત બીન શકછે, અને તેટલા માટે રેલ રસ્તે ગેરકાયદેસર અફીણ આવતુ અટકાવવા સારૂ તથા ગુન્હેગારોને પકડવાની તથા શીક્ષાએ પોહોચાડવાની પાકી તજવીજ કરવાસારૂ બનતા ઉપાયો અવશ્ય લેવા જોઈએ. આ કામમાં રેલવે પોલીસ તથા સદરહુ પોલીસના અમલદારો અને સાધારણ પોલીસ તથા પ્રેવેનટીવ ખાતાની પોલીસની સાવચેતી, ચાલાકી તથા હુશીયારીથી ઘણું બની શકે, પણ લાગતાં વળગતાં દેશી સ્વસ્થાનોના અમલદારો તરફથી તેમને મદદ મળવી જોઇએ, અને તેમની પોતાનીજ રૈયત દાણ ચોરીનું અફીણ લાવવાનો વેપાર કરેછે તથા તેમાંથી લાભ લીએછે, તેથી સદરહુ દરબારોએ ચાલાકી ભરેલા અને અસરકારક ઘલાજો કામે લગાડી આ ચોરી બંધ કરી દેવી એ ઘણું જરૂરતું છે.

૭ નામદાર ગવરનર ઈનકાંઉનસીલ આશા રાખે છે કે પોલીટીકલ એજંટ સાહેબ દેશી સ્વસ્થાનોને તથા એજન્સીના અમલદારોને સમજુતી આપશે કે ચોરાઉ અફીણનો વેપાર દાબી દેવાનું કામ સરકાર ઘણુ અગત્યનુ ગણેછે, અને જે લોકો એ ધંધો કરતા હોય તેઓને પકડીને શીક્ષા કરવામાં પોત પોતાની શકતી પ્રમાણે સંપુર્ણ મદદ આપવાનું તેમને ફરમાન કરે છે.

સરક્યુલર નંબર ૭ સંસ્થાન નવાનગર સરન્યાયાધીશ કોર્ટથી સં ૧૯૪૧ મહેરબાન દીવાન સાહેબનાં નંબર ૩૫૨૩ તારીખ ૩—૧—૮૫ ના હુકમથી ફરમાવ-

વામાં આવેછે કે આ સંસ્થાનની હદમાં કોઇપણ જાતનાં જુના સીકા નીકળે તો તે કેવી જાતના છે ચલણી સીકા પ્રમાણે તે કેટલી કીંમતના છે તે બાબતના રીપોર્ટ સાથે નીકળેલા તમામ સીકા અમારા તરફ મોકલવાનો રીવાજ રાખવો એટલે અમે મેહેરબાન દીવાન સાહેબના હજુર મોકલાવશું. કેમકે આવા સીકા ખરીદ કરવા સબંધે. એજનસીથી ઠરાવ થયો છે. માટે તે પ્રમાણે અમલ કરવા સહુએ ધ્યાનમાં રાખવું.

સંવત ૧૯૪૧ ના પોષ વદ ૧૨ તારીખ ૧૩ જાન્યુઆરી સને ૧૮૮૫ ઈસ્વી.

નારાયણ બાલકૃષ્ણ સં. ન. સ. ન્યા.

સરકયુલર નંબર ૬ સંસ્થાન શ્રી નવાનગર સરન્યાયાધીસ કોર્ટથી સર્વે મુનશફ તથા માજીસ્રેટો તરફ

આ સ્ટેટમાં તહેવારોની જે રજા પડેછે તે રજાના દીવસોમાં સ્ટેશન છોડી બીજી જગાએ રાત રહેવું થાય એહવી રીતે જવું હોય તો આ કોર્ટે રીપોટ કરી મંજુરી મળ્યા બાદ જવું આ રીપોર્ટ એટલો વેહેલો કરવો જોઇએ કે તે રીપોર્ટ નીચે આહીંથી જે હુકમ થવાનો હોય તે રજાના દીવસ અગાઉ તમોને પાછો પોહોચે તેહવી રીતે કરવાનો રોવાજ રાખસો.

આ સરક્યુલરથી સદરહુ દીવસોમાં કાંઇપણ દરબારી કામગીરીના પ્રસંગે બાહાર જવું પડે તેમાં હરકત છે એમ સમજવું નહીં સં. ૧૯૪૨ ના ભાદરવા સુદ ૨ વાર ગુરૂ તા. ૧૦-૯-૮૫ ઇ.

કલ્યાણરાય લક્ષ્મીશંકર સ. ન. સ. ન્યા.

ભયંકર હથીઆર તથા ફોડવાના દારૂ વીગેરે યુદ્ધ અને શીકારની સામગ્રી વેચવા, તથા ખરીદ કરવા તથા દુરસ્ત કરવા સંબંધીના નીયમો.

૧ દારૂ, ગોળી, કેપ, ભયંકર હથીયાર, શીસુ, સુરોખાર અને ગંધક વીગેરે યુદ્ધ સામગ્રી લાવવા રાખવા તથા વેચવાના સંબંધમાં આજ સુધીમાં જે જે જાહેર ખબરો, સરક્યુલરો. હુકમો વીગેરે થયા છે તે રદ કરી તેહેને બદલે એ બાબત નીચેનો ધારો પ્રસીદ્ધ કરવામાં આવેછે.

૨ આ સંસ્થાન મારફતે એજનસીનો પરવાનો મેળવ્યા વગર ભયંકર હથીયાર તથા ફોડવાનો દારૂ ગોળી વીગેરે એવી જાતની યુદ્ધ સામગ્રી કોઇએ આહીંની હદમાં લાવવી નહીં તેમ તેવા કાંઈ માલ આહીંની હદમાં આ સંસ્થાનની પરવાનગી વગર બનાવવો નહીં અને તેવો માલ બાહારથી લાવવાનો પરવાનો મળવા માજીસ્રેટને અરજી કરેથી દીવાન દફતર મારફત એજનસીમાંથી મળશે.

૩ આવી જાતની યુદ્ધ સામગ્રી સનંદ મેળવ્યા શીવાય કોઈનાથી વેચી શકાશે નહીં.

૪ આવી સનદ નવાનગર શેહેરને માટે નવાનગર ફર્સ્ટકલાસ માજીસ્રેટને અને મહાલોને માટે ડીવીઝન માહાલના ફર્સ્ટકલાસ માજીસ્રેટને અરજી કરેથી તેમને યોગ્ય જણાશે તો ફીની કોરી ૧૦૦) લઈ તે સનંદ આપશે.

૫ સનંદ લેનારે આવો જથાબંધ સામાન ગામના વરતીઆણ ભાગથી દુર રાખવો અને જરૂર જેટલો એટલે દારૂ મણ ૧ સુધી તથા કારતુસ નંગ ૧૦૦૦) સુધી પોતાની દુકાનમાં લાવી વેચવો.

૬ સનંદ લેનારે પોતાની દુકાનના આગલા ભાગ ઉપર એક પાટીયું રાખવું જેની અંદર મોટા હરફથી " યુદ્ધ સામગ્રી વેચવા, રાખવા, ખરીદ કરવાની સનંદ મળેલી દુ-

ણાણા ફલાણાની " આ દુકાન છે એમ લખવું.

૭ સનંદ દરેક સાલના અસાડ સુદ ૩ ના રોજે એક વરસની મુદતની (એટલે જે સાલમાં અધીક માસ આવતો હશે તે અધીક માસ સુધાંતની) આપવામાં આવશે. અથવા અસાડ સુદ ૩ પછી કોઇને સનંદ આપવાની જરૂર પડશે તો હરકોઇ વખતે ઠરાવેલું લવાજમ લઇને આપવામાં આવશે પરંતુ તેની મુદત આવતી સાલના અસાડ સુદ ૨ સુધીની કાયમ રાખવામાં આવશે.

૮ સનંદ લેનારે માલ ખરીદ તથા વેચાણની એક એક બુક સાથેના નીશાની ક, ખ વાળા નમુના પ્રમાણે આ સંસ્થાનના શીક્કાવાળી રાખવી ને તેમાંના આસનમાં વીગતવાર લખવું. અથવા લખાવવું ને તેમાં દુકાનદારે સહી કરવી.

૯ આ સનંદ લેનારે વરસ પુરૂં થએથી આવતા વરસને માટે સનંદ રાખવાને ખુશી નહીં હશે તો અથવા બીજા કોઈ કારણથી તેને આપેલી સનંદ રદ કરવાની જરૂર પડશે તો તેની પાસે જે માલ શીલક હશે તે બેઠેલી કીમત પ્રમાણે સંભાળી લઇ બીજી સનંદ રાખનારને સોંપવામાં આવશે.

૧૦ આ હીસાબ નવાનગર શેહેરને માટે નવાનગર માજીસ્ત્રેટ તેમજ માહાલોને માટે ફર્સ્ટક્લાસ માજીસ્ત્રેટ અને ત્યાંહાંના ફોજદાર જે વખતે માગે તે વખત તુરત વગરઢીલે સનંદ રાખનારે બતાવવો.

૧૧ નવાનગર ફર્સ્ટકલાસ માજીસ્ત્રેટે તથા માહાલોના ફર્સ્ટકલાસ માજીસ્ત્રેટે આવી સનંદવાળી દુકાનનું નામુ દર ત્રણ મહીને તપાશી તે બાબત સરન્યાયાધીસ કોર્ટને નમુના ગ પ્રમાણે પત્રક સાથે રીપોર્ટ કરવો અને તે પત્રની એક નકલ તે માજીસ્ત્રેટે દફતરમાં રાખવી.

૧૨ સનંદ લેનારે પોતાની દુકાન સવારથી સાંજ સુધી ઉઘાડી રાખી ત્યાંહાં સુધી વેચાણ વીગેરે કામ કરવું પણ દીવાબતી થયા પછી એવા માલનું વેચાણ કરવું નહીં.

૧૩ સનંદ લેનારે દરબાર શ્રી હુકમ કરે તે દીવસે અને તેટલા દીવસ સુધી આ દુકાન બંધ રાખવી પડશે પરંતુ તે બંધ રહેલા દીવસની ફીનો વરાડ મુજરા આપવામાં આવશે નહીં.

૧૪ માજીસ્ત્રેટની ચીઠી વગર સનંદ રાખનારે કોઈને કાંઈ માલ વેચાણ આપવો નહીં.

૧૫ આબરૂદાર અને જાણીતા સક્ષો કે જે આ સંસ્થાનના રહીસ હોય અથવા પર તાલુકાના રહીસ હોય તેમને ભયંકર હથીયાર એક નંગથી વધારે આપવાની, તેમજ બંદુકનો દેશી દારૂ અથવા વીલાએતી દારૂ તથા ગોળીઓ અને છરા ચાલીસ રૂપૈયા ભારના એક શેરથી વધારે આપવાની, તેમજ શીશું અને સુરોખાર તેમજ ગંધક દસશેરથી વધારે આપવાની માજીસ્ત્રેટોએ પરવાનગી આપવી નહીં ને કારણસર વધારે આપવાની જરૂર પડે તો સરન્યાયાધીસ કોર્ટની મંજુરીથી આપવી. આ પરવાનગી ચીઠીની એક નોંધ બુક રાખી તેમાં તે ચીઠી નોંધી આપવી. આ વજનની જે હદ રાખવામાં આવેછે તે વધારેમાં વધારેને માટે છે. ચીઠી આપવી તે ઘણા કમતી વજનને માટે બનતાં સુધી આપવી.

૧૬ શકઉત્પન થાએ તેવા કે અજાણ્યા માણસને પછી તે આ સંસ્થાનની હદનો રેહેનાર હોય કે ન હોય તો પણ તેના વિશે માજીસ્ત્રેટોએ પુર્ણ ખાતરી કર્યા વગર કાંઈ માલ ખરીદ કરવાની પરવાનગી આપવી નહીં.

૧૭ આવા પદાર્થ હરકોઇએ સનંદ રાખનાર પાશેથી ખરીદ કરવા અને તે પદાર્થનો

કાએદેસર પોતાએજ ઉપયોગ કરવો. આવો પદાર્થ માજીસ્ત્રેટની પરવાનગી વગર વેચી અ-થવા આપી શકાશે નહીં.

૧૮ નવાનગરમાં અથવા માહાલોમાં જે લોકોને આવી સનદ આપવામાં આવી હો-એ તેણે લાવેલો માલ પ્રથમ માજીસ્ત્રેટોની નજરે કરી પછી વેચવા માટે ઉખેળવો.

૧૯ માહાલોમાં જે લોકોને સનંદ આપવામાં આવશે તે લોકોએ આવો માલ નવા-નગરના સનંદ વાળા પાશેથી બનતાં સુધી ખરીદ કર્યા પછી શું શું માલ ખરીદ કર્યો છે તે બાબત નવાનગર માજીસ્ત્રેટને અરજ કરી તેમનો પરવાનો લઇ તે માલ મહાલમાં લઈ જવો અને તે માહાલના માજીસ્ત્રેટને પરવાના પ્રમાણે બતાવી વેચવા માટે કામમાં લેવો.

૨૦ કોઇ લેનાર પોતાનું નામ ઠામ બતાવવામાં આનાકાની અગર તકરાર કરે અ-થવા તે માણસ શકવાળું જણાએ તો તેને શનંદ લેનારે પોતાની દુકાનમાંથી માલ નહીં આપતાં તેને તુરત પોલીશ પાસે હાજર કરવો અને પોલીશે યોગ્ય તજવીજ કરવી.

૨૧ દેશી દારૂ બનાવવાની તથા વેચવાની જે લોકો માગણી કરે તેને સનંદ ફીની કોરી ૨૫ પચીસ લઇ આપવા તથા યોગ્ય રીતે જોઈનો દારૂ બનાવવાની પરવાનગી આ-પવા નવાનગર માજીસ્ત્રેટને અખ્તીયાર આપવામાં આવેછે અને તે બાબત તેણે આ ધારા પ્રમાણે હીસાબ રખાવવાની ચોકશી રાખવી.

૨૨ છરી શીવાએનાં તમામ હથીયાર સજવા તથા બંદુકો સમી કરવી દુરસ્ત કર-વી હોએ, તે કરનાર કારીગરે માજીસ્ત્રેટ પાસેથી સનંદ લેવી અને તે દરેક સનંદની વર-સ ૧ ની કોરી ૫ પાંચ ફી ઠરાવવામાં આવેછે તે પ્રમાણે લેવામાં આવશે વરસની હદ ઉપર કલમ ૭ માં બતાવી છે તે પ્રમાણે ગણવામાં આવશે માજીસ્ત્રેટની ચીઠી વગર કો-ઇ પણ હથીયાર સમું કરવું અગર દુરસ્ત કરવું નહીં.

૨૩ દેશી કારીગરે બંદુક, તરવાર, છરા, જંબીયા, પીસ્તોલ, વીગેરે માજીસ્ત્રેટ પાસે-થી સનંદ મેળવ્યા શીવાય બનાવવું નહીં તેમ તેની ચીઠી વગર વેચવું નહીં. આવી સ-નંદની ફી વરસ ૧ ની કોરી ૫૦ પચાસ લેવામાં આવશે અને બાકીની બાબત વીશે આ ધારો તમામ રીતે તેને લાગુ છે.

૨૪ ગાંધી લોકો પરચુરણ ગંધક, સુરોખાર, શીશુ વેચેછે તે એક માણસને એક રોજમાં પાંચશેર કરતાં વધારે આપવું નહીં વધારે આપવાની જરૂર થાએ તો માજીસ્ત્રે-ટની ચીઠીથી આપવું અને તેનો હીસાબ રાખવો. આ માલ વેચનારે સનંદ માજીસ્ત્રેટ પાસેથી લેવી અને તેની ફી કોરી ૨ બે લેવામાં આવશે.

૨૫ આ ધારામાં વખતે વખતે જરૂર જણાયા પ્રમાણે ફેરફાર કરવા દરબાર શ્રી મુ-ખત્યાર છે અને તે પ્રમાણે વર્તવા સનંદવાળા બંધાએલા છે.

૨૬ આ ધારાના નીયમો વીરૂદ્ધ થએલી કાંઈ પણ વર્તણુકને હુકમનું અપમાન કર્યા બરાબર ગણી તેના માટે કાએદા પ્રમાણે અમલ કરવામાં આવશે.

૨૭ આ ધારાનો અમલ ચાલતા સાલના કારતક સુદ ૨ તારીખ ૮-૧૧-૮૫ થી શીરૂ ગણવામાં આવશે.

સંવત ૧૯૪૨ ના આસો શુદ ૧૦ રવીવાર તારીખ ૧૮ અકટોબર સને ૧૮૮૫

મગનલાલ બાપુભાઈ સં૦ ન૦ દીવાન.

જાહેર ખબર નંબર ૧ સંસ્થાન નવાનગર સરન્યાધીશ કોર્ટથી.

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે દેશી સંસ્થાનોમાં જે લોકો સરકારની હદમાં જાય તેમની પાસે ભાંગ તથા ગાંજો દસ તોલા સુધી હસે તો તેને કાંઈ હરકત કરવામાં આવસે નહીં એહવો નામદાર મુંબાહી સરકારથી ઠરાવ થયાના ખબર મે. દીવાન સાહેબના સ. તુ. બુ. આ. નં. ૧૨ ના લખાણ સાથે એજનસીમાંથી થએલા શેરાની નકલ ઉપરથી જાણવામાં આવ્યું છે વાસ્તે જે લોકોએ આ સંસ્થાનની હદમાંથી સરકારની હદમાં જવાનું હોય તમણે પોતાની સાથે ભાંગ તથા ગાંજો દસ તોલા કરતા વધારે રાખવો નહીં. સંવત ૧૯૪૩ ના અસાડ સુદ ૬ તા. ૭—૭—૮૬ કલ્યાણરાય લક્ષ્મીશંકર સ. ન. સ. ન્યા.

રા. પ્રા. આ. ન. ૧૯૫૪ નામદાર સરકારનો ઠરાવ નંબર ૩૯૯૫ તા. ૪ થી જુન સને ૧૮૮૬ નો રેવીન્યુ ડીપાર્ટમેન્ટનો જેની નકલ કાઠીયાવાડ પ્રાંતના મે. પોલી. એજંટ સાહેબ તરફ પોલીટીકલ ડીપાર્ટમેન્ટના ન. ૩૫૪૮ ના ૨૨ મીનહુની સાથે આવી છે તેમાં લખે છે કે જે લોકો દેશી સંસ્થાનોમાંથી સરકારની હદમાં આવે તેમની પાસે ભાંગ તથા ગાંજો દશ તોલા સુધી હશે તો તેમને હરકત કરવામાં નહી આવે માટે ખબર થવા આ શેરો આ પ્રાંતના તમામ સંસ્થાનો તથા તાલુકાઓના વકીલોને બતાવવો તથા આજમ થાણદારો તરફ એક એક નકલ મોકલવી તા. ૨૬ જુન સન ૧૮૮૬ રાજકોટ મે. કેટસ સાહેબની સહી. આ. પો. એ.

સરકયુર નંબર ૧ દેશમાં ઘણા ઝાહાડો વાવવાથી ફાયદો છે અને તેથી જેમ બને તેમ તેવા કામમાં ઉત્તેજન આપવાનું વ્યાજબી જાણી મહારાજા જામ સાહેબના હુકમથી એવું ઠરાવવામાં આવે છે કે આ રાજ્યમાં વરસો વરસ જેઠ સુદ ૧૫ ના રોજ આ કામને માટે તેહેવાર ગણવામાં આવસે તે દિવસે જે શક્ષ એવા કામમાં સમજતા હોય તથા સોખ રાખતાં હોય તેઓ એક એક નવું ઝાડ પોત પોતાના રહેવાની ગામની શીમમાં રોપસે તો તેથી ઘણો ફાયદો થાશે આ ઝાડ જે રોપવાં તે શડક અથવા મારગને પડખે તથા ખેતરોના શેઢા ઉપર નદીઓના કાંઠા ઉપર તથા તળાવની પાળ ઉપર તેમજ બીજા એવાં લાયક ઠેકાણા ઉપર નાખવાં જોઇએ.

મહાલોના વહીવટદારો તથા ન્યાયધીસોએ હમેશાં જેઠ સુદ ૧૫ ના રોજ પોત પોતાની કચેરીઓ તેહેવાર સબબ બંધ રાખી આ ઝાહાડો વાવવાનાં કામમાં ઉતેજન આપવું અને તે દીવશે કેટલા ઝાહાડ પોત પોતાના માહાલોમાં નવા નખાણા તેનું એક પત્રક અમારા તરફ મોકલવું તેમાં દરેક ગામની સીમમાં કેવી કેવી જાતના કેટલાં કેટલાં ઝાહાડો નવા નખાણા તે બનાવવું.

જેના તરફથી વધારે ઝાહાડો નખાયાની હકીકત આવસે તેને શાબાશી આપવામાં આવશે સં. ૧૯૪૩ ના ભાદરવા સુદ ૧ સુક્રવાર તા. ૩૦ અગષ્ટ સને ૧૮૮૬.

મગનલાલ બાપુભાઈ દીવાન સ્વ. ન.

સંસ્થાન નવાનગર સર ન્યાધીસ કોર્ટથી સરકયુલર નંબર ૧૫ સ૦ ૧૯૪૩.

આ સંસ્થાનની હદના અને પરાયા તાલુકાનાં જાનવરો ડબામાં આવે તેનો ડબા દંડ તથા ખાધ ખર્ચ કેટલુ લેવુ તે બાબત આ કોર્ટથી સંવત ૧૯૩૭ ની સાલના આંક

૧૮ ના ગેજીટમાં તા૦ ૧૧ ની જાહેર ખબર તથા સંવત ૧૯૪૦ ના જેષ્ટ વદ ૫ તા૦ ૧૩–૬–૮૪ ના રોજ નંબર ૧૨ નો સરક્યુલર કરવામાં આવ્યો છે પણ તેમાં કેટલી જગોએ સુષ્ટ ખુલાસો નહી હોવાથી કેટલાએક માજીસ્ટ્રેટો અને ન્યાયાધીશો ડબાદંડ લેવામાં ભુલ કરે છે એમ અમારા જોવામાં આવ્યુ છે વાસ્તે સદરહુ જાહેર ખબર તથા સરક્યુલર રદ કરી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

૧ ડબામાં પૂરાએલા જાનવરોને દર રોજ ખોરાક આપવો તથા તેને પાણી પાવું તે બાબત નીમાએલા ડબાના ઉપરીને નીચે પ્રમાણે આપવું જોઇએ. દરરોજ લેવાનો દર.

૧ ભેંસ અથવા પાડો દરેક જાનવરને.	રૂ ૦–૬–૦
૨ ઘોડો, ઘોડી, ટટુ, વછેરો, વછેરી, ખચર, સાંઢ, બળદ, ગાય, ઉંટ દરેક જાનવરને	૦–૪–૦
ગધેડો, ગધેડી, ડુકર, અથવા ગાયનો વાછડો કે વાછડી અથવા પાડા દરેક જાનવરને	૦–૨–૦
૪ ઘેટાં, ઘેટાનાં બચ્ચાં, બકરાં અથવા તેમના બચ્ચાં દરેક જાનવરને	૦–૭–૦

સદરહુ પ્રમાણે દર રોજનું ખર્ચ ગણી જે તારીખે એ જાનવર ડબામાં પૂરાએલું હોય તે તારીખથી તે જ્યારે તે ડબામાંથી તેહેના માલીક આશામીને પાછું તે જાનવર સોપવામાં આવે ત્યાર સુધીનું ખર્ચ તેના માલીક પાસેથી મજરે લેવું.

૨ રેઢીયાર જાનવર થઇને અથવા કોઈ પ્રકારનો બીગાડ કરીને કે કોઈ હરામખોર પાસેથી પડાવી લીધેલુ જાનવર ડબામાં પુરાએલુ હોય તે બાબત ડબાની ફી બદલ એક વખતને માટે તેના માલ ધણી પાસેથી નીચેના દર મુજબ લેવું જોઈએ.

ખર્ચ બદલ એક વખતને માટે લેવુ.	રૂ. આ. પા.
૧ ભેંસ અથવા પાડો અથવા ઉંટ અથવા ઘોડો કે ઘોડી.	૦–૮–૦
૨ ઘોડો તથા ટટુ, વછેરો, વછેરી, ખચર, સાંઢ, બળદ, ગાય દરેક જાનવરના	૦–૪–૦
૩ ગધેડા, વાછડા, પાડા, દરેક જાનવરના	૦–૨–૦
૪ ઘેટા, ઘેટાના બચ્ચાં, બકરા અથવા તેહના બચ્ચાં દરેક જાનવરના	૦–૧–૦

૩ ડબામાં પૂરાએલી ગાય અથવા ભેંસ દુઝણી હોય તો તેના દોઝની કીમત મજરે લેવાના ઉલટી તકરાર વધી પડતાં એ બાબત સુરીને નીશ્ચય થઇ શકે તેમ નથી કારણ કે ડબામાં આવેલી ગાય અથવા ભેંસ સર્વ એક સરખી રીતે એટલુ દુધ દરરોજ આપે છે તેની કોઈ રીતે ખાત્રી થઇ શકે તેમ નથી અને કદાપી એવું દુધ આપનાર જાનવર ડબામાં આવેલું હોય તો તેને વધારે ખડખાણ આપવું જોઇએ ત્યારેજ તેઓ દુધ આપી શકે છે એટલે તેના જાસ્તી ખર્ચનો બદલો ગણી એ દોઝની કીમત અપાવવાનું વાજબી આવતું નથી.

૪ એવું જાનવર ડબામાં દાખલ થયા બાબતની જાહેર ખબરથી સીધ થયા પછી પંદર દીવસના અંદર તેહેનો માલેક હાજર થાય નહીં તો તે જાનવરને હરાજ કરી વેચી નાખવું હરાજીની તારીખ પછી એક મહીનાની અંદર માલધણી હાજર થાય તો ઉપજેલી કીમતમાંથી ખર્ચ વારી લઇ બાકીનું માલધણીને દેવું ને તે પ્રમાણે હાજર ન થાય તો ઉપજેલી કીમત સ્ટેટ ખાતે જમા કરી દેવી. સં. ૧૯૪૩ ના પોસ વદ ૪ ગુરૂવાર તા. ૧૩–૧૦–૧૮૮૭.

કલ્યાણરાય લક્ષ્મીશંકર. સ. ન. સ. ન્યા.

સરકયુલર ન. ૨૫ સ. ૧૯૪૩ સંસ્થાન નવાનગર સર ન્યાયાધીસ કોર્ટથી.

રૂના આડ ગામના વસ્તીયાણુ ભાગમાં કરવામાં આવે છે તેથી કરી વખતે તેહમાં આગ લાગવાથી આસપાસની વસ્તીના જાનમાલને નુકસાન થાય છે માટે મેહેરબાન દીવાન સાહેબના નંબર ૧૪૫૩ તારીખ ૨૭—૪—૮૭ ના હુકમથી તમામ માજીસ્ટ્રેટો અને ફોજદારને ફરમાવવામાં આવે છે કે રૂના આડ ગામના વસ્તીયાણુ ભાગમાં ન થવા દેતા છેવટના ભાગમાં જ્યાં કોઈના જાનમાલને નુકશાન થવા સંભવ ન હોય તેહવા ભાગમાં કરવામાં આવે એમ બંદોબસ્ત કરવો.

સ. ૧૯૪૩ ના વૈસાક વદ ૭ શનીવાર તા. ૧૪—૫—૮૭ ઈસ્વી.

કલ્યાણરાય લક્ષ્મીશંકર સ. ન. સ. ન્યા.

જાહેર ખબર શ. સ. વું. ન. ૨.

અફીણના વેચાણ સબંધે કાઠીયાવાડ પ્રાંતના મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબે એજનસી ગેજટ આંક ૨૮ તા. ૧૪-૭-૮૭ વાળામાં તા. ૧૧-૭-૮૭ નં. ૧૪ મે. જાહેર ખબર પ્રસીધ કરેલ છે તેની નકલ આ સ્વસ્થાન તથા તાબાના સર્વ લોકોને તથા અફીણના ઇજારદાર તેમજ પરચુરણ અફીણ વેચનારાઓને જાણ થવા સારૂ આ નીચે દાખલ કરવામાં આવી છે તો તે ઉપર પુરતુ ધ્યાન સર્વે રાખવું.

સ. ૧૯૪૪ શ્રાવણ વદ ૧૧ રવીવાર તા. ૧૪-૮-૮૭.

ગગનલાલ બાપુભાઇ સ. ન. મુ. દીવાન.

જાહેર ખબર ન. ૧૪ સ. ૧૮૮૭.

આ આફીસની જાહેર ખબર ન. ૯ તા. ૩ એપ્રીલ સ. ૧૮૮૫ ની તા. ૧૬ એપ્રીલ સ. ૧૮૮૫ ના કાઠીયાવાડ એજનસી ગેજટને પાને ૧૨૧ મે પ્રગટ કરેલ છે તે સુધારી તેના બદલામાં આ જાહેર ખબરથી સ્ટેટો થાણા સરકલ તથા સીવીલ સ્ટેસન તાબાના પરચુરણ અફીણ વેચનારાઓને (મુંબઈ ઇલાકાના કસ્ટમ સાલ્ટ ઓપીયમ તથા અબકારી ખાતાના મેહેરબાન કમીશનર સાહેબના અનુમતથી] પરવાનગી આપવામાં આવે છે કે રાજકોટની અફીણની વખારમાં જે વખતે જે ભાવે અફીણ વેચાતુ હોય તે ભાવ કરતા (ચાલીશ રૂ. ના ભારને શેરે) શવા રૂપીયાથી ઓછો અને રા રૂપીયાથી વધારે નફો તેઓએ લેવો નહીં.

કાંઠીયાવાડ પોલીટીકટ અજનસી.
રાજકોટ તા. ૧૧ જુલાઇ સને ૧૮૮૭.

જી. ઇ. હેનકોક લેફટેનંટ કરનલ
આ. ટી. પો. એ.

ધારો હ. શ. બુ. નંબર ૨ સ્વસ્થાન શ્રી નવાનગર હજુર કોર્ટથી.

તોલા માપ સબંધી એક સરખો વહીવટ કરવાની જરૂર છે વાસ્તે આ ઉપરથી નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

૧ જનસી ભરવાને માટે નીચે લખેલા માપની જરૂર છે.

૧ કાઠીઆવાડ શીવાય નવાનગર અને તેના માહાલોમાં.

૧ અરધીયું માપ ૨ ચોથીયું માપ ૩ પાલી ૪ ટોકડીઉ ,૫ પવાલું.

૨ આ સ્વસ્થાનના કાઠીઆવાડના માહાલોમાં.

૧ પાલી જે ચોથીયા માપ જેવી હોય છે તે. ૨ અર્ધ પાલી.

૩ અર્ધું પવાલું જેહને, ટોયું કહે છે અને એક પાલીમાં આઠ ગણાય છે.

૨ ઉપર પ્રમાણે જેવોને જે માપલાં જોઇતા હશે તેઓએ પોતાને ખરચે તૈયાર કરાવી લેવા જોઇએ અથવા જ્યાંહ પોતાથી તૈયાર કરાવી લેવાને પ્રતીબંધ કરવામાં આવ્યો હોય અથવા થતા ન હોય ત્યાંહ એ તૈયાર કરવાનું ખર્ચ આપી માજીસ્ટ્રેટ મારફત તૈયાર કરાવવા.

૩ આવાં માપલાં જ્યાંહ સુધી દરબાર તરફથી સાંખી દઈ તે ઉપર નીશાની કરી દેવામાં આવી ન હોય ત્યાંહ સુધી વેપાર અર્થે કે લેવ દેવમાં એ માપલાં બરાબર છે એમ સમજી તેહનો ઉપયોગ્ય કોઈએ કરવો નહીં.

૪ આ માપલાં માજીસ્ટ્રેટ અથવા તેમના હુકમથી બીજા કોઈ અધીકારી સાંખી આપશે તે બાબત નીચે પ્રમાણે ફી લેવામાં આવશે.

૧ કાઠીયાવાડના મહાલો શીવાયને માટે. ૦၊ ચોથીયા માપની ૦၊ અરધીયા માપની ૦)= પાલીની ૦)– ટેકડીયાની ૦)– પવાલાની

૨ કાઠીઆવાડના માહાલોને માટે ૦) પાલી ૦၊ અરધ પાલી ૦)– અર્ધપવાલું(ટોયુ)

૫ ચોથીયાં અને અરધીયાં માપ ઉપર તેમજ કાઠીઆવાડના માહાલો માટે પાલી ઉપર તે શાંખી દેવામાં આવે ત્યારે પીતળની ટીકટ ચોડી તે ઉપર અનુક્રમે નંબર પાંડવો.

૬ પીતળની ટીકટ બીજા માપલાં ઉપર ચોડવાની જરૂર નથી પણ તે ઉપર માત્ર કટારી કરવી.

૭ પીતળની ટીકટ અરધીયા અને ચોથીયા માપપર તેમજ કાઠીઆવાડના માહાલ માટે પાલીપર ચોડવી જોઇએ તે ટીકટ નમુના પ્રમાણે જે માણુસ તે માપ છાપી દેવા માગણી કરતો હોય તેણે રજુ કરવી અથવા તેહેના ખર્ચે માજીસ્ત્રેટે ચોડાવવી.

૮ માપલાં સરખાવતી વખતે તેહેમાં કાંઇ કાપ કુપ વીગેરે કરવાના કારણુસર તેમજ તે ઉપર ટીકટ ચોડવાના કારણુસર લુહાર વીગેરેને બોલાવવામાં આવશે તેહેને મેહેનતાણા બદલ નીચે પ્રમાણે રકમ ઉપર જણાવેલી દરબાર દસ્તુરી શીવાય એ માપલા સંખાવનાર માણસે આપવી પડશે.

૧ કાઠીયાવાડના માહાલો શીવાયને માટે.

– પવાલું – ટોકડીયું – પાલી – ચોથીયું માપ – અરધીયું માપ.

૨ કાઠીઆવાડના માહોલોને માટે

= પાલી = અરધી પાલી – અરધું પવાલું

૯ સોની લોકોના તોલાંનો શટ નવાનગર માજીસ્ટ્રેટ તરફથી તૈયાર કરાવી કોરી વીશ માટે વેચાણ આપવામાં આવશે પણ એવા તોલા પાછા સંખાવવામાં આવે તો તે વખતે નીચે પ્રમાણે ફી લેવી.

૨ સો ગદીયાણા ০၊၊ વીશ ગદી ০၊ પાંચ ગદી = બે ગદી)= અરધું ગદીયાણું ૧ પંચાશ ગદી)= એક ગદી ০၊ દશ ગદી)= પા ગદીયાણું

૧૦ જોખવાના તોલા જે વપરાય છે તે દશ શેર સુધીના માજીસ્ટ્રેટોએ તૈયાર કરાવી કોરીના શેર બે પ્રમાણે વેચવા અને તેહેનું સંખામણુ જીદુ એ વખતે લેવું નહીં મોટા તોલા એટલે અર્ધમણ, મણુ, બેમણુ અને તોલું વીગેરે જે તોલા કરાવવાની જરૂર હોય તેણે માજીસ્ટ્રેટની પરવાનગી મેળવી તયાર કરાવવા અને આવા તોલા તેમજ માજીસ્ટ્રેટે વે-

ચાણુ આપેલા તોલાં બીજી વખત સાંખી દેવાની જરૂર પડશે ત્યારે તેવા તોલાનું સંખામણુ નીચે પ્રમાણે લેવામાં આવશે.

)– પાશેર ૰ અધશેર ૦। શેરએક ૦॥ બશેરી અઢીશેરી ત્રણશેરી અને પાંચશેરીએ દરેક નંગે ૧ દસશેર અને તે ઉપરાંતના ગમે તેટલા તોલાને માટે દરેક નંગે

૧૧ હાલમાં એક દોકડા ભારથી ચાર દોકડાભાર સુધીના તોલા નવાનગર માજીસ્ટ્રેટે તૈયાર કરાવેલા છે તે નીચેના ભાવથી વેચવામાં આવશે અને જ્યાં સુધી એ ગાપ બદલવામાં આવે નહીં ત્યાં સુધી એ ભાવે માજીસ્ટ્રેટે વેચવા.

૧ એક દોકડા ભાર કીમત દોકડો એક ૨ બે દોકડાભાર કીમત દોકડા બે

૩ ચાર દોકડાભાર કીમત દોકડા ચાર

આ તોલા ઘસાઇ જવાથી ફરી સાંખી દેવામાં આવશે નહીં પણુ તે વેપારીએ તોલા પાછા આપી નવા ખરીદ કરવા જોઈએ.

૧૨ સઇનો ગજ તૈયાર કરાવી સાંખી દઈ કોરી ૧ એક માટે વેચાણુ ગજ આપવો અને તેવો ગજ કોઈ તૈયાર કરાવી લાવે તો સાંખી આપવા બાબત કોરી ૦। ફી લેવી.

૧૩ ભરવાની પળી જેઓ રાખતા હોય તેણે તૈયાર કરાવવી જોઇએ અને તે માજીસ્ટ્રેટ પાસે ફી દસ્તુરીના બે આના રજુ કરેથી સાંખી દેવામાં આવશે.

૧૪ તેલ ભરવાનું માપીયું અર્ધમાપીયું અને કળશીયો એ સંખાવવા આવે ત્યારે નીચે પ્રમાણે શંખામણ બદલ ફી લેવી. ૧) માપીયું ૦॥ અર્ધમાપીયું ૦॥ કળશીયો.

આવા માપ જેઓને રાખવાની જરૂર હોય તેઓએ પોતાના ખર્ચથી તૈયાર કરાવવા અને પછી તે માજીસ્ટ્રેટ આગળ રજુ કરી સંખાવી લેવા.

૧૫ દુધ ભરવાને જે માપ રાખવા જોઇએ તે જેમણે રાખવાના હોય તેમણે પોતાના ખર્ચથી તૈયાર કરાવી સંખાવવા તેહેની સંખામણુ દસ્તુરી નીચે પ્રમાણે લેવામાં આવશે.

૦। શવાશેરી ૦। અઢીશેરી ૦॥ કળશીઓ

સં. ૧૯૪૪ ના બીજા ચૈત્રશુદ ૧૩ મંગળવાર તા. ૨૪-૪-૮૮

મગનલાલ બાપુભાઇ દીવાન.

સંસ્થાન શ્રી નવાનગર દીવાન દફતરેથી. **સરક્યુલર સ. ૭ નંબર ૩**

કોરીના ચલણુ બાબત નીચે લખેલા નંબરો તથા તારીખના સરક્યુલરો કરી દરબારી ગેજીટમાં છપાવવામાં આવ્યા છે.

૧ સરક્યુલર નંબર ૬ તારીખ ૧૮ નવેંબર સને ૧૮૮૧ ની મીતીનો સંવત ૧૯૩૮ ના માગસર સુદ ૨ તારીખ ૨૩ નવેંબર સને ૧૮૮૧ આંક ૧૧ વાળા દરબારી ગેજીટમાં.

૨ સરક્યુલર નંબર ૭ તારીખ ૯ ડીસેંબર સને ૧૮૮૧ ની મીતીનો સંવત ૧૯૩૮ ના પોષ સુદ ૨ તારીખ ૨૨ ડીસેંબર સને ૧૮૮૧ આંક ૧૩ ની દરબારી ગેજીટમાં.

એ સરક્યુલરો માહારાજા જામ સાહેબના હુકમથી રદકરી નીચે લખ્યા પ્રમાણે એ સંબંધી હુકમ કરવામાં આવે છે.

હાલમાં ગામમાં આકરી તથા ગામ ચલણી એમ બે જાતનું ચલણુ બજારમાં ચાલે

છે અને આકરી કોરી લેવા દેવામાં વટાવ લેવો દેવો પડે છે આમ થવાથી રૈયતને ઘણી ફચાટ તથા નુકશાન થાય છે તેથી એવો હુકમ કરવામાં આવે છે કે આકરી તથા ગામ ચલણી એમ બે જાતનું ચલણુ રાખવું નહીં એકજ ચલણુ રાખવું તે એ પ્રમાણે કે જે કોરી ખોટી એટલે ત્રાંબાની અથવા શીશાની હોય તે કાપી નાખવી તે સીવાયની ભાંગેલ તુટેલ ખાડાવાળી રગડીઆં વીગેરે તમામ જાતની કોરી ચલણુમાં ચલાવવી તે લેવા દેવામાં કોઇએ વાંધો લેવો નહીં તેમ વટાવ લેવો નહીં જો કોઈના તરફથી વાંધો લેવામાં આવશે અથવા વટાવ લેવામાં આવશે તો એ કામ સારૂ મુકરર કરેલા અધીકારી પાસે ફરીઆદ થએથી તેના ઉપર હુકમ ત્રોડયાનું ચાર્જ રાખી તેને શીક્ષા કરવામાં આવશે એ શીક્ષાના ઠરાવ ઉપર દીવાન દફતરે અપીલ સાંભળવામાં આવશે.

જુના દોકડા લેવામાં કોઈએ વાંધો લેવો નહીં જો કોઇના તરફથી વાંધો લેવામાં આવશે તો તે પણ ઉપર મુજબ શીક્ષાને પાત્ર થશે.

આ ઠરાવની જોઇતી પ્રતો છપાવી બજારમાં ચોડવી તથા ખંભાળીઆ જોડીઆ, ભાણવડ વીગેરે મહાલોમાં ચોડવા સારૂ મોકલવી.

આ સરક્યુલરનો અમલ આજની તારીખથી કરવામાં આવશે.

સં ૧૯૪૪ ના વૈશાક સુદ ૯ રવીવાર તા. ૨૦-૫-૮૮

મગનલાલ બાપુભાઈ સ્વ. ન. દીવાન.